मान मुसाफरी

સાત પ્રશ્ન સહિત.

રચનાર તથા છપાવી પ્રગટ કરનાર.

माधवजी प्रेमजी ववाडी

તોરીવાળા.

अमदावादमां:

શાહપુર વનમાળીવાંકાની પોળમાં

હરગોવનદાસ હરજીવનદાસ પટેલ.

એઓએ પોતાના ગ્રંથોદય

પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૨— સન ૧૮૮૬

કિંમત રૂ૧-૦-૦.

अर्पण पत्रिका.

अखंड प्रौढ प्रतापी महाराजा धिराज सूर्यवंशी पालीटाणाना ठाकोर साहेब मानसींहजी.

आपनो प्यार, मीलनसारपणुं, दया, क्षमा अने शुद्धबुद्धि इत्यादि सर्वोत्कृष्ट गुणोथी प्रजाने सुखी करी विद्वानोने आसरो आपोछो अने आपशो; एवा जे आप धर्मधोरंधरधीराज सूर्यवंशी माहाराजना गुणोनुं सखावतपणुं सघळे ठेकाणे मसहुरछे तेनी यादगीरी सारु आप साहेबनी पवीत्र सेवामां अतिआनंदथी नम्रता पूर्वक आ लघु पुस्तक आप नामदारने अर्पण करुंछुं ते स्विकारशो.

आपनो आज्ञांकीत सेवक,

माधवजी प्रेमजी त्रवाडी.

मान मुसाफरी.

વસંત રૂતુની બાહાર એવી રસીક છે કે, પ્રભાતના પોહોરમાં સુવાસિત ફુલોનાં ઝાડની સાથે અથડાઇ ચેનલ નદીના કીનારાનો પવન આવેછે. ફુવારામાંથી પાણીની સેહો ફુટી વર્ષારૂતુ માફક આસપાસ ચંબેલી ચંપો, મરવો, કેવડો, કેતકી, મોગરો, જાઇ, જુઇ, ગુલબાસ, ગુલદાવડી, પારીજાત, ગલતુરો, ગુલાબ, ગલમેંદી, ડોલરનાં ઝાડનાં ફુલોનાં ઝાડ ઉપર શીળો સુગંધી પવન મંદમંદ વૃષ્ટિ કરેછે. નાના પ્રકારની બીજી વનસ્પતિ તેમજ લીલોતરી પણ ખીલી રહી છે, અને ભુભામનીએ લીલોતરી રૂપી લીલા રંગની સાડી પેહેરી તેમાં વિચિત્ર રંગના લાલ, પીળા, કાળા, ધોળા, જાંબુડીયા, કેસરિયા અને ગુલાબી રંગોનાં ફુલરૂપી બુટાઓ સુસોભિત થઇ રહ્યા છે. કોકીલ પક્ષી કલોલ કરે છે, મોરપણ પોતના મધુર શબ્દથી ઉચ્ચાર કરે છે, અને બપૈયા પીઉ પીઉ કરેછે, મેના પોપટ અને બીજાં તરેહ તરેહનાં પક્ષીઓ ચારે બાજુથી મધુર સ્વરથી ગાયન કરેછે, અને ભમરો પણ પોતાના ધોરનાદે ગુંજાર શબ્દ કરે છે.

મોટા પર્વતની તળાટીમાં માહા શોભાયમાન પગનપુર નામે નગરમાં સુરિંદ્ર નામનો રાજા રાજ કરતો હતો, તે રાજા ઘણો ધર્મિષ્ટ ને સદગુણી હતો. તેની પ્રજાને અદલ ઇનસાફ મળતો. ને તેનું રાજ્ય સઘળું પુરું બંદોબસ્તમાં હતું, સર્વને વ્યાજબી ન્યાય મળતો અને પ્રજા સઘળી ખુલ્લે બારણે સુતી હતી, ચોરનું તો નામ નહીં. વળી સુરિંદ્ર રાજા સર્વે વાતે સુખી હતો સર્વે રૈયતની પણ એજ ઇચ્છા હતી કે તેઓનો રાજા સર્વે પ્રકારે સુખ ભોગવે. અંતે તે કીરતારે તેની ઊમેદ પાર પાડી. એક દીકરો ઈશ્વરે આપ્યો, તે કુંવર ચંદ્રની માફક પ્રકાશતો અવતર્યો તેનું રૂપ જોઇ સર્વે બેહદ અચરત થયા. જ્યારે આ ખુશ ખબર રાજાને કાને પડી, કે તરતજ તે ખુશીના દરીઆવમાં ગરક થઇ ગયો, અને એક હુકમનામું તેજ વખતે જાહેર કીધું કે મા

રી રૈયતમાંનાં દરેક સેહેર, ગામ અને મુલકમાં આજદીને જેટલાં છોકરાં અવતર્યાં હોય તેટલાં છોકરાંને મારા મેહેલમાં લાવી હાજર કરે અને તેઓ મારા મેહેલમાંજ ઉછેરે. આહા! પરમેશ્વરની શકિત ન્યારીછે તેજ દહાડે નજદીક બાર હજાર છોકરાંઓ સુરિંદ્ર રાજાની આખી રાજધાનીમાં અવતર્યાં હતાં હુકમ મુજબ સરવે રૈયતે પોતાનાં છોકરાંઓને દરબારમાં લાવી હાજર કીધાં. રાજાએ દરેકને માટે અકેકી ધાવ રાખી, અને પોતાના પેટના છોકરાને માટે ચાર ધાવ રાખી, પછી સર્વે જોશીઓને બોલાવીને તેના જન્મ અક્ષર જોવરાવ્યા સરવે જોશીઓએ એક મતે જાહેર કીધું કે આ છોકરા જેવો ભાગ્યશાળી બાહાદુર અને પરદુઃખ ભંજન કોઈ નીવડયો નથી, હાલ છે નહીં અને નીવડશે પણ નહીં રાજા આ સાંભળી એટલો મગ્ન થઈ ગઓ કે દરએક જોશીઓને એક એક ગામ દાનમાં આપ્યાં રાજાએ તે છોકરાનું નામ માનશીંગ કરી રાખ્યું રાજાને એવી ખબર પોંચી કે માનસીંગ દુધ પીતો નથી, તેથી અંદેશો કરી ફરીથી જોશીઓને બોલાવ્યા, અને માનસીંગ દુધ પીતો નથી તેનું કારણ પુછ્યું જોશીઓએ જોઈ જાહેર કીધું કે પરથમ સરવે છોકરાઓને દુધ પાઓ તે પછી માનસીંગ પણ પીસે અંતે તેમજ થયું. નાનપણથી એટલું ઉદાર દીલ માનસીંગનું થયું કે પોતે કોઇપણ તંગીના માણસનેતેની ઇચ્છા પુરી પાડયા સીવાય મોકલતો નહીં. પોતાના બાપનો સઘળો પૈસો ધર્મને વાસ્તે ખરચતો. તે જ્યારે પણ બહાર ફરવા નીકળતો ત્યારે લોકો તેને જોવાને માટે તુટી પડતા. તેઓ એવું માનતા કે એ કોઈ દેવરૂપી મનુષ્યછે જે આ દુનિઆમાં પરમાર્થના કામ માટે જન્મ્યો છે જયારે તે શીકાર કરવા જતો ત્યારે જેબી જાનવર તે જોતો તેને જીવતું પકડી, પછી માર્યા વીગર છોડીદેતો. એક વેળા એ જંગલમાં સીકાર કરતી વખતે એક વાઘે દેખાવ દીધો. માનસીંગ પોતે જરા દીલથી ડર્યો પણ પછી હિંમત રાખી પોતાના ઘોડાને એક

ચંપાના ઝાડ સાથે બાંધી પગે ચાલતો તે વાઘની નજદીક ગયો અને આજીજી કરી કહેવા લાગ્યો કે, ઓ સિંહના બચ્ચા હું એવું ચાહું છું કે તું તારૂં પેટ ભરી પાછો ફર. તારી સનમુખ હું ઉભોછું જો તારી મરજી હોયતો સુખેથી મને ખાઈ તું તાજો થા. જ્યારે વાઘે એવું જોયું ત્યારે પોતાનું માથું માનસીંગના પગ આગળ મુકી કેહેવા લાગ્યો કે હું સરવે સમજ્યુછું. એટલું કહી વાઘે જંગલનો રસ્તો લીધો અને માનસીંગ પોતાના શેહેર તરફ પાછો ફરયો ને દરબારમાં દાખલ થયો અને પોતાના માત પીતાને નમન કરી કેહેવા લાગ્યો કે મારા પવીત્ર માબાપ મારે મુસાફરી કરવાનો ઘણો શોખછે માટે મને આશીરવાદ આપો એટલે મારૂં કલ્યાણ થાય. કેમ જે આ સંસારમાં જન્મ આપનારા માત પીતાને પરમેશ્વરની દઢ ભક્તિ કરવાથી જે ફળ પામે છે એથી અધીક ફળ માત પીતાના વચનમાં રેહેવાથી પરામ થાયછે માટે મારા દયાળુ માત પીતા તમે મારો જગતમાં સુજસ વધે એવો આશીર્વાદ દયો. એવું સાંભળતાં વાર સુરિંદ્રરાજા મુર્છા પામ્યો ને ઘડી બે ઘડીએ સુદ્ધિ આવી ને કેવા લાગ્યો કે ઓ મારા વાલા પુત્ર તારા દુર જવાના વચનો સાંભળીને મારૂં હૈયુ ઠાર રહેતું નથી ને મને ઘણો કંટાળો થાયછે.એવામાં માનસીંગની પવીત્ર માતા પોતાના વાહાલા પુત્રને દીલાસો દઇને કેહેવા લાગી કે તારૂં કલ્યાણ થાઓ. ને તારો સુજસ જગતમાં વધો ને પરદુઃખ ભંજન એવા નામથી તને સર્વે જગત બોલાવશે; ને તારૂ નામ જગતમાં અમર રહે. એવાં હિમતનાં વચન સાંભળીને સુરિંદ્ર રાજા હિંમતમાં આવીને કેહેવા લાગ્યો કે ધન છે સ્ત્રી તારી હિંમતને, ધનછે તારી કુખને કે આવું રત્ન તારા ઊદરે અવતર્યું; જે બાળઅવસ્તામાં મહા હિંમતવાન ને માહાસુર વીર કુંવરનો જન્મ આપ્યો. ને પછી સુરિંદ્રરાજાએ જોશીઓને બોલાવીને કુંવરની જન્મ પત્રીકા જોવરાવી. એમાં એવી રીતે આવ્યું જે જ્યારે કુંવર સોળ વરસનો થશે. ત્યારે

માહા પ્રતાપી પરદુઃખભંજન ને માહા સામર્થવાન ને પોતાની જીંદગી પારકા કામ માટેજ ગુજારશે. દેશ દેશોની મુસાફરી ઘણી હોંશીઆરીથી કરશે. બીજાના કામ માટે પોતાના જીવની દરકાર રાખશે નહીં. એવાં જોશીઓનાં વાકય સાંભળી, રાજા રાણી ઘણાં રાજી ખુશી થઇને સર્વે પોતાના શેહેરના બ્રાહ્મણોને ભોજન કરાવી અકેકી મોહોર દક્ષણા આપી પોતાના કુંવરને રાજી ખુશીથી આશીર્વાદ દઈ રજા આપી. પછી માનસીંગ પોતાના સઘળા કુંટુંબને નમસ્કાર કરીને ચાલ્યો ને રસ્તામાં ચાલતાં સવસી કામધેન તથા શોભાગ્યવંતી પાણીનું બેડું લઈ સામી મળી. પછીચાલતાં ચાલતાં થોડા દીવસમાં જંગલમાં આવી પોંચ્યો. તે જંગલ મોટું ને મહા ભયંકર બીહામણું હતું તે જંગલ મોટા પર્વતો ને ઝાડીથી ભરપુર હતું અને અનેક જાતનાં પક્ષીઓ તરેહવારના શબ્દો ઉચ્ચારતાં હતાં. તે જંગલમાં માણસ ભાગ્યેજ જોવામાં આવતું. ને ભુખ તરસથી ઘણો હેરાન થયો ને પોતાના મન સાથે કેહેવા લાગ્યો કે ઓ માનસીંગ તું આવા બીહામણા જંગલમાં આવી પોતાના અમુલ્ય જીવને જોખમમાં નાંખ્યો; એમ કરી એક મોટા ઝાડપર ચઢીને ચારેબાજુએ જોવા લાગ્યો ત્યાં એક મોટું શીવનું દેહેરૂં જોવામાં આવ્યું. તે હેઠે ઉતરી તે દેહેરામાં જઈ શીવની સ્તુતિ કરી કેહેવા લાગ્યો કે ઓ ભોળાશંભુ આ બીહામણા જંગલમાં તું મારૂં રક્ષણ કર.

રતનશાહ વહાણવટીની છોકરી ગુણસુંદરીની વાર્તા.

ઘણા અસલના વખતમાં ચંપાનગરીમાં ચામુડ નામનો રાજા રાજ્ય કરતો હતો, જેની પાસે બેસુમાર લશ્કર હતું, જર ઝવેરનો તો પારજ નહીં. તેના શેહેરમાં રત્નશાહ નામે વહાણવટી રહેતો હતો જે રાજાની બરોબર ધનદોલત ધરાવતો હતો ને રાજાનો તે ઘણોજ માનીતો હતો, દરેક કામ રાજા તેની સલાહ પુછી કરતો હતો તે વહાણવટીની ગુણસુંદરી નામે એક પુત્રી હતી જે રૂપમાં પુનમના ચંદ્રની માફક હતી ગુણનો તો જાણે સાગર ભરેલો હતો,

જ્યારે વહાણવટી મરવા પડયો ત્યારે પોતાની છોકરીને રાજાને સોંપીગઓ કે આ મારી બેટી તે તારીજ છે એમ જાણજે. રાજાએ દોસ્તીના બદલામાં રત્નશાહ વહાણવટીની માગણી કબુલ કીધી અને તે છોકરીને પોતાની હજુરમાં રાખી જ્યારે મોટી થઇ ત્યારે રાજાએ તેને એક ધાવને સોંપી પોતાના શેહેરમાં એક મોટો મેહેલબંધાવી ત્યાં રાખી અને તેના બાપની સર્વે ધન દોલત તેને હવાલે કરી. હવે જ્યારે ગુણસુંદરી પુર જુવાનીમાં આવી ત્યારે પોતાની ધર્મની માને કહેવા લાગી કે ઓ મારી વહાલી મા મને એક એવો રસ્તો દેખાડ કે જેથી હું આ પૃથ્વીની સર્વે લાલચોથી દુર રહું કારણ કે મારો એવો વિચાર છે કે દગાખોર દુનિયાંથી દુર રહીને ઇશ્વરની ભક્તિમાં મારી જીંદગી ગુજારૂં. ત્યારે તે માએ જવાબ દીધો કે ઓ મારી પ્યારી છોડી તે વિષે તું નચીંત રહે અને હું આ સાત પ્રસ્નો જે તુંને કહુંછું તેના જે કોઇ જવાબ આપે તેની સાથે તું પરણવાની ઇચ્છા રાખજે જેથી સરવે માણસોથી દુર રહી તુ તારી જીંદગી સુખચેનમાં કાઢજે તે સાત પ્રસ્નો નીચે પરમાણે છે.

પ્રશ્ન ૧ લો—અલંકાપુરીની ખબર લાવ.

પ્રશ્ન ૨ જો—ભકતી કર ને ગંગામાં ન્હા.

પ્રશ્ન ૩ જો—કોઇને દગો ન કર, કરશે તેવું પામશે.

પ્રશ્ન ૪ થો—સત બોલનાર સદાય સુખી.

પ્રશ્ન ૫ મો—બળતા પહાડની ખબર લાવ.

પ્રશ્ન ૬ ઠો—તારા બાપના ઘરમાં જે મણી છે તેનો જોટો લાવ.

પ્રશ્ન ૭ મો—જાદુના ખેલ વાળા જાનવર પાસેથી કોહીનુર હીરો લાવ.

આ પછી ધર્મની માતા બોલી કે જે ધણી તારા આ સાત પરસ્નોનો જવાબ આપે તેને તારો યોગ્ય ભરથાર ગણી લગ્ન કરી દુનીઆનું સુખ હાંસલ

કરજે, કારણ જે મારી ઉમ્મર હવે ઘણી થોડી બાકીછે હવે એક વખતનેસમે ગુણસુંદરી પોતાના મેહેલની બારીએ રસ્તાનો મેહેલો જોતી બેઠી હતી તેવામાં તેની નજરે એક અજાયબ દેખાવ પડયો. એક જોગીંદ્ર રસ્તેથી જતો હતો તેના દોઢસો ચેલાઓ રસ્તામાં સોનાની ઈટડીઓ મેલતા હુતા તેની ઉપર પગ મુકીને તે સીધ ચાલતો હતો આવો મામલો જોવાથી ગુણસુંદરી તો દીંગજ થઈ ગઈ અને પોતાની માને પુછવા લાગીકે મારી વહાલી માતા આ તે કોણ પુરૂષછે જેઆવા દબદબાથી જાય છે. ધાવ બોલી કે એ આપણા રાજાનો ધર્મગુરૂ છે એ ઘણોજ પવીત્ર અને પરમેશ્વરનો મોટો ભકતછે ત્યારે. ગુણસુંદરીએ જવાબ દીધો કે ઓ મારી મા હું એવું ઈચ્છુંછું કે આ માહા પુરૂષને આપણા ઘરમાં બોલાવી એની સ્તુતિ કરીએ. કારણ કે એવા ભકતોના દરસનથી બંને દુનિઆનું સૂખ હાંસલ થાય છે માએ પણ તેમ કબુલ કીધું અને પોતાના માણસને પવીત્ર ગુરૂને ઘર પવીત્ર કરવા બોલાવ્યો તે મા ણસ જવાબ લાવ્યો કે તે પવીત્ર પુરૂષે આવતી કાલે આવવા કબુલ કીધું છે આ ખબર સાંભળી ગુણસુંદરીએ સઘળી તૈઆરીઓ કરવા માંડી. કેટલાક થાળ મેવાના જર ઝવેરના અને સોના રૂપાના ભરી રાખ્યા ને મેહેલના દીવાનખાનાથી તે છેક હેઠે સુધી તરેહવાર રેશમી અને સોનેરી રૂપેરી ગાલીચા પથરાવ્યા. હવે બામદાદ થઈ અને તમામ મેહેલ રંગ રાગ અને ખુશી ખુરમીથી ગાજી રહયો. બપોર પડતાં તે પવીત્ર અને માહપુરૂષ ધર્મ ગુરૂ સોનાની ઇંટડીઓપર પગ મુકતો આવ્યો અને ગુણસુંદરીએ સોભાયમાન કીધેલા મેહેલ નજદીક આવી પોંહોંચ્યો. તેવીજ દરબારીઓએ અંદર ખબર કીધી ગુણસુંદરીએ તેને માટે સોના રૂપાનો તથા જર ઝવેરથી સણગારેલો જે ગાલીચો

ત્યાર કીધો હતો તે ઉપર ગુરૂને બેસાડયો. પછી સર્વે ખુમચા જર ઝવેર તથા હીરા મોતીના તેની આગળ મુકયા જેણે કબુલ નહીં કીધા અને બોલ્યો કે આ ગંદી ચોજો અમો ત્યાગી અને સંસારથી દુર રહેલા માટે પરમેશ્વરે પેદા કીધેલી નથી. ઘણાં કાલાંવાલાં તથા ઘણી વીનંતી કરી છતાં તેણે નહી લીધા ત્યારે ગુણસુંદરીએ મેવાથી ભરેલા તથા મીઠાઈથી પુર ખુમચા લાવવાનો હુકમ કીધો તેમાંથી તે મહા પુરૂષે થોડું ખાધું પણ મનમાં બડબડવા લાગ્યો કે, એ મારા મન રાજાના કરતાં રત્નશાહ વહાણવટી પાસે કેટલો ખજાનોછે. ખચીત રાજા પાસે નહીં હોય એટલો ખજાનો એની પાસે છે. ફીકર નહીં આજ રાતે આવી આ સઘળો ખજાનો લઇ જવો જોઇએ પછી ચોરીથી યા લુટફાટથી. આવો વિચાર કરી તે ગુન્હેગાર પુરૂપ ઉઠયો તેવીજ ગુણસુંદરી તેના પગપર પડી અને દયા માગવા માંડી ત્યારે તે પાપી માણસ તેની ઉપર દયા વરસાવી ચાલતો થએો. હવે નજદીક સાંજનો સમય થએો અને સઘળા ઘણાંજ થાકી ગએલાં હોવાથી સર્વે અસબાબ જયાંનો ત્યાં રહેવા દઈ આરામ કરવા ગયા, મધરાતને સમે તે ધર્મગુરૂ પોતાના દોઢસો ચેલાઓને લઈ ગુણસુંદરીના ઘરમાં દાખલ થએો અને સઘળો અસબાબ લુટવા લાગ્યો. જે માણસો તે પાપીને સામે થયાં તે સઘળાને તેણે જખમી કીધાં અને સઘળું જર ઝવેર લઈ ગાંસડા બાંધી ચાલતો થએો ગુણસુંદરીએ જયારે એવું સાંભળ્યું ત્યારે તેની સઘળી સૂધ બુધ ઉડી ગઈ અને રડવા લાગી પણ તેની માએ તેને દીલાશો દીધો કે હાલજે થયું તે ન થયું એમ બનવાનું નથી માટે ધીરજ સંપાદન કરવી અને જયારે સુર્ય નારાયણના કીરણોનાં દરસન થાય ત્યારે રાજા પાસે ફરિઆદ કરવા જવું. ગુણસુંદરીએ પણ તે સલાહ કબુલ કીધી અને સવારનાં પોતાની ધાવને સાથે લઈ પેલા જખમી થએલા માણસોને ગાડીમાં બેસારી દરબારમાં આવી પહોં-

ચી. દેવડીદારે રાજાને ખબર કીધી કે રત્નશાહ વહાણવ-
ટીની છોકરી પોતાની મા સાથે આવીછે અને તમો નામદા-
ર પાસ ફરિઆદ ઉડાવવા માગેછે. રાજાએ હુકમ કીધો કે ત-
રત અંદર દાખલ કરી. જયારે ગુણસુંદરી રાજાની નજદીક
ઉભી સલામ કરી જાહેર કરી બોલી કે માહારાજા માહારી
ઉપર મોટી મુસીબત આવી પડીછે. તમો મહારાજાના ધર્મ-
ગુરૂને કાલે પધરામણી કીધી હતી તેજ ચંડાળે મારા મેહે-
લમાં પેસી મારૂ સર્વ દ્રવ્ય લુટી આ મારા ગરીબ માણસોને
જખમી કીધાછે અરેરે રાજા તે પાપીનું મોં કાળું થાજો. અ-
ને તેની ઉપર માહા દુઃખનો વરસાદ વરસજો. રાજાએ જયા-
રે પોતાના ધર્મગુરૂ વિષે આવા શબ્દો સાંભળ્યા ત્યારે તેના ગુ-
સ્સાનોતો પારજ રહયો નહીં અને પોતાના પવિત્ર ગુરૂ માટે
એમ બોલવા મના કીધી પણ ગુણસુંદરી સમજી નહીં ને
વધારે ને વધારે બોલવા લાગી. આથી રાજા એટલો
તો ચીડાઈ ગઓ કે તરતજ તેને પથ્થરથી મારી નાખ-
વાનો હુકમ કીધો. તે વખતે વડો વજીર હાજર હતો ને ઉ-
ઠયો અને નમીને બોલવા લાગ્યોકે ઓ ચંપાનગરીના રાજા
આપ મોટા પુરૂષને એવો રોષ નાહીં જોઇએ. વહાણવટી
રત્નશાહ આ છોકરીને એક વખતે તું નામદારે તારા
આશરો તળે લીધી હતી અને હાલ તે તેજ છોકરી ઉ-
પર તું પથરનો વરસાદ વરસાવેછે એ તું નામદારને લા
યક નથી માટે એ છોકરીના ગુનહા વાસ્તે બીજી કાંઈ
સજા ફરમાવવી જોઇએ આથી રાજાનો ગુસ્સો જરા ન-
રમ થઓ તેથી હુકમ કીધો કે હુમણાંને હુમણાંજ એ
છોકરીને મારા શેહેરમાંથી કાઢી મેલો અને એનો મેહે-
લ લુટી ભાંગી તોડી ફનાહ કર. ગુણસુંદરીએ તેજ વ-
ખત પોતાની મા સાથે શેહેરમાંથી ચાલી અને ચાલતાં
ચાલતાં એક બીહામણા જંગલમાં આવી પોહોંચી રાત-
ને વખતે એક વીશાળ ઝાડ તળે આરામ લીધો. ઉંઘમાં
તેણે એક સ્વપ્નું જોયું. તેણે એવું જોયું કે એક માહા
પુરૂષ સફેત વસ્તર પેહેરી તેની નજદીક ઉભો રહી એ

મ કેહેછે કે ઓ માહા સતી તું કશો અંદેશો ના કર તારી ઉપર તે માહાદેવની પુરણ મેહેરબાનીછે ઉડ અને આઝાડ તળે સાત મોટા રાજાઓનો ખજાનો દાટેલોછે તે તારા સ્વાધીનમાં લે. ગુણસુંદરી બોલી કે હું એક અબળા શી રીતે ખોદી શકું તે કુબેરે જવાબ દીધો કે લાકડી લઈ થોડું ખોદ અને તે ખજાનો તારી નજરે પડશે. ગુણસુંદરી જ્યારે સવારમાં ઉઠી ત્યારે તે સ્વપ્નું પોતાની ધરમની માને કહ્યું, માએ તે પ્રમાણે કીધું તો તેમાંથી ખરે ખર બેહદ નહી ખુટે એટલો ખજાનો મળ્યો. જમીન નીચે સાત મોટી ટાંકીઓ દ્રવ્યથી ભરપુર મળી અને મોટા મોતીઓનો તો પારજ નહીં હવે ગુણસુંદરીની ખુશીનો તો પારજ રહ્યો નહીં. તે બોલી કે ઓ મારી વાહાલી માતા તું જા અને આપણા શેહેરમાંથી સઘળા સુતારોને તથા ઘર બાંધનારાઓને બોલાવી લાવ કે આપણે અહીંઆં એક મોટી ઈમારત બંધાવી તેમાં રહીએ, તે ધાવ બોલી કે હું તુંને એકલી મેલી કેમ જાઉં, તેવામાં ગુણસુંદરીની ચાકરીમાંનો એક પુરૂષ ભીખારી હાલતે ત્યાં આવી પોહોચ્યો તેણીએ તેને શેહેરમાં મોકલાવી સર્વ ચીજો મંગાવી. અંતે એક મેહેલ મોટો અને ભભકા સાથે બંધાવી તેમાં રહી તેની ખુશાલીમાં સઘળા માણસોને મન પુરતો પૈસો આપ્યો. ગુણસુંદરીએ તેમાંના વડા મીસ્તરીને કહ્યું કે, હવે તમો અહીંઆં એક મોટું શેહેર બાંધો તેણે જવાબ દીધો કે રાજાની પરવાનગી સિવાય અહીંઆં શેહેર બંધાય નહીં. ગુણસુંદરીએ જોયું કે એ પણ ખરૂંજ કહેછે, પછી તે પુરૂષનો પોશાક પેહેરી મોટી કાઠીઆવાડી ઘોડીપર સ્વાર થઇ જરઝવેરના ખુમચા ચાકરોને માંથે મુકી હીરા મોતી અને આકુતથી જડેલો એક મુગટ સુંદર વાસણમાં મુકી રાજાની તરફ ચાલી. શેહેરમાં દાખલ થતાંજ પોકાર ઉઠી રહયો કે એક મોટા વહાણવટીનો છોકરો રાજાને માટે પુષ્કળ માલખજાનો ભેટ લાવ્યોછે. ગુણસુંદરીએ રાજાની દરબાર આગળ

આવી ખબર પોચાડી તેવીજ તેણીને દરબારમાં દાખલ કીધી, તેણીએ અદબથી સલામ કરી રાજાને પેલું તમામ નજરાણું ભેટ કીધું. આ સઘળું નજરાણું જોઇ રાજાની અચરજનોતો પારજ રહયો નહીં તેણે તે કબુલ કીધું. અને ગુણસુંદરીની ખબર પુછી. ગુણસુંદરીએ ઘણીજ મીઠી જુબાનથી ઉત્તર દીધો કે ઓ ચંપાનગરીના રાજા મારૂં નામ જેરાજ છે મારા માતપીતા મરણ પામ્યાંછે અને હું આ દુનીઆમાં હવે એકલો પડયોછું રાજાએ જવાબ દીધો કે ઓ પ્યારા સુંદર ચેહેરાના જુવાન બેટા જયારે તારાં માતપીતા મરણ પામ્યાંછે ત્યારે હું તને મારા ફરજંદ તરીકે અહીંઆં રાખવા ઇચ્છુંછું. ગુણસુંદરીએ જવાબ દીધો કે ઓ પરતાપી પીતા જયારે તું માહારાજાનો મોટો આશ્રય આપ્યો માટે હું તું માહારાજાનો મોટો ઉપકારી થએોછું. મારી મરજીછે કે, તું નામદાર મારૂં લાયક નામ આપે. રાજાએ તેનું નામ મારૂપતી કરી રાખ્યું પછી ગુણસુંદરીએ પોતાની અરજ રજુ કીધી રાજાએ હુકમ કીધો કે, તરતજ જે જંગલમાં મારૂપતી મેહેલછે તેજ જંગલમાં એક મોટું શેહેર વસાવે. પછી મારૂપતી તે તરફ ફરીને બોલ્યો કે, ઓ મારા રાજન તું મારાથી આટલો દુર રહેવા જાયછે, પણ હવે મને તારા વગર ચેન પડશે નહીં માટે તને ઘટે છે કે મારી પાસે રહે અને મારા જીવને આનંદ કર. મારૂપતીએ જવાબ દીધો કે અગર જો હું તમો માહારાજા આગળ રહીશ તો પછી મારી મરજી પરમાણે શેહેર બંધાશે નહીં માટે હું તમોને મહીનામાં આઠ વખત મળવા આવીશ. રાજાએ ખુશી થઇને કીધું અને ગુણસુંદરી મરદના પોસાકે રાજાની રૂબરૂ આવજા કીધી હવે એકદીને એવું બન્યું કે, રાજા પેલા માન ગુરૂની મુલાકાતે જવાનો હતો તેથી મારૂપતીને પણ પોતાની સાથે લીધો જયારે રાજા મારૂપતી સાથે પોતાના મેહેલમાં પાછો આવ્યો એટલે મારૂપતી બોલ્યો કે ઓ મારા મેહેરબાન બાપ હું એવું ઇચ્છુંછું કે આ માહાપુરૂષને

મારે પધરામણી કરી દરશન કરી મારા જીવને આનંદ પમાડું. રાજાએ કબુલ કીધું અને મારૂપતીને પોતાના મેહેલમાં પધરામણી આપવા કહ્યું પણ તે બોલ્યો કે મારૂં જીગર એમ ઈચ્છેછે કે હું એને એક જુદા મેહેલમાં પધરાવું પછી મારૂપતીએ તેમ કીધું અને પેલા મકરબાજ સાધુને પધરામણી આપવાને સરવે ત્યારી કીધી તેમ કરી રહી તેને નોંતરૂં મોકલ્યું જે પેલા મહા પાપીષ્ટે મોટી ખુશી સાથે માન્ય કીધું મારૂપતીએ આગળના કરતાં પણ આ વખતે ઘણો ભભકો કીધો હતો.

બીજે દીને પેલો સીધ આગળ માફક ભારે દબદબાથી સોનાની ઇંટડીઓપર પોતાના પગ મૂકી ચાલતો ચાલતો ગુણસુંદરીના મેહેલ આગળ આવ્યો તેજ વખતે તેણીએ તેને બેઆબરૂ સાથ અંદર લીધો આગળ માફક રાજગાદીના બીછાનાપર બેઠા પછી જર ઝવેર મોતી હીરા આકુત વિગેરેથી ભરેલા ખુમચા લાવી તેની આગળ હાજર કીધા દરવીષે તે નાકબુલ કીધા અને થોડી મીઠાઈ ખાધા પછી અંતર ખુશબો વિગરે લઈ વિદાયગિરી લીધી. જતાં જતાં તેને મનમાં વિચાર કીધો કે આજે સપાટો ઠીક છે. રાતના એની વાત પણ હવે ગુણસુંદરીએ અગાઉથી ગોઠવણ કીધી હતી તેણીએ રાજાને ત્યાં કહેવડાવ્યું હતું કે આજ રાતે મારે ત્યાં ચોરો ચોરી કરવા આવવાનાછે, એવું સાંભળ્યું છે. આથી રાજાએ પોતાના વડાવજીરને તે બંદોબસ્ત કરવા વિષે પકકો હુકમ કીધો. વાંચનાર બકરાના ચામડામાં વરૂઓ કેવાં છુપાં રહેછે તેનો વિચાર આ દાખલાથી તને બરોબર મળશે. ધરમને નામે લૂટનારા આ જગતમાં કેટલાક વધ્યા હશે,તેનો તું વિચાર કર.પાપી પોતાના પાપે આજ દુનીઆમાં કેવું સૂખ ભોગવેછે તેનો દાખલો આ કરતાં સરસ બીજો કયો મળવાનો છે? તે દુષ્ટ આદમી પોતાના ઠરાવ મુજબ મધરાતે પોતાના દોઢસો ચોરો સાહીત ગુણસુંદરીના મેહેલમાં દાખલ થઓ.હવે ગુણસુંદરીના આદમીઓ થાકેલા હોવાથી સરવે સૂઈ ગયા વડાવજીરે શેહેર-

ના મુખીને પોતાની સાથે હુશીઆર કેળવાએલા રજપુતો ને લઇ જવા ફરમાવ્યું સરવે બંદોબસ્ત બરોબર થઈ ચૂક્યો તે દુષ્ટ ધારેલે વખતે પોતાનું સેતાન કામ કરવા આવી પોંચ્યો ગુણસુંદરીના મેહેલમાં ઘુસી સર્વ અસબાબ જર ઝવેર હીરા મોતી માણેક આકુત સોનું રૂપું વગેરેના ગાંસડા બાંધી જેઓતે સેતાની કામ કરનારો પવીત્ર સાધુ બહાર નીકળ્યો તેવોજ સર્વ રજપુતોએ તેની આસપાસ ફરી વળી અને તેના દોઢસો ચેલાઓને પણ બાંધી રાતો રાત બંધીખાને વગર ભાડાના ઘરમાં આરામ કરવા મોકલી દીધા. સવારનાં જ્યારે દરબાર ભરાય અને મારૂપતી (ગુણસુંદરી) રાજાને રૂબરૂ આવી ઉભો ત્યારે રાજાએ ઘણાજ વહાલથી તેને પોતાની પાસે બેસાડયો અને અત્યંત હેતથી પુછવા લાગ્યો કે મારા જીગર આજ રાત્રે તારા મેહેલમાં ચોરો ચોરી કરવા આવ્યા હતા તેનો સરવ હેવાલ આપણા વડા વજીર પાસેથી સાંભળ્યોછે. તું ખાતર જમા રાખકે એ ચોરને હું તેવીજ શીક્ષા કરૂંછું; એટલું બોલી શેહેરના મુખીને હુકમ કીધો કે સગળા ચોરોને લાવી દરબારમાં હાજર કરે, ચોરને તપાસતાં સઘળાઓના ચેહેરા જોઈ રાજાની અચરતીનો પારજ રહયો નહીં. પોતાના ધર્મગુરૂને આવી કૃજેતીએ પોચેલો જોઈ તેને ઘણુંજ ખરાબ લાગ્યું પણ જ્યારે પોતાના વાહાલા મીત્ર રત્નશાહ વાહણવટીની છોકરી ગુણસૂંદરી વિષે તેને યાદ આવ્યું ત્યારે તેની દીલગીરીનો તેમજ પસ્તાવાનો પાર રહયો નહીં. તપાસ પુરો થઆ પછી તેને સઘળાઓને ફાંસીની ટીપ મારી. તેજ વખતે ગુણસૂંદરી પોતાના ખરાપણામાં રાજાની સનમુખ ઉભી રહી હવે રાજાની ખુશીનું બ્યાન કીઆ કવીથી થઈ શકે તરતજ તેણે ભર દરબારમાં તેણીને જે ગેર ઈનસાફ કીધો હતો તે વિષે દરગુજર સાહી ગુણસૂંદરી ગાદીને સલામ કરી બોલી કે એ મેરબાન બાપ જે મારા નસીબમાં બનવાનું હતું તે બન્યું હવે હું ખરી પડી એટલું જાણી મને ઘણો સંતોષ ઉપજયોછે. રાજાએ ગુણસૂંદરીને ઘણો એક ખજાનો બક્ષી

અને થોડા દીવસ રહી તેણીને શેહેર તરફ વિદાય કીધી જ-
તી વખતે ગુણસુંદરીએ રાજાને ઘણીજ અસ્તુતી કીધી કે
તમારૂ કલ્યાણ થાઓ અને આપના પવીત્ર પગલાથી મારા
શેહેરને પવીત્ર કરો તે અરજ સાહેબે કબુલ કીધી ને પછી
થોડા દીવસે ગુણસુંદરીના શેહેર તરફ કુચ કીધી.

જે વખતે ગુણસુંદરીએ રાજાના આવ્યાની વાત સાંભ-
ળી તેજ વખતે તેને માનપુર્વક લેવા ગઈ અને મોટું માન
તથા આબરૂ આપી તેને માટે એક મેહેલ તૈયાર કરાવ્યો
હતો તેમાં લાવી જર ઝવેરથી સણગારેલા તખ્તપર બેસા-
ડયો પછી બીજા આકૃતથી ભરેલા બે મોર અને બે શુમાર
ખજાનો લાવી તેના પગ આગળ મુકયો રાજાએ તે ખુશી-
થી કબુલ કીધો અને ગુણસુંદરી પર ઘણીએક આશીશ
વરસાવી તે પછી રાજાને પેલા જરથી ભરેલાં ટાંકાં દેખાડી
અરજ કીધી કે તમો નામદારના ખજાનામાં આ ખજાનો મો
કલાવવાનો મને હુકમ આપો ત્યારે રાજાએ તેમ કરવાને વ-
જીરને તથા વડા ખજાનચીને હુકમ કીધો વજીર તથા ખજા
નચી તરત ઉઠી ટાંકાંપાસ આવ્યા ગુણસુંદરીએ તેઓને તે
અખુટભંડાર દેખાડયો પણ જેવારે તેઓ તે ખાલી કરવા
ગયો કે તેઓ જોવે શું. સઘળાં ટાંકાં સાપ અને ખજુરાથી
ભરપુર દેખાયાં, હવે તેઓની અચરતીનો પાર રહ્યો નહીં.
તેઓએ રાજાની આગળ આવી તમામ હકીકત કહી ગુણ-
સુંદરીનો ચેહેરો આ સાંભળતાં વાર ફીકો થઇ ગયો પણ
રાજાએ ધીરજથી ઉત્તર દીધો કે મારા વાહાલા ફરજંદ
એ ખજાનો તારાજ ભાગ્યનોછે માટે તે તનેજ બક્ષીસ થા-
જો એની ઉપર મારો હક બીલકુલ નથી જે તમામ ધન ત-
ને જડયોછે તે તારૂંજ છે ગુણસુંદરીએ નમીને રાજાને આ
જીજી કીધી કે હું એવું ઈચ્છું છું કે આ જગ્યાએ એક શેહે
ર વસાવું અને આ સઘળી માલ મતા પરમેશ્વરને વાસ્તે ખ
રચવું રાજાએ કહ્યું કે જયાંબી હોય ત્યાં તું મારૂંજ ફ-
રજંદછે અને હું એક વખત કહી ચુકયોછું કે આ ભંડારો
તારાછે માટે તને જેમ ગમે તેમ ખરચવાને તું મુખતીયારછે
પછી રાજા પોતાના શેહેરમાં જવાને ત્યાર થયો ત્યારે ગુણ-
સુંદરીએ રેહેવાને માટે તેને ઘણીજ આજીજી કીધી. પણ

તેને ઘણુંજ અગત્યનું કામ હોવાથી તે તેની અરજ મંજુર કરી શકયો નહીં શેહેરમાં જવા પછી તેણે પોતાના વીસવા સુ માણસોને ગુણસુંદરીના મેહેલની ચોકસીને માટે મોકલ્યા ગુણસુંદરીએ પોતાના શેહેરમાં એક ઘણુંજ મોટું મંદીર બંધાવ્યું અને પોતાના માણસોને એવો હુકમ કીધો કે જેબી મુસાફર આવે તેને પ્રથમ ખવરાવી પીવરાવી પછી રસ્તાનો ખરચ આપી વીદાય કરતી વખતે મારીપાસે લાવવો. એમ મુસાફરો સંગાત એજ મુજબ કરવામાં આવતું થોડા દીવસમાં મુસાફરોએ ગુણસુંદરીનું સારૂ નામ ગામો ગામ શેહેરે શેહેર અને મુલકે મુલક ફેલાવી નાખ્યું તે સાથે તેણાના રાખેલા માણસોની પાકદાનત અને મહેનતની એટલીતો તારીફ થઇ કે કાંઈ બોલ્યાની વાત નહીં તેઓ પોતાની નોકરી એવી નીમકહલાલીથી બજાવતા કે સઘળા મુસાફરો ગરીબ યા તવંગર વાહાણવટીયા સાધુ તેમની અતીસારી વરતણુંકથી ઘણાજ ખુશી થઇ જતાં અને આથી ગુણસુંદરીની કીરતી એટલી તો વધતી ગઇ કે પુર્વથી પશ્ચિમ સુધી અને ઉત્તરથી દક્ષિણ સુધી તેણીનું નામ પ્રખ્યાત થઈ ગયું.

રૂપસિંહ રાઠોડની વારતા.

પુર્વે મારૂદેશમાં ઉદેપુર નામે સહેરમાં એક રૂપસિંહ રાઠોડ નામે ખુબ સુરતનો જુવાન, રૂપનો તો એક ભંડાર ધરાવતો હતો તેનું નામ રૂપસિંહ હતો તે એટલો તો ખુબ સૂરતે હતો કે લોકો તેને જોઈ અંજાઈ જતાં હતાં જયારે ગુણસુંદરીનું એવું રૂપ તથા ખુબસૂરતનો સંદેશો તેણે સાંભળ્યો, ત્યારે તેણીને જોવાની તેને ઘણી ઉમેદ પેદા થઈ ત્યાર પછી તેણે એક ચીતારાને બોલાવી ગુણસુંદરીની તસવીર ચીતરાવવાનો વીચાર કીધો પણ સીરીતે, કારણકે તેણે સાંભળ્યું હતું કે ગુણસુંદરી કોઇને પોતાનું મો દેખાડતી નથી તેણે એક ચીતારાને હુકમ કીધો કે કોઈ પણ પ્રકારે ગુણસું

દરીના શેહેરમાં જઈ તેણીની તસવીર ચીતરી લાવવી. ચીતારાએ કબુલ કીધું ને તરતજ તે ગુણસુંદરીના શેહેરમાં ગઓ તેવાંજ તેણીના માણસો રીત પ્રમાણે તેને નવરાવી ખવરાવી તેણીની પાસ લાવ્યાં. ગુણસુંદરીએ ખબર અંતર પુછી રસ્તાનો ખરચ આપી વીદાય કરવા કહ્યું ત્યારે પેલા ચીતારાએ ના કહી અને પોતે નોકરીનો ઘણો ઉમેદવાર છે એમ જાહેર કીધું ત્યારે ગુણસુંદરીએ પુછયું કે તું શું હુન્નર જાણેછે તેણે જવાબ દીધો કે હું વાદળામાંથી અસંખ્ય તારાઓ તથા ચંદ્ર તથા સૂરજની તસવીર લઈ શકુછું પછી તેણીએ તેને પોતાની નોકરીમાં રાખ્યો એક દીવસે પોતાની છબી ચીતરાવવાનો વિચાર કરી તે ચીતારાને ઓલાવી પોતાની ઈચ્છા જણાવી તેણી બોલી કે તું શીરીતે મને જેયાવગર મારી તસવીર પાડી શકશે તેણે ઉત્તર દીધો કે તમો નામદાર ફકત અગાશીપર ઉભાં રહો અને છેક નીચે પાણીથી ભરેલું એક મોટું વાસણ મુકાવો પછી તમો ઉપરથી નીચે જુવો એટલે તમારો ઓળો પાણીમાં પડશે. પછી હું તમારી તસવીર તરતજ ઉતારી લઈશ. સરવે ચીજો તૈયાર કીધા પછી પેલા ચીતારાએ ગુણસૂંદરીની તસવીર ઉતારી લીધી. અને પછી પોતાના રેવાના મુકામપર જઈ બીજીએક નકલ કરી ગુણસુંદરી આગળ લાવ્યો અને પેહેલી જેઅસલને સરસહતી તે માહારાજા રૂપસિંહ રાહોડ માટે રાખી થોડાક દહાડા પછી તે તેણીની આગળ આવી બોલ્યો કે ઓ મહાસતી મને મારા છોકરા બચ્ચાં પાસ જવાની ઈચ્છા થઈ છે માટે રજા હોય તો તેમ કરી શેહેજ દહાડામાં પાછો ફરૂં ગુણસૂંદરીએ રજા આપી એટલે પોતાના શેહેરમાં આવ્યો અને પેલી તસવીર રૂપસિંહને આપી તે જેતાંજ તે બેહોશ થઈ ગયો અને પાછો સૂધમાં આવતાંજ એવો ઠરાવ કીધો કે મધરાતને સમે મારા બાપને કહયા વગર જતો રહુ અને આ ગુણસુંદરી સાથે લગ્ન કરૂં તોજ મારા શેહેરમાં પાછો ફરૂ નહી તો જંગલે જંગલ ભટકી જીંદગીનો અંત આણું તેણે કાંઈ પણ જર ઝવેર માલ અસબાબ સા-

કર સીપાઇ લીધા વગર શેહેરમાંથી ચાલવા માંડયું અને ગુણસુંદરીના શેહેરના તરફનો રસ્તો લીધો આખરે ચંપાનગરી તરફ આવી પોહોચ્યો. શેહેરમાં જઇ ધર્મશાળામાં ઉતારો કીધો ત્યાંના ચાકરો રીવાજ પ્રમાણે ખાવાનું લાવ્યા. જે તેણે ઘણુંજ થોડું ખાધું પછી રસ્તાનો ખરચ આપવા માંડયો જે તેણે લીધો નહીં તેઓએ ઘણુંબી સમજાવ્યો પણ તે એકનો બે થયો નહીં અંતે ગુણસુંદરીના માણસોએ જઇ તેણીને ખબર દીધી કે એક મુસાફર આવ્યો છે. જે ખાતો પણ નથી, અને રસ્તાનો ખરચ પણ લેતો નથી. તેણે એ રૂપસિંહ રાહાડને બોલાવી મંગાવ્યો અને તે બોલી કે તું સુ કામ જર લેતો નથી જર ઘર એ તંગી અને મુસ્કેલીની વખતે કામ આવેછે ત્યારે તે બોલ્યો કે હું મારૂ દેશમાં ઉદેપુરનો રાજા છું અને મને પૈસાની દરકાર કે ગરજ નથી ત્યારે ગુણસુંદરી બોલી કે જો એમ છે તો તું સાધુને વેસે શું કામ આવ્યોછે રૂપસિંહે જવાબ દીધો કે તારી બેહદ તસવીરે મને દીવાનો કીધો છે તારો ચેહેરો જોવાને ઘણોજ ઉમેદવાર છું હવે તુને જે ગમે તે કર ગુણસુંદરીએ વીચાર કરી જવાબ દીધો કે ઓ માહારાજા આ ખ્યાલથી તું દુર રહે અગર તું પવન થઇને પણ આવે તો પણ મારો એક બાલબી જોવા પામવાનો નથી રૂપસિંહ બોલ્યો કે એક વાર આ મારી જાનની દરકાર નહી કરીશ. પણ તું પ્યારીના દેદાર જોવાથી પાછો નહી હઠીશ. ગુણસુંદરી દીલગીર ચેહેરે બોલી કે અગર જો તું પકો ઠેરાવ કરે છે તો એક આ મારી સરત છે તે તું બજાવી લાવ. પછી મને તારીજ સ્ત્રી તરીકે ગણ લેકીન જો તે સરતે પોંચવામાં તું પછાત પડે તો પછી મારો વિચાર તારા મનમાંથી કાઢી નાખી તારા માત પીતાને ઘેર જઈ આનંદમાં દીવસ ગુજાર. રાજાએ જવાબ દીધો કે તેમ કરવા હું કબુલ છું પછી ગુણસુંદરીએ કહયું કે મારી પાસ સાત પ્રશ્નછે તેના જવાબ તું લાવ પ્રશ્ન અલંકાપુરીની ખબર લાવ. આ પ્રશ્નનો જવાબ લાવ કે તે કયાંછે અને તે કેવો શુસોભીત છે અને તેણે શું જોવા લાયક બનાવ્યુંછે જયારે આ સવાલનો જવાબ લાવશે કે

બીજા પ્રશ્નથી તુને જાણીતો કરીશ. પછી રૂપસિંહે ખાધું. તથા રસ્તાની ખરચી લઈ પેલા પ્રશ્નની સોધમાં જવા માન્યું ગુણસુંદરી બોલી કે હું તારી વાટ કયાં સુધી જોઉં રૂપસિંહબોલ્યોકે એકવરસસુધીમાં આવીપહોચુંછું એમકહી દીલગીર ચેહેરે રજાલઈ નીચે ઉતરયો અને જંગલતરફ ચાલવા માંડયું કોઈ જંગલમાં જઇને કદી રસ્તે અને કદી પાહાડ સાથે માથું મારીને રડતો પણ પોતાનું કદમ આગળ ધરતો જતો એજ પ્રમાણે ઘણાક રાજાઓ તેણી સાથ પરણવાની ઉમેદમાં રખડી રઝળી મરીગઆ આખર રૂપસિંહ તેની તસવીર બગલમાં રાખી જંગલે જંગલ ફરતો હતો કોઇ રીતે ઉમેદ પાર પડી નહીં અંતે તે નીરાસ થઇ એક દહાડે એમની એટલે પગનપુર પાસેના એક જંગલમાં જઈ પુગ્યો અને એક ઝાડ હેઠે બેસીને આકાશ જોઇ માહા કલ્પાંત કરી રડવા લાગ્યો એટલામાં માનસીંગ માહાદેવના દેવળ આગળ તપ કરવા બેહેલો હતો. એક અવાજ દરદ ભરેલો તેના કાન ઉપર આવ્યો તેણે પોતાના મન સાથે કહયું કે આ અવાજનો ખબર લાવું અને જોઉં કે આ એ જંગલમાં એવો સતમ કોણ કરેછે કે આવી રીતે પોકે પોક મેલીને રડા કરેછે માનસીંગ જુવેછે તો એક સખસનો જુવાન ખુબ સુરત જોગી જેવો એક મોટા ઝાડ તળે બેસીને રડેછે નથી આંખ ઉઘાડતો કે નથી કોઈ સાથે કાંઈ બોલતો એ વાત સાંભળતાંજ માનસીંગ દુરથી તમાસો જોવા લાગ્યો તે બે ખબર રડી હાય મારતો હતો અને પોતાના સરીરના કટકા કરતો હતો એવી હાલતમાં જોતાંજ માનસીંગ બેતાબ થઈ ગયો અને આંખમાં આંસુ લાવી પોતાના મનમાં કહેવા લાગ્યો કે જે પરમેશ્વરે આ શું કોપ કીધો છે જે એનો આવો હાલ થયો વાંચનાર માનસીંગ જેવા ઉદાર દીલનો કોઈ પણ સખસ તને આ દુનીઆમાં નજરે આવ્યો છે માનસીંગ તેના માથા આગળ જઇને ઉભો રહયો અને રેમથી પુછવા લાગ્યો કે ઓ ખુબ સુરત જવાન તારી ઉપર એવી શી મુશીબત પડી જે તારી આજે આ બુરી હાલત થઇછે આ રેમ ભરેલો અવાજ સાંભળી તેણે માથુ ઉચકીને

જોયું તો એકતો જુવાન માહારાજ કુંમાર જેવો સરોવરના કુંડનો કસ્તુરીના સુગંધવાળો પોશાગ પેહેરેલો સખસ પુછે છે ત્યારે તે ખુશીની સાથ બોલ્યો કે એ ભાઈ શું કહું મારા દુઃખની વાત મારી ઉપર એવી મુસીબત આવી પડીછે, જે કોઈથી ટળે એમ નથી તારા જેવા હજારો માણસો મારી પાસ આવી ગયા પણ કોઇએ મારા દુઃખની વાત સાંભળી તેમાંથી મને ઉગારવાનો રસ્તો દેખાડયો નથી સરવે કોઇ આવી ચાલી ગયાછે માનસીંગે કહ્યું જે તું ખાતર જમે રાખી મને કહે કેમકે મે પરમેશ્વરની ભકતી કરવા અને પારકું દુઃખ ભાગવા કમર બાંધીછે તેથી તારૂંબી કામ કરવામાં કશી કશુર નહીં કરીશ અગર તુંને મારા રાજ્યની દરકાર હોય તો હમણાંજ લે અગર કોઇ દુસ્મન તને સંતાપતો હોય તો તું તેને મારી સામે બોલાવ હું તેને મારીશ યા હું મરીશ અગર કોઇ માશુકને મળવાની આછીછરાખતો હોતો તે વગર કોશીશ કરવાથી મળનાર તેથી તેની તતબીર કરીશ પરમેશ્વરના હુકમથી તેની સાથે તારો મેલાપ કરી આપીશ અગર મારા માથાનો તુને ખપ હોય તો તેબી હાજર છે રૂપસીંહ રાઠોડે જ્યારે એવી વાતો સાંભળી ત્યારે ઘણો ખુસી થઈ અને સાબાશ કરીને આશીશ દીધી અને કહ્યું જેઓ નામદાર જુવાન તું સલામત રેજે કે મારા જેવા લાચારોને દીલાસો ને મદદ આપેછે એમ કહીને તસવીર પોતાની બગલમાંથી કાહાડીને તેને દેખાડીને પુછયું કે હવે તુજ કહે કે એના વગર જોવે હું કેમ જીવું અને પોતાનો હાલ હેવો કેમ નાહીં કરૂં માનસીંગે જ્યારે તસવીર જોઈ ત્યારે અચ્રત થઈ કેવા લાગ્યો કે તારીવાત બેશક ખરીછે પણ એટલો બેચેન નાથા થોડી સબુર કર અને તારી ખાતર જમે રાખ અને પરમેશ્વર ઉપર ધ્યાન લગાવ અને નાઉમેદ નાથા. હુંબી તારા કામમાં કશુર નહીં કરીશ જ્યાં સુધી તુને તારી માશુક સાથે નહીં મેળવું ત્યાં સુધી તારી સંગત નહીં મેલું એ પ્રમાણે રૂપસિંહને માનસીંગે ઘણો સમજાવી ખાતરી કરી પોતાના દેવના એટલે માહાદેવના મંદી

ર પાશે લઇ ગયો ત્યાં તેને નવરાવીયો શાંગ બદલાવી મા-
હાદેવના દરશન કરી ત્યાંથી ચાલ્યા ને કેટલેક દહાડે ચંપા
નગરીમાં આવ્યા અને ગુણસુંદરીના માણશો જે ધરમશા-
ળામાં હતાં તેઓ માનસીંગની ધરમશાળામાં લઈ ગઆ ને
તરેહ તરેહનું જમવાનું તેની પાસે મુકયું અને રૂપીઆ મો
હોરોબી ઘણી હાજર કીધી અને ઘણી નમ્રતાઈથી અરજ
કીધી કે માલ ખજાનાની જેટલી દરકાર હોય તેટલો લીઓ
તેને માનસીંગે કહ્યું કે ઓ પરમેશ્વરના ભગતો હું રોટલા
તથા જર ઝવેરની લાલચે નથી આવ્યો પરમેશ્વરે મનેબી
ઘણું જર ઝવેર આપ્યું છે અને ઘણાજ મુલકોનો રાજા કી-
ધોછે પણ મારી તો ઉમેદ ઘણી મોટી છે એ વાત સાંભળી
ને તે આદમીઓએ ગુણસુંદરીને ખબર આપી કે માનસીં
ગ નામનો નવો માણસ આવ્યોછે. જેના કેવા પરમાણે તે
એક મોટો રાજાછે અને જર ઝવેરનો કશી રીતે દરકાર રા-
ખતો નથી. પણ કેછે કે હું ઘણીજ મોટી ઉમેદે આ શેહેર
માં રૂપસિંહ શેહોડ સાથે આવ્યોછું અને કાંઈ ખાનગી સં-
દેશો લાવ્યોછું જે તમો નામદારને કેવાને તે ચાહેછે આ વા
ત સાંભળી તેણીએ તે બેહુને બોલાવી મંગાવ્યા જ્યારે તે
ઓ તેની નજદીક આવી પુગ્યા ત્યારે તેણી પડદેનસીન થ-
ઇ બેઠી અને પુછવા લાગી જે તમારો શું પ્રશ્નછે માનસીંગે
કહું જે માહાસતી હું મારા મીત્રનો પ્રશ્ન સાંભળી તારા શે
હેરમાં આવ્યો છું અને તારા પ્રશ્નનો જવાબ આપવા તૈ-
યાર છું પણ તે પેલાં તારો સુંદર ચેહેરો મને દેખાડ તેથી
મને આનંદ થાય અને મારૂં કામ કરવાને મારા દીલમાં શ
કિત આવે તેણીએ કહ્યું ઓ પરમેશ્વરના ભગત હું પર
પુરૂષનું મોહું શી તરેહથી જોઉં અને પોતાનું મોહું મારી
સરતો પુરી કરશે તેજ મારા નવ જોબન બાગમાંથી રાઈત-
ના ફુલ ચુંટશે અને કલ્પવ્રક્ષનાં પાકાં ફળ વેડશે. ત્યારે મા
નસીંગે કહ્યું કે શું પ્રશ્નછે તે તું પોતાની મીઠી જુબાનથી
વરણન કર અને આએબી કોલ આપજે અગર તે પ્રશ્ન
પુરા કરૂં તો તુંને જેને ચાહુ તેને આપું પછી તું ફરી નહીં

જાય અને ઇનકાર નહીં ફરે ગુણસુંદરીએ એ વાત મંજુર કરી મજબુત કુરાર કીધો કે જયારે હું તારી તાબેદાર થાઉં ત્યારે તને ગમે તે કરજે જો તારી મરજીમાં આવે તો તું મને તારી ગણજે અગર નહીં તો કોઈ બીજાને સ્વાધીન કરજે માનસીંગે કહ્યું જે એ વાતમાં કોઈ સાહેદી જોઇએ પછી પોતાના વડા સાહુકારને બોલાવીને તેઓની હજુર ગુણસુંદરીએ તેમજ માનસીંગે અરસપરસ કોલકરાર કીધા પછી એક તખ્ત સારો બીછાવી તરેહ તરેહનું જમવાનું જમાડી થોડી રસ્તા ખરચી આપીને જાતી વખતે કહ્યું કે ઓ માનસીંગ પેહેલો પ્રશ્ન એછે જે અલંકાપુરીની ખબર લાવ અને તે પુરી કેવીછે તેમાં કોણ વસેછે. અને કયાંછે. પેલાં એ પ્રશ્ન પુરો કરી ફરી બીજાની ફૂકર કર પછી માનસીંગે કહ્યું જે આ મારા મીત્રને તું તારા શેહેરમાંજ રાખજે અને જયાં સુધી હું પાછો આવું ત્યાં સુધી તું એની ખબર અંતર પુછા કરજે તે વાત ગુણસુંદરીએ કબુલ કીધી. અને બોલી કે કદી આખી ઉમર સુધી જો એ મારા શેહેરમાં રેહેશે તો શું થવાનું છે દરરોજ એને ખાધા સીવાય ચાર સોનાના સીક્કા બીજા ખરચને માટે મળ્યા જશે આ સાંભળી ખુશી થઈ માનસીંગ રૂપસિંહ રાઠોડને ધરમશાળામાં મુકી પેલા પ્રશ્નની હકીકત કરવા જંગલમાંનો રસ્તો લીધો.

માનસીંગ પેલા પ્રશ્નનોજવાબલાવ્યો તેની વારતા.

હવે માનસીંગે જયારે જંગલ તરફનો રસ્તો લીધો ત્યારે પોતાના મનમાં બોલવા લાગ્યો કે હું કયાં જાઊં અને એ વિષે કોણને પુછું પણ કશી ચીંતા નહીં એ કામ મેં મારે માટે ઉઠાવ્યું નથી પણ પરમેશ્વરને અર્થે ઉઠાવ્યું છે માટે તેજ મને સીધે રસ્તે લઈ જશે એમ ધારી ચાલતો ચાલતો એક એવા જંગલમાં આવી પુગ્યો કે જેમાં એક પણ ઝાડની નીસાની માલમ પડી નહીં એટલામાં જુવેકે એક વરૂ જે નજદીક હતું તે એક હરણીને પકડી ફાડી તોડીને ખાઈ જવાની તૈયારીમાં હતું એવી વખતમાં જયારે તેણે તે હરણીને

જોઇ ત્યારે આ જલદી જઇને એક પોકાર માર્યો જેઓ જુ-
લમ શું કરેછે ખબરદાર આએ ગરીબ બસરવાલ છે. એ-
ની છાતીમાંથી દુધ વહેછે એ વાત સાંભળી વરૂ બીનો ને ઉ-
ભો રહીને કેવા લાગ્યો જે શું તું માનસીંગછે જે એવા વ-
ખતમાં તું તેની વારે આવ્યો માનસીંગે તેને કહ્યું કે તેં
કેમ જાણ્યું તેણે કહ્યું મેં તારી હિંમત તથા મેરબાનીથી
પીછાણીઓ સૌને માલમ છે જે તું હરકોઈના હકમાં ફાય
દો કરેછે પણ તે મારો શીકાર આજે મારા મોંમાંથી કેમ
છોડાવ્યો ત્યારે માનસીંગે કહ્યું જે તું શું ચાહેછે તેણે કહ્યું
જે મારો ખોરાક જાનવરોનોછે. તેથી જો તે મળેતો ખાઉં
માનસીંગે કહ્યું સારૂ મારા બદનમાંથી જ્યાંથી ચાહે ત્યાં
થી કાપીખા. અને તારૂ પેટ ભરીને ચાલ્યો જા. તેણે કહ્યું
જે પીંડી વગર બીજુ બધું હાડકાં વાળુંછે અગર તમો મને
તે આપોતો હું સારી પેઠે ખાઇશ. અને તમોને આસીસ
દઇશ માનસીંગે તેજ ઘડીએ કટાર કમરમાંથી કાઢીને પોતા
ની પીડીમાંથી એક મોટું બોટું કાપીને તેની આગળ નાં
ખ્યુ તેણે તે ખાઈ આશ્ચર્ય થઈ કહ્યું જે ઓ માનસીંગ એ
વી શું તારીપર મુશીબત પડીછે જે તેં પગનપુર શેહેરને મુ-
કી અને આવી તસ્દી ઉઠાવીને આ ખુખાર જંગલમાં આ
વી પડોછે ત્યારે માનસીંગે જવાબ દીધો જે રૂપસિંગ ગુણ-
સુંદરી ઉપર આશક થઓછે અને ગુણસુંદરી સાત પ્રશ્ન
રાખેછે જે કોઇ તેને પુરા કરશે તેને તે વરશે તેથી મેં પરમે
શ્વરને વાસ્તે એ કામ ઉપર કમર બાંધીછે પેલો પ્રશ્ન તેનો
એ છે જે અલંકાપુરીની ખબર લાવ હું નથી જાણતો કે
ક્યાંછે અને તે કેવી છે. પણ પરમેશ્વર ઉપર ધ્યાન લગાવી
જંગલમાં જાઉંછું તેની ખબર કે ઠેકાણું મળશે આવાત સાં
ભળીને તે વરૂએ કહ્યું જે ઓજુવાન હું તે ઠેકાણું જાણું
છું મોટા રૂષીઓની આગળથી તેનો પતો મળોછે તેનું ના
મ કુબેરની પુરી કેહેછે તીયાં જે જાયછે તે આખો દહાડો
ફરેછે અને એજ અવાજ સાંભળેછે માનસીંગે કહ્યું જે તે
પુરી ક્યાંછે વરૂ બોલ્યો જે અહીંઆંથી થોડે દુર જતાં બે
રસ્તા મળશે તેમાંથી તું જમણા હાથના રસ્તાને છોડીને
સીધા રસ્તા ઉપર ચાલજે એટલે ત્યાં જઇ પોચશે અને પો-

તાની ઈચ્છા પુરી કરજે તે હરણી તથા વરૂ બંને માનસીંગ ના હેતને માટે આવ્યાં હતાં તેઓ બંને તેને આસીસ દઈ પોતાને રસ્તે ચાલ્યાં ગઆં. માનસીંગ બે ચાર પગલાં આગળ ચાલ્યો હશે પણ દરદના સબબથી પગ ધ્રુજવા લાગ્યો લાચાર થઈ એક ઝાડની નીચે પડીને તડફડવા લાગ્યો તે એક સસલાની રેહેવાની જગ્યો હતી જે પોતાની માદારાથે ખોરાકની તલાસની સારૂ ગએલો હતો બે ચાર ઘડી પછી તે ખાઇને આવ્યાં અને માનસીંગને પોતાની જગો ઉપર તરફડતો જોયો. માદાએ તેને કહ્યું જે આ માણસ કયાંથી આવ્યો છે. હમણાં એ જગ્યાને છોડવી જોઇએ કેમજે માણસને જાનવરથી શું નીસબત. સસલાએ કહ્યું જે એ માદા કદાશ એ ખુબ સુરત જુવાન માનસીંગ હશે અને કુબેરની અલંકાપુરીની ખબર લેવા જતો હશે હમણાં પીંડીના દરદથી એ ઝાડ તળે પડયોછે અને તડફડીને જીવ આપેછે તેણે કહ્યું કે માનસીંગ કોણછે તેણે જવાબ દીધો જે એ પગનપુરનો રાજા અને પરમેશ્વરનો એક ભગતછે તેને હજી ઘણાંક પરમારથનાં કામો કરવાનાં છે મેં મારા રૂષીઓની પાસેથી સાંભળું હતું જે ફુલાણે દહાડે એજ એ જગાએ માનસીંગનું આવવું થશે અને એજ ઝાડ તળે દુઃખ ખમે છે તે દહાડો એજછે તેણે કહ્યું કે આજે પાસેના જંગલમાં એક હરણી બસરવાલ ચરતી હતી. તે ઉપર એક વરૂએ હુમલો કીધો તેને પોતાના પીંડીનો માંસ આપીને તે વરૂના હાથથી તે હરણીને છોડાવીને પોતાની ઉપર એ દુઃખ લીધું તે માદા બોલીકે તે પરમેશ્વરે માણસને બધા જાનવરોમાં સૌથી મોટો દરજો આપોછે પણ માનસીંગ તે સઘળા માનવીઓમાં શ્રેષ્ઠછે નર બોલ્યો કે એ પરદુઃખ ભંજન એવો છે કે પોતાનું માંસ આપીને બીજાનો જીવ બચાવેછે જયારે એટલી ખુબી તેની માદાએ સાંભળી ત્યારે કહ્યું જે આવા જખમથી કેમ કરીને આટલો દુરજશે સસલાએ કહ્યું જે અગર અમરતવેલી નામની ઔસધી એ જખમપર લગાડેતો વાત કરતામાં સારૂ થાય પણ એ ઘણું મુસ્કેલછે. કેમજે આહીંથી ઘણે દુર એક પાહાડ છે. તે પાહા

ડને ફરતી ગાંધર્વની ચોકીછે તે ગાંધર્વ માણસ અથવા જાનવર અગર પંખી કોઇને અંદર પેસવા દેતા નથી. એ સાંભળીને માદા બોલી કે એવું કોણ માણસ છે કે તે ગાંધર્વની ચોકીમાંથી ઔસધી લાવે ને માનસીંગને સારૂ કરે તેણે કહ્યું જે અગર તું સાત દહાડાને દહાડો કરીને નહીં સમજે ને રાતને રાત નહીં જાણે અને નહીં ખાય. નહીં પીએ અને આઠ પોર માનસીંગની ચોકીમાં રહેતો હું જાઉં અને તે ઔસધી તોડી લાવું ત્યારે માદાને માનસીંગની નજદીક મુકી ઔસધી લેવા ગઓ તે પરવતમાં દાખલ થઓ. ત્યાં એક ઝાડ ઉપરથી અમરવેલીના વેલાઓ હેવા જોરથી તાંણ્યા કે તરતજ જુદા પડયા. જે લેઇને પોતાના મકાન ઉપર આવી ઉભો માદાબી માનસીંગની ખબરદારીમાં એવી ત્યાર હતી કે તે આવે ત્યાં સુધી એક સીલીના બચ્ચાંનેબી એની આગળ આવવા દીધું નહીં અને રાત દીન તેની સુવાની જગઆની આગળ બેસીને જાગતી હતી માનસીંગબી સુતો સુતો તેની મેહેનત જોતો હતો એટલામાં સસલાએ ઔસધી લાવી આગળ મુકયું. તેણે તે ઔસધી પીંડીપર લગાડયું તેથી તે જખમ તુરત ભરાઈ આવ્યું પછી તે સસલાનો ઘણો ઉપકાર માની ચાલવા માંડયું. કેટલીક મુદત પછી ચાર રસ્તાનો એક ચોક નજરે આવ્યો માનસીંગ ત્યાં ઉભો રહીને વિચાર કરવા લાગ્યો કે હવે કહાં જાઉં તે જંગલમાં રીંછ રાજ કરતો હતો ત્યાં સઘળાં રીંછોજ વસતાં હતાં. એટલામાં સો બસો રીંછ તે દાહાડે તે જગ્યાપર ફરવા આવ્યાં હતાં. તેઓ માનસીંગને જોતાંજ ખુશી થઈ તેને પકડીને પોતાના રાજા પાસે લઈ ગઆ. તેને જોઇને ખુશી થઓ ને કેહેવા લાગો કે તમે મારી પાસે બેસી પોતાની વાત કહો કે તમે કોણછો તમારૂં નામ શું છે મને એમ માલમ પડેછે કે તમે પગનપુરના રાજા માનસીંગ નામે કુંવરછો તે વાત સાંભળીને તેણે કહયું કે તમો સાચું કહોછો હું માનસીંગ સુરિંદ્રરાજાનો કુંવરછું પરમેશ્વરને વાસ્તે એ જંગલમાં આવી પુગોછું રીં

છના રાજાએ કહયું કે તમારા આવ્યાથી હું ઘણો રાજી થયોછું હવે હું મારી છોકરીને તમારી સાથે પરણાવું કેમ જે એ જંગલમાં મારો જમાઈ થવાને લાયક કોઈ નહીં હતો. એ વાત સાંભળીને માનસીંગ પોતાનું સીર નીચું કરી વિચારમાં પડયો રાજાએ કહયું કે તું જવાબ નથી આપતો. શું હું તારો સસરો થવાને લાયક નથી, ત્યારે તેને માનસીંગે કહયું કે હું માણસને તું જાનવર મારી તારી બરાબરી કેમ થાય રીંછે કહયું એ માનસીંગ કૃષ્ણ જેવા મહા પ્રતાપી પુરૂષ જાંબુવંતી રીંછડીને પરણ્યા હતા અને મારી છોકરી તારા જેવીજછે એમ કહીને તેણે પોતાના બેચાર રીંછને કહયું તમે હમણાં જઇને મારી છોકરીને જર ઝવેરથી સણગારી મારા મેહેલના સૌથી દબદબા ભરેલા દીવાનખાનામાં લઈ જાઓ તેઓ તે છોકરીને સણગારીને તે ઓરડામાં લઈ ગયા માનસીંગે તે રીંછની કુંવરીને જોઈ ત્યારે અજબ થઇને પાછો મીજલસમાં આવ્યો અને કેવા લાગ્યો કે એ રીંછ તું માહારાજાછે અને હું સાધુ છું અગર એ રાજકુંવરીને હું મારી સ્ત્રી કરૂં તો ઘણી બે અદબી છે. તે રીંછે કહયું કે એ વાત કબુલ કરો કારણ કે તમેબી પગનપુર શેહેરના રાજા છો તે સાંભળી તે ફીકરમાં પડી. જીવમાં કેવા લાગ્યો કે હું શું બલામાં આવી પડો છું હવે હું એક કામને વાસ્તે પોતાના શેહેરથી નીકળ્યો છું અગર અહીંઆં પોતાના લગ્ન કરીને મોજ કરીશ તો ત્યાં રૂપસિંહ રોહોડ મારી વાટ જોઇને મરી જશે તો હું પરમેશ્વરને શું જવાબ આપીશ. રીંછના રાજાએ ફરી તેને વિચારમાં જોયો ત્યારે પુંછયું કે એ જુવાન ખુબ સુરત અગર એ વાત કબુલ નહીં કરે તો તું કેદમાંથી છુટનાર નથી. તેણે એ વાતનોબી જવાબ નહીં આપ્યો ને માથુ ઉચકીને જોયુંબી નહીં ત્યારે રીંછ ગુસ્સે થઇને પોતાની કોમને કહયું કે એને પેલી અંધારીમાં નાંખી તેના મોંઢાપર એક ભારી પથર મુકી સંભાળ રાખો એ વાત સાંભળતાંજ કેટલાક રીંછોએ દોડીને માનસીંગને અંધારા ભોંયરામાં બંધ કરીને એક ભારી પથર

તેના મોઢા પર મુકયો તે ભોયરામાં ભુખ્યો તરસ્યો હેરાન હતો કેટલાક દહાડે પછી રીંછના રાજાએ પાછો તેને બોલાવીને પોતાની પાસે બેસાડયો અને સમજાવી કહયું કે આ માનસીંગ મારી છોકરીને પરણ તે ફરી અંદેશામાં પડયો અને એ વાતને ખાતરમાં નહીં લાવ્યો તેણે એક ખુમચો મેવાનો મગાવી તેની આગળ મુકયો તેતો ભુખ્યોજ હતો, ને બેચાર નવાલા ખાવા લાગ્યો અને જ્યારે તેનું પેટ ભરાયું ત્યારે તેને કહયું જે આ જુવાન આએ અપછરા જેવી માહા સરૂપવાન જેની કાન્તી ચંદ્રના જેવી ચળકતી રંભાની સાથે તારૂં લગ્ન ખુશી થઇને કર એવામાં અંતરીક્ષથી નારદ મુની આવીને માનસીંગને કેછે જે તે રીંછની કન્યાને પરણવાથી તારો છુટકો થાશે, નહીંતો કેદમાં ને કેદમાં તારી જંદગી ગુજારીશ એવું સાંભળીને નારદમુનીનું વચન માન્ય કરયું એટલામાં ફરીથી રીંછના રાજાએ પોતાની પાસે બોલાવી કહયું કે તારા હકમાં બેહેતર એજ છે કે મારી છોકરીને પરણ માનસીંગે એ સરતપર એ વાત લાચારીથી કબુલ કીધી કે જ્યારે હું એની સાથે પરણું ત્યારે કોઇ રીંછ મારે ઘેર નહીં આવે રાજાએ કહયું આ માનસીંગ રીંછની શું તાકાદ છે કે તારે ઘેર આવે આખર તેણે પોતાના વજીરને બોલાવી રાજ કુંવરીની લગનની સામગ્રી મંગાવી તરેહ તરેહનાં બીછાનાં બીછાવીને માનસીંગને બેસાડયો પછી પોતાના ગોરને બોલાવી પોતાના રીવાજ પરમાણે લગ્ન ગાંઠ બાંધી તેનો હસ્ત મેળાપ થતી વખતે નારદમુની અંતરીક્ષથી જોઇને માનસીંગને અગર રાજકુંવરીને આશીરવાદ દીધો પછી માનસીંગ પોતાને બંગલે ગયો જોયું શું કે તમામ જગ્યા દીલને આનંદ પમાડનારી અંતરખસબોથી રેલછેલ થઈછે દરએક ઠેકાણે તરેહવાર મોટા મોટા રાજાઓના લાયક ગલીચા બીછાવેલાછે રૂસનાઇના દીવાતો એવા સળગી રહાછે કે જેનું વર્ણન થઈ શકે નહીં તે છોકરી માથાથી તે પગસુધી જર ઝવેરમાં ગરકાવ થયલી એના હાથમાં પકડાવીને પોતાના આદમીઓ સમેત ઓરડામાંથી બાહાર

નીકળી આવ્યો માનસીંગે જાણ્યું કે એઓની લગ્ન કરવાની રીત એવીજ છે પોતે રત્ન જડેલા પલંગપર તેનીસાથે આરામ કીધો અને એજ પરમાણે હરરોજ તે ચાંદની સુરતની સાથે ચેન કરી મેવો તરેહ તરેહનો ખાતો હતો એટલો મેવો ખાધો કે મન ધરાઈગયું આખર એક દહાડે ગભરાઇને પોતાના સસરા પાસે જઈ કેહવા લાગ્યો કે, મેહરબાન માહારાજા હું મેવો ખાતો ધરાઈ ગઓછું; અગર કાંઈ અનાજની મેરબાની કરોતો જીવ આનંદમાં રહે, તેણે તેજ ઘડી રીંછોને બોલાવીને કહ્યું કે તમો હરતરેહનાં અનાજ ખાંડ ઘીઈ અને તેલ વીગરે, વાસણ ગામો તથા સેહરો માંથી લાવો એ વાત સાંભળતાંજ તેઓ દોડીઆ અને હરએક શેહરોથી સારા વાસણ અને તરેહ તરેહની જણસો આદમીઓની પસંદીની સેતાબીથી લાવ્યા માનસીંગ તરેહ તરેહનાં જમવાનાં બનાવી પોતાની રાણી સાથે ખુશીથી ખાવા લાગ્યો હરરોજ એ પરમાણે જમતાં અને એસ આરામ કરતાં ને એકબીજાપર હેતદાર આણંદમાં દીનગમન કરતાં ત્રણ માહીના ગુજારાબાદ એક દાહાડે તક જોઇ પોતાની અસતરીને કહ્યું કે ઓ પ્યારી હું મારા એક કામને સારૂ પોતાના શેહરથી નીકળ્યો હતો તારા બાપની જબર જસ્તીથી મારા લગ્ન તારી સાથે થયાં છે અગર તું પોતાની ખુસીથી થોડા દહાડા સુધી મને તારા બાપની પાસેથી રજા અપાવશે તો ઘણી મેરબાની અને કૃપા થશે. જ્યારે હું તે કામથી ફુરસદ પામીશ અને જીવતો રહીશ તો ફરીથી તારી સાથે મુલાકાત કરીશ એ વાત સાંભળતાંજ તે પોતાના બાપ પાસે જઈ કેવા લાગી તેને બાપે કહ્યું કુંવરી અગર તું એ વાતમાં રાજી હોયતો તે તારો ભરથાર છે અને તું તેની અસતરીછે તું જાણે અને તે જાણે રાજપુત્રીએ કહ્યું કે તે માણસ ઘણો સત બોલનાર છે તે પોતાના વાયદા પર મુકરર આવશે કશો અંદેશાનથી માટે રજાઆપો રાજાએ માનસીંગને બોલાવી રજા આપતી વેળાએ પોતાના રીંછોને. કહ્યું કે તમે એને ઘણી માવજતથી આપણી સરહદથી બાર

પોચાડી આવો રાણીએ એક મોહોરો માનસીંગની પાઘડી-
માં બાંદયો કે એ ઘણી જગ્યોપર તુંને કામ આવશે પછી
તે રજા લઈ આગળ ચાલ્યો કેટલાએક દહાડા પછી એક
એવા જંગલમાં જઈ પડયો કે જ્યાં નહીં દાણો નજરે આ
વે કે નહીં પાણી નજરે આવે અગર સાંજની વખતે એક
રૂષી માહા તપ કરનાર તેને માટે ખાવાનું તથા પાણી આ-
પી જતો તે ખાઈ પીઈ રાત તથા દહાડો કાહાડતો એક દ-
હાડો સામેથી એક મોટા પાહાડની મીશાલે (અજદા) નજ
ર આવ્યો તેને જોઇને માનસીંગ ગભરાયો પણ ચાલવામાં
કસુર નહીં કીધી અને પાછો નહીં હઠયો જેવો તેની પા
સે પુગ્યો તેવોજ તેણે દમ ખેંચ્યો માનસીંગે પોતાનો બચા
વ માગ્યો પણ બચી નહીં શકયો ને તેના મોંહામાં ખેંચાઈ
ગઓ જયારે પોતાને તેના પેટમાં જોયો ત્યારે પરમેશ્વરની
સ્તુતિ કરીને કેવા લાગ્યો કે સારૂં થયું કે મારૂં ગુનાહ
ભરેલું તન આએ પરમેશ્વરના બદાના મોંહામાં પડયું અ-
ગર નહીંતો એ માટીનો જામો કાંઈ કામનો નહીં હતો ખ
રી વાતતો એજ છે કે જે કોઈ પરમેશ્વર અર્થે પડતાં પોતા-
નું ગળું બરબાદ કરે અને પોતે તેની યાદમાં રહેતો તે બર
બાદ નહીં થાય અગર તે પરમેશ્વરની અજમાશને વાસ્તે
કંઇ દુઃખ જોશે અગર તે દુઃખથી બચ્યો અને સાબેત કદમે
રહયો તો તસ્દીના દરીઆમાંથી નીકળી, એ રીતે પોતાને
મનને ધીરજ આપતો અને માહાદેવની પ્રાર્થના યાદ કરતો
હતો કે પરમેશ્વર મોટાછે અને મને તેજ છોડાવશે આખર
ત્રણ દહાડા તલક તે તેના પેટમાં રહયો એણીગમ પેલીગમ
રસ્તો સોધતો પણ રસ્તોતો કંઈ મળ્યો નહીં અગર પોતેજ
તેની ગંદગીમાં ખરડાઓ પણ સાપના ઝેરે તેને કંઈ અસર
કીધી નહીં તેનો સબબ એજે આવતી વખતે તેની અસ્ત-
રીએ તેની પાઘડીમાં એક મોહોરો બાંધી આપ્યો હતો તેનો
એ ખવાસ હતો કે તે જેની પાસે હોય તે નહીં આગમાં
બળે નહીં પાણીમાં ડુબે કે નહીં તેને ઝેર અસર કરે એજ
લીધે તે જીવતો રહયો અને તેના ઝેરે તેને કાંઈ અસર નહીં

કીધી પછી તે અજગર ગભરાયો અને પોતાના જીવમાં કે-
વા લાગ્યો કે મેં આએ શી બલા ખાધીછે કે હુજમ નહીં
થાતી ને પેટમાં દોડતી ફરેછે આખર તે પેટના દરદથી અ-
કળાતો હતો સબબ માનસીંગ તેના પેટમાં આરામ નહીં
લેતો હતો બલકે ચોતરફ દોડતો ફરતો હતો અને આંતર-
ડાં પોતાના પગથી છુંદતો હતો આખર તેને માલમ થયું
કે એ નવાલો તમામ ઉમરના ખાધા પીધાને કાહાડશે એ વાત
જીવમાં હેરવી ઓકયો માનસીંગ બાહાર નીકળી પડયો ને
રેતી ઉપર ઉભો થઈ કપડાં સુકવવા લાગ્યો જ્યારે તે સુકાયાં
ત્યારે ત્યાંથી ચાલ્યો થોડે દુર ગઓ કે એક તળાવ નજર
આવ્યું તે જોતાંજ બે અખતીઆર દોડી તેની પાળપર જ
ઈ બેસી કપડાં ધોવા લાગ્યો એટલામાં એક માછલી પાણી-
માંથી નીકળી તેનું નીચેનું અરધું શરીર માછલીનું હતું
અને માંથાથી કેડતલક અસતરીનું હતું માનસીંગ તેની
અજબ શીકલ જોઇને અચરજ પામવા લાગ્યો આખર મા-
નસીંગ નાવા સારૂ પોતીયું પેરતો હતો તેટલામાંજ તે મા-
છલીએ માનસીંગનો હાથ પકડી તળાવમાં લઈ જઇને પો-
તાના મકાન ઉપર એક સુંદર બીછાનાપર બેસાડયો ફરી
પોતે માંથાથી તે પગ તલક એક ખુબ સુરત ઓરત બની
બે અખતીઆર પ્યાર કરવા લાગી તેની એવી વાત માન-
સીંગે હરગેજ કબુલ નહીં કીધી અને બોલ્યો કે હું એક
કામને વાસ્તે પોતાના ઘરને ઉજડ કરી અહીંઆં આવી પ-
ડયો છું તું કેહેછે કે મને રાખે પણ એ વાત મારાથી કેમ
થાય કે તારી સાથે આએ જગ્યોમાં ખુશીથી રહું અગર
જે જગ્યાથી મને લાવીછે ત્યાંજ પોચાડ તો હું થોડા દહાડા
તારી પાસે રહી તારા મનની ઇચ્છા પુરી કરૂં. તેણે એ વાત
મંજુર કરીને કહયું કે હું છ દહાડા પછી તને જ્યાંથી લા-
વીછું ત્યાં પોચાડીશ માનસીંગ ખુશી થઓ અને પોતાની
ચાહુથી તેની સાથે રહયો છ દહાડા પછી માનસીંગે કાહયું કે
ઓ માછલી હવે પોતાના વાયદાને તું પુરો કર તેણે તેનો
હાથ પકડી પાણીમાં ડુબીને કીનારે પોહોચાડી દીધો ફરી
કેવા લાગી કે ઓ જુવાન તું મારાથી જુદો કેમ થાયછે મા-

નસીંગે કહયું મને એક એવાજ કામની જરૂર છે નહીં તો હું તારાથી જુદો નહીં પડત અને એવો આરામ મુકીને દુઃખ શા કામ ખેંચત એ વાત સાંભળીને તે ચાલી ગઈ માનસીંગે પોતાનાં લુગડાં ધોઈ સુકવીને રસ્તો લીધો થોડી મુદત પછી એવા એક પાહાડ ઉપર જઈ પોંચ્યો કે જ્યાં હજારો લીલાં ઝાડ તરેહ તરેહના મેવાથી ભરેલાં હજારો ગાઉ સુધી લાગેલાં હતાં કાંઈ હજારો ઘર મોટાં ચળકતાં હતાં હરેક તરફ પાણીની નદીઓ વેહેતી હતી ઠેકાણે ઠેકાણે ફુલના બાગ ખીલીરહયા હતા ટુંકામાં જે જે મુકામ હતાં તે હવાદાર હતાં માનસીંગ થાકેલો હતો તેથી ત્યાં જતાંવારમાં સુઈ ગઓ એટલામાં તે મુકામનો ધણી આવી જુવેછે કે એક જુવાન ખુબ સુરત ગાફેલ થઇને સુતોછે તે તેની પાસે આવી બેસી ગઓ માનસીંગ પછી જાગી આંખ મસળી ને જોવા લાગ્યો તો એક સખસ તેની પાસે બેઠેલો નજર આવ્યો. તેને જોતાંજ ગભરાઇને તે જગ્યોથી ઉઠી વાંકો વળીને સલામ કીધી ત્યારે તેણે પુછયું કે તું કોણ છે કયાં જાય છે અને આએ જંગલમાં શું કામ આવ્યોછે માનસીંગે કહયુ જે હું અલંકાપુરી જાઉંછું સારૂં થયું કે તમારીબી મુલાકાત થઈ હવે આગળ મરજી ઇશ્વરની તેણે કહયું કે ઓ જુવાન એકા આખ્યાલને મનમાંથી કાઢીનાંખ કાંએ જાન ગુમાવે છે અફસોસછે કે, તારા દોસ્તદારો કોઇ એવા નહી હતા જે તુને મના કરે માનસીંઘે જવાબ દીધો કે હું કાંઈ મારે માટે નથી જતો, બીજાને માટે જાઉંછું. એમ કહી રજા લઇ જંગલની તરફ ચાલ્યો થોડા દહાડા પછી એક સારા તલાવપર જઈ પોંહોંચ્યો અને તેના કીનારા ઉપર બેસીને પાણી પીવા લાગ્યો એટલામાં એક ખુબ સુરત દેવાંગના ચંદ્ર જેવી માથાથી તે પગ તલક પદમણી જેવી પાણીમાંથી નીકળી. માનસીંગનો હાથ પકડી પાછી તેજ તલાવમાં ડુબકી મારી ગઇ એટલામાં માનસીંગનો પગ જમીન ઉપર લાગ્યો તેવીજ આંખ ઉઘાડીને જોયું તો તે દેવાંગના સાથે એક ફુલફળના ભરેલા મોટા બાગમાં પોતાને જોઈ અચરત થયો એટલામાં તેનો હાથ મુકી તેણી ચાલી ગઇ તે શેર

કરતો આનીગમ પેલીગમનો તમાસો જોતો ફરતો હતો કે, એક તરફથી હજારો દેવાંગના જર ઝવેરથી માંથાથી તે પગ તલક સુધી જરીઆનમાં ગરક થયેલી આવી પુગી. માનસીંગને જબરજસ્તીથી પોતાની તરફ ખેંચવા લાગી તેણે કોઈની તરફ ઇચ્છા નહીં કરતાં નહીં કોઈની તરફ માંથું ઉંચકી જોયું કે એ કોણછે અને શું કરે છે કેમકે તે પેલા નારદનું કહેલું યાદ કરી મનમાં કેહેતો હતો કે, ઓ માનસીંગ નહી થાય કે તારા બે કરારીના પગ ઘસી તું જાણી જોઇને તે કેદમાં પડે આકાશવાણી થઇ કે ખબરદાર હોશીઆર રેહેજે જુલમાત એછે આખર તેઓ તેને એક એવા મકાનમાં લઈ ગયા જે તમામ જરઝવેર અને લાલ આકુતથી બનેલું હતું લાખો તસવીરો તેમાં હરએક તરફ લગાડેલી હતી. એક તખત રત્નનુંબી એક સારી વલણમાં મોટી ચતુરાઈથી મુકયું હતું જ્યારે માનસીંગ તે સીંહાસનની પાસે પુગ્યો ત્યારે તે સરવે દેવાંગનાઓ તસવીરની તરેહ દીવાલ પર ચીત્ર થઈ ગઈ અને બીજુ હજારો દેવાંગના તે મેહેલની દેવાલમાંથી નીકળી માનસીંગ એકની તરફ અચરતીથી જોઈ પોતાના મનમાં કેહેતો હતો કે ઓ માહાદેવ એ શું હીકમત છે આએ કયાંથી નીકળી અને પેલીઓ કેમ દેવાલપર તસવીર થઈ ગઇ આખર તે તખતની પાસેજ ઉભો હતો તેથી પોતાના જીવમાં કહેવા લાગ્યોકે ઓ માનસીંગ અગર તું અહીંઆં તલક પોંહોંચ્યોછે તો આએ સીંહાસનપર બેશ એવા વીચારથી તેણે દેવોમાં ઉત્તમ એવા કુબેરના સીંહાસનપર બેશ, એમ કરી પગ મુકયો તેવોજ તેમાંથી એક અવાજ તડાક કરીને નીકળ્યો. તેથી તેણે જાણ્યું કે, એનો પગ ભાગ્યો હશે તેથી હેઠળ જોવા લાગ્યો ત્યારે તે તખત જેમનું તેમ હતું, ફરી તે ઉપર બેઠો ત્યારે ફરી તેમાંથી તેમજ અવાજ આવ્યો તે અવાજની સાથે એક મહાસરૂપવાળી ખુબ સુરતદેવાંગના દેવાલમાં તસબીર થઈ ગઈ હતી તે તેમાંથી નીકળીને માનસીંગની પાસે નાચરંગથી ચાલી આવી માનસીંગે એ તરેહથી તેને જોઇને અચરત રહી પો-

તાના જીવમાં કેહેવા લાગ્યો કે આ પરમેશ્વર આએ તો હુમણાં તસવીરના જેવી હતી ને ફરી કેમ કરીને આવી. નાચ નખરાંથી મોહનાપર નેકાબ નાંખી આએ તખતની આગળ આવી ઉભીછે તેને જોતાંજ એકરાર થઈ ચાહતો હતો કે, તેનો ઘુંઘટ ખોલીને તે પદમણીનાં રૂપ જોઈ તેને પેલી આકાશવાણી યાદ આવી તેવુંજ સાંભળી જીવમાં કેહેવા લાગ્યો કે અગર હું એનો હાથ પકડીશતો ફરી હું સહીસલામત બાહાર નહીં જઈશ પણ એક વાર તમાસો જોવો જોઇએ કે એ મારો હાથ પોતેજ પકડશે ને હું એ જુલમમાંથી બાહાર જાઉંછું અથવા નહીં આખર તે એજ ઉમેદમાં બાર રાતને દીન સુધી રત્નના સીંહાસનપર બેસી રહો જ્યારે રાત થતી ત્યારે દરએક મુકામમાં કપુરની મીણબતીઓ પોતાની મેળે રોશન થઈ હરએક તરફથી ગાયન વિગરેનો અવાજ ચાલ્યો આવતો હતો. અને જે તસવીરો દીવાલપર નકશી હતી તે જીવવાળી થઇને નાચતી હતી અને કેટલીક દેવાંગનાઓ તખતની આગળ ઉભી થઇને માનસીંગને જોઇ હસ્તી હસ્તી તરેહ તરેહના મેવા તેની આગળ મુકતી હતી ગમે એટલું ખાતો હતો પણ તેનું પેટ નહીં ભરાતું હતું. ત્યારે હેરાન થઇને કેહેતો કે આ ઈશ્વર હું એટલું ખાઉંછું પણ પેટ નથી ભરાતું એનો શું સબબછે આખર એજ રીતે બાર દાહાડા ગુજારીઆ અને તેરમે દાહાડે તેના મનમાં આવ્યું કે અગર હું પોતાની તમામ ઉમર વીસ્કરમાની યોગતીથી રમેલી આ કુબેરની પુરીમાં એટલે અલંકાપુરીમાં રહીશ તોબી આએ મેવાથી પેટ નહીં ભરાશે કે નહીં આ એ મીજલસથી બાહાર નીકળાશે અને રૂપસિંહ રાઠોડને જે વાયદો કરી મુકી આવ્યોછું તે વાયદા પરમાણે નહીં જાઉંતો તે મરી જશેતો ઇશ્વરને શું જવાબ આપીશ. આખર તે અપછરાનો હાથ પકડયો તેજ વખતે એકબીજી ખુબ સુરત અપછરા તખતની નીચેથી નીકળી આવી એક લાત તેને એવી મારીકે માનસીંગ કયાંનો કયાં જઈ પડયો ને માંથુ ઉચકીને જોયુંતો નહી તે અપછરા નજર આવી કે નહીં તે તખત નહીં તે બાગ જોવામાં આવ્યો અગર એક જંગલ

સમશાન જેવું નજર આવ્યું પછી ત્યાંથી ચાલતાં કેટલાએક દહાડામાં ચંપાનગરી જઈ પુગ્યો ગુણસુંદરીના માણસો તેને તેની હવેલી સુધી લઈ ગયા ને ગુણસુંદરીને અરજ કીધી કે, માનસીંગ સહીસલામત આવ્યો છે તે સાંભળતાંજ તેણે બોલાવી પડદાની પાસે બેસાડી પુછ્યું કે શું ખબર લાવ્યો છે માનસીંગે જે બીના પોતાની નજરે જોઇ તે ગુણસુંદરીને સરવે વતાંત કહી સંભળાવ્યો આ સાંભળતાંજ તેના આશ્ચર્યનો તો પારજ રહ્યો નહીં પણ પછી ગુણસુંદરી બોલીકે ઘણા થાકીને આવેલાછો માટે દસ દાહાડા આરામ લ્યો પછી બીજા પ્રશ્નનો જવાબ લેવા જાઓ એટલે માનસીંગ ત્યાંથી ઉઠી ધરમશાળામાં જઈ રૂપસિંહ રાહોડને ઘણા હેતથી મળ્યા પછી રૂપસિંહ રાહોડ પાસે પોતાની વીતેલી વાત સર્વે કહી સંભળાવી ને દસ દહાડા પુરા થયા એટલે અગીઆરમે દહાડે ગુણસુંદરીપાસે બીજા પ્રશ્નનો જવાબ પુછવા લાગ્યો ત્યારે તે બોલી કે એક માણસે પોતાના દેવાલયના દરવાજાપર એવું લખ્યુંછે જે ભગતી કરને ગંગામાં ન્હા તે માણસ કયે ઠેકાણે રહેછે તેની ખબર લાવ જ્યારે આવાં વચન માનસીંગે ગુણસુંદરીના મોંમાંથી સાંભળ્યાં ત્યારે ગુણસુંદરીને પુછ્યું કે એ માણસ ક્યાં છે ગુણસુંદરીએ કહ્યું કે હું શું જાણું તેણીની ધર્મની મા બોલી કે એ ઠેકાણું ઉત્તર દિશામાં છે માનસીંગ ઉઠી ઉભો થયો અને રૂપસિંહ રાહોડને દિલાસો દઇ જંગલ તરફનો રસ્તો લીધો.

માનસીંગ બીજા પ્રશ્નનો જવાબ લાવ્યો તેની વાર્તા.

જ્યારે માનસીંગે ઉત્તર તરફનો રસ્તો લીધો ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે હવે મારૂં કામ તે પરમેશ્વર પાર પાડશે. માટે તેની ઉપર ભરોંસો રાખી કદમ આગળ ધરવા લાગ્યો ઘણેક દહાડે એક મોટા બીહામણા જંગલમાં આવ્યો જ્યાં ઝાડપાનનો તો કંઇ સુમારજ નહીં હતો સાંજનો વખત હતો તેથી એક મોટા ઝાડ નીચે બેસી આરામ લીધો સાંજ પડતાંજ માનસીંગે એક દરદ ભરેલો અવાજ સાંભ-ળ્યો. તે એકાએક સોફ્રી ઉઠી પોતાના મનમાં કેવા લાગ્યો કે

ઓ માનસીંગ તારા જેવોજ એક પુરૂષ આવી રીતે અફસોસ કરી રડેછે તેનું દુઃખ નહીં ટાળે એટલું બોલી ઉભો થઈ જે જગ્યાએથી તે અવાજ આવતો હતો તે જગ્યા તરફ ચાલવા લાગ્યો અંતે પોતાની મુરેદ પોચી માનસીંગ ત્યાં જઇને જુવે શું કે એક ખુબ સુરતનો ચળકતો જુવાન પુરૂષ જમીન ઉપર બેસી આમળા જેવા આંસુ પાડી ઝાર ઝાર રડીઆ પરમાણે બોલેછે કયાં જાઉં અને આ મારા દરદ ભરેલા હાલ વિષે કોને કહું કારણ કે મારી ઉપર બેહદ આફત વરસી ચુકી છે. માનસીંગ આગળ વધી તે જુવાનનો હાથ પકડી બોલ્યો કે ઓ સૂર્યના તેજના જેવા જુવાન પુરૂષ આરીતે રડી તારો આવો હાલ સામાટે કીધો છે તારી ઉપર એવી સી મુસીબત આવી પડી છે. જેથી તેં તારૂં ઘરબાર માતપીતા સરવે છોડયાંછે અને આવી રીતે ભુંડી હાલતે મોત માગે છે. તારી ઉપરનો સઘળો હેવાલ મને કહે જેથી તે દુર કરવાને હું કોસીસ કરૂં પરમેશ્વરની મેરબાનીથી તારૂં કામ સફળ થશે. તે માણસે માનસીંગને જુવાબ દીધો કે, ઓ જુવાન પુરૂષ તારા બોલવા ઉપરથી મને એકીન આવેછે કે તું મારૂં કામ બજાવશે અરે ઓ શાશા માણસ અહીંઆંથી ચોદ જોજન દુર એક મોટું શેહેરછે એ શેહેર એટલું તો રળીઆમણું છે, અને તેમાં એટલા મોટા દોલતવાળા માનવીઓ રેહેછે કે,જેનું બ્યાન કરવું મુશકેલછે. ત્યાં મોતીશા નામે એક તવંગર વેપારી રહેછે. જે એક સાંદની સુરતની બેટી ધરાવેછે રૂપ અને ગુણનો તો પારજ નથી. જ્યારે તે છોકરી રાતરે સુવા જાય છે ત્યારે ચંદ્રમા પોતે ફરવા નીકળેછે કારણ કે, તેનું રૂપ એટલુંતોજ છેકે ચંદ્રમાને પણ પોતાનું મોં દેખાડવું શરમ ભરેલું છે અરે તેનો જલેદાર મુખડો જોઇ હું દીવાનો બની ગયો છું. માનસીંગે કહયું કે તે છોકરી તારા દીઠામાં શી રીતે આવી તેને જવાબ દીધો કે એક વેળા હું થોડાક માલ લઈ તે શેહેરમાં વેચવા ગયો અને શેહેરને જોતાંજ મને ઇંદ્રપુરી યાદ આવી હું ફરતો ફરતો તેજ મોતીશા વેપારીના મેહેલની હેઠલ

આવી પુગ્યો મેહેલની ઉપર નજર કરતાં એક ઓરત ઇંદ્રની અપસરા કરતાં સરસ મારી નજરે પડી જેને જોતાંજ હું બેસુધ થઈ ગઓ પાછો હોંસમાં આવ્યો ત્યારે તે શેહેરના કેટલાક રેહેવાસીઓને તે ઓરત વિષે પુછયું તેઓએ મને જવાબ દીધો કે એ મેહેલ મોતીશા શેઠની છોકરીનો છે તે છોકરી હજુ કુંવારી છે અને તેના બાપે તેને પોતાને લાયક વર શોધી કહાડવાને છુટ આપીછે તે છોકરી દરએક પુરૂષને ત્રણ પ્રશ્ન પુછેછે જે કોઈ તેના પ્રશ્નનો જવાબ આપશે તેની સાથે તે પોતે પરણશે, હજી સુધી કોઈ એવો નથી જેને તેણીના પ્રશ્નો પુરા કીધા હોય. ઘણાક રાજાના કુંવર માહાસરૂપવાન છોકરાઓ તેની ઉપર દીવાના બની મારયા ગઆછે આ સાંભળી હું તે મેહેલની અંદર ગઓ દરવાજે જઇને તે છોકરીને ખબર કીધી, તેણીએ મને અંદર બોલાવી રેશમી ગાલીચાપર બેસાડી કહયું કે, અગર જો તું મારા ત્રણ પ્રશ્નો પુરા કરશે તો હું તારી થઇ રહીશ. મેં કહયું કે, તેમ કરવાને હું તૈઆર છું ત્યારે તે બોલીકે અગર જો તું મારા પ્રશ્નો બજાવવામાં પછાત પડશે તો હું તને મારા ગુલામ તરીકે રાખીશ મેં એ સરત કબુલ કરી તે છોકરી પાસેથી પેલો પ્રશ્ન માગ્યો, તે બોલી કે આ શેહેરની નજદીક એક ઘણી ઉંડી ગબર છે તેનો છેડો અત્યારસુધી કોઇને માલમ નથી માટે તે ખબરલાવ. બીજો પ્રશ્ન એકે દરરોજ રાત્રે જંગલમાંથી એક એવો અવાજ આવે છે કે, અગર જો મેં પરમારથનું કામ કીધું હોતતો આજરાત્રે મને કામ આવત તે કામ શું છે. ત્રીજો પ્રશ્ન એકે માહારાક્ષસના હાથમાં એક સાહુ મોરોછે તે મને લાવી આપ. આ વચન સાંભળી લાચાર થઈ રજા લઈ હું મેહેલમાંથી ઉતરયો ને મારો માલ અસબાબ જે કાંઇહતો તે સરવે લુટી લઇ મને શેહેરમાંથી બાહાર કાઢી મુકયો જેથી હું આ બ્યાબાન અરણીયમાં આવ્યો છું, એકતો માલ ગયો અને બીજુંતો આશકના તીરે મારાં જીગર વિંધી નાંખી મારા દુસ્ત આશનાઓથી જુદો પડયો માનસીંગે કહયું ફકત તું મને તે શેહેરમાં લઇજા. અને પછી જોકે તને

તારી માશુક સાથે મેળવું છું કે નહીં તે જુવાને જવાબ દીધો કે મને મારા માલની ગરજ નથી. ફક્ત મારૂં દીલ તે પદમણીના ચેહેરાની ખુબી ઉપર મોહીત થયું છે તે પદમણીનો મને મેળાપ જોઇએ માનસીંગ તે જુવાનની સાથે તે શેહેરમાં ચાલ્યો શેહેરને જોતાં તેની અચરતીનો પાર રહ્યો નહીં મોટા મોટા તરેહદાર બાગો, બગીચાઓ, મેહેલો એટલા બધા દીઠાકે પોતે પોતાની આટલી ઉમરમાં જોયા ન હુતા. તે ઇંદ્રપુરીની શોભા જોઇને માનસીંગ દીંગ થયો. આખર માનસીંગ મોતીશા વેપારીની છોકરીના મેહેલમાં આવી તે છોકરીને કહેવા લાગ્યો કે હું તારી સાથે પરણવા આવ્યો છું તે છોકરી પડદો નાંખી બોલીકે, આ જુવાન પુરૂષ મારા ત્રણ પ્રશનનો જવાબ તું લાવી આપ. માનસીંગે કહ્યું કે પેલાં તારો બાપ જે મોતીશા વેપારી કરી કેહેવાયછે તેને બોલાવ કે તે મને વચન આપે કે અગર જો હું તારા પ્રશન પુરા કરૂં તો જે માણસને તુને આપવા ચાહું તેને આપી શકું વેપારીની છોકરી બોલીકે, જ્યારે તું મારા પ્રશન પુરા કરે ત્યારે હું તારીજછું ! તારે ગમે તેને આપજે માનસીંગે કહ્યું કે, તારા બાપને બોલાવ કે તેની સાથે હું સરત કરૂં તે પ્રમાણે તેણીએ પોતાના બાપ મોતીશા વેપારીને બોલાવ્યો તેની સાથે માનસીંગે કબુલાત કીધી પછી માનસીંગે પેલો પ્રશન માગ્યો તે છોકરી બોલીકે મારા શેહેરની પાસે એક ઉંડી ગબરછે તે ગબરનો છેડો કયાંછે તે કોઇને ખબર નથી. માટે તેની શોધ કરી લાવ. માનસીંગ ઉઠયો, જેની સાથે પેલી છોકરીએ પોતાના આણસો તે ગબરની નીશાન દેખાડવાને મોકલાવ્યાં માનસીંગે તે ગબરની આગળ આવી પેલાં માણસોને કેહેવા લાગ્યો કે હું આવું ત્યાં સુધી તમો અહીં આંજ બેસી રેજો પછી માનસીંગ ગબરમાં ઉતરી ચાલવા માંડયું. આખો દહાડો ચાલી રાત્રે કોઈ ઠેકાણે મુકામ કરતો એમ ચાલતાં ચાલતાં એક દીવો દેખાયો માનસીંગે વિચાર્યું કે હવે ગબરનો છેડો આવ્યો ખરો પણ પછી વિચારવા લાગ્યો કે જઇને તપાસવું જોઇએ ચાલતાં ચાલતાં એક મોટું

મેદાન નજર આવ્યું જેમાંથી નીરમળ પાણી વેહેતું જણાયું માનસીંગ પોતાની સાથે થોડીક બદામ સાકર અને પાણીનો કુંજો લાવ્યો હુતો. જેમાંથી દરરોજ ત્રણ બદામ ને સાકર ખાઈ થોડુંક પાણી પી ઈશ્વરની પ્રાર્થના કરતો પોતાનો કુંજો પેલા ધરામાંથી ભરી લીધો. પછી આગળ ચાલતાં કેટલેક દાહાડે એક મોટી દીવાલ નજર આવી. ત્યાં એક દરવાજો હુતો તેમાં દાખલ થયો કે કેટલાંએક ભુતોનું ટોળું માનસીંગની પાસે આવી પુગ્યું અને પોકારવા લાગ્યું. એટલામાં એક કાંણો ભુત આવીને બોલવા લાગ્યો કે તુને ખાઉં તારા બાપને ખાઉં તારી માશુકને ખાઉં તારા અટમ કટમને ખાઉં તારા પાડાપાડોશીને ખાઉં તુને આખોને આખો ગીલી જાઉં લેકીન તેમાંથી એક બોલ્યો કે આપણા રાજાનો હુકમ નથી કે આપણા દેશમાં આવેલાં માણસને હુકમ વગર ખાઓ તમો જાણતા નથી કે આપણો રાજા આજ કેટલાંક વરસ થયાં બદહજમીના રોગથી હેરાનછે કદાચ તે માણસથી સારૂં થશે તો આપણને ઈનામ મળશે ત્યારે બીજા ભુતોએ જવાબ દીધો કે એમાં આપણનું કંઈ નાહીં વળે ઘણાક માણસો આવી રીતે આવ્યા ને આપણા દેશમાં કેદપડેલા છે. વધારે સારૂં તો એછેકે એને આપણા સરદાર માંથા વીનાના ખવીસ પાસે લઈ જવો. જે તેને ગમે તેમ કરે તે પ્રમાણે તેઓ માનસીંગને પોતાના સરદાર પાસે લઈ ગયા. તેઓના સરદારે તેઓને જુવાબ દીધો કે સામાટે તમારા બાપને લાવ્યાછો એને છુટો મુકોકે જ્યાં ગમે ત્યાં ચાલ્યો જાય. તે ખવીસને દીલગીર જોઇને માનસીંગે પુછ્યું કે એ માહા વિક્રાળ ભુત શા માટે આટલો ગમગીન દેખાય છે. તેણે જવાબ દીધો કે, એ માણસ શું કહું મારા દુઃખની વાત ! મારી ભુતડી આજ ઘણુંક થયું આંખના દરદથી હેરાન છે. ઘણા ઉપાયો કીધા પણ કશો ફેર જણાતો નથી. માનસીંગે કાહ્યું કે, અગર જો તું મને તારી ભુતડી આગળ લઈ જાય તો પરમેશ્વરની મેહેરથી હું તે દુઃખ સારૂ કરી શકીશ. ત્યારે તે સરદારે તેમ કીધું માનસીંગ પેલો મોરો પાણીમાં ઘસીને

તેણીની આંખે લગાડ્યો એ પરમાણે ત્રણ દહાડાસુધી કીધા પછી તેની ભુતડીની આંખો સારી થઈ, તેથી પેલા ભુતનો સરદાર એટલોતો ખુશ થઇ ગયો કે માનસીંગને થોડા દહાડા પોતાના ભુતના રમત ગમતમાં રાખી ઘણી ખાતરદારીથી મેમાનદારી કીધી. તેણે જ્યારે માનસીંગને ઘણું એક જર આપવા કહ્યું ત્યારે માનસીંગે જવાબ દીધો કે મને જરઝવેરની કશી દરકાર નથી. ફકત તારા રાજા પાસે મને લઇજા. તે ભુત સરદાર માનસીંગને પોતાના રાજા બાબરા પાસે લઈ ગઓ. અને બાબરા ભુતે ઘણી આબરૂ આપી પોતાની પાસે બેસાડી બોલ્યો કે આ જુવાન આજ ઘણું થયું હું બદહજમીના રોગથી બેજારછું માનસીંગે પુછ્યું કે જ્યારે તું ખાવા બેસેછે ત્યારે તારી પાસે કેટલા ભુતો હાજર રહેછે તેણે જવાબ દીધો કે મારા સઘળા હજુરી ભુતો મારી આગળ ઉભા રહેછે. માનસીંગે કહ્યું કે આજે હું પણ ઉભો રહીશ તે ભુતના રાજાએ ઘણી ખુશીથી કબુલ કીધું જ્યારે ખાવાનું લાવવામાં આવ્યું ત્યારે માનસીંગે સઘળી રકાબીઓ થોડા વખત સુધી ઉઘાડી રાખી. પછી પાછી ઢાંકી રાજાને કહ્યું કે થોડો વખત સબુર કર કેટલોએક વખત ગયા પછી માનસીંગે સઘળી રકાબીઓ ઉઘાડીતો તરેવાર લેજતદાર પકવાનોને બદલે તેમાં સઘળા કીડા ચાલતા નજર આવ્યા. ભુતનો રાજા જેનું નામ બાબરો હતું તે આ દેખાવ જોઇ અજબ થઈ ગઓ. પછી માનસીંગને કેહેવા લાગ્યો કે આ માહા પુરૂષ આનો અરથ શું છે. માનસીંગે કહ્યું કે જ્યારે તું ખાવા બેસેછે ત્યારે તારા તમામ ભુતની નજર તારા જમવાના ઉપર પડેછે જેથી તારા પેટમાં તારૂં સઘળું ખાધેલું પાછું જીવતું થાયછે. આથી તને ખોરાક જરતો નથી જ્યારેબી હવેથી તું ખાવા બેસે ત્યારે હમેશાં તું એકલો બેસજે કોઇ તારા ચાકરોને તારી પાસે ઉભા રાખતો ના. પછી બાબરા ભુતે કહ્યું કે મારી એક અરજ છે તે તું કબુલ કરી તેનો ઈલાજ મને બતાવ. માનસીંગે કહ્યું કે જો મારા જીવની પણ તને ગરજ હશેતો તે પણ હું તને આપી દઈશ માટે જલદી કે તે અરજ શું છે તેણે કહ્યું

કે, અમારી કોમ ઉપર યવન (અસુર)ના પેગમ્બરે ઘણું દુઃખ દેછે માટે તે અસુરનો નાશ કર. એવું સાંભળી માનસીંગ પોતાના મનમાં કેવા લાગ્યો કે, હું હરેક માણસનું દુઃખ દુર કરૂંછું તો ભુતોને દુઃખ આપનાર યવનના પેગમ્બરને કબજ કરૂંતો ખરો. એમ કહી માનસીંગ ભુતના ટોળાની સાથે સોધ કરવા ચાલ્યો. એટલામાં એક સમુદ્રના કીનારા ઉપર આવેલો પેગમ્બર બોલ્યો કે આ પેલો ભુતનો રાજા આવે માટે સરવે એલમ તૈયાર રાખો. એટલે તે રાજાને કબજ કરી આ વજરની પેટીમાં નાંખી સમુદ્રમાં ડુબાવીએ. એવામાં ભુતનો રાજા બાબરો પોતાના છપન કરોડ ભુત સાથે તે સમુદ્રના કીનારા આગળ પોહોચ્યો. એટલે પોતાના માનીના ભુતોને બોલાવી મુકર કરી લડાઇઓ સરૂ કીધી. એવામાં પેગમ્બરે એલમો ફેંકવા માંડયા. આથી ભુતો મહા વીક્રાળ પરવતના જેવાં બની પેલા પેગમ્બરની ઉપર પથ્થરનો વરસાદ વરસાવવા માંડયો. તો પણ તે ડરતો નથી અને પોતાના એલમના જોરથી પથ્થરનો વરસાદ પોતા ઉપર વરસે તેની દરકાર રાખતો નથી. અને વધારેને વધારે એલમ ફેંકવા માંડયું તેથી આતસના ભડકા ભુતોની સન્યામાં થાવા લાગ્યા તેથી ભુતો ગભરાઇને પોતાના રાજા બાબરા પાસે જઈ પોકાર કરવા લાગ્યાં ઓ મારા બાબરા રાજા યવન લોકના તાપથી દાઝી બળુંછું, બા બળુંછું ભા બળુંછું મા દોડજો પેગમ્બર આવ્યો એવા પોકાર જોઈ માનસીંગને ઘણો ગુસ્સો થઓ તેથી તે પેગમ્બરની સામે જઇને કેહેવા લાગ્યો, ઓ પીર મરદ યવનના મોટા રાજા આએ ગરીબ ભુતોને શા માટે દુઃખ દેછે તે સાંભળતાંજ સુલેમાન ક્રોધ કરીને બોલ્યો કે તું એવો જોરાવર કોણ છે જે નાદાન ભુતોની ફરિઆદ લઈ આવ્યોછે. તે નાપાકોને આજ મારે બાળીને તેની રખ્યા કરીને આ પેટીમાં ભરીને માહાસાગર મધ્યે નાંખવીછે. એવું સાંભળીને માનસીંગ પેગમ્બરની પાસે જઈ કેવા લાગ્યો કે, તે પેટીમાં એવી શી હીકમત છે કે, છપન કરોડ ભુતોની એકઠી થયેલી રખ્યા રેહેશે. એવું સાંભળી સુલેમાન બોલ્યો કે મારા એલમમાં એટલું જોરછે

કે કદી આખી પૃથ્વીમાંના ભુતોને બાળીને તેની રખ્યા સમાવવી હોયતો સમાઈ શકે. એમ કહી તે પેટી આનસીંગના આગળ લાવી ઉઘાડીને કેહેવા લાગ્યો કે તરત માનસીંગે તેનું ગરદન ઝાલી પેટીમાં ઘાલીને ઢાંકણું મજબુત બંધ કરીને લોઢાની સાંકળોથી બંધ બાંધીને પેલા ભુતોને હુકમ કીધો કે, આ પેટીને પાસીફીક સમુદ્રના મધ્ય ભાગમાં નાંખી પાછા આવો. આથી ભુતનો રાજા માનસીંગના પગ પાસે પડી બોલ્યો કે એ માનસીંગ મારા ઉપર તારો ઉપકાર ઘણો થયોછે, જો હું મારી આખી ઉંમર સુધી તારી ચાકરી કરૂં તોપણ તેનો બદલો મેં તને પુરતો આપ્યો એમ કેહેવાય નહીં એટલું કહી બાબરા ભુતે સોના રૂપાથી ભરેલા કેટલાક ખુમચા તેમજ આકુત અને ઝવેર બેસુમાર માનસીંગના પગ આગળ મુકી બોલ્યો કે, તને આપવાને લાયક ચીજો મારી પાસ કાંઇજ નથી. માટે આટલું આપુંછું. માનસીંગે કહયું કે હું એકલો એ સઘળું કેમ ઉચકી શકું, બાબરે ભુતે પોતાના ભુતો બોલાવી હુકમ કીધો કે આ સઘળો ખજાનો માનસીંગની સાથે લઈ જાઓ. અને એ જ્યાં કેહે ત્યાં જલદી પોચાડી આવો. માનસીંગ ત્યાંથી રજા લઈ ભુતોની સાથે ચાલતો થયો, કેટલેક મહીને તે ગબરના દરવાજા આગળ આવી પોંચતાંજ મોતીશા વેપારીની છોકરીના માણસોએ જ્યારે ભુતોને જોયા ત્યારે બીને નાસવા લાગ્યા. પણ માનસીંગે તેમને સાદ મારી પાછા બોલાવી કહયું કે, એ માણસો તમો શું કામ બીઓછો એતો હું માનસીંગ છું. ભુતો તે ગબરના મોં આગળ સઘળું જરઝવેર મુકી પોતાના મકાન તરફ ચાલતાં થયાં. માનસીંગ તે સઘળું ઝરઝવેર ઉચકાવી ધરમશાળામાં આવી પોંચ્યો. પછી સઘળો ખજાનો પેલા વેપારીને આપી બોલ્યો કે. તારા એક પ્રશ્નનો ઉતર હું લાવ્યોછું પછી તે છોકરી આગળ જઇ સઘળો હેવાલ કહી તેણીની પાસે બીજા પ્રશ્નની તાકીદ કીધી. તે બોલીકે દરરોજ એક એવો અવાજ આવે છે કે અગરજો મેં પરમારથનું કામ કીધું હોત તો આજ રાત્રે મને કામ આવત તેનો પતો મેળવી લાવ. આ સાંભળી માનસીંગે

તરતજ જંગલ તરફનો રસ્તો લીધો. આગળ ચાલ્યો એટલે એક ઝાડ નજરે પડયું તેની નીચે બેસીને પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો. જ્યારે રાત પડી, ત્યારે પેલો અવાજ તેને કાને પડયો. માનસીંગ તરતજ ઉભો થઈ જે તરફથી અવાજ આવતો હુતો તે તરફ જવા માંડયો જ્યારે દહાડો ઉગ્યો ત્યારે માનસીંગ વિચાર કરવા લાગ્યો કે, હવે હું કયાં જાઉં, જંગલમાં આણીગમ પેલીગમ જોવા લાગ્યો એટલામાં એક ગામડું તેની નજરે પડયું ત્યાં જઇને માનસીંગે થોડી વખત આરામ લીધો, પછી રાતને વખતે તેજ અવાજ ફરીથી સાંભળ્યો. માનસીંગ આગળ ચાલ્યો જતો હુતો, એટલામાં માનસીંગને કાને એકાએક રડવાનો અવાજ સાંભળ્યો; માનસીંગ તે તરફ થોડો નહીં ગયો, એટલામાં શેહેરની અંદર લોકોનું ટોળુ એકઠું થએલું માલમ પડયું. ત્યાં લોકોને જઈને પુછવા લાગ્યો કે તમે શામાટે રડોછો, તેઓએ જવાબ દીધોકે અમારા શેહેરમાં દરરોજ એક મોટી બલા આવેછે; તે દરરોજ એક આદમીને ખાઈ જાયછે, અગર જો અમે તેને તેપરમાણે એક આદમી નથી આપતા તો આખા શેહેરને માથે જુલમ કરેછે. આજે આ સેહેરના હાકયમનો છોકરો તેનો ભોગથવાનો છે; એટલા માટે અમો રડીએ છીએ, માનસીંગે કહયું કે ઓ નામદાર સરદાર તે બલાની સુરત કેવીછે, તે તું મનેકહે, તું ખાતરી રાખકે તારા છોકરાને બદલે હું તે બલા આગળ જઈશ, તે હાકયમ તેની હીંમત ઉપર આકીન કરી બોલ્યો કે તું આ શેહેરનો રેહેવાસી હોય એમ જણાતું નથી, માનસીંગે જવાબ દીધોકે હજી મેં આ શેહેરમાનું પાણીપણ ચાખ્યું નથી, પણ વધારેવાર ન કરતાં તું મને કહેકે તે બલાકેવીછે, તે સરદારે તે બલાની તસ્વીર જમીનની ઉપર ચીતરી માનસીંગે કહયું કે ચિંતા ના રાખો પરમેશ્વરની કૃપાથી હું એ બલાને તમારા સરવ ઉપરથી દુર કરીશ. જાણે આ સરદાર કે એને હલુકે કરીને કેહે છે. એની ઉપર ગમે એવી તેજ તલવાર હુશે તોપણ તેનો ઘા પડશે નહીં માટે કહુંછું તેમ કરો તમારા શેહેરમાંથી એક આરસીવાળા પા-

સેથી બસો ગજ લાંબી અને બસો ગજ પોહોળી એવી મોટી એક આરસી બનાવી લાવો. તે પ્રમાણે તેઓએ આરસી બનાવી માનસીંગના કહેવા પ્રમાણે જે જગ્યાએથી તે બલા આવતી હતી તે જગ્યાએ મુકી તે આરસીને એક મોટી ચાદરથી ઢાંકી, માનસીંગે સઘળા લોકોને કહ્યું કે જેઓ આ બલાનો તમાસો જોવા માગતા હોય તેઓ મારી સાથે ઉભા રહો બાકીના સઘળા પોતપોતાના ઘેર જઇ સૂઈ રહો. કોઈએ જવાબ નહીં આપ્યો પણ પેલા હાકેમનો છોકરો માનસીંગની સાથે રેહેવાને તૈયાર થઓ. તે હાકેમે પોતાના છોકરાને સમજાવ્યો કે ઓ મારાહાજા આ ખયાલ તું તારા મનમાંથી કાઢી નાંખ. તું જાણતો નથી કે તારે માટે મેં આટલો ખરચ કીધોછે અને પાછો તું તે બલાના હાથમાં જવા માગે છે; ત્યારે તે છોકરાએ જવાબ દીધો કે જે મારે માટે મરવાને તૈયાર થયો તેને હું એકલો મેલું ! ઘણુંએ સમજાવતાં જ્યારે એ ન સમજ્યો ત્યારે તેના બાપે તેને માનસીંગ સાથે રેહેવા દીધો, જયારે રાત પડી ત્યારે અગાઉની માફક તેઓના કાને એક ઘણોજ બીહામણો અવાજ સંભળાયો તે અવાજ સાંભળતાંજ સઘળા લોકોના ચેહેરા ફીકા થઈ ગયા. એટલામાંતો દુરથી તે બલા એક ગુબજની માફક દેખાય કે, નથી પગ, નથી હાથ કે નથી ગરદન પણ ફકત એક મોડું હતું, તેપણ તેના સરીરમાં બેસી ગએલુ અને તે મોહોડામાંથી બેસુમાર અગની નીકળતો હતો. જયારે માનસીંગે જોયું કે તે બલા ઘણી નજદીક આવી પુગી. ત્યારે આરસી ઉપરથી ચાદર ઉચકી નાંખી. હલુકે તેજ વખતે એવા જોરથી એક બાંગ મારી કે ગામનાં કેટલાંક માણસો બેહેરાં થઈ ગયાં અને સઘળું જંગલ ધ્રુજી રહ્યું જયારે હલુકે પોતાનું ચીત્ર તે આરસીમાં જોયું ત્યારે લાલ પીલો થઈ જઇ એટલા જોરથી દમ ખેંચીઓ કે તેનું પેટ ફાટી ગયું તે ફાટવાના અવાજથી ગામનાં બાકી રહેલાં સઘળાં આદમીઓ બેહોશ થઈ ગયાં ને ગરભવાળી સ્ત્રીના ગર્ભ પડી ગયા, તેના પેટમાંથી રશી વેહેવા લાગી, તે એટ-

લીતો વધી ગઇ કે આશપાશ લોહી અને પરૂનો એક મોટો દરિઓ થઈ ગઓ, જ્યારે સઘળા આદમીઓ હોંશમાં આવ્યા ત્યારે જોયું કે હલુક મુવેલો પડેલોછે. બધા લોકો આવીને માનસીંગને પગે લાગી તેના મોતનું કારણ પુછવા લાગ્યા. માનસીંગે જુવાબ દીધો કે જ્યારે એ બલાએ પોતાની સુરત આરસીમાં જોઈ ત્યારે તે એમ સમજ્યો કે, આ કોઈ મારો શત્રુ આવ્યો છે માટે તેને મારવો જોઇએ એવા વિચારથી તેને ગળી જવાની મતલબથી તે બલાએ પોતાનો દમ એટલાતો જોરથી અંદર ખેંચ્યો કે તેનું પેટ ફાટી ગયું. આ સાંભળી સઘળાઓ માનસીંગની અક્કલની ઘણીજ તારીફ કરવા લાગ્યા. અને પોતાથી બને તેમ દરએક જણે જરઝવેર લાવીને તેના પગ આગળ મુક્યું માનસીંગે કહ્યું કે, ઓ પયારા દોસ્તો એ કામ પૈસાની લાલચથી કીધું નથી મેં એ કામ પરમેશ્વરને વાસ્તે કીધુંછે. તેઓએ માનસીંગને પુછ્યું કે આ ગામમાં આવવાનો તારો સબબ શુંછે, માનસીંગે કહ્યું કે દરરાતની વખતે જંગલમાંથી એક એવો અવાજ આવેછેકે અગર જો મેં પરમારથનું કામ કીધું હોત તો આજ રાત્રે મને કામ આવત, એ અવાજની તપાસ કરવાને વાસ્તે હું નીકળ્યોછું. ત્યારે તે હાકયમે જવાબ દીધો કે એ અવાજ અમો ઘણું થયું સાંભળીએ છીએ પણ માલમ નથી પડતું કે તે કયાંથી આવેછે, જ્યારે રાત પડી ત્યારે માનસીંગ તે અવાજની તરફ રવાને થયો અને ચાલતાં ચાલતાં જ્યારે સવાર થયું ત્યારે એક મોટો પરવત તેની નજરે પડયો જે લંબાઇમાં તથા પોહોળાઈમાં પાંચસો કોસ હતો. જ્યારે માનસીંગ આગળ ચાલીઓ ત્યારે તેની નજરે એક ગુંજાવર શેહેર દેખાયું તેની નજદીક પુગ્યો અને જુવેછે તો ઇંદ્રનીપુરી જેવી મહા શોભાયમાન નગરી ઉજડ માલમ પડી તે શેહેરમાં બાવન બજારો અને ચોરાશી ચોટાં હતાં ચોટાંની મધ્યે એક રાજ્ય મેહેલ જોવા લાયક હતો તે ઠેકાણે હીરા માણેકથી જડેલી કમાનો હતી પણ માનસીંગ વીચાર કરવા લાગ્યો કે આવા રમણીક શેહેરમાં કોઈ માણસ નજરે પડતું નથી એનું કારણ શું હશે. એવો મનમાં વીચા-

ર કરી રાજ મેહુલના દીવાનખાનામાં એક બાજુપર જઇને બેઠો એવામાં સાંજ પડી એટલે શેહેરના રસ્તાઓ સાફ કરવા લાગ્યા અને પાણીથી બજારો છંટકોરવા માંડી એવું જુવેછે ત્યાં અંદરથી એક મસાલ સળગાવીને મોટા તખત પાસે આવીને એક માણસ ઉભો. એટલામાં ચોપદારે નફી પોકારી એટલે તમામ રાજ દરબારીઓ રજપુતો સાડાસાત લાખ માહારાજાધિરાજની સાથે આવ્યા. અને સૌ સૌને ઠેકાણે અદબથી ઉભા રહ્યા જ્યારે રાજા તખત પર બેઠો ત્યારે સરવે દરબારીઓએ અદબથી સલામ કરી સૌ સૌના સ્થાનક ઉપર બેઠા અને રાજાનો મુખ્ય દીવાન આવીને રાજાની સલામ ભરીને પાસેની ગાદી ઉપર બેઠો અને નાચરંગ રાગ થવા માંડ્યો. થોડી વખતમાં તરેહ તરેહના જમવાના બનાવી સોના રૂપાના થાળો ભરીને ખવાસો આવ્યા, એટલે સરવે લોકો જમ્યા પછી રાજા હાક મારીને બોલ્યો કે અગર જો મેં પરમારથનું કામ કીધું હોતતો આ વખત મને કામ આવત એવું બોલ્યો કે તરત તમામ રજપુતો પોત પોતાના હથીઆરો કાઢીને ઉઘાડી તરવારે એક બીજાનાં ગરદનો કાપવા માંડ્યાં અને રડારોળ અને માહા ધમરોળના પોકાર થવા લાગ્યા એટલામાં તો સરવ માણસ ગુમ થઈ ગયા. તે માનસીંગ પોતાના મન સાથે કેવા લાગ્યો કે કોઈ રાજમાં ગોતર ગરદનથી આ લોકો અવગતે ગયા હોય એવું માલમ પડેછે, પણ શીરીતે એ વાત પુછી શકાશે એવો વિચાર કરતાં આખો દહાડો કાહાડ્યો; અને પાછી રાત પડી ત્યારે એજ પ્રમાણે થવા માંડ્યું એટલે રાજાની નજર માનસીંગના ઉપર પડી ત્યારે પોતાના હજુરીને કહ્યું કે જો આપણા ભાગ્ય સારાં હોયતો પગનપુરનો સુરિંદ્ર રાજાનો કુમાર માનશીંગ માહા કૃપાળુ અને પરદુઃખભંજન મળેતો આ દુઃખમાંથી આપણે મુકત થઇએ. એવું સાંભળતાંજ માનસીંગ તે રાજાની પાસે જઈ કેહેવા લાગ્યો કે એ ઇંદ્રના જેવા મહા પ્રતાપી રાજા તારે માંથે આવું દુઃખ શું પડ્યું છે તે તું કૃપા કરીને મારી પાસે કહે, એટલે રાજા બોલ્યો કે,

હે પ્રતાપી સુરિંદ્રના કુળના દીપાવનાર કુમાર માનસીંગ આ મારી બીનાહ તું ધ્યાન રાખીને સાંભળ પુરવે હું આ નગરીનો રાજા હતો. મારે ત્યાં નવનીધી અને અષ્ટમાસિદ્ધી હતી. પણ કોઈ દીવસ હું પરમારથનું કામ કરતો નાહતો એવામાં મારા રજપુતોમાં માંહોમાંહ આવી રીતે બંડ જાગી એકબીજાને કતલ કરી અસરગતીને અમો પામ્યા છીએ. માટે તું પરદુ:ખભંજન નામથી ઓળખાય છે એટલે તું અમારૂં સરવેનું ગયાજીમાં જઇને ઓઘા સરાધ કરે એટલે અમો સરવે અવગતે ગએલા મોક્ષે જઇએ. આ મારો ખજાનો બેસુમારછે તે તારોજછે. માટે તું પરમારથને અરથે તારે ખુશીમાં આવે ત્યાં વાપર. એવું કેહેતાં હાંક મારી એટલે માનસીંગ એક તરફની બાજુએ સંતાઇને ઉભો એટલામાંતો મારામારને કાપાકાપ થઈ. એકબીજાને ઝમે કરી ગુમ થઈ ગયા. હવે માનસીંગે સવારમાં ઉઠી પેલા બાબરા ભુતનું સમરણ કીધું એટલે છપન કરોડ ભુતાવળ સાથે આવીને માનસીંગને મળ્યો. અને આજીજી કરીને કેવા લાગ્યો, ઓ માહારાજાધિરાજ મારૂં શું કામ પડયુંછે, કે મને યાદ કરયો. એટલે માનસીંગ બોલ્યો કે, આ ખજાનો અસંખ્ય ભરેલોછે તે સરવે તમારા ભુતો ઉચકીને ગંગાને કાંઠે અને ગયાને કાંઠે સરવે નાંખી આવો. એટલે ભુતોએ સરવે ખજાનો લઈ ગંગા તથા ગયાને કાંઠે મુકી આવ્યા પછી માનસીંગ પણ ગયો. ગયાએ જઇને માનસીંગે પેલા અવગતીયા રજપુતનું ઓઘા સરાદ કરયું એટલે તે ગત થયા અને તેનો સરવે પૈસો બ્રાહ્મણ તથા સાધુ સંત તથા અભીયાગત અર્થે વાપર્યો. અને ત્યાંથી ચાલ્યો એટલે સામેથી એક કુવો દેખાયો ત્યાં એક માણસ ઉભો રહી કુવામાંથી પાણી કાઢતો હતો; એટલામાં હાથીની સૂંઢવાળો એક કાળો સાપ પાણીની સાપટી ઉપર આવીને તે મુસાફરને કમરમાંથી પકડી તરત પાણીમાં જતો રહયો. માનસીંગ આ તમાસો જોઇ અફસોસ કરવા લાગ્યો કે, આ બીચારો ગરીબ મુસાફર કોણ જાણે કયાં જઈ પડયો હશે. મારે એની મદદે જવું

જોઇએ, એમ વિચાર કરી કુવામાં કુદકો માર્યો જ્યારે જમીનપર તેના પગ લાગ્યા ત્યારે નહીં તે કુવો જણાયો કે નહીં તે સાપ અગર એક મોટું મેદાન તેની નજરે પડયું બેસુમાર ઝાડો હરીઆળીથી ભરેલાં તેની નજરે પડયાં. જે ઝાડોની વચમાં એક મોટો મેહેલ દેખાયો. તે મેહેલ તરફ માનસીંગ ગયો. ત્યાં જઈ જુવેછે તો સફાઈદાર જરઝવેરથી સણગારેલા દીવાનખાનાં તેની નજરે પડયાં. વચોવચમાં એક મકાન જ્યાં હીરામાણેકથી જડેલું એક તખ્ત મુકેલું હતું જે તખ્તની ઉપર એ અતી મોટા કદનો દેવરૂપી માણસજેવો ભુત સુતેલો હતો. માનસીંગે વિચાર કીધો કે એ ઉઠે તો હું એને પેલા મુસાફર તથા સાપ વીષે પુછું એમ ધારી તે પેલા ભુતની નજદીક જઇને બેઠો. એટલામાં માનસીંગે જોયું કે પેલો સાપ પેલા મુસાફરને કમરમાંથી પકડીને બેઠોછે, સાપે જેવો માનસીંગને જોયો તેવોજ તે માનસીંગ નીતરફ દોડીઆવ્યો. માનસીંગે તે સાપને પોતાના ગુસ્સામાં એટલોતો જોરથી દાબ્યોકે તે સાપ મોહોડેથી બુમપાડવા લાગ્યો. અને તેના અવાજથી પેલો ભુત જાગી ઉઠયો ને બોલવા લાગ્યોકે ઓ માણસ તું એને શું કામ મારેછે એ સાપ નથી, એતો અમારો કાસદ છે. તું એને છોડીદે માનસીંગે કહયું કે, જયાંસુધી એ પેલા માણસને છોડશે નહીં ત્યાંસુધી હું એને છોડીશ નહીં. પેલા ભુતે પેલા સાપને કહયું કે, ખબરદાર આ માણસ ઘણો જોરાવર માલમ પડેછે કદાચ એ તારા પેટમાં જશેતો સઘળો તલેસમાત તોડી નાંખશે માટે હોંશીઆર રેહેજે આ સાંભળતાંજ તે સાપના બે હોઠ જે માનસીંગના હાથમાં હતા તે ચીરીને માનસીંગ તે સાપના પેટમાં જતો રહયો તે ભુતે ગમે એટલુંબી કહયું પણ તે સાપ માનસીંગને ગળી ગઓ. માનસીંગે એકાએક આકાશથી એક અવાજ સાંભળ્યો કે ઓ માનસીંગ તું જે ઘરમાં છે તેને તારા કટારથી ચીરી નાંખ કે તું આ તલેસમાંથી બહાર આવશે. અગર નહીંતો કેટલાક કાળસુધી આસપાસના પેટમાંજ રહે છે. માનસીંગપાસે કાંઈપણ હથીયાર નહીં હતાં, પણ અંદર શોધ કરતાં કંઇ સુવરની દાતરડી

જેવું એટલે સુવરની મોટી વીકાર દાહાડો જેવું માનસીંગના હાથમાં આવ્યું. તે લઇને માનસીંગે તેનું પેટ ચીરી નાંખ્યું કે તરતજ એક મોટો દરીઓ પેદા થઓ. પાણી એટલું તો વધવા લાગ્યું કે માનસીંગ તેમાં ગોથાં ખાવા લાગ્યો. જ્યારે કલાક એક પછી પાણીનું જોર નરમ પડયું ત્યારે માનસીંગના પગ જમીન ઉપર લાગ્યા આંખ ઉઘાડીને જુવેછે તો નહીં તે ભુત કે નહીં તે સાપ કે નહીં તે કુવો કે નહીં બાગ નજરે પડયો. પણ એક મોટું મેદાન દીઠામાં આવ્યું જેમાં હજારો માણસો હારબંધ ઉભેલાં દેખાયાં. કેટલાંક મરવા જેવાં અને કેટલાંક મરણ પામેલાં જણાયાં. તેઓ સઘળા સૂકા લાકડા જેવા થઈ ગયા હતા. તેમાં પેલો મુસાફર પણ હતો. માનસીંગે જઇને તેને પુછયું ત્યારે તે બોલ્યો કે મને તેમજ આ સઘળા માણસોને એક સાપ લાગ્યો છે. માનસીંગે તેઓની આગળ તે તલેસમાતી સઘળી હકીકત કહી જણાવી ત્યારે તેઓ સઘળા માનસીંગને પગે પડયા. અને જાણ્યું કે હવે એ બલા તેઓથી દુર થઈછે. પછી તેઓ નમીને પોતાને ઘેર ગયાં માનસીંગે ચીન તરફનો રસ્તો લીધો. થોડાક દહાડા પછી એક બીહામણા જંગલની નજદીક આવી પહોંચ્યો એટલામાં એક માણસ ખુબ સૂરતનો રાજા જેવો જોવામાં આવ્યો તે રાજા માનસીંગને આવતો જોઇને કેહેવા લાગ્યો કે, ઓ માનસીંગ હું તારી વાટ ઘણા દહાડાથી જોઇને આ જગ્યો ઊપર ફરૂં છું. કેમ જે તું મારો જમાઈ છે. કારણકે તારી બાલ્યાવસ્થામાં તારાં લગ્ન મારી છોકરીની સાથે કરયાં છે તે છોકરી હાલ ઉમર લાયક થઈ છે, અને તારી ખબર કડાવતાં માલમ પડયું કે માનસીંગ મુસાફરી કરવા સારૂ પર મુલકે મુલક અને દેશોદેશ ફરેછે. માટે તમારી હું આ જગ્યા ઉપર વાટ જોઇ ફરૂં છું. અને મારૂં શેહેર અહીંથી નજદીકછે, એવું સાંભળીને માનસીંગ પોતાના મનસાથે કેવા લાગ્યો કે આ એક અચરત જેવી વાત લાગેછે; કેમ જે મારેબાપે મને તેવિષે કોઇ દીવસ વાત કરીનથી, અને આ માણસ બોલેછેજે તું મારો જમાઇછે એમ વિચાર કરીને તે ધુતારાના રાજાની સાથે માનસીંગ

ચાલ્યો, અને થોડેદુર ગયો એટલે એક સુશોભાયમાન નગર તેની નજરે પડયું, તે નગરનું નામ ધુતારાપટણ હતું, તેનો રાજકરતા ધુતારસીંહ નામે હતો, તે શેહેરની ભાગોળે જઈ જુવેછે તો, કેટલાએક ધુતારા તેની નજરે પડયા માનસીંગને આવતો જોઇને તે સામા દોડી આવ્યા અને તેનો હાથ પકડી પોતાના શેહેરમાં લઈ ગયા, અને ઘણી ખાતર બરદાશ કરી પોતાના મેહેલના શુસોભીત ભભકાબંધ દીવાન ખાનામાં ઉતાર્યો અને પોતાની છોકરીને હુકમ કરયો જે આ પેલો માણસ આવ્યો છે તેને તું રાતની વખતે મારી તેની પાસેથી રીંછની એક છોકરીએ મોહોરો આપેલો તે લે. એટલે આપણું કામ થશે, એવું કેતાંવાંત ને ધુતારી પોતાના મેહેલમાં દાખલ થઈ, અને એક રાજયા એવી કપટની બનાવી કે જેનીનીચે મોટી મોટી કંટારીયોના ઝાડજેવા કુરસા ખોશી મુકયાછે. તેના ઉપર છત્રપલંગ ઢાળી તેના ઉપર એક મજબુત મોટી ચાદર પાથરી જેથી તેને નાહી માલમ પડે જે આ કપટછે માનસીંગનો હાથે પકડીને પોતાના મેહેલમાં લાવી અને ઘણી નરમાશથી બોલી કે તમે આ પલંગ પર બેશો એટલે હું પાનસોપારી વીગરે લઈને આવું એમ કહી તે છોકરી નીચે ઉતરવાને ગઇ અને માનસીંગે પેલા પલંગપર બેસવાનો ઈરાદો કરયો પણ તેના મનમાં કેવા લાગ્યો કે આ કાંઇ કપટ જેવું લાગેછે એમ કરી પોતાની તલવાર તથા ઢાલને પલંગપર મુકયાં તેવાંજ તે નીચે પડયાં અને જુવેછે તો નકરાં કંટાર માલમપડયાં એટલે માનસીંગે પેલી ધુતારી નીચે જાતી હતી કે તેનો ચોટલો ઝાલી ભોંયપર નાંખીને કેવા લાગ્યો કે ઓ માહા પાપની કરનારી તે આવાં કેટલાંએક પાપ કીધાં હશે આજે તુંને જીવતી છોડી દેવાનો નથી એટલે તે ધુતારી બોલી કે ઓ રાજકુમાર તું મને છોડી મુંક કેમ જે આજ હું તારીજછું હવેથી આવા કામ નાહી કરૂં, એમ કહી ઘણાં કાલાંવાલાં કરવા લાગી એટલે તેને દયા આવી અને તેને છોડી મુકી પોતે બીજા પલંગપર બેઠો અને પેલી ધુતારી તેની અસ્તુતી કરી કેવા લાગી કે આજથી આવા કરમ નહી કરૂં એમ કહી ધીરજ દીધી.

માનસીંગે ચીન તરફુનો રસ્તો લીધો થોડા દાહાડા પછી એક શેહેરની નજદીક પોંહાંચ્યો દરવાજાની અંદર દાખલ થતાં તેને દરવાનોએ અટકાવી કહયું કે તું કયાં જાયછે પેહેલાં તુંને હમારા રાજા પાસે આવવું પડશે પછી જયાં તારૂં મન ચાહે ત્યાં જજે. આ સાંભળી માનસીંગ બોલ્યો કે ઓ દરબારીઓ તમારા જેવું હું પણ માણસ છું શું કામ મને શેહેરમાં જતો અટકાવો છો જો તમારી ખુશી હોય તો ચાલો હું તમારા રાજા પાશે આવવાને ત્યારછું પછી તેઓ તેને પોતાના રાજા આગળ લઈ ગઆ જ્યારે તે રાજાઆગળ ગઆ ત્યારે રાજાએ પુંછયું કે ઓ મુસાફુર તું કોણ છે કયાંથી આવ્યોછે અને તારૂં નામ શું છે. ત્યારે માનસીંગે જવાબ દીધો કે ઓ રાજા હું પગનપુરનો કુંવરછું મારૂં નામ માનસીંગ મારા બાપનું નામ મુરિંદછે મારો ઈરાદો ચીન જવાનો છે પછી માનસીંગે તે નગરનું નામ પુછયું રાજાએ જવાબ દીધો કે એ નગરીને રાજંદ્રી કરીને કહેછે મારે ત્યાં મારી છોકરી જે કોઈ મુસાફુર અહીંઆં આવેછે તેને ત્રણ પશ્ન પુછેછે જે કોઈ તે પશ્નનો જવાબ આપતું નથી તેને તે છોકરી ગરદન મારેછે અને આ સઘળા ખુનનો ભાર મારી ગરદન ઉપર રહેછે પણ આજ દીનસુધી કોઇ પણ બાપે પોતાની છોકરીને મારી નાંખી નથી તેથી મારી છોકરીને મારી નાંખવાની હિંમત ચાલતી નથી. માનસીંગે આવાં વચન સાંભળી તે રાજાને દીલાસો દઇ તેની ખાતરી કીધી કે તે પરમેશ્વરની મેહેરથી તારી ઉપરના દુઃખનુ હું નીવારણ કરીશ. આટલી વાત ચીત કીધા પછી માનસીંગ તે છોકરીના મેહેલમાં ગયો તે છોકરીને માનસીંગ આવ્યાની ખબર થવાથી તે છોકરી સણગાર પેહેરી ત્યાર થઈ માનસીંગને અંદર બોલાવ્યો, તેનું રૂપજોઈ માનસીંગ ઘણોજ અજબ થઆ તે છોકરીએ માનસીંગને ઉઠીને માન આપી એક સોનાના તખત ઉપર બેસાડી પોતે ખુરશી ઉપર બેઠી તે છોકરીએ પોતાની માને બોલાવી હળવેથી કહયું કે આ મારી વાહાલી મા આ ખુબ ચેહેરાના જુવાન ઉપર મારૂં દીલ લાગી રહયુંછે ને એના પ્યારે મારા દીલમાં ઘર કીધુંછે કારણ

કે એ કોઈ મોટા ખાનદાનનો નજર આવેછે પણ અફસોસ સવારેતો એ મારયો જશે તેણીની મા બોલી કે જ્યારે પર-મેશ્વરે તારી અને તારા બાપની ઉપર આવીજ રીતનો સત મ કીધોછે તો તેમાં આપણું કશું ચાલનાર નથી, અથવા હું એમ ધારૂંછું કે તારી ઉપરનું દુઃખ આ માણસથી જતું રેશે. માનસીંગ બોલ્યો કે હવે તું મને કહે કે મારી સાથ તને શું કામ છે અને શામાટે તું મુસાફરોને જીવથી મારી નાંખે છે. ત્યારે તેની મા બોલી કે,આ જુવાન જ્યારે રાત પડે છે ત્યારે આ છોકરી છાકટી થઈ જાયછે. અને મોંમાંથી ખાલી બકવા કરેછે ત્યાર પછી તે મુસાફરને ત્રણ પ્રશ્ન પુછેછે અને જ્યારે તે મુસાફરથી તેનો ઉત્તર નથી અપાતો ત્યારે તે છો-કરી તે મુસાફરને પોતાની નજદીક ખેંચેછે અને તરવાર લઈ તેનું શીર છેદેછે પછી માનસીંગ વિચાર કરવા લાગ્યો કે, એક વખત જોઊંતો ખરો કે આહીંઆં મારી આયુષ છે યા મોત છે એટલામાં માનસીંગઆગળ લિજતદાર ખાવાનું આવ્યું. માનસીંગે કહ્યું કે જ્યારે હું તમારૂં કામ પાર પાડીશ ત્યારેજ ખાઇશ કારણકે કામને એક કોરે મુકવું અને પેટ ભરી તરેહદાર પકવાન ખાઇ જીવ આપવો એ અક્કલથી દુર છે. તે છોકરીની મા બોલી કે મને માલમ પડે છે કે મારૂ કામ તારા હાથેજ પાર પડશે ઈશ્વર તુને હર તરફથી બનતી મદદ પોહોચાડશે. જ્યારે રાત થઈ ત્યારે સઘળા માણસો મેહેલમાંથી બાહાર ગયા અને મેહેલના દરવાજા બંધ કીધા, જ્યારે એક પોહોર ગયો ત્યારે તે છોકરી દીવાની થઈ ગઇ ને બક બક કરવા લાગી પછી માનસીંગ તરફ ફરીને બોલી કે ઓ મુરખના સરદાર તુને જરા પણ અકલ ન આવી કે ચાલી ચલાવીને તું મોતના ફંદમાં આવ્યો છે તો મારા પ્રશ્નનો જવાબ આપ. માનસીંગે કહ્યું કે જલદી બોલ ? તારા પ્રશ્ન તે શું છે તે બોલી કે દરીઆનું એવું કયું ટીપું છે કે જેમાંથી જીવ પેદા થાયછે. માનસીંગે વીચાર કરી ક-હયું કે તે ટીંપું માણસના ભેદનો પડદો ખુલનારૂ છે એટલે કે તે બુંદ છે. કે જેમાંથી જીવ નીપજે છે, પછી બીજો પ્રશ્ન પુ-છયો કે એક એવો કયો મેવો છેકે જે માણસને સરવે મેવા-

થી મીઠોછે. માનસીંગે જવાબ દીધો કે તે મેવો ફરજંદ છે. પછી તીજો પ્રશ્ન પુછયો કે જે કોઈપણ માણસને નહી જોઈએ પણ જે પેલે અથવા છેલે માણસ આગલ આવે છે માનસીંગે જવાબ દીધો કે તે મોત છે. આ સાંભળી તે છોકરી માથું પછાડી કરી ધુજવા લાગી અને નીચું જોઈ પછી ખુરશી ઉપરથી જમીન ઉપર ઢુટીપડી પેટમાંથી એક તંબોળીઓ નાગ પેદા થઓ જે માનસીંગ તરફ એકદમ દોડતો આવ્યો. માનસીંગે વીચાર્યું કે એને મારૂં છું તો એક જીવની ઘાત થશે અને નથી મારતો તો મારો જીવ જશે પછી જેવો નાગ આવ્યો કે તેવોજ તેને ગરદનમાંથી પકડી પીતળના એક મજબુત વાસણમાં બંધ કરી એક માણસપુર ઉંડી જમીન ખોદીને તેની અંદર તે વાસણમાં બંધ કરી એક ચુના મટોડાથી મજબુત પુરીને તે જમીન બંધ કીધી અને તે છોકરી આગળ આવી તખ્તપર બેઠો જ્યારે રાતનો એક પોહોર બાકી રહયો ત્યારે તે છોકરી હોશમાં આવી અને પોતાના મોં ઉપર લુગડું નાખીને બોલી કે આ દીવાના પુરૂષ તું કોણછે અને તું અહીં શા માટે આવ્યોછે. માનસીંગે કહયું કે તું આટલી વારમાં મને ભુલીગઈ, તેંજ મને ગઈ કાલે બોલાવ્યો હતો, તે છોકરીએ બાંગ મારી પોકારી પોતાની મા અને ચાકરોને બોલાવી માનસીંગને ત્યાંથી લઈજવા કહયું, જ્યારે તે છોકરીની મા નજદીક આવી ત્યારે તે છોકરીએ તેને કહયું કે આજે આ મુસાફર જીવતો કેમ રહયોછે, પછી માનશીંગે તે છોકરીના બાપને બોલાવી સરવે બીના કહી, તેના બાપે માનસીંગને કહયું કે મારા વચન પ્રમાણે હું તને મહારી આ છોકરીને પરણાવી આપુંછું, માનસીંગે તે મંજુર કીધું અને લગ્ન કરી તે છોકરી સાથ માનસીંગ ત્રણ મહીના રહયો, અને રાત દહાડો એક બીજાની સાથે મેલાપથી ખુશીમાં રેહેતાં, જ્યારે તે છોકરીને દાહાડા રહયા ત્યારે માનસીંગે રજા લીધી, તેથી પોતાની રાણીને કહયું કે, મારૂં વતન પગનપુર નામે નગરમાં છે અગરજો તને છોકરો થાયતો આ નીશાની આપી તેને પગનપુર

મોકલાવજો એમ કહી પોતાનો કટાર તથા રોમાલ આપ્યાં. પછી ઘણુંએક દીલાસો આપી પોતાને કામે નીકળ્યો. અને ચાલતાં ચાલતાં એક જંગલમાં આવ્યો કે એક બુઢો માણસ ઝાડ તળે બેઠો હતો. તેણે માનસીંગની પાસે ભીક્ષા માગી, તેથી માનસીંગે પોતાના હાથની વીંટી કાહાડી તે બુઢા ભીખારીને આપી, તે ભીખારીએ એવી રીતે અવાજ કીધો કે, કેટલાએક ચોરો એકદમ નીકળી આવી માનસીંગની સાથે વાત કરતા કરતા ચાલ્યા. થોડે રસ્તે ગયા નાહીં એટલામાં એક કુવો આવ્યો; જેમાં તેઓએ માનસીંગને કેટલાએક જખમો કરી લુટીને ગાંસડી બાંધી નાંખી દીધો અને સઘળા નાશી ગયા. માનસીંગને જ્યારે પેલા ચોરોએ લુટીને જખમી કીધો, ત્યારે તેણે તેમને ઘણુંબી સમજાવ્યું કે તમો શું કામ એમ કરોછો અગર જો તમને ધનની ગરજ હોયતો, તમો ચાહો તેટલો આપવાને તૈયારછું પણ તેઓએ હરગેજ માન્યું નહીં અને માનસીંગને આવી હાલતમાં નાંખી નાશી ગયા. માનસીંગની આગળ પેલા રીંછની છોકરીનો આપેલો મોહોરો રહયો હતો. તે તેણે થુંકમાં ઘસીને પોતાના જખમ ઉપર લગાડયો, જેથી તે જખમ રૂઝાયાં. માનસીંગે કુવામાં એક દેખાવ જોયો કે જેમાં એક પુરૂષ કેહેતો હોયકે માનસીંગ તું કાંઈ ફીકર ના કર, આ કુવાની અંદર બેસુમાર ખજાનો તે માહાદેવે તારેજ નામે દાટેલો છે ઉઠ અને લે કારણ કે હજુ તારાથી ઘણાંક ઉપકારક કામ આ દુનીઆમાં થવાનાં છે. જ્યારે તું આવી રીતે તારૂં દીલ તંગ કરી નાંખશે ત્યારે તીર્થંકરનાં કામો શી રીતે બજાવી લાવશે. માનસીંગ ઉઠયો અને જૈનદેવનું સમરણ કીધું. અને માનસીંગે બીજુ રાત્રે ફરીથી સ્વપ્નું જોયું જાણે એમ કહયું કે આવતે કાલે બે માણસો આ જગ્યાએ આવી પુગશે, તેઓ તુંને કુવામાંથી બહાર કાહડશે તેની મદદથી તું આ ખજાનો તારા સ્વાધીનમાં લેજે. માનસીંગે કહયું કે બે માણસો સાથે હું આટલો બધો ખજાનો શી રીતે લઉં. જવાબ એવો સમ-

જ્યો કે. બે માણસ પુરતાં છે જ્યારે સવાર પડી ત્યારે રાતમાં કહ્યા પ્રમાણે પેલા બે પુરૂષો એટલે માનભદ્રવીર તથા ઘંટાકરણ કુવાની આગળ આવી લાગ્યા. અને માનસીંગને બહાર કાઢયો માનસીંગે તેઓને પેલા ખજાના વીષે વાત કહી તેઓની મદદથી પેલું સઘળું ધારેલું ધન ખોદી કાઢયું, પછી પેલા બે પુરૂષોને તે સઘળુ ધન આપી પોતે થોડું લઈ પેલા ચોરોની સોધમાં ચાલ્યો. આખર તે ચોરોના પત્તા મેળવ્યા, અને તેઓને આવું પાપનું કામ કરવા માટે ઘણી નસીયત કીધી કે, ઓ પરમેશ્વરથી વીમુક થએલા જામો જરઝવેરની ખાએશ રાખતા હોતો આવો મારી સાથે હું તમને મનપુરતું ધન આપું કારણકે તમારી પાસ તમારૂં ગુજરાન કરવાને કાંઇ નથી તેથી આવો ધંધો તમો લઈ બેઠાછો. તમો માણસ જાતને દુઃખ દેવાથી તોબા કરો, હું તમને એટલું ધન આપુ કે તમો વંશપરંપરા વાપરશો. તે સઘળાઓએ કબુલ કીધું કે અગરજો હમારી પાસે ધન હોયતો અમો આવો ધંધો શું કામ કરીએ. અંતે માનસીંગે તેઓને સઘળુ ધન આપ્યું, અને પોતાને કામે ચાલ્યો રસ્તે જતાં એક ભુખથી અધમુવો થએલો કુતરો તેને મળ્યો જેની જીભ તદન બહાર નીકળી આવી હતી. માનસીંગે વીચાર્યું કે, કદાસ આ જંગલમાં વણજારાનું ટોળું આવ્યું હશે, જેને લગતો આ કુતરો હોવો જોઇએ. જ્યારે તે કુતરો નજદીક આવ્યો ત્યારે માનસીંગે તેને બગલમાં ઉચકી લીધો, અને કોઈ પાણીવાળી જગ્યા સોધવા લાગ્યો, કે જો પાણી મળેતો તે પાઇને કુતરાનો જીવ ઉગારૂં. ચાલતાં ચાલતાં દુરથી એક ગામડુ નજર આવ્યું તે ગામડામાં આવ્યો, ત્યારે ત્યાંના લોકો તેની આગળ જવની રોટલી અને છાશ લાવ્યા જે તેણે કુતરાને ખવાડી પછી તેને થોડું પાણી પાયું. કુતરાએ તેમ કીધા પછી પોતે ઘણો ખુશી થઇ ગયો હોય તેમ દેખાવ કીધો; ત્યારપછી તેની આગળ અદબથી બેઠો. માનસીંગ આ મામલો જોઈ પરમેશ્વરની

તારીફ કરવા લાગ્યો, કે આવા એક કમીના જાનવરને પણ તે પરમ કૃપાળુ પરમેશ્વરે આટલી મોટી અકલ બક્ષી છે; એટલામાં તે કુતરાના માથામાં કંઈ ખીલાફેણી જેવું માનસીંગને દેખાયું, માનસીંગે તપાસી જોયું તો માલમ પડયું કે, લોહાનો એક મોટો ખીલો તેના માંથામાં ઠોકેલો છે, તે ખીલાફેણી જોરથી માનસીંગે બહાર ખેંચી કહાડયો; તેવોજ પેલો કુતરો એક ખુબ સુરત જુવાન થઇ માનસીંગની આગળ ઉભો રહ્યો. આ જોઇ માનસીંગ ઘણો અજબ થયો પછી પુછયું કે આ પરમેશ્વરના વાહાલા સખુ કહેકે તું કોણછે. પેલાં તું કુતરાની સુરતમાં હતો અને જ્યારે આ ખીલાફેણી મેં તારા માથામાંથી ખેંચી કહાડયો ત્યારે તું આદમીની સુરતનો થઈ ગયો તે જુવાને પોતાનું માથું માનસીંગના પગ ઉપર મુકી કહ્યું કે આ નામદાર હું જાતે માણસ છું મારો હેવાલ તને શું કહું પણ જ્યારે તેં મારી ઉપર આટલી મોટી દયા કીધી છે ત્યારે મારાથી તને કહ્યા વગર રહેવાતું નથી. જાણે આ ધરમી પુરૂષ કે હું ચીન દેશનો મોટો વેપારીછું મારા બાપ પાસ બેહદ ખજાનો હતો મારો વેપાર ઘણો મોટો હોવાને લીધે મને બાહાર ગામ મુસાફરી કરવી પડતી થોડોક વખત પછી મેં એક ખુબ સુરત જુવાન ઓરત સાથે લગન કીધું પણ તે ઓરત બદફેલીના કામોમાં મારા એક હબસી નોકર સાથે મસગુલ હતી જ્યારે મુસાફરીથી મારે ઘેર આવી રાતના મેં બીછાના ઉપર આરામ કીધો ત્યારે મારી બેવફા ઓરત ઉંઘમાં હબસીના ભેળી સુતી એટલે હું જાગ્યો એમ જોઇ પાછો ઊંઘવા લાગ્યો એટલે ઉંઘમાં મારા માથામાં એક મોટો ખીલાફેણી ઠોકયો કે તેવોજ હું એક કુતરાની સુરતે બની ગયો અને ભુખ્યો પ્યાસો તને મળ્યો અને તેં મારી ઉપર ઉપકાર કરી મને જીવતદાન દીધું માનસીંગે તેને કહ્યું કે એ ખીલાફેણી તું તારી પાસે રેવા દેજે અને આગર જો તારી બેરી ઉપર તું વેર લેવા ચાહતો હોય તો બરોબર તક સાંધી તારી બૈરીના માથા ઉ-

પર તું મારજે કે બલાડી થઇ જશે પછી વાત કરતાં કરતાં જે શેહેરમાં તે વેપારી રહેતો હતો તે શેહેરમાં આવી લાગ્યો પેલા જુવાન માણસે માનસીંગને પોતાને ઘેર આવવાને ઘણાં કાલાં વાલાં કીધાં જેવો તે જુવાન પોતાના ઘરમાં દાખલ થ-યો તેવાજ તેના ચાકરો તેને જોઈ ઘણા ખુશી થઆ અને પોતાની શેઠાણીના બેફેલાનું સઘળું બ્યાન કેવા લાગ્યા. તે પોતાના સુવાના ઓરડામાં જઇ જુવેછે તો તેની બાઈડી પે-લા ગુલામની સાથે સુતેલીછે તરતજ તેને તરવાર મ્યાનથી બેંચી પેલા ગુલામનું માથુ કાપી નાંખ્યું અને પેલો ખીલા-ફેણી પોતાની બાઇડીના માથામાં ઠોકયો કે તેવીજ તે બલા-ડી થઈ ગઈ પછી દોરીથી બાંધી તેને માનસીંગની આગળ લાવ્યો માનસીંગે તેની હિંમત જોઇ કરી તેને ઘણી સાબા-શી આપી પછી માનસીંગને તેણે પોતાના ઘરમાં ઘણાક દ-હાડા રાખી ઘણી ખાતરદારીથી મેમાનદારી કરયા પછી રજા આપી. માનસીંગ તે મોતીશા વેપારીની છોકરીના મેહે-લમાં આવ્યો તેવીજ દરવાનોએ જોઇને અંદર ખબર કી-ધી કે તરતજ તે છોકરીએ માનસીંગને પોતાની પાશે બોલા-વી પરદેશીન થઇ તેને સોનાની ખુરશી ઉપર બેસાડી ઘણી માયાથી પોતાના પ્રશ્નનો જવાબ પુછયો માનસીંગે પેલેથી છેલે સુધી જે જોયું હતું તેનું વીગતવાર બ્યાન કીધું ત્યારે તે છોકરી બોલી કે આ જુવાન તું સરવે સાચુંજ કહેછે તારા બોલવામાં લેશ પણ અસત્ય નથી કારણ કે તે અવાજ હમણાં આવતો બંધ થયો છે. હવે મારા ત્રીજા પ્રસ્નોનો જવાબ તું લાવી આપ. માનસીંગે તે પ્રશ્ન પુછયો ત્યારે તે છોકરી બોલી કે માહા રાક્ષસના હાથમાં એક શાહ મોરોછે તે મને લાવી આપ. માનસીંગે કહયું કે તે પણ પરમેશ્વરની મેરબા-નીથી પાર પડશે પછી ધરમશાળામાં આવી પેલા જુવાનને મળ્યો માનસીંગે તેની આગળ સઘળો ખુલાસો કરી કહયું કે આ ખુબસુરત જવાન તારા બે પ્રસ્નો મેં પરમેશ્વરની મેહેરથી પુરા કીધાછે અને આ ત્રીજાની ખબર લેવા જાઃ

કીછું એ પ્રશ્ન પુરા થશે કે તને તારી માશુક મળી એમજ જાણ એવો ઘણોએક દીલાસો દઈ માનસીંગ પોતાને કામે નીકળ્યો પછી વીચાર કરતો કરતો એક ઝાડ નીચે બેઠો આખરે તેના મનમાં આવ્યું કે એનો પતો પેલા ભુતના બાદ-શાહ પાસેથી મળશે માટે તેની ફરી મુલાકાત લેવી જોઈએ એમ કહી તે ગબરમાં પાછો પડયો આખરે તે ભુતના રાજાને એટલે બાબરા ભુતના શેહેરમાં આવ્યો, ચોકી વાળા ભુતો-એ અંદર જઇને માનસીંગના આવ્યાની ખબર કીધીકે ત-રતજ બાબરો ભુત પોતાના તખત ઉપરથી ઉતરી મેહેલની બાહાર માનસીંગને સામો લેવા આવ્યો, માનસીંગને જોતાં-જ તે તેને ભેટી પડી ઘણી આબરૂ ઇજત આપીને પોતાના ભુ-તની કચેરી કરી પોતાના તખતની ઉપર પોતાની પાસે બેસા-ડી તેના આવવાનું કારણ પુછયું માનસીંગે કહયું કે મારે મા-હા રાક્ષસની પાસેથી શાહામોરો લેવા જવું છે. બાબરે જવા-બ દીધો કે, એ વાહાલા માનસીંગ એ ખ્યાલ તું મનમાંથી કાઢીમુક કારણકે માહારા જબરજસ્ત ભુતોની પણ તાકાત ન-થી કે રાક્ષસના મુલકમાં પગ મુકી શકે માનસીંગે કહયું કે એ કામ મેં મારે માટે ઉઠાવ્યું નથી. પણ મારા જેવા એક માણ-સને માટે ઉઠાવ્યું છે, જે પરમેશ્વર મને આહીં લાવ્યોછે, તેજ મને સાહીસલામત પોચાડશે. ફકત હું એટલું માનુછું, કે તું મારી મદદને માટે તારા એકાદ બે ભુતને મારી સાથે મો-કલ કારણ કે મને રસ્તાની ખબર નથી. આખરે બાબરા ભુતે માનસીંગની અરજ કબુલ કીધી. અને પછી પોતાને ત્યાં થોડાક દહાડા રાખી ઘણીજ મેરબાનીથી તેની સેવા કીધી. જયારે માનસીંગ પોતાને કામે નીકળવાને ત્યાર થઓ ત્યારે ભુતના રાજાએ પોતાના કેટલાક મોટા ભુતોને માન-સીંગની સાથે જવાને ફરમાવ્યું અને હુકમ કીધો, કે માન-સીંગને તમો સહીસલામત માહારાક્ષસની હદસુધી લઈ જાવ, જયાંસુધી માનસીંગ પાછો ફરે નહીં ત્યાંસુધી તમો તેજ ઠેકાણે બેસજો, પછી ભુતો હુકમ મુજબ માનસીંગને લઇ ગયા. અને માહારાક્ષસના મુલક સુધી થોડા દીવસમાં આવી

પોંહોંચ્યા. તેઓએ માનસીંગને ત્યાં ઉતારી કહયું કે હવે અમારાથી વધારે આગળ જવાય નહીં કારણકે, માહારાક્ષસ કોઈબી પારકી જાતનાને પોતાના દેશમાં જીવતા રહેવા દેતા નથી. ત્યાંથી પછી માનસીંગે પગે ચાલવા માંડયું. થોડા દહાડાપછી એક મોટો પાહાડ દેખાયો કે જેની ટોચ આકાશ સાથે લાગેલી હતી. અને તે પાહાડની ઉપર એટલાંતો ઝાડો ઉગ્યાં હતાં કે તે પહાડની પેલે પાર શું છે તે તદન જણાતું નહીં હતું. માનસીંગે તે પાહાડની ઉપર રાક્ષસીઓનું એક મોટું ટોળુ જોયું અને તેઓને બોલતાં સાંભળ્યું કે પેલો માણસ જે આપણી સામે આવેછે તેને જીવતો મુકવો નહીં કારણ કે તે પાહાડ ઉપર ચડવાનો ઈરાદો રાખેછે પછી તે રાક્ષસીઓનું ટોળું નીચે આવ્યું અને માનસીંગને પકડી પાહાડ ઉપર લઈ પુછયું કે તું કયાંથી આવ્યોછે, આ જગ્યોએ શું કામ છે અને તુને યાં કોણ લઈ આવ્યું માનસીંગે કહયું કે જે ઈશ્વરે તમોને અને મને ઉનપન કરયાં તેજ પરમેશ્વર મને આ ઠેકાણે લઈ આવ્યો. અને હું એક શેહેરથી આવ્યોછું તેમાંથી એકજણ બોલ્યો કે હવે અમને ખબર પડી તુને મોતીશા વેપારીની છોકરીએ મોકલ્યોછે કારણકે તેણીને સાહમોરાની ગરજછે માનસીંગે પોતાના દીલમાં વિચાર્યું કે અગર જો હમણાં હું સાચું કહુંછું તો જીવથી મારયો જાઉંછું અને જો જુઠું બોલુંછું તો પરમેશ્વરનો ગુન્હેગાર થાઉંછું, તેથી વધારે સારૂં એજછે કે ચુપ રેહેવું. એમ વિચારી માનસીંગે તેઓને કાંઇ જવાબ દીધો નહીં પછી તેઓએ પોતામાં મસલત કરીને માનસીંગને અગનીમાં નાંખવાનો વીચાર કરી મોટાં મોટાં લાકડાં લાવી સળગાવી તે માનસીંગને નાંખ્યો. માનસીંગે તેઓનો વિચાર આગળથી જાણીને પોતાના મોમાં રીંછની છોકરીએ આપેલો મોહોરો રાખ્યો હતો. તેથી તેને કાંઇ ઇજા થઇ નહીં જયારે અગનીના છોલાં આકાશ તરફ ઉડવા લાગ્યાં ત્યારે રાક્ષસોએ વિચાર કરયો કે બળી ગયો હશે. તેથી તેઓ ત્યાંથી જતા રહ્યા. જયારે સ-

ઘણું બળતું પાંચ દહાડાપછી ઓલવાઈ ગયું ત્યારે માનસીંગ બાહાર આવી પરમેશ્વરની પ્રાર્થના કરી આગળ ચાલ્યો, ત્યારે તેજ રાક્ષસોએ તેને ફરીથી જોયો; અને તેની પાસે દોડતાં આવી પુચ્યાં ને કહ્યું કે ઓ માણસ તું આ જગ્યાએ કેમ આવ્યોછે. તારા જેવાજ એક માણસને આજ છ દીવસ ઉપર આગમાં બાળી મુકયો હતો, કે તું તેજછે કે બીજો. માનસીંગે કહ્યુંકે તમારા જેવાં બેવકુફો આ દુનીયામાં બીજાં કોઈજ નહી હશે. કારણકે જે કોઈ આગમાં બળે તે પાછો જીવતો થાય એમ કદી સાંભળ્યું નથી. ઓ દુષ્ટો હું તેજ માણસછું કે જેને તમોએ આગમાં બાળી મુકયો હતો. ઓ ગધેડાના રાજાઓ પરમેશ્વર મારી ઉપર એટલો તો મેહેરબાનછે કે તમો એ ગંજાવર આગમાં મને બાળી નાંખ્યો પણ તમો દુષ્ટોનું કાંઈ વળ્યું નહીં તેઓ આ સાંભળી એટલાતો ગુસ્સે થઈ ગયા કે માનસીંગને આગળના કરતાં મોટી આગ સળગાવી તેમાં નાંખ્યો. એવી રીતે ત્રણ વખત માનસીંગને તેઓએ આગમાં નાંખ્યો. જયારે તેઓએ જોયું કે એ બલા આગમાં પણ બળતી નથી ત્યારે તેઓએ તેને એક ઉંડી ખાઈ ખોદી તેમાં નાંખ્યો. અંતે પરમેશ્વરની મેહેરથી તે ખાઇમાંથી પણ માનસીંગ સલામત બાહાર નીકળ્યો. ત્યારે તેઓએ તેઓના મુલકમાં એક મોટો ખારો સમુદ્ર હતો તેમાં માનસીંગને નાંખી દીધો. તેવામાં તેને એક મોટી માછલી ગળી ગઈ. જયારે માનસીંગે જોયું કે, હું સમુદ્રમાં ગોથાં ખાતો નથી પણ તેને ઘણીજ ગરમી લાગવા માંડી ત્યારે જાણ્યું કે હું કોઇ એક જાનવરના પેટમાંછું જયારે તે માછલીએ જોયું કે આ બલા હજમ થતી નથી; ત્યારે સમુદ્રને કાંઠે આવી માનસીંગને ઓકી કાઢી પાછી પાણીમાં દોડી ગઈ. માનસીંગ થોડોક વખતસુધી બેહોશ જેવો પડી રહયો, કારણકે ઘણી ભુખ અને તરસથી ચાલવાની તાકાદ નહીં રહી. ત્યારે પરમેશ્વરને યાદ કરવા લાગ્યો અને સઘળી તરફ જોવા લાગ્યો એટલામાં રાક્ષ-

સીઓનું એક બીજું ટોળું તેને જણાયું. તે ટોળું માનસીંગની આગળ આવીને પુછવા લાગ્યું કે તને આ જગ્યાએ કોણ લાવ્યું, માનસીંગ બોલ્યો કે મને પરમેશ્વર લાવ્યો. મને એક માછલી ગળી ગઇ હતી, તે પાછી દરીઆને કીનારે નાંખી ગઈ. અગર જો તમારામાં પરમેશ્વરે દયા રાખી હોયતો મને કંઇ ખાવા પીવાનું આપો, કારણકે હું ઘણોજ ભુખ્યો તરસ્યોછું તેઓએ કહયું કે, અમે તુને ખાવાનું કેવી રીતે આપી શકીએ. કારણકે અમારા રાજાનો એવો હુકમ છે કે, જો કોઈ માણસ યા ભુત અમારા મુલકમાં આવેતો તેને જીવથી મારી નાંખવો. ત્યારે તેમાંથી એકે જવાબ દીધો કે, ઓ પ્યારા એ કયાં રાજા અને કયાં આપણે આ બીચારો પોતાની મેળે કંઈ આવ્યો નથી, પણ પરમેશ્વર જાણે કે એને માછલી કયાંથી ગળી ગઈ, એની આવરદાએ જોર કીધુંછે તેથી એ જીવતો રહયોછે એ માણસછે તેથી આપણા કરતાં મોટોછે એટલા માટે આપણને લાજમછે કે એને આપણે ઘેર લઈ જઇએ ત્યાં એની ચાકરી કરીએ ત્યારે બીજાઓ બોલ્યા કે અગર જો આપણે એને ખાવા આપીએ અને રાજાને ખબર પડેતો તે આપણને જીવતા ચુકવાનો નથી. ત્યારે માનસીંગે જવાબ દીધો કે, અગર જો મને મારી નાંખવાથી તમને ફાયદો થતો હોય તો તમે ખુશીથી તેમ કરો, હું મરવાને તૈયારછું ત્યારે કેટલાએકે જવાબ આપ્યો કે આપણા રાજાનો મુલક સાતસો કોસ દુરછે માટે અહીંઆં કોણ આવેછે અને જાયછે, ને કોણ પુછે છે. આખરે તેઓ માનસીંગને પોતાને ઘેર લઇ જઈ તેને ખવરાવી પીવરાવી ખુબ તાજો કીધો, દરરોજ તેઓ માનસીંગની સાથે વાતમાં મસગુલ થતાં તેની વાત તેઓને એટલી દીલ પસંદ લાગી કે માનસીંગની સોબત તેઓને ઘણીજ ફાયદાકારક માલમ પડી, એક દાહાડે તેઓએ માનસીંગને કહયું કે દેવ તું અમને ખરૂં કેહેકે અહીંઆં આવવાનો તારો સબબ શું છે, માનસીંગે સઘળી વાત અવલથી આખર સુધી તેઓને એવીરીતે સમજાવી કે તેઓના દીલમાં ઘણીજ અસરથઈ તેઓએ

તેને ઘણી મેહેરબાનીથી પુછયું કે આટલી બધી રંજ અને મહેનત ખેંચવાનું તને શું કારણછે, માનસીંગે કહયું કે મારે માહા રાક્ષસ સાથે કામછે તેઓ બોલ્યા કે ઓ નાદાન તું માહા રાક્ષસનું નામ નાહે કારણ કે જો તેને માલમ પડશે કે અમે એક માણસને આશરો આપ્યોછે તો તે તને અને અમને આ બધાને મારીનાંખશે, માનસીંગે કહયું કે જયાંસુધી મારી તેમજ તમારી હયાતીછે ત્યાંસુધી કાળનો પણ ભય નથી, કે આપણા જીવને હાની પુગાડે અને અગર જો તમને ધાસ્તી લાગતી હોયતો તમો મને બાંધીને તમારા રાજા પાસે લઇજાવ અને જે ફરમાવે તે કરો, તેઓએ જવાબ દીધોકે પેહેલાં અમે તારીપર પ્રીતી અથવા દોસ્તી તરીકે રાખ્યો અને હવે તુને મારીનાંખવાને માટે લઈ જઈએ તો તે ઘણું શરમ ભરેલું કેહેવાય માનસીંગે કહયું કે આખર મને જરૂર તમારા રાજાપાસે જવુંછે માટે તમો કાંઈ તદબીર કરી મને તમારા રાજાસાથે મેળવો પછી તેઓએ વીચાર કરીને પોતામાંના એકને રાજાની પાસે મોકલાવી તે રાજા પાસે જઇ અદબથી ઉભો રહી, કેવા લાગ્યો કે ઓ માહારાજા અમારા હાથમાં કાળા સમુદ્ર આગળથી એક સુરજના તેજ મીસાલનો માણસ આવ્યો છે. તે એવોતો સરૂપવાનછે કે આપણા મુલકમાં હજારો માણસો અત્યારસુધી મારયાં ગયાં પણ તેની બરાબરનું રૂપ હમોએ કદી જોયું નથી તે સાથે એવોતો કાબેલ હીકમ છે કે કંઈ તારીફ મારી જુબાનથી થઈ શકતી નથી, એવી રીતના ઘણાએક સીપારસના સુકનો બોલી રાજા પાસે અરજ ગુજારી. રાજાએ તેને હુકમ કીધો કે તાકીદથી તેને મારી આગળ લાવી હાજર કરો તે રાક્ષસ ઉડતો ઉડતો પંદર દહાડે પોતાને મુકામે આવી પોંહોંચ્યો અને જે વાત પોતે રાજા પાસે કહી હતી, તે સઘળી કહી સંભળાવી માનસીંગે તેની ઘણીએક તારીફ કીધી પછી તેઓએ માનસીંગની સાથે રથમાં બેસી આકાશ મારગે ઉડવા માંડયું હવે માનસીંગના આવ્યાની ખબર માહાભુતના દરેક દેશમાં ફેલાઇ જેથી માનસીંગને લાખો રાક્ષસીઓનું ટોળું જે રસ્તે

માનસીંગ જવાનો હતો, તે રસ્તે જઇ ઉભું રહ્યું કારણકે તેઓએ વિચાર્યું કે રાજાના શેહેરમાં જઈ માનસીંગને જોઇ શકાશે નહીં તેઓમાં પદમાવતી રાક્ષસણીની છોકરી હરસીધ નામની જે રૂપમાં તેમજ ગુણમાં પુરી હતી તેને પણ માનસીંગને જોવાનું મન થયું, તે વખતે છોકરી પોતાની મા પાસે આવી રજા માગી કે ઓ મારી વ્હાલી માતા હું આપણા બાગમાં શેલ કરવા જાઉંછું તેની માએ જવાબ દીધો કે તારા બાપ પાસે રજા લઇ સુખેથી જા. પછી તે પોતાના બાપ પાસેથી રજા લઈ પોતાની દાશીઓ સાથ પોતાના બાગમાં ફ્રવા ગઈ અને પોતાના બાપ પાસેથી માસ એકની રજા લીધી હતી માટે મોજ મારવાને પોતાની દાશીઓ સાથ ફ્રવા જતી વખતે પોતાના બાગમાં કદી નહીં જોએલો ભભકો કરી પોતે જરઝવેરમાં ગુંથાઈ ગઇ હતી. રાક્ષસો માનસીંગને ઉચકી આકાશ મારગે ઉડતા હતા તે બાગ નજદીક થઈ જતા હતા તે વાત જ્યારે હરસીધને કાને પડી તે વખતે તેણીએ નીશ્ચે કીધો કે મારે એ માણસ સંગાત જરૂર સોબત કરવી. પછી પોતાની દાશીઓનો વિચાર પુછવા લાગી તેઓ સઘળીઓએ જવાબ દીધોકે ઓ મારી વ્હાલી કુંવરીને જો તારો પકકો ઠેરાવજ હોયતો હમો માનસીંગને તારી નજદીક હાજર કરીએ, તેણીએ તે કબુલ કીધું. પેલીઓ ઉડતી ઉડતી જ્યાં માનસીંગ ભુતો સાથે સુતો હતો ત્યાં આવી અને માનસીંગને તેમજ પેલા ભુતોને ઉંઘેલા જોઇ માનસીંગને બેહોશીની દવા સુંગાડી ઉચકી પોતાની કુંવરી હરસીધના મેહેલમાં લાવી. જ્યારે પેલા ભુતોએ જોયું કે તે માણસ પોતાના હાથથી ગયો ત્યારે તેઓએ દરએક ઠેકાણે તલાસ કરવામાંડી પણ જ્યારે કોઈબી ઠેકાણેથી માનસીંગનો પત્તો નહીં મળ્યો ત્યારે સઘળાઓએ વીચાર કીધો કે આપણે રાજાપાસે જવું નહીં, કારણ કે રાજાને જો માનસીંગ ગયાની ખબર પડશે તો બેશક આપણને જમને હવાલે કરશે. પેલી તરફ્ હરસીધના મેહેલમાં માનસીંગ મોજ કરતો હતો ત્યારે માહા ભુતના રાજાને ઘણીજ ચીંતા પેદા થઇ તે-

ણે દરએક ઠેકાણે તપાસ માટે જાસુસો મોકલાવ્યા તેઓને અંતે પકડયા,એટલે રાજાપાસે અરજ કીધી કે હમો જયારે રાતના સુતેલા હુતા એટલે એ માણસ કયે ઠેકાણે થઇ ગઓ, કદાચ એનું સુર્ય જેવું તેજ જોઈ કોઇ રાજકુંવરી એની ઉપર આશક પડી એને ઉડાવી લઈગઈ હશે માટે તેની તલાસ કરવાને તમો નામદાર રાજા અમને થોડાદીવસની મેતલ આપો. એવામાં પદમ રાક્ષશીની છોડી માનસીંગને પોતાની સાથે તેડીને માહા રાક્ષસના રાજા પાસ આવી એટલે રાજા ઘણું હરખવાન થઓ અને પોતાની પાસે બેસાડી માનસીંગના આવવાનું કારણ પુછયું. માનસીંગે કહયું કે ભુતના રાજા બાબરાના મુખમાંથી તમારી તારીફના બેહદ સુખુનો સાંભળી આ મુલક જોવાનો મેં પકકો ઈરાદો અને બેહદ સંકટ વેઠી અતરે આવ્યો.રાજાએ પુછયું કે એ ગુણથી ભરેલા આદમી મારા છોકરાની આંખો આજ કેટલા વરસ થયાં બંધ રહીછે તે કેમે કરી ઉગડતી નથી મારા મુલકમાં કોઈ એવો ચાલાક તબીબ નથી જે મારા છોકરાની આંખો સાફ કરે.મને એજ એકલો છોકરોછે અને મારી સઘળી ઉમેદો એના ઉપર છે પણ તે કીરતારે મારા અતી વાહાલા છોકરાને તેના જન્મ પછી સુખનો એક દહાડોપણ સારો ગયો નથી. માનસીંગે ઘણોક દીલાસો દેઇ જવાબ દીધો કે તમો નામદારે એ વાતની કશી ફીકર ચીંતા કરવી નહીં. એ તમારા છોકરાની આંખો હું સાજી કરી શકીશ. રાજાએ માનસીંગને વચન આપ્યું કે તેના બદલામાં તું જે માગશી તે હું તારા પગ આગળ લાવી હાજર કરીશ. માનસીંગે તે પાણીને રીંછની છોકરીના આપેલા મોહરામાં ઘસીને તે છોકરાની આંખોમાં લગાડયુ કે તે તદન દેખતો થઇ ગયો. માનસીંગને પગે પડયો. માનસીંગે તેને પોતાની બગલમાં લઇ ઘણા પયારથી બકી કરી પોતાની પાસે બેસાડયો, રાજાએ બેશુમાર ઝરઝવેર માનસીંગના પગ આગળ લાવી મુકયું કે એ ગરીબપરવર મેં આ કામ ઝરને માટે નથી કીધું પણ જશને માટે કીધુંછે. આટલું બધું ઝર મને એકલાને

રા ખપનું છે પણ જે વચન તેં મને આપ્યુંછે તે વચનને તું સાબેત રહે. માહારાક્ષસે જવાબ દીધો કે તે વચન પર માણે હું ચાલવાને તીયાર છું ધર્મપુર્વક પ્રતિજ્ઞા લઇ કહુંછું કે તું મારી પાસે જે માગશે તે હું તને આપીશ. માનસીંગે કહયું કે તમો નામદાર પાસે જે શાહુમોરોછે તે મને આપો. માહારાક્ષસે તરતજ નીચું જોઇ માનસીંગને તે માગવાનું કારણ પુછયું. પછી પોતેજ બોલ્યો કે એ મોરો મોતીશા વેપારીની છોકરીએ તારીપાસે મગાવ્યો હશે પછી તે મોહોરો માનસીંગને આપીને બોલ્યો કે એની પાસેથી એ હું પાછો લઇશ. માનસીંગે કહયું કે પેલા જુવાનનાં એ છોકરી સાથ લગ્ન થયાપછી વરપે દહાડે તું તે લઇલેજે. જેવો માનસીંગે તે મોહરો પોતાના હાથમાં લીધો કે જમીનની અંદરનું દાટેલું સઘળું ધન તેની નજરે પડયું. માનસીંગ એ મોહોરાની ખુબીથી ઘણો અચરત પામ્યો પછી ત્યાંથી નીકળી ભુતોના રાજા બાબરાના શેહેરમાં પેલા ભુતોની સાથે આવી પોહોચ્યો ત્યાંથી પેલી ગબરમાં થઇને પેલી છોકરીના મેહેલતરફ આવી તે મોહોરો તેને આપ્યો પછી તેણીના બાપને બોલાવી પેલા જુવાનની સાથે પરણાવી. તે પછી દશમેદહાડે તે છોકરીની પાસેથી પેલો મોહોરો ગુપ્ત થઈ ગઓ જેથી તેણી રડવા લાગી. માનસીંગે તેણીને દીલાસો દીધો કે મેં તારા ધણીને એટલુ તો ધન આપેલુછે કે તે ધનનો છેડો કદી આવવાનો નથી ત્યાંથી પછી ગુણસુંદરીના પ્રશ્નની સોધમાં માનસીંગ નીકળ્યો. ચાલતાં ચાલતાં એક ગંગાનદીને કીનારે જઇ પુગ્યો જયારે એક મોટો મહેલ હતો તે તરફ કદમ ધરી આવી ને જુવે છે તો તેના દરવાજાપર ભગ્તીકર અને ગંગામાંનહા એમ લખેલુંછે આ જોઇમાનસીંગે પોતાના મનમાં ખુશી થઈ ધાર્યું કે હવે મારી મુરાદ પાર પડી જશે. અંદર દાખલ થતાં થોડા ચાકરો આવી માનસીંગને પોતાના ધણી પાસે લઈ ગયા જયારે માનસીંગ પેલા બુઢા માણસ પાસે ગયો

ત્યારે પોતાના સીંહાસન ઉપરથી નીચે ઉતરી માનસીંગને ઘણી મેરબાનીથી ભેટયો ઘણુએક માન આપી પોતાની પાસે બેસાડી પોતાના માણસોને તરેહ તરેહનું જમવાનું લાવવા હુકમ કર્યો. જ્યારે તેઓ જમી રહ્યા ત્યારે માનસીંગે કહ્યું ઓ માહારૂષી તમારા દરવાજા ઉપર જે લખ્યું છે તેનો અરથ શું છે ત્યારે તે ઘરડા માણસે જવાબ દીધો કે હું અગાઉ એક ચોર હતો અને દરેક માણસના ઘરમાં ખાતર પાડી માલ લઈ જંગલને રસ્તે લઇ જતો, અને કોઈ કોઈ વખત હું મજુરી કરતો હતો. દરરોજ રાતમાં ખાતર પાડી સવારમાં ગંગામાં નાઇ ગંગાની પુજા કરતો હતો. અને એવું કેહેતો હતો કે, એ કામ મહાદેવની ભક્તિ કરવા સારૂ કરૂછું એવી રીતે થોડાક દીન ગયા પછી એક દીવસે હું માંદો પડયો અને મોતની અણી ઉપર આવ્યો એવામાં બેસુધીની હાલતમાં એક જમ આવી મને હાથ પકડી નરકના કુંડ તરફ લેઈ ગયો અને કહ્યું કે તારે માટે આજ મકાનછે પછી મને કુંભી પાકના ઉપરીને સ્વાધીન કીધો, તે મને કુભીપાકમાં નાંખતો હતો; એટલામાં બે શીવના ગણ આવીને મારો હાથ પકડી પોતાની તરફ ખેંચવા લાગ્યા, અને બોલ્યા કે, અમો એને નહીં છોડીશું કારણ કે આ માણસની જગ્યા તો કૈલાસમાં કીધેલીછે માટે તું એને છોડી દે પછી મહાદેવના દેરા પાશે લાવી માહાદેવનાં દરસન કરાવ્યાં એટલે આકાશ વાણી થઈ કે હજુ એની ઉમ્મર બાકીછે અને તે માણસ બીજો છે જેનું નામ પણ એવુંજછે પછી તેઓ મને ગંગાને કીનારે પોચાડી પોતાના ભંડારી કુબેરને આગ્ના કરી એટલે મને નહીં ખુટે એવો અખુટ ભંડાર ખજાનો બક્ષીસ કર્યો એટલે મેં એક સુંદર મેહેલ બંધાવ્યો અને દરવાજા ઉપર લખ્યુંછે કે ભક્તિકર અને ગંગામાં ન્હા. આવી વાત સમજી માનસીંગ ઘણો ખુશી થયો અને ત્રણ દહાડા તે રૂષીના મેહેલમાં રહી ગુણસુંદરીના શેહેર ચંપાનગરી તરફ નીકળ્યો. રસ્તે આવતાં એક કાળો બિલાડો ને એક સફેત સાપ સાથે મારા મારી કરતાં જોયાં માનસીંગને માલમ પડયું કે પેલો

કાળો બિલાડો સપેત સાફને પકડી મારી નાંખશે, એવામાં દોડી તે કાળા બિલાડાને પકડવા ગયો પણ તે દોડી નાસી ગયો અને પેલો સફેદ સાપ કેટલોક વખત સુધી એક ઝાડ હેઠલ બેહોશમાં પડી રહયો, તે બિલાડાને કેહેવા લાગ્યો કે તું ખાતરી રાખજે કે હું તને એક ક્ષણ પણ વિલો મુકનાર નથી. તે સાપે હોશમાં આવી કહયું કે આ હિંમતવાન પુરૂષ હું એક જીનછું અને આ શેહેરના રાજાનો છોકરો છું પેલો કાળો બિલાડો મારા બાપનો ગુલામછે તે મારી સાથે અદાવત રાખેછે આજે તક જોઈ મને મારવા આવ્યો હતો. નજદીક હતું કે એ મને મારે એટલામાં તેં મારી ઉપર મેહેબાની કરી મને એ હરામજાદાના હાથમાંથી છોડાવ્યો. મારૂ ઘર અહીંથી ઘણું નજદીક છે માટે તું ત્યાં આવી થોડો વખત આરામ લે. માનસીંગે તેને ના કહયું પણ તે ઘણી બેહોંશ કરી તેને લેઈ ગયો જ્યારે તે એક જંગલમાં આવ્યા ત્યારે તે ગુલામ બિલાડાના રૂપમાં પેલા જીનના રાજાની પુંઠે લાગ્યો જ્યારે માનસીંગ અને પેલો જીન બને જણ એક લશકરમાં દાખલ થયા ત્યારે માનસીંગે પુછયું કે આ લશકર કોનું છે, તેણે જવાબ દીધો કે એ લશકર તારા દોસ્તનુંછે પછી તે જીને માનસીંગને પોતાના તખ્તપર બેસાડયો અને તેની આસના વાસના કરી, પુષ્કળ ઝવાહેર તેના પગ આગળ મુકયું એટલામાં પેલા બીલાડાને તે જીનના માણસો પકડી લાવ્યા પછી તેને ગરદન મારવાનો હુકમ કીધો. માનસીંગે પેલા ઝવાહેરમાંથી થોડોક લીધો અને ત્યાંથી નીકળી ચંપાનગરી આવી ગુણસુંદરીના મેહેલતરફ ચાલ્યો એક વરસ અને ચાર મહીના પછી તે ત્યાંથી આવી પોહોચ્યો એટલામાં ગુણસુંદરીના માણસો આવી માનસીંગને તેણીની પાસે તેડી લઈ ગયા. માનસીંગે જે સઘળું જોયું અને સાંભળ્યું હતું તેનું વીગતવાર વર્ણન કીધું પછી માનસીંગ ત્યાં થોડા દીવસ રહી બીજા પ્રશ્નનો જવાબ લેવા નીકળ્યો.

ત્રીજા પ્રશ્નનો જવાબ માનસીંગ લાવ્યો તેની વાર્તા.

કોઇને દગો ના કર, કરશે તેવું ભોગવશે, એ સ્વાલની સોધ કરવા માટે માનસીંગ નીકળ્યો કેટલાક દીવસ પછી તેણે આશમાનને લાગે એવી ઉંચાઈનો એક અતી મોટો પરવત દીઠો જ્યારે તે પરવતની તલાટી હેઠલ પુગ્યો ત્યારે રડવાનો અવાજ માનસીંગને કાને પડયો કે ઓ દેવાંગના તારી જુદાઇથી મને ના માર. માનસીંગ પરવત ઉપર ચઢયો ત્યારે એક મોટું છાંયાવાળુ ઝાડ તેની નજરે પડયું જેની નીચે સગેંમરમર પથરની લાડીઓ જડેલી હતી માનસીંગ જુવે છે તો એક ખુબ સુરતના ચેહેરાનો જુવાન પણ તદન ડુબેલો થઇ ગયેલો આંખ બંધ કરી હાથમાં ઝાડની એક ડાળી પકડી ઉભેલો છે પછી તે માણસની આગળ માનસીંગ ગયો અને ઘણા એક કાલાવાલા કરી તેનો હેવાલ પુછવા લાગ્યો. માનસીંગે તેને ઘણીવાર પુછ્યું પણ જ્યારે કાંઈ ઉત્તર નહી મળ્યો ત્યારે વીચાર્યું કે કદાચ એ બેહોશ હશે તેવોએ થોડીવાર પછી માનસીંગ સામે આંખ ઉઘાડી જવાબ દીધો કે ઓ પ્યારા તું કયાંથી આવ્યો, તારૂં નામ શું છે, અને મારીસાથે તને શું કામ છે. માનસીંગે કહ્યું કે જ્યારે તું અને હું એકજ જાતના છઇએ ત્યારે હું તારૂં દુખ દુર કરૂં અને તું મારૂં દુખ દુર કરે. માણસ જાતને એક માણસ દુખમાં જોઈ, અને જ્યારે તે દુખ દુર કરવાને ઉપાય ન કરે ત્યારે તે માણસ શા કામનો. તે જુવાને કહ્યું કે તારા જેવા ઘણાએક સખસો મારી પાસે આવી મારો હાલ પુછી ચાલ્યા ગયા, પણ કોઈએ ઈલાજ કરવાને માટે હમણાં સુધી કમ્મર બાંધી નથી; તેથી તું પણ તારે માર્ગે ચાલ્યોજા શા માટે મારી ઉપર ખાલી આફત વરસાવેછે. માનસીંગે કહ્યું કે જ્યારે તું સઘળા માણસો આગળ બોલ્યોછે તો પરમેશ્વરને વાસ્તે એકવાર મારી આગળ તો બોલ. પછી માનસીંગ તેની આગળ બેઠો ત્યારે તે જુવાને જવાબ દીધો કે હું એક વહાણવટી છું, મારૂં નામ ઝવેરચંદ છે હું અમદાબાદનો રેહેવાશી છું. એક દહાડો હું મારાં વહાણસાથે સમુદ્રમાં જતાં

આ જગ્યાએ આવી પહોંચ્યો, અહીંથી એક મૈલ સમુદ્ર છે ત્યારે હું વીસરામને માટે મારા વહાણથી દુર થઈ આ ઝાડ તળે આવ્યો, અને એક ચાંદની ખુબ સુરતની અપસરા જોઈ હું બેહોશ થઈ જમીન ઉપર પડી ગયો, તેવીજ તે અપસરાએ મારૂં માથું પોતાની જાંગ ઉપર મુકીને ઘણોએક અમરત છાંટી મને હોંશીઆર કીધો, જયારે તે દીલબરના હાથમાં મને જોઓ ત્યારે હું તેના ઉપર હજારો જાનથી આશક થઇ પુછવા લાગ્યો કે એ અપસરા આ જંગલમાં તું કોણ છે અને શા માટે આવી છે. તે અપસરાએ જવાબ આપ્યો કે હું એક ઇંદ્રની હજુરી છું, આ કીલ્લો મારો છે અને હું એક માણસને મારો પતી કરવા માગતી હતી તે મારી માગણી ઇશ્વરે આજે પાર પાડી છે એટલા માટે મેં તને મારા પતી તરીકે કબુલ કરયો છે. આવી મોબતની વાતો સાંભળીને મહારા વહાણની દોલતની પરવા કીધી નહીં. તે મારી સોબતમાં ત્રણ મહિના સુધી રહી, એક દહાડો મેં તેને કહ્યું કે એ પ્યારી આવે જંગલમાં રેહેવાથી આપણને શું ફાયદો થવાનો છે, આપણે શેહેરમાં જઇએ. એશ આરામમાં આપણો વખત ગુજારીએ ત્યારે તેણીએ જવાબ દીધો કે જો તારી નજરમાં એમ વધારે સારૂં લાગે છે તો મહારા કુટુંબથી યા મારા ઇંદ્ર રાજાથી રજા લઇ આપણે અહીંઆંથી જઈએ, હું હમણાં મારાં માત પીતાને મળી આવું છું મારૂં ઘર ઘણું નજીક છે માટે જયાં સુધી હું આવું ત્યાંસુધી તું અહીંઆંજ બેસજે. મેં કહ્યું ઠીક છે પણ તું પાછી કયારે આવશી, તેણીએ કહ્યું કે હું આ અઠવાડીયામાં પાછી આવીશ પણ તું આ જગ્યાએ બેસજે અને વાટ જોજે કે અહીંઆંથી જરાપણ ખસતો નહીં; અગર જો જશે તો તુંને ઘણો પસ્તાવો થશે એમ કહી તે પદમણી ચાલી ગઈ તેણીને ગયાંને આજ સાતસો વરસ થયાં છે પણ હજુ પાછી ફરી નથી અને હું તેના કોલ પરમાણે બીજી કોઈ જગ્યાએ જઈ નહીં શકયો. કારણ કે જયારે હું જાઉં અને તે પ્યારી આ જગ્યાએ આવી મને ન જુ-

તે તો પાછી ચાલી જાય. હવે મારામાં તાકાદ રહી નથી કે હું જઈને તેની તપાસ કરૂં. આ ઝાડનાં પાંતરાં ખાઈ મારૂં ગુજરાન કરૂં છું અને આએ સરોવરનું પાણી પીઉં છું. જમીન એટલી પોચી નથી કે તે ગોડી તેની અંદર ભરાઈ જાઉં. આકાશ એટલું નજદીક નથી કે તેની ઉપર ચડી તેમાં ચંદ્રનો તારો થઇ ચોટી જાઉં. નથી ચાલવાના પગ કે નથી રેહેવાને ઘર. આ સાંભળી માનસીંગ બોલ્યો કે તે અપસરાનું નામ શું હતું તે તને જણાવી ગઈ છે, નહીતો તને કશુંબી માલમછે કે તે કયે ઠેકાણે ગઈ છે. તે જુવાને કહ્યું કે તેનું કુટુંબ અલકા નામના પાહાડમાં રહે છે. પણ હું જાણતો નથી કે તે અલકા પહાડ કયાં છે તે અપસરાનું નામ ફુલઝરીન છે. માનસીંગે પુછયું જયારે તે અપસરા તારી આગળથી ચાલી ગઇ ત્યારે તે કઇ બાજુએ રવાને થઈ હતી. વહાણવટીએ જવાબ આપ્યો કે તે જમણા હાથ તરફ નાકની પધારે ગઈ હતી પણ પછી કહી તરફ ગઈ તે મને તદન ખબર નથી. માનસીંગ તેની પાસેથી રજા લઇ અલંકા પાહાડ તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં તે પાહાડ ઉપર ચડીને જુવે છે કે તરેહ તરેહના મેવાદાર ઝાડો ફળોથી ઝુમી રહ્યાં છે અને રંગ બેરંગી ફુલોના રોપાઓથી તે જગ્યાને એવી તો રમણીક કીધેલી કે કાંઈ કેહેવાની વાત નહિ. આગળ ચાલતાં ચાર મોટાં ઝાડ નજરે આવ્યાં તે ઝાડોની હેઠળ એક બાગ જેવું મકાન રમણીક કીધેલું હતું. માનસીંગ અંદર જઈ ઝાડોની હવા ખુશ લાગવાથી ત્યાં સુઇ ગયો, જયારે સુર્યનારાયણ ઉદય થયા ત્યારે ચાર અપસરાઓ ત્યાં આવી ગાલીચા બીછાવી તેને રેશમી તકીયાઓથી સણગારીને તે ઉપર બેઠી. જયારે તેઓની નજર માનસીંગ ઉપર પડી ત્યારે પોતપોતામાં કેહેવા લાગી કે મૃત્યુ લોકનું માણસ આ જગ્યાએ કેમ ગમન કરયું હશે. તેમાંની એકે ઉઠીને માનસીંગને પોકાર કીધો કે એ જુવાન તું અહીંઆં કેમ આવ્યો છે. માનસીંગે ઉ-

ठीने जवाब दीधो के आ जग्याए मने परमेश्वर लाव्योछे, हुं फुलझरीन देवांगनाने माटे अलंका पाहाड तरफ जाउंछुं कारण के ते अपसराए कोई वहाणवटीने सात दहाडानो वायदो कीधो हतो, तेने आज सातसें वरस थयां छे तोपण ते आवी नथी. ते बीचारो तेज झाड हेठळ बेसी हाय मारीआ करेछे, तेथी ते दगलबाज अपसरानी सोधमां हुं जाउंछुं. देवांगनाओए जवाब दीधो के अलंका पाहाडना राजानी फुलझरीन छोकरी थाय छे ते अपसराने एटली शुं गरज के माणसनी साथ काम पाडी वायदो करी आवे, अमने लागे छे के तुं दीवानो छे. एटले मानसींग बोल्यो के मने दरेक उपाय करी फुलझरीनी साथ मेळवो. पछी तेओ मानसींगने बांधीने पोतानी राजकुंवरी आगळ लईआवी मानसींगने आगळ उभो करी तेमांनी एक बोली के मेहेरबान बाइ हमोए आ माणसने आपणा बाग पासे पकडयो छे तेने आपनी पासे लावी उभो कीधो छे, फुलझरीन मानसींगने जोतांज पेलो माणस याद आव्यो तेथी तेनी उपर घणी मेहेरबानी देखाडी एक सोनानी खुरसी उपर बेसाडी पुछयुं के ओ जुवान तुं कयांथी आव्यो छे, शुं नाम धरावे छे अने अहींआं आववानी तारी मतलब शुं छे. मानसींग ते अपसरा उपर आशक थई गयो हतो के, तेनाथी कांइबी जवाब आपी शकायो नहीं ते अपसरा मानसींग उपर आशक थइ प्रेहथी व्याकुळ थई नरमाशथी पुछवा लागी के मने तुं जवाब दे अने जलदी बोल ओ मारा प्राण प्रीय तारा उपर मारूं दील एटलुं लाग्युंछे के, तारा मुखनी अमरत जेवी वाणीथी शांत पमाड ते बोल्यो के हुं पगनपुर शेहेरनो राजाछुं मारूं नाम मानसींगछे. ज्यारे ते अपसराए मानसींगनुं नाम सांभळ्युं त्यारे तरतज तखत उपरथी हेठे उतरी कहयुं के में मानसींगनुं नाम जाण्युं छे पछी मानसींगनो हाथ पकडी पोताना तखते बेसाडी कहयुं के ओ पगनपुरना माहाराजा तें आज मारी उपर मोटी मेहेरबानी करी मारा मेहेलने तारा पगलाथी

પવિત્ર કીધોછે માટે હું તારો બેહદ ઉપકાર માનુંછું મને કેહેકે આટલી મેહેનત ખેંચી આહીંયાંસુધી આવવાનું તારૂં શું કારણછે અને જે કામને માટે આવવાનું થયું હોય, તે જલદી જાહેર કર. માનસીંગે કહયું કે તારી આટલી બધી માયાનો બદલો હું કેવી રીતે વાળી શકીશ તે માહારાથી કહી શકાતું નથી. હું જે કામને માટે આવ્યોછું તે કામએછે કે જે જુવાન માણસને તેં એક જંગલમાં મોબત દેખાડી હતી તે જુવાન આજ સાતસેં વરસ થયાં તપ કરે છે તેજ જગ્યાએ બેઠોછે માટે તારૂં આપેલું વચન તું પાળ તરતજ ફુલઝરીને પેલા જુવાનનું ભાન આવ્યું તેથી માનસીંગને કેહેવા લાગીકે જો તે મારો ખરો આશક હોયતો આ જગ્યાએ ન આવે. માનસીંગ બોલ્યો કે તેં તેને કહયું હતું કે, હું સાત દહાડાપછી આવીશ માટે તું આજ ઠેકાણે બેસજે એટલે તે તેજ જગ્યાએ બેસી રહયોછે. માટે તેને બોલાવ તેની ઉપર મેરબાન થઈ તેને તારા સ્વામી તરીકે રાખ. અપસરા બોલીકે જ્યારે મેં તને જોયો ત્યારેજ મને તે જુવાનયાદ આવ્યો અને હું એમ સમજીકે તે તુજ હશે એટલે માનસીંગે કહયું કે તે જુવાનને તું તારી આગળ બોલાવ એટલે તે અપસરાએ પોતાની સાહેલીઓને હુકમ કીધો એટલે તરત તેને તેડી લાવીઓ. પછી માનસીંગે કહયું કે હવે આ જુવાનની સાથે તારાં લગ્ન કર ત્યારે તે અપસરાએ એમ કરવા ના પાડી એટલે માનસીંગે પેલા રીંછની છોકરીનો આપેલો મોરો તેને સરબતમાં પાઇ દીધો. એટલે તે અપસરા તેની ઉપર ઘણી આશક થઈ ગાંધર્વ વિવાથી લગ્ન કીધું. એટલે તેનું જોડું ખુશી ખુશાલીમાં પોતાના એસઆરામમાં ગરક થયું એટલે માનસીંગ રજા લેઈ ચાલ્યો એટલે તે અપસરાએ પુછયું કે તું કયાં જવાનોછે. માનસીંગે કહયું કે હું ગીરનારની તલાટીમાં જવાનો ઈરાદો રાખુછું. કારણ કે ત્યાં હરીનંદ નામના માણસ સાથ મને કામછે પછી તે અપસરા બોલીકે તું કાંઈ ફીકર ના કર. હું તને મારા ગાંધર્વોની સાથે મોકલુંછું એમ કહી પોતાના ગાંધર્વો સાથે

માનસીંગને તખત ઉપર બેસાડી મોકલાવ્યો. જ્યારે તે ગીરનારની તલેટીમાં પોંહોંચ્યો ત્યારે તે ગાંધર્વને રજા આપી. તરતજ માનસીંગ ત્યાંથી ચાલતો થયો અને પેલા ગાંધર્વ પોતાના મુલક તરફ રવાને થયા પછી માનસીંગને તે ડુંગરમાંથી એક અવાજ સંભળાયો તેથી તે અવાજ આવતો હતો, તે તરફ ચાલ્યો અને જુવેછે તો એક ઝાડ નીચે એક પીંજરૂં લાગેલું છે તેમાં એક ગરડો ડોસો બેઠેલો છે. તે જોઇ માનસીંગે પુછ્યું કે એ મેહેરબાન માણસ આવી રીતે તું શા માટે બોલેછે અને તને પીંજરમાં કોણે બંધ કીધોછે. તે માણસે જવાબ આપ્યો કે એ જુવાન માણસ મારો હેવાલ તું ના પુછ જો પુછવા ચાહતો હોયતો મને વચન આપ કે તે હેવાલ સમજી મારૂં દુઃખ દુર કરવાની તું કોસેસ કર. માનસીંગે કહ્યું કે હું તને તારૂં દુઃખ નીવારણ કરવાનું વચન આપુંછું પછી તે ડોસાએ પોતાનો હેવાલ કહ્યો કે હું એક વેપારીનો છોકરો હતો, મારા બાપનો વેહેપાર ઘણો બોહોળો હતો, મારૂં નામ હરીચંદછે જ્યારે હું મોટો થયો ત્યારે મને મારા બાપનો વારસો મળયો પણ હું ઘણો ઉડાઉ હતો. તેથી મેં થોડા વખતમાં સઘળો પૈસો ખરચી નાંખ્યો જે પૈસો મારા બાપે મુસ્કેલીના વખતને માટે સંતાડયો હતો. તે ખજાનાની મેં સોધ કીધી પણ મને કોઈ ઠેકાણેથી મળી શકયો નહીં અંતે મને બજારમાં એક માણસ મળ્યો જેને મને કહ્યું કે, હું સંતાડેલો ખજાનો સોધી આપુછું તે જાદુગરે મને વચન દીધું કે, જો તું મને તારા ખજાનામાંથી અડધો ભાગ આપેતો તે તને મેળવી આપું. એટલે તે જાદુગરે પોતાના જાદુના એલમથી તે ખજાનો સોધી આપ્યો પછી મેં તે માણસને થોડું આપવા માંડયું એટલે તેણે મને એમ કીધું કે મારે તેમાંનું કંઇ જોઈતું નથી એમ કહી પોતાના જાદુથી મને આ પીંજરામાં નાંખી ચાલતો થયો એટલે મેં પોકાર કરી તેમાણસને કહ્યું કે મારો છુટકારો આમાંથી કેદાડે થશે. ત્યારે તે માણસ બોલ્યો કે તેં મારાથી દગલ કીધી માટે તેનાં ફળ તું ભોગવે, એટલે મેં

તે માણસની ઘણી સ્તુતી કીધી, એટલે તે બોલ્યો કે પગ-
નપુર નામે શેહેરનો રાજા માનસીંગ કરીને આવશે તેથી
તારા દુ:ખનો છેડો આવશે. એટલે હું ઘણાં વરસ થયાં તે
માણસની વાટ જોયા કરૂં છું પરંતુ ઘણાએક રાજકુમારો મને
મળ્યા પણ મારૂં દુ:ખ કોઇથી દુર થયું નહીં અને આજે
તું આવ્યો છે, હવે મને લાગે છે જે તું મારૂં દુખ ભાગશે,
એટલે માનસીંગ પોતાના મન સાથે કેવા લાગ્યો કે જો આ
માણસને પેલી રીંછની છોકરીનો મોરો અને અમરવેલી બે
મળીને એકઠા ઘસીને પાયાથી આરામ થશે. એમ કહી
પાસેના પરવતમાં જુવેછેતો ગીરનાર ઔષધથી ભરપુર માલ-
મ પડયો. આગળ ચાલતાં ઉજળ મુખી ખેતરપાળ આવ્યો
ત્યાં જઈ ખેતરપાળની પુજા કીધી એટલે ખેતર તેને તૃપ
માન થયો અને બોલ્યો કે તેં મને શા માટે યાદ કરયો
ત્યારે માનસીંગ બોલ્યો કે પેલા બુઢા માણસને કોઇ જાદુગરે
પીંજરામાં પુરેલછે માટે તેને આરામ થાય એવી ઔષધી
મારે જોઈએ છીએ, એટલે ખેતરપાળે તેને કહયું જે અમર-
વેલી સેસાવનમાં મળશે, માટે તે જગ્યોએથી લાવી તારી પા-
શે જે રીંછની છોકરીએ આપેલો મોરો તેની સાથે ઘશી સ-
રબત કરી તેને પાજે. એટલે તરત તેને આરામ થશે.
એટલે માનસીંગ સેસાવનમાં ગયો અને અમરવેલીનો વે-
લો લઈ પેલા ડોસાની પાસે આવ્યો અને પેલા મોહોરા
સાથે ઘસી તેનું સરબત કરી પેલા ડોસાને પાયું કે તરત
જુવાન માણસ થયો અને માનસીંગને નમીને કહયું કે
ઓ દેવવંશી પરદુ:ખભંજન તારો ઉપકાર મારા ઉપર ઘણો
જ થયોછે તેનો બદલો આપવા હું અશકતછું એમ કહી
તેને આશીરવાદ દઇ પોતાને ઘેર માનસીંગને તેડી થોડા દ-
હાડા મેમાન રાખી ઘણુંએક જરઝવેર આપી વિદાય કીધો.
પછી થોડા દીવસની અંદર ચંપાનગરી આવ્યો અને ગુ-
ણસુંદરીના મેહેલમાં દાખલ થયો અને તેણીની આગળ
સઘળો હેવાલ જાહેર કીધો. તે સાંભળી ગુણસુંદરીને ઘણો

આનંદ થયો પછી માનસીંગને તરેહ તરેહનું અમરત ભોજન ખવડાવ્યું પછી માનસીંગે ચોથા પ્રશ્નનો જવાબ માગ્યો એટલે તે બોલી કે એક માણસ એમ કહે છે કે સત બોલનાર સદા સુખી માનસીંગે કહ્યું કે તે સખસ ક્યાં છે? તે બોલીકે તે વાતની મને ખબર નથી પણ મેં મારી માતરફથી સાંભળ્યું હતું કે તે શેહેરનું નામ કોસંબી નગરી છે પણ હું જાણતી નથી કે તે કયાં છે. પછી માનસીંગ ચોથા પ્રશ્નની ખબર લેવા ચાલ્યો.

ચોથા પ્રશ્નનો જવાબ માનસીંગ લાવ્યો તેની વાર્તા.

ચંપાનગરીથી ચાલતાં માનસીંગ મોટા એક જંગલમાં આવી પુગ્યો અને ચોતરફ નજર કરી જુવે છે તો એક મોટો પરવત તેની નજરે દેખાયો, થોડા દીવસમાં તે પરવત આગળ આવી પુગ્યો, તે પરવતની હેઠળથી રમણીક અને સુંદર સુસોભીત ગંગાજળનો પરવાસ વહેતો હતો. માનસીંગ જયારે તે ગંગાના કીનારા આગળ આવ્યો ત્યારે જોયું તો તેની નજદીક એક માન સરોવર દેખાયું, માનસીંગ તે જોઈ ઘણો ખુશી થયો અને જે ઠેકાણેથી પેલું પાણી વહેતું હતું તે ઠેકાણે આવ્યો, થોડેએક ચાલ્યો એટલે એક મોટા ઝાડ પાસે આવી જુવે છે તો તે ઝાડ ઉપર મનુષ્યનાં માથાં લટકતાં હતાં, તેની નીચે એક મોટો હોજ હતો તે હોજની અંદર તેનાં માથાંનું લોહી ઝરતું હતું તેથી હોજ રૂધીરથી ભરાઈ ગયેલો હતો. જયારે માનસીંગ ઝાડની બરોબર પાસે આવ્યો ત્યારે તે સઘળાં માથાં હસવા લાગ્યાં. આ ગુપત બોના જોઈ માનસીંગની છાતી ફાટવા લાગી તે માથાંમાંથી લોહીનાં ટીંપાં તે હોજમાં પડતાં હતાં જયારે માનસીંગે ઉંચે નજર કરી ત્યારે એક અતી ખુબ સૂરત માથું તેની નજરે પડયું તેની ખુબ સુરતી જોઇ માનસીંગ બેસુધ થઈ જમીન ઉપર પડયો અને એક કલાક પછી જયારે સુધીમાં આવ્યો ત્યારે ચીંતા કરવા લાગ્યો કે આવા

ખુબ સુરત માથાને કાપી ઝાડ ઉપર લટકાવ્યું છે ત્યારે તેણે કેવો મોટો ગુન્હો કરયો હશે. આમ વીચારી પોતાના દીલ માં કેહેવા લાગ્યો કે એ માનસીંગ જ્યાં સુધી આ ગુપ્ત વાતથી માહેત થયો નહીં ત્યાં સુધી તુને પાછું ફરવું વ્યાજબી નથી. સાંજની વખતે તે માથાં ઝાડ ઉપરથી ઉડી તળાવ એટલે માનસરોવર અંદર પડયાં તે માનસીંગે બરોબર જોયાં સઘળાં માથાંઓ રાક્ષસીઓની સુરતે બની ગયાં અને જે માથું સઉથી ખુબ સુરત હતું તે માથાવાળી રાક્ષસી એક હીરા મોતીથી જડેલા તખત ઉપર આવી બેઠી બાકીની સઘળીઓ પોત પોતાની ખુરશી ઉપર ચો તરફ બેઠી. બેઠા પછી થોડીઓ અદબથી તે મોટી રાક્ષસી આગળ ઉભી રહી. હવે વાજીંત્રના નાદ થવા લાગ્યા અને સઘળી રાક્ષસીઓ નાસવા લાગી અને નાચ રંગમાં ગુલતાન થઇ. માનસીંગ આ સઘળું જોતો હતો એટલામાં મધરાતનો વખત થવા આવ્યો, પછી થોડીક રાક્ષસીએએ ભોજનની તઇયારી કીધી, સોના રૂપાની થાળીઓમાં તરેહ તરેહનું લિજતદાર જમણ કરી એક હીરા મોતીથી સણગારેલા બાજોઠ ઉપર એવીતો સફાઇથી મુકયું કે તે જોઈ માનસીંગની બુદ્ધિ તેનો ભેદ જાણવા બીલકુલ કામ કરી શકી નહીં. એક રાક્ષસીએ આવી પોતાની રાજકુંવરીને ખાવાનું તઇયાર છે માટે ચાલો. તે કુંવરી તખત ઉપરથી નીચે ઉતરી પોતાના એક ચાકરને કહયું કે એક મોટા થાળમાં દરેક જાતનું પકવાન મુકીને પેલા મુસાફરને આપી આવ. તેણીના ફરમાવ્યા મુજબ પેલી રાક્ષસી માનસીંગની આગળ તે થાળ લાવી. આંખના ઇસારાથી કહયું કે અમારાં રાણી સાહેબે તારે માટે આ ભોજન મોકલાવ્યું છે. માનસીંગે પુછયું કે તમારાં રાણીનું નામ શું છે, તે રાક્ષસીએ જવાબ દીધો કે આ વાત તું મને ના પુછ કેહેવાનો હુકમનથી, તુને નામનું શું કામ છે. આ ખાવાનું છે તે તું ખા, અને પેટ ભરાયા પછી સુઈ રહે. માનસીંગે કહયું કે જ્યાં સુધી તું મને આ ગુપ્તવાતથી વાકેફ નહીં કરશે ત્યાં સુધી હું ખાવાનો નથી

તે રાક્ષસીએ જઈને પોતાની રાણીને આ વાત જાહેર કીધી. તે રાણીએ જવાબ મોકલાવ્યો કે પરથમ તું ખા પછી તુને આ વાતથી વાકેફ કરેશ. જયારે માનસીંગ ખાઈ રહયો ત્યારે પેલી રાક્ષસીને કહ્યું કે હવે તું મને આ વાતના ખુલાસાથી વાકેફ કર. તે રાક્ષસીએ જવાબ દીધો કે આવતે કાલે સઘળુ તારી આગળ જાહેર કરીશ. માનસીંગે વીચાર્યું કે તે રાક્ષસીને પકડું પણ તેવામાં તે રાક્ષસી પોતાના માથા ઉપર થાળ મુકી તળાવમાં જતી રહી અને પોતાની રાણી આગળ હાથ જોડી ઉભી રહી. તખ્ત ઉપર બેહેલી રાણીએ બાકીની રાત નાટારંગ જોવામાં ગુજારી, જયારે સવાર થઈ ત્યાર સઘળી રાક્ષસીઓ માનસરોવરમાં પડી. પોતાની રાક્ષસીમાયાથી પોતાનાં માથાં કાપ્યાં તે માથાં ઉડીને ઝાડ ઉપર લટકી ગયાં. માનસીંગ પરવતની ગફામાં બેહેલો હતો તેમાંથી બાહેર આવીને ઝાડની નીચે બેઠો ત્યારે સઘળાં માથાં હસવા લાગ્યાં. માનસીંગે પોતાની નજર સૌથી ઉંચેના માથા ઉપર કીધી, કારણ કે તે રાજાની કુંવરીની મોબતે તેના દીલમાં એવું તો મજબુત ઘર કીધું હતું કે માનસીંગનું દીલ બળીને ખાખ થતું હતું. પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે જો આ બીનાથી હું વાકેફ થાઉં તો ખુશ કરીને આ રાક્ષસીઓની રાણીની સાથ હું પરણી ને મારી જીંદગીની મોજ શોખ મેળવીને અભય સુખ ભોગવું, આ પણ કોઇ રાક્ષસીમાયાથી થયું હશે કારણ કે દીવસના આ સઘળાં માથાં ઝાડ ઉપર લટકી જાય છે અને રાતના પાછાં માણસોની સુરતમાં બદલાઇ જાયછે, એ વીચારમાં દહાડો કાહાડયો અને રાત પડી ત્યારે આગળની માફક સઘળાં માથાં સરોવરમાં પડી નવજોબન સ્ત્રીઓ દેવાંગનાનાં રૂપ ધરી પોત પોતાના બીછાના ઉપર બેઠી. રાજકુંવરી રત્ન જડીત્ર તખ્ત ઉપર બેઠી. માનસીંગ તરતજ ત્યાંથી ઉઠી પોતાની ગફા તરફ આવીને બેશી રહયો અને તે જોવા લાગ્યો કે આજ રાતે મને એઓ વીશે ખબર પડશે.

જ્યારે મધ્યરાતને સુમારે માનસીંગની આગળ પેલી રાક્ષસી ખાવાનું લાવી ત્યારે માનસીંગે કહ્યું કે જ્યાં સુધી આ માયાથી હું જાણીતો નહીં થાઉં ત્યાં સુધી આ થાળમાંથી જમવાનો નથી હું હાથ પણ લગાડીશ નહીં. તે રાક્ષસીએ પોતાની રાણીને માનસીંગની ઇચ્છા જાહેર કીધી, ત્યારે તે રાણીએ તેની ઉપર કેવડાવ્યું કે તું જઈને કેહે જે જ્યારે તું અમારી રાણી પાસે આવશે ત્યારે તને આ વાતનો ભેદ ખુલ્લો કરી કહેશે. માટે તું ખુશીથી ખાઈને મારી સાથે ચાલજે. ઉપલો જવાબ જ્યારે તે રાક્ષસીએ માનસીંગને કહ્યો ત્યારે માનસીંગે ખુશીથી ખાધું, ખાઇરહ્યા પછી માનસીંગ તે રાક્ષસી સાથ ચાલ્યો. તે રાક્ષસી સરોવરમાં પડી ગઇ અને માનસીંગ પણ તેની પછવાડે પેલા તળાવમાં પડયો જ્યારે માનસીંગના પગ જમીનને લાગ્યા ત્યારે આંખ ઉઘાડી જોયું તો નહી મળે તે સરોવર કે નહી મળે તે ઝાડ કે નહી મળે તે રાક્ષસીઓ પણ એક મોટા જંગલમાં આવી પડયો. માનસીંગ પોકાર કરી કેવા લાગ્યો અને માથાના વાળ પેંખી નાખવા માંડયા અને રૂદન કરી આળોટવા લાગ્યો અને દીવાનો બનીગયો અને પોકાર કરવા લાગ્યો, હાય હાય ખુબ સરૂપવાળી સ્ત્રી મળે તો જીવું નહીંતો મારી દેહ અગ્નીમાં બાળી મુકું, એવી રીતે પોકાર કરતાં કરતાં એક ઝાડ નીચે દસ દહાડા સુધી રહ્યો, એટલે તે અપાર શકિત વાળા પરમકૃપાળુ પરમાત્માએ તેની ઉપર મેર કરી નારદ મુનીને હુકમ કીધો કે જે માણસ પેલા જંગલમાં રડેછે અને પોકાર કરેછે અને દીવાના માફક ફરે છે તેને દયા કરી તેના ઉપર દુઃખ છે તેનું નિવારણ કરો, એ માનસીંગે આ જગતના લોકો માટે જન્મ લીધો છે, તે દેવછે અને ઇન્દ્રનો પુત્ર છે તેને પુરવે રૂષીએ સરાપ દીધો તેથી તે મૃત્યુ લોકમાં રાજાને ઘેર અવતાર લઈ પરદુઃખ ભંજન એટલે પારકાનું દુઃખ ભાગનાર એ નામથી તે ઘણો પ્રખ્યાત છે તેને હરેક ઉપાય કરી મદદ કરવી જોઇએ. માનસીંગ જંગલમાં ઝાડ

નીચે બેહેલો એટલામાં હાથમાં તંબુર લઈ નારદજી વેણાજંત્ર વગાડતા વગાડતા આવ્યા અને તેને આવતા જોઈ માનસીંગ વધારે રડવા લાગ્યો, નારદજીએ આવી માનસીંગના મુસ્તક ઉપર હાથ મુકયો એટલે માનસીંગની આંખ ઉઘડી, તે જુવે-છે તો માહા રૂષી નારદજીનાં દરશન થયાં એટલે દંડવત કરી કેહેવા લાગ્યો કે આ જંગલનું નામ શું છે ? ત્યારે ના-રદજી બોલ્યા કે આ જંગલને ખાંડીવ વન કરી કહેછે, પછી માનસીંગ પોતે ત્યાં શીરીતે આવ્યો તે પુછયું. નારદ મુનીયે જવાબ દીધો કે તે પેલા સરોવરમાં પડયો, તે અહીંથી બે હજાર માઈલ દુર છે પછી આ સાંભળી માનસીંગને પેલી રાક્ષસની રાણી યાદ આવ્યાથી રડવા લાગ્યો અને કલ્પાંત કરવા લાગ્યો, એટલે નારદમુનીએ પુછયું કે તું શા માટે રડે છે. ત્યારે માનસીંગ બોલ્યો કે હું જે જગ્યાએ હતો ત્યાં પાછો જવા ઇચ્છુંછું, તે મુનીયે કહયું કે ઠીક છે; તું તારી આંખ મીચીને ઉઘાડ. માનસીંગે તેમ કીધું તો તરત પોતાને તેજ સરોવરપાસે ઉભેલો જોયો. કેટલોક વખત ગયા પછી માનસીંગે વીચાર્યું કે હું તળાવમાં પડયો તો મારી ઉપર આ-વો શીતમ ગુજરયો. વાસ્તે બેહેતર એ છે કે ઝાડ ઉપર ચઢી કોઇબી રીતે પેલા માથાને હું નીચે ઉતારૂં. આ ધારણા કરી તે ઝાડ ઉપર ચડવા લાગ્યો. એકાએક તે ઝાડ રાક્ષસી માયા-થી હાલવા માંડયું અને તેનું થડ એકાએક ફાટી ગયું ને મા-નસીંગ અંદર પેસી ગયો એટલે રાક્ષસીઓએ એવી માયા કીધીકે તેઝાડ ચોતરફથી બંધ થઇગયું અને માનસીંગ અં-દર ભરાઇગયો એવી બીના જોઈ માનસીંગ પોતાના મનમાં બીવા લાગ્યો અને આશું દુઃખમાં આવી પડયો છું આદુઃ-ખથી હવે મને નારદજી છોડાવેતો છુટું એટલામાં નારદમુ-ની ત્યાં આવી પોચ્યા માનસીંગ કેહેવા લાગ્યો કે ઓ મા-હારૂશી મારી રક્ષા કરો મારી ક્ષમા કરો એટલે નારદજી બોલ્યા કે ઓ માનસીંગ આ રાક્ષસી માયામાં તારા જીવને તું જોખમમાં લાવશે માટે આ માયાથી વેગળો રહી તું તારાં

કામને માટે જા તુને આ માથા સાથ શું કામછે, માનસીંગે કહયું કે એનો ભેદ જાણવા માગુંછું કારણકે મારૂં દીલ મારા હાથથી જતું રહયું છે પછી નારદ રૂષી બોલ્યા કે, આ માયાનો બનાવનાર ઢુંઢો રાક્ષસછે તે ઢુંઢગીરી પર્વત ઉપર રહેછે તે સૌથી ઉપરનું માથું તેની છોકરીનું છે જેણે એક દીવસે પરણવાની ઇચ્છા પોતાના બાપ પાસે કીધી તેની રાક્ષસી માયાએ કરી ક્રોધાધીન થઈ પોતાની છોકરીના અને તેની સઘળી સાહેલીઓના આ હાલ કીધા છે. તે છોકરીનું નામ ચંદ્રપ્રભા છે રાક્ષસ ઢુંઢાનો પરવત અહીંથી બે હજાર મૈલ દુર છે. જ્યાંસુધી તે રાક્ષસ જીવતો રેહેશે ત્યાંસુધી તેની છોકરીનાં કોઈની સાથ લગ્ન કરવાનો નથી. ત્યારે માનસીંગે કહયું કે મને એમજ માલમ પડેછે કે મારૂં મોત તે રાક્ષસને હાથેજછે. ત્યારે નારદગુનીએ કહયું કે, મને એમજ માલમ પડેછે કે જો આ સ્ત્રી ઉપર તું તારૂં દીલ લગાડશે તો તારો જન્મારો થોડા વખતમાં વૃથા જશે માટે આ માયાથી વેગળો રહે. આ રાક્ષસી માયા માહા વિક્રાળ છે માનસીંગે કહયું કે હું મોતથી બીતો નથી જે થવાનું હોયતે થાય પણ મારેતો એ ભેદથી વાકેફ થવુંજ જોઇએ, જ્યાંસુધી એ રાક્ષસીને હું હાથમાં નહીં લઈશ ત્યાંસુધી મને ચેન પડવાનું નથી. નારદમુની બોલ્યા કે, ત્યારે હવે તું શું કેહેવા માગેછે માનસીંગે જવાબ દીધો કે હું એ ઝાડોની અંદર મારૂં શરીર લટકાવવા માગુછું એટલે નારદમુનીએ માનસીંગને ઘણી રીતે સમજાવ્યો પણ તે સમજ્યો નહીં ત્યારે નારદમુનીએ પોતાની તામસી વિદ્યાથી માનસીંગને કહયું કે, હવે તું આ ઝાડ ઉપર ચડ, જેવો માનસીંગ ચઢયો કે નારદમુની અલોપ થયા. એવામાં માનસીંગનું માથું પેલા માથાની સાથેજ લટકી રહયું અને જ્યારે રાત પડી ત્યારે અગાઉની માફક સઘળાં માથાં માનસીંગની સાથે સરોવરમાં પડયાં. સઘળી રાક્ષસીઓ પોતપોતાની જગ્યાએ આવીને બેઠી અને માનસીંગ તખતની પાસેના ખુણામાં હાથ જોડીને

ઉભો રહયો પોતાને કંઇ ખબર હતી નહીં કે હું કયાંછું અને શું કરૂંછું એટલે રાણી ચંદ્રપ્રભા બોલી કે એ જુવાન તું કયાંથી આવ્યો છે તું કોણ છે અને તારૂં નામ શું છે. માનસીંગે કહયું હું તારા ચાકરમાંનો એક છું અને હું તારાજ સરોવરમાંથી આવ્યોછું ચંદ્રપ્રભાએ જાણ્યું કે એ પણ રાક્ષસી માયાથી થયોછે એટલે પોતે ચુપ રહી, અને હેડંબા નામની રાક્ષસી ક્રોધ કરી ઉઠીને એક તમાચો એવા જોરથી માર્યો કે, માનસીંગ ત્યાંથી ઉડીને સમુદ્રની અંદર પડયો એટલામાં એક રાક્ષસી સમુદ્રમાંથી આવીને માનસીંગને એક પેટીમાં નાંખી બંધ કરી એક મગરમચ્છને પેટી સોંપી ચાલી ગઇ. એટલે નારદમુનીએ જાણ્યું કે પેલા રાજકુંવરને માહા દુઃખમાં નાંખી પેલી રાક્ષસી પાહાડમાં ગઈ છે માટે તેનું રક્ષણ કરવા માટે માનભદ્રવીરને કહયું કે તે પેટી તમો ઉપાડી લાવો એટલે તે માનભદ્ર ત્યાંથી ચાલ્યો અને સમુદ્રની આગળ પેલી પેટી જે મગરમચ્છની ચોકીમાં હતી તે ઉપાડી તેમાંથી માનસીંગને બાહાર કાઢી એક મોટા જબરજસ્ત રીંછને અંદર નાંખી ઢાંકણું બંધ કરી માનસીંગને તેડીને નારદમુની પાસે આવ્યો. માનસીંગ નારદમુનીને નમન કરી બોલ્યો કે હે માહારૂષી મને એ છુપા ભેદથી વાકેફ કરો નહીંતો મારો જીવ એ બીનામાં જશે એટલે નારદમુની બોલ્યા કે તું માહાદેવની ઉપર તપ કર જેથી તારૂં કાર્ય ભોળાશંભુ તરત પાર પાડશે એવું કહી નારદમુની અંતરધ્યાન થયા અને માનસીંગે માહારૂદ્રની ઉપર ઉગ્રતપ કરવા માંડયો કેવી રીતે કે મસ્તકની નીચે સોપારી મુકી ઊંધે માથે માહારૂદ્રના જપ કરવા લાગ્યો સાત દહાડા ને સાત રાતો સુધી માહા તપ કીધાં એટલે માહાદેવ તથા પારવતી માનસીંગની પાસે આવી કેહેવા લાગ્યાં કે એ રાજકુમાર તું શા માટે આ જંગલમાં આવી ઉગ્રતપ કરેછે. તારી ઈચ્છા હોય તે માગ હું તુને વચન આપવા આવ્યોછું એટલે માનસીંગ બોલ્યો કે મારી ઈચ્છા ચંદ્રપ્રભા સાથ લગન ક-

રવાની છે એટલે માહાદેવ બોલ્યા હે માનસીંગ તું એ ખ્યાલ તારા મનમાંથી છોડી દે, કેમજે તે રાક્ષસ માહા બળીયોછે તેના ભેથી દેવ પણ ડરેછે માહા ઉદમાતી રાક્ષસથી હું પણ ડરીને મારૂ કૈલાસ છોડીને આ જંગલમાં ફરૂંછું ત્યારે માનસીંગ બોલ્યો કે હે જગતના પીતા તમે મારૂં દુઃખ દુર નહી કરો ત્યારે આ જગતમાં બીજો કોણ સમર્થ છે જે મને માહારી માશુકની સાથે મેળવશે, એટલે માહાદેવે પોતાના ગણ ઘંટાકરણને આગ્ના કીધી જે જ્યાંસુધી આ માનસીંગ ચંદ્રપ્રભાની સાથે લગન કરે ત્યાંસુધી તું તારા ભેરવોને સાથે લઇ તેની મદદ કર એમ કહી શંકર અંતરધ્યાન થયા એટલે બાર ભેરવ આવી તેની હજુરમાં ઉભા રહ્યા અને કેહેવા લાગ્યા કે હે માનસીંગ તારી શી આગ્નાછે તે જલદી ફરમાવ. માનસીંગ બોલ્યો કે ઢુંઢા રાક્ષસની છોકરી ચંદ્રપ્રભા માનસરોવરના પાસેના ઝાડની ઉપર પોતાની સાહેલીઓના માથાની સાથ દીવસની ચોટી રહેછે અને રાતરે નવ જુવાન ખુબ સુરત ચંદ્રની કાન્તીના જેવું રૂપ કરી સરોવરની અંદર માયાથી બાગ બગીચા અને મેહેલ બનાવી તેમાં નાટારંગ વગેરે કરી પોતે આખી રાત એશઆરામમાં ગુજારેછે અને સવારે પાછી તે ઝાડ ઉપર પોતાનું માથું પોતાની સાહેલીઓ સાથે લટકાવેછે, તેનું રૂપ જોઈ હું ઘણો મોહીત થયોછું માટે મને મેળવ. એવું સાંભળીને બાર ભેરવ પોતપોતાના વાહન ઉપર સ્વાર થવા લાગ્યા કોઇ કુતરા ઉપર ચડયા, કોઈ પાડા ઉપર, કોઇ ગધેડા ઉપર, કોઈ બિલાડા ઉપર, કોઈ ભુંડ ઉપર, કોઈ ઊંદર, કોઇ ઊંટ ઉપર, કોઈ ઘેટા ઉપર, કોઇ બકરા ઉપર અને કોઈ સીંહ ઉપર એવી રીતે પોતપોતાના વાહન ઉપર બેસી જંગલમાં આવી વીરને બોલાવ્યા એટલે બાવનવીર આવી ભેરવને નમી કેહેવા લાગ્યા કે શી આગ્નાછે તે જલદી ફરમાવો, એટલે એક મોઢે બાર ભેરવ બોલી ઉઠયા કે આ માહાવીરો ઢુંઢા રાક્ષસની છોકરી ચંદ્રપ્રભા જે તલાવની

અંદર રાતની નાટારંગમાં બેઠી છે તેનું હરણ કરી ઉ-
પાડી લાવો એટલે બાવનવીરે પોતાનું ટાંડુ લઈ સરોવરની
અંદર પરવેસ કીધો. જેવા તે ચંદ્રપ્રભાના બાગમાં દાખલ
થયા એટલે ચંદ્રપ્રભાની સાહેલીઓ બોલી કે પેલા માણ-
સો કેમ આવેછે એટલે સર્વે પોતપોતાના મનમાં બીવા લાગી,
એવામાં વા વંટોળીઓ એવા જોરથી વાવા લાગ્યો કે
એક બીજાની સૂરત જોવામાં આવી નહીં. એટલે ભેંસોવીર
ધસીને ચંદ્રપ્રભાને ઉચકી આકાશ મારગે ચાલતો થયો.
એટલે રાક્ષસીઓ પોતાની રાણીનું હરણ થયું જાણી પો-
કાર કરી વીરની સાથે લઢવા સામેલ થઇ લઢાઇ એવી ચા-
લી કે રૂધીરનો વરસાદ વરસવા લાગ્યો. રાક્ષસી માયાથી
અનેક રાક્ષસીઓ ઉતપન થઈ અને પેલા વીરોને સામા
લડવા લાગી અને વીરોને ત્રાહ ત્રાહ પોકાર કરાવ્યો.
એટલે વીરે ગભરાઇને માહાદેવીનું સમરણ કીધું એટલે મા-
હાદેવી પોતાની ચોસઠ જોગણીઓ સાથે ખપર લઈ તે રા-
ક્ષસીની સામે લડવા લાગી એટલે રાક્ષસીઓ પોતાની
માયા સમાવી સરોવરની અંદર ગુમ થઈ એટલે ખપર જો-
ગણીઓ પોતાની ત્રપતી કરી અલોપ થઇ અને બાવનવીર
પેલા ભેરવની પાસે ગયા તે રાક્ષસીઓ સરોવરમાંથી ની-
કળી હેડંબા નામની રાક્ષસી ઢુંઢા રાક્ષસના પરવતમાં જઇ
સરવે બીના તેની આગળ જાહેર કીધી કે તારી છોકરી ચં-
દ્રપ્રભાનું હરણ બાવનવીર આવીને કરી ગયા માટે તારે
તેની વારે ચઢવું હોય તો જા, તે વાત સાંભળતાંજ ઢુંઢો રા-
ક્ષસ પોતાના છપન કરોડ રાક્ષસોનું સૈન લઇ પોતાની છો-
કરી ચંદ્રપ્રભાની ખોળ કરવા નીકળ્યો. કેટલાએક પરવતો
જંગલો જોતો જોતો જે ઠેકાણે પોતાની છોકરી ચંદ્રપ્રભા છે
તે જંગલમાં આવ્યો અને જુવે છે તો બાર ભેરવોની ચોકી-
માં પોતાની કુંવરી એક રાજપુત્રની સાથે બેહેલી જોઇ, તે
જોઈ તે રાક્ષસને એટલો તો કરોધ ચઢયો કે આ પૃથ્વી ને
પાતાળની અંદર ખોશી દઉં એમ કહી પોતાના રાક્ષસોને

હુકમ કીધો એટલે લડાઈ શરૂ થઈ, રાક્ષસો મોટા મોટા પર-
વતો અને ઝાડો લઈ લડવા લાગ્યા અને પાશાણની વ્રષ્ટી
કરવા લાગ્યા એટલે કાળભેરવે કલ્પાંત ભેરવને હુકમ કીધો
એટલે બાવનવીરને ચોસઠ જોગણી હાથમાં ત્રીશુળો ખપરો
લઈ ખાઉ ખાઉ, મારો મારો, પકડો પકડો, રૂધીર રૂધીર,
પીઉં પીઉં એમ પોકાર કરતી અંતરીક્ષથી ઉત્પન્ન થઈ અ-
ને કેટલાએક રાક્ષસોનાં મુસ્તક તોડી રૂધીર પાન કરવા
લાગી અને આખા જંગલમાં મહા પોકાર કરવા લાગી,
જોગણીઓનું એક રૂધીરનું ટીંપુ પૃથ્વી ઉપર પડે તેથી
અનેક જોગણીઓ ઉત્પન્ન થાય એવી રીતે તે કોટાંતકોટ જો
ગણીઓ ખપર લઈ રાક્ષસોના સરીરનું રૂધીર સોસવા લાગી
અને રાક્ષસોને ત્રાહ ત્રાહ પોકરાવા લાગી એટલે રાક્ષસોએ
પોતાની કુળદેવી ચંડાળ નામનીનું આવાહાન કીધું અને
કેટલાએક પાડા બકરાનું બળીદાન દઇ દેવીને પ્રસન્ન કીધી.
તે દેવી પ્રસન્ન થઇ બોલી કે હે ઢુંઢા માગ માગ, જે માગે તે
આપવાને સમરથ છું, એવાં વચન સાંભળીને રાક્ષસ બો-
લ્યો ઓ માહાદેવી તારી કૃપા અમારા ઉપર હોય તો આ
બધાને અગ્નીથી બાળી ખાખ કર, એટલે દેવીએ અગ્નીનો
મંત્ર રાક્ષસને આપ્યો એટલે તે મંત્ર રાક્ષસો ભણવા લાગ્યા
એટલે અગ્નીનો વરસાદ વરસવા લાગ્યો એટલે બાવનવીરે
અંબાજીનું સ્તવન કીધું એટલે અંબાજીએ બાર મેઘને
હુકમ કીધો કે તરત મુસળધાર વરસાદ પડવા લાગ્યો એટલે
અગ્ની ઓલાઇ ગયો અને રાક્ષસો પાણીમાં ડુબવા લાગ્યા
અને ત્રાહ પોકારી પોતાના રાજા ઢુંઢાની પાસે જઇ કેહેવા
લાગ્યા કે આ ખ્યાલ તું છોડીદે અને તારી છોકરી તે રાજ
કુંમારને પરણાવ. એવું સાંભળતાં રાક્ષસનો રાજા ક્રોધમાં
આવી બોલ્યો કે મારૂં મુસ્તક પડશે તોપણ બેહેતર છે પણ
મારી છોકરી તે નરની સાથે પરણાવનાર હરગેજ નથી અને
ચંદ્રપ્રભા માનસીંગને કેહેવા લાગી કે ઓ મારા પ્રાણનાથ
મારો બાપ ઘણો બળીઓ છે માટે તે બળીઆની સામે જુ

ધથી પોચાશે નહીં કેમ જે તેનો ભાઇ જીભુત રાક્ષસ માહા વીકરાળ બ્રહ્માની ઉપર તપ કરી વરદાન પામેલો મંદબુદ્ધિનો માહા જુદ્ધો છે, જેની હાકથી પરવત ધ્રુજે છે જેનું સ્વરૂપ માહા વિક્રાળ પાહાડ જેવું છે માટે હવે મારો બાપ તેને તેડવાનો ઉપાય કરી પોતાના રાક્ષસોને મોકલશે એટલે તે ઘણો જોરાવર છે, માટે જુધ ઘણું થશે હવે આપણે શી રીતે આ જગ્યો ઉપર રહી શકીશું, એટલે માનસીંગ બોલ્યો હે પ્રીયા તું આવાં કાયરપણાનાં વચનથી મુને કેમ કાયર કરે છે, હું પણ ક્ષત્રીનો પુત્ર છું મારી આગળ ધનુષ્ય બાણ ભાથા અખુટ ભરેલા છે તે જીભુતને મારા બાણથી કાયર કરી ત્રાહુ પોકરાવી કાઢું તો જાણજે જે સુરિંદ્રનો કુમાર નહીંતો કાંઇ પણ ભેદ છે. એવું સાંભળી ચંદ્રપ્રભા બોલી એ મારા સ્વામી દૈત્યતો મહા વિક્રાળ છે તમારૂં સરીર કમળ રૂપી અને દૈત્ય તો પાષાણ રૂપી છે, તેના સામું જુધ કરવું વરજીત નથી માટે આપણે મારા બાપને કાલાવાલા કરી તેઓની પાસે ક્ષમા માગીએ એટલે કાળભેરવ અને કલ્પાંત ભેરવ અને ઘંટાકરણ ત્રણ માહા ભેરવો આવીને માનસીંગ તથા ચંદ્રપ્રભા બંનેને ઉપાડી પાસેના પરવતની ગુફામાં મેલી તેની આડી બાવન વીરની ચોકી મુકી અને પોતાની સન્યામાં આવ્યા એટલે જુદ્ધ સરૂ થયું, સાત દહાડા ને સાત રાતો સુધી મહાબળીયા રાક્ષસો ને જોગણીઓની લડાઈ ચાલી અને રાક્ષસને હાર પમાડયા તે બીના જોઇ ઢુંઢા રાક્ષસને ઘણો ખેદ થયો કે પોતાનું સરવે સૈન્ય હાર પામેલું તેથી પોતાના ભાઈ જીભુતને તાકીદ કરી લાવ્યા, તે જીભુત જ્યારે ઢુંઢાની આગળ આવ્યો એટલે ઢુંઢો તેની આગળ કાલાવાલા કરી કેવા લાગ્યો કે મારી છોકરી ચંદ્રપ્રભાનું રાજકુમાર માનસીંગે હરણ કીધું છે તેની પક્ષમાં આ જોગણીઓ અથવા માહાવીરો પોતાના ભેરવો સાથે લડાઇ માંડી છે તે લડાઇમાં આપણા રાક્ષસો હાર પામી કેટલાએક મરણ ગયા, એટલે જીભુત બોલ્યો કે આ પૃથ્વીમાં

બીજો જુદ્ધો કોણ છે જે મારા સામો લડીને જીત મેળવશે એમ કહી બાર ભાઠી મદીરા પાન કરી તેની ઉપર કેટલા-એક ભેંસોના આહાર કરી યુદ્ધ કરવા તત્પર થયો. પોતાના રાક્ષસોને એકઠા કરી હિંમત આપી લડાઇ સરૂ કીધી એ-ટલે જોગણીઓ અને ભેરવો પોતાના આયુધ સાથે સાંમો જુધનો આરંભ કીધો. એક બીજાને ત્રીશુળ, ખંજર, ગદા ફરશી, શાંગ, તુમ્મર, મુશળ ઇત્યાદિ હથીઆરોથી મારવા લાગ્યા. જોગણીઓ પોતાનાં ખપર લેઈ દૈતોનું રૂધીર પાન કરવા લાગી, એટલે જીભુતે પોતાની સૈન્યામાં કેટલાએક રાક્ષસોને મરણ પામેલા જોઇને ક્રોધમાં આવી મોટા મોટા પરવતો લાવી જોગણીઓની સન્યામાં નાંખવા લાગ્યો તેથી જોગણીઓ અને ભેરવો કાયર થઈ ત્રાહુના પોકાર કરી નાઃ-સવા લાગ્યાં, એટલે પેલે રાક્ષસે પોતાના જોદ્ધાને હુકમ કી-ધો કે પેલા પરવતની ગફામાં ચંદ્રપ્રભા અને માનસીંગ બાવનવીરની ચોકી સાથે છુપી રીતે લઇ બેહા છે તે વીરો-ની સાથે જુદ્ધ કરી તે બંનોને અંતરીક્ષ ઉપાડીને ઢુંઢગીરી પરવતમાં લાવો એટલે તે રાક્ષસો મહાબળીયા પોતાના રાજાનો હુકમ સાંભળી તરત દોડી તે વીરોની સાથ જુદ્ધ મચાવીને ચંદ્રપ્રભા માનસીંગની સાથે અંતરીક્ષ રથમાં બે-સાડી પોતાના પરવતમાં લાવ્યા, એટલે તે રાક્ષસોએ માન-સીંગને બાંધી કાળાગ્રેહમાં પુર્યો અને પોતાની છોકરીને પાસેની ગફામાં સંતાડી આડી રાક્ષસોની ચોકી મુકી નીર-ભયપણે બેઠા એટલે તે ભેરવો પોકાર કરતા મહારૂદ્રપાસે જઇ કેહેવા લાગ્યા કે રાક્ષસો મહા જોરાવર છે અને માન-સીંગને તથા ચંદ્રપ્રભાને પોતાના પાહાડમાં લઈ કેદ કીધાંછે માટે તેની વારે આપને ચઢવું જોઇએ. તે વાત સાંભળી મ-હાદેવને અતીશય ક્રોધ ચડયો એટલે પોતાના પુત્ર ગણ પતી અને કારકત સ્વામીને હુકમ કીધો કે તે રાક્ષસોને મારી ચંદ્રપ્રભા માનસીંગ સાથે લાવો. એવું સાંભળતાં કા-રતક સ્વામી મોરપર અસ્વાર થયા અને ગણપતીએ ઉંદર ઉપર સ્વારી કીધી અને પોતાના ભેરવો તથા ગણો તથા

કીંદર તથા ડાકણી સાકણી ભેરવી મશાણદેવી ભુતો પ્રેતો પીસાચો વગેરેને હુકમ કીધો એટલે બાબરો ભુત પોતાની સન્યા સાડાસાત લાખ ભુતાવળો સાથે હાજર થયો અને ભુતો પોકાર કરવા લાગ્યા. એવી જંગી ફોજ જોઇને કારતક સ્વામી ગણપતી સાથે પોતાનું સૈન્ય લેઈ ચાલ્યા. એટલે જોગણીઓ પોતાના ખપર સાથે બાવનવીરને લઈ એકઠી થઈ, સરવે સેના ઢુંઢગીરી પરવત ઉપર પોતી અને લડાઈ સરૂ કીધી. મારો મારો એવા શબ્દો સૈન્યામાં બોલવા લાગ્યા એટલે રાક્ષસો પોતાના હથીઆર સાથ સાંમા થયા અને એક બીજાને શસ્ત્રવિધાથી મારવા લાગ્યા એટલે ગણપતીને અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો અને પોતાના ભુતોને હુંકાર્યા. ભુતો સૈનાની અંદર પોકાર કરવા લાગ્યા માંશ માંશ રૂધીર રૂધીર પીઉં પીઉં ખાઉં ખાઉં એવી રીતે પોકાર કરી રાક્ષસોના સામાં તુટી પડયા. કેટલાએક રૂંઢ મુંઢ માથા વીનાના, નાકવીનાના એવા વિચીત્ર ભુતો રાક્ષસના માથાં તોડી રૂધીરપાન કરવા લાગ્યા. એટલે જીભુત ક્રોધ કરી કેટલાએક ભુતોને પોતાના પગ નીચે કચરી કેટલાઓને બગલમાં ઘાલી કેટલાઓને પોતાના મુખમાં મેલી બાહ બાહુ પોકરાવી માહાજુદ્ધ મચાવ્યો. આવો બનાવ જોઇ બાબરા ભુતને માહા ક્રોધ ચડયો એટલે ક્રોધમાં આવી જીભુતની સામો દોડી તેનાં નાક અને કાન પોતાના દાંતવતે તોડી તેના પેટમાં પ્રવેશ કર્યો. અંદર કેટલાએક પોતાના ભુતો સાથે બંડ મચાવ્યું. એટલે જીભુત અત્યંત ક્રોધમાં આવી કેટલાએક ભુતો અગર જોગણીઓ યા વીરોને મારી ત્રાહ પોકરાવી એટલે ગણપતીએ ક્રોધથી પોતાનું ત્રીશુળ જીભુતના મુસ્તકમાં એટલા જોરથી માર્યું કે જીભુતનું શીર છેદી ત્રીસુળ પાતાળમાં ગયું તેથી જીભુત મૃત્યુ પામ્યો એવું સાંભળીને ઢુંઢો રાક્ષસ મોરછીત થઈ પૃથ્વી ઉપર પડયો ઘડીએકે સાંત થઈ પોતાના બાંડા ગધેડા ઉપર બેસી જુદ્ધ કરવા તત્પેર થયો એટલે માહાદેવીઓ પોતાના ત્રીશુળ લઈ લડવા લાગી અને પોતાની

શીકોતર મેલડી આવડ, પીંગળ, માંગલ વીગેરેને હુકમ કીધો એટલે તે ઢુંઢાને પોતાના ખર સાથે ઉપાડી આકાશમાં લઈ ચાલી, ઘણે દુર લઈ તેના નાક કાન છેદન કરી ફેરવી અને ઉંચેથી નીચે પડતો મુકયો એટલે તરત તેના પ્રાણ ગયા અને જેજેકારનાં વાજાં વાગવા લાગ્યાં. ડાક ડમરૂ સીંગી નાદ અને સીંધુડા માહાદેવની સેન્યામાં થવા લાગ્યાં અને જીતનાં વાજાં વગાડી જેજે માહાદેવ બમ માહાદેવ જે જગત મૈયા જે સુખ દૈયા એવી રીતના ભુતો પોકાર કરવા લાગ્યા અને માનસીંગની સોધ કરવા લાગ્યા એટલે કાણીઓ ભુત બાબરાને કહેવા લાગ્યો કે પેલી ગફામાં માનસીંગ કેદ પડેલો છે એટલે સરવે સેન્યા તે જગોપર જઈ પેલા રાક્ષસોને મારી માનસીંગને કાળાગ્રેહથી બાહાર કાઢયો અને ચંદ્રપ્રભાને લાવ્યા અને મોટો મંડપ રચી લગ્ન આરંભ માંડયો હવે બ્રહ્મ લોકથી બ્રહ્મા સાવંત્રી સાથે આવ્યા, ઈંદ્ર લોકથી ઇંદ્ર ઇંદ્રાણી સાથે આવ્યા, માહાદેવ પાર્વતી સાથે આવ્યા, વીષ્નુ લક્ષ્મી સાથે આવ્યા, નારદ અંતરીક્ષથી આવી તુંબર નાદ કરેછે બ્રહ્મા વેદથી લગ્ન ક્રીયા કરેછે અને ઇંદ્રાણી ઇંદ્ર સાથે સોભાગ્ય દેછે સુર્ય રાનાદે સાથે આસીસ દેછે અને ચંદ્ર રોહણી સાથે અમૃતની વૃષ્ટી કરેછે, દેવતાનાં દુંદભી વાગેછે. નાના પ્રકારની જોવા લાયક યુકતીથી માહાદેવ માનસીંગને પરણાવેછે અને જોગણીઓ ગીતો ગાયછે, દેવતાઓ અંતરિક્ષથી ફુલની વૃષ્ટી કરેછે જેજેકાર ઈત્યાદી સર્વે દેવ આસીરવાદ દઈ સર્વે સૌ સૌને સ્થાનકે જાયછે માહાદેવ ભેરવ વીગેરેને હુકમ કરેછે કે માનસીંગને સહીસલામત ચંદ્રપ્રભા સાથે પગનપુર નગરમાં તેના બાપ સુરિંદ્રને સોંપી આવો એટલે માનસીંગ બોલ્યો કે મારે હજુ રૂપસીંહ રાઠોડનું અને ગુણસુંદરીનું કેટલું એક કામ બાકીછે માહાદેવે કહ્યું કે સાત દહાડા તારા નગરમાં તારી પ્રીયા સાથે રહી પછી તારા કામઉપર જજે, માનસીંગ અને ચંદ્રપ્રભા માહાદેવને નમન કરી પોતાના દેશ તરફ ચાલ્યાં. થોડે દીવસે પગનપુરની નજદીક જઇ પોતાના બાપને વધામણી

મોકલાવી જયારે સુરિંદ્રરાજાએ પોતાના કુંવરને આવવાની માલમ પડી ત્યારે રાજાને રાણીના હરખનો તો પારજ રહયો નહીં. જેમ રાંક માણસનું ધન ખોવાએલું પાછું સાંપડે અને તેના હરખનો પાર ન રહે એજરીતે દરબારીઓ કારભારીઓ તેમ પોતાના રજપુતો રૈયત વગરે અત્યંત હરખવાન થઈ સાંમૈયાની ત્યારીમાં હાજર થયાં. સુરિંદ્રરાજાએ પોતાના હાથી ઘોડા રથ પાલખીઓ સીગરામો ગાડીઓ વગેરે સુસોભીત રત્ન જડીત સ્વારીમાં લાવવા હુકમ કીધો, એટલામાં સરવે માણસો રાજાની હજુરમાં આવ્યા અને ચોપદાર નકી પોકારી બડેજાવ મેહેરબાન સુરજવંસી રાજાને ઘણી ખમા, નિશાન ડંકા પરઘમ વીગરે અનેક પ્રકારનાં વાજાંઓ વાજવા લાગ્યાં અને આરબની બેરખો બોલવા લાગી અને પોલીસ ઘોડેસ્વાર યા પાળા પોત પોતાની કવાયત કરી રાજાને સલામ કરી અદબથી સ્વારીમાં ચાલ્યા જયારે માનસીંગને માલમ પડયું જે મારો પીતાજી મારી સામે શેહેરની રૈયત સાથે મને તેડવા આવેછે માટે તીરથરૂપ માતપીતાના સામું પગપાળું એટલે પગે ચાલીને અવસ્ય જવું જોઇએ એમ વીચારી પોતાના રથમાંથી નીચે ઉતરી ઉઘાડે પગે ચાલી પોતાના પીતાને દંડવત કરી ઉભો રહયો તે વખત રાજાની ખુશીનો તેમજ માનસીંગની ખુસાલીનો પારજ નહીં, બેહદ ખુશીના દરીયાવમાં ગરક થયા એટલે દીવાનો કારભારીઓ પોતાના રજપુતો રૈયત વીગરે સરવે માનસીંગને મળ્યા અને માનપુર્વક શેહેરમાં આવ્યા. જયારે રાણીએ પોતાના કુંવરને તેની રાણી સાથે જોઓ ત્યારે એની માએ ઘણા હેતથી બંનેના ઉવારણા લઈ મોતી હીરા વીગેરેથી વધાવ્યાં એટલે વરકન્યા પોતાની માતાને નમન કરીને રાજદુવારમાં ગયાં પછી તે ચંદ્રપ્રભાને જોઇને રાજારાણી અત્યંત ખુશી થયાં. શેહેરમાં જમણવારનો હુકમ કીધો જે, મારી રૈયત સાત દહાડા સુધી મારા દરબારમાં જમણવાર છે માટે થાળી કળશીયો, વાટકો અથાણું લઈ વંડે વેલા પધારજો. ચણાને સીરો ખાઇ ખુશી થજો એટલે શેહેરના લોકોએ હારા, મોતી,

માણેક, ઝવેર, આકુત વીગરે નજરાણો ભેટ કીધો તે બધો રાજાએ કબુલ કીધો. ભાટ, ચારણ, ગાંધર્વને અનેક પ્રકારનાં દાન દીધાં અને બ્રાહ્મણોને એકેકી મોર સોનાની આપી કહયું જે મારા દેશમાં ખુશીથી ભીખ માગી ખાઓ એટલે બ્રાહ્મણો આશીર્વાદ દઈ વીદાય થયા અને માનસીંગ દશ દહાડાસુધી પોતાના બાપની સાથે ખુશી ખુશાલીમાં કાઢી રૂપસીંહરાહોડના કામને માટે રજા લઇ ચાલ્યો થોડે દીવસે કોસંબીનગરી પાસે આવી પોહોંચ્યો અને શેહેરના લોકોને પુછવા લાગ્યો કે, ફલાણો માણસ કયાંછે તેઓએ જવાબ દીધો કે આહીંઆં એવો કોઇપણ માણસ નથી જે તું કેહેછે તેમ બોલેછે પણ એવો એક રૂપીછે કે જેના દરવાજાપર તું કેહેછે તેમ લખેલુંછે. માનસીંગ ચાલતો ચાલતો તે માણસ ના આશ્રમ તરફ ગયો અને દરવાજા આગળ જઇને એક ઝાલર પડેલું હતું તે વગાડયું એટલે તે આશ્રમમાંથી વીધાર્થી નીકળ્યો અને માનસીંગે તેમ કરવાનું કારણ પુછયું માનસીંગે કહયું કે માહારે તારા ગુરૂપાસે કામછે, તેણે અંદર જઇ ખબર કીધી એટલે માનસીંગને અંદર બોલાવ્યો. માનસીંગ ત્યાં ગયો અને નમીને તેની પાસે ઉભો રહયો તે રૂપીએ માનસીંગને જોતાંજ આશિર્વાદ દઇ પોતાની પાસે એક આશન ઉપર બેસાડયો અને પોતાની સાથે જમાડી માનસીંગને આવવાનું કારણ પુછયું માનસીંગે જવાબ દીધો કે, હું પગનપુરનો રેહેવાસીછું અને રૂપસીંહ રાહોડ નામના એક રાજકુમારને માટે નીકળ્યોછું જયારે તેણે સઘળી વાતથી તેને માહીત કીધો ત્યારે તે માણસે માનસીંગની હીંમતની ઘણી તારીફ કીધી અને આશીર્વાદ દઇ બોલ્યો કે આ જુવાન આ કામ માથે ઉઠાવી લેવાની તેં અજબ હિંમત કીધીછે માનસીંગે કહયું કે આ માહાપુરૂષ હવે દરવાજા ઉપર જે લેખ લખ્યોછે તે મને જલદી કહે, તે બોલ્યો કે આ પગનપુરના રાજા કોઇ પરદુઃખભંજન હોય એમ માલમ પડેછે અને ઈશ્વરના ખરેખરોજ ભકતછે, તારાજેવો કોઇપણ પુરૂષ આજસુધીમેં દીઠો નથી તેનું કારણએકે આટલે દુરથી મારી

આગળ અત્યારસુધી કોઈપણ પુરૂષ આવ્યો નથી હવે મારો વૃતાંત હું તારી આગળ જાહેર કરૂંછું તે સાંભળ, માનસીંગે કહ્યું કે પેહેલાં હું એ જાણવા માગુંછું કે તને કોસંબી નગરીના લોક તપેસ્વરી કરીને કેહેછે પણ તું તો એક જુવાન માણસ દેખાયછે અને તારો એક વાળપણ સફેત દેખાતો નથી તે માણસે જવાબ દીધો કે આ કોસંબીનગરી વચ્ચે સાત હજાર વરસ થયાંછે પણ મારી ઉમરતો આઠ હજાર વરસનીછે જેવો તું મને હમણાંજ દેખેછે તેવોજ હું તે વખતે પણ હતો, બીજુ સાંભળકે હું એક બ્રાહ્મણનો પુત્ર હતો અને મારો બાપ વ્રધ હતો હું રોજ જુગારીનો ધંધો કરતો હતો હું પૈસા ઘણા કમાતો પણ મારા હાથમાં કાંઇ રેહેતું હતું નાહીં રાત્રે હું ચોરનો ધંધો કરતો હતો. એક દહાડે મારે બાપે મને કહ્યું જે તું મારે પેટ પથ્થર પડયો હોત તોબી સારૂ હતું કારણકે કપડાં ધોવાના કામમાં આવત એટલે મેં મારા બાપને કહ્યું જે આજે હું એટલું ધન લાવી આપું કે, તમે તમારી જીંદગીમાં કોઈ દહાડો નહીં જોયું હોય એમ કહી હું રાજાના મેહેલની નજદીક ગયો જોઉંછું તો પેરીગરો ચોતરફ પેરા ભરતા હતા એક બાજુપર એક બારી રાજમેહેલની ખુલ્લી મારા જોવામાં આવી તેથી મેં હીંમત કરી તે તરફ જઈ મારી પાસે જે ચંદન ઘો હતી તે બારીના કોહોડામાં નાંખી દોરી ઝાલી મેહેલમાં દાખલ થયો અંદર જોઉંછું તો રાજા પોતાની રાણી સાથે ભર ઉંઘમાં સુતેલો જોયો મેં મારા મન સાથે વીચાર કીધો જે રાજાના પલંગના ચાર પાયાની નીચે લોક બોલેછે જે ચાર કળસ રતનના ભરેલાછે માટે તેની ચોરી કરૂં તો મારા ભવનું દુઃખ જાય, એમ વીચારી પલંગની નીચે રહી હળવે રહીને પલંગને જરા જરા આઘો ખસેડી નીચેથી બહાર નીકળી પેલા ચાર કળસ બહાર કાઢી તે જગો ઉપર બંધ કરી પેલો પલંગ એજ રીતે તેના ઉપર ગોઠવી તે કળસ લઈ મારે ઘેર આવ્યો સુર્યે ઉગતાં રાજા ઉઠીને પલંગના ચાર પાયે સંભાળેતો કળસ જોવામાં ના આવ્યા એટલે રાજાએ પેરીગરોને પુછયું કે

મારા મેહેલમાં કોઈ ચોરે આવીને ખાતર દઇ મારૂં રાજ્યધન જે એકઠું કરી ચાર કળસ ભરી મેં પલંગની નીચે દાટેલું હતું તે ગયું એમ કહી પેરીગરોને કહ્યું જે તે ચોરને જે માણસ પકડી લાવશે તેને તેમાંનો અડધો હિસ્સો ઈનામ દાખલ આપવામાં આવશે બીજે દહાડે રાત્રે હું મારા બાપ પાસેથી રજા લઈ ચાલ્યો રસ્તામાં ચોકીનો ઘણો બંદોબસ્ત હતો તેમાંથી છાની રીતે તેજ મેહેલમાં દાખલ થયો અંદર જઇ જોઉં છું તો રાજા પોતાની રાણી સાથે ભરનીંદ્રામાં સુતેલો જોયો મેં મારા મન સાથે વિચાર કીધોકે, જો હું ચોર ખરો હોઉં તો રાજા અથવા રાણીનાં વસ્ત્રાલંકાર સર્વે લેઇ જાઉં એમ કહી માળ ઉપર ચડી માળ ફાડી ઉપરથી પાણીનું ટીંપુ નાંખ્યું એટલે રાજાના દીલ ઉપર પડયું તેથી રાજાએ પોતે પેરેલો ડગલો તથા ચોરણો (સૂરવાર) કાઢી એક તરફ ખુણામાં ફેંકયો અને પોતીયું પેરી સુતો એટલે રાણીએ પોતાની સાડી કાઢી નાંખી; એવોજ હું હેઠે ઉતરી લઈ ચાલતો થયો સવાર થતાં રાજા જુવેછેતો પોતાનાં વસ્ત્ર જોવામાં ના આવ્યાં તેમ રાણીની સાડી પણ ન મળી એટલે રાજાને વિચાર થયો કે આવો ચોર કોણ હશે જે મારા મેહેલમાં આવી રાતે ચોરી કરી લઇ જાયછે માટે આજની રાતે મારા પલંગની ચોરી કરેતો હું આ ચોરને ખરો માનું, તે વાત મારા સાંભળવામાં આવી મેં મારા બાપને કહ્યું જે આજ રાત્રે રાજાનો પલંગ રત્ન જડીત્ર છે તેની ચોરી કરવીછે માટે તમો મારી સાથે આવો એટલે મારા બાપે આવવા ખુશી બતાવી એટલે હું રાતની વખતે મારા બાપને સાથે લઈ અંદર પ્રવેશ કર્યો અને રાજાના પલંગ નીચે ગોદડીઓ ભરી પાતર કાપી પલંગ લઈ ચાલતો થયો અને તેવાજ પેરીગરો પાછળ દોડયા એવામાં મેં વિચાર કરયો કે મારો બાપ નહીં ચાલી શકે, એટલે મારા બાપનું માથું કાપી હું ચાલતો થયો, અને પેરીગરો આવીને જુવેછેતો મારા બાપનું ધડ તેને જોવામાં આવ્યું એટલે પેરીગરોએ કહ્યું જે આજ ચોરછે એમ કહી પોકાર કરવા લાગ્યા જે ચોર પકડાણો છે,

એટલામાં હું મારે ઘેર જઈ પેલો પલંગ ભોંયરામાં મુકી ટાઢા પાણીથી ન્હાઇને સૂઈ ગયો પછી મારા બાપનું ધડ દરબારમાં લઇ ગયા ત્યાં રાજાએ એવો હુકમ કીધો કે આ ધડની સાથે તેનું માથું બાળે અને રાખ અને હાડકાં નદીમાં નાંખી આવેતો હું તે ચોરને સઘળી ચોરીની માફી આપી મારો કેટલોએક ખજાનો ભેટ કરૂં એ વાત મેં સાંભળી તે લાસની તપાસ કરતાં નહીં માલમ પડયું, એટલે રાજાએ હુકમ કીધો કે આ લાસને મજબુત ચોકી સાથે મશાણમાં બાળી મુકો. તે વાત મારા સાંભળવામાં આવી એટલે મેં મારા મન સાથે વિચાર કીધો કે મારા બાપને તેના ધડની સાથે તેનું માથું બાળું તો હું ખરો, એમ કહી મેં નવજોબન ખુબ સુરત સ્ત્રીનો વેશ પેરી રાતની વખતે મશાણ તરફ આવ્યો એટલામાં ચોકીદાર બોલ્યો કે અરે દીલજાની આર મેરી પાસતો તુમ આઓ યાર એસા તુમ કહા કયા કરતેહો લેકીન દો ઘડી મોજશોખતો કરો એટલે હું બોલ્યો અરે યાર આમ શું કરેછે, જો પેલો પછવાડે મારો ધણી આવેછે તે જોશેતો તારાને મારા કેવા હાલ થશે. એમ કહી આંખના પલકારાથી મીયાભાઇને ઝાર બેજાર કરી સ્ત્રીચરીત્ર બતલાવવા લાગ્યો એટલે સઘળા મીયાં બોલ્યા કે યાર ચલમતો પીયો એટલે મેં કીધું જે મારેતો ઘણું વેગળું જવાનુંછે તમે લોકો મારો કેડો છોડતા નથી એમ કહી ક્રોધ કરી મેં ચાલવા માંડયું એટલે મીયાંભાઈએ મારો હાથ ઝાલી કહ્યું કે દીલજાન તુમ કીદર જાતીહો એટલે તે બોલી અરે યાર હુંતો કપડાં ધોવા જાઉંછું એટલે સીપાઇ બોલ્યો અરે યાર શું બોલેછે એ રાતકી વખત કપડ ધોનેકીહે,એમ કહી મને ખેંચવા લાગ્યો એટલે હું પેલી ચેહેતરફ મારા કદમ ભરી પેલું માથું બળતી ચેહેમાં નાંખીમારો મોતીનો હાર તોડી પોકાર કરી કેહેવા લાગીકે, મારો અમુલ્ય મોતીનો હાર તોડયો માટે હું રાજાની પાસે ફરિઆદ કરવા જાઉંછું એટલે સીપાઈભાઇનાતો બાર વાગી ગયા અને માંહોમાંહે કેહેવા લાગ્યા દેખો મેરે ભાઈ એ રંડી રાજાકી પાસ ફરિઆદ કરી અપનેકું

રાજાકા એસા હુકમ હેકે એ મુડદાકી પાસ કોઈબી માણસને આવવા દેશોમાં મગર એ ઓરત અપનીપાસ આઈ અગર રાજાકો હુકમ તોડયો મગર ઉસકા હારકીબી ચોરી અપને માથે પડી. માટે રાજા અપનેકું કેદકર વગરભાડેકી કોટડીમાં દાખલ કરદેવેગા પીછુ અપના હાલ કયા હોયગા એટલે એક મુકરાની બોલ્યો ગુડા મેં કેસા મુકરાની મેરે જેસા કોઇ લડવૈયા નાહીં દેખો મેરે ભાઇ મેં કેસા, મેને એકદીન જંગલ મેં ફરનેકું ગયાથા તબ એક વાવડી મેને દેખા મેં પાનીકે વાસ્તે અંદર ગયાતો અંદરસે એસા બોલને લગાકે ડરાઉં ડરાઉં ગુડમેં બોલા મેં મકરાની મેં તેરેસે ડરનેવાલા નહીં. ગુડા તે પીછું ડરાઉં ડરાઉં કરને લગા. પીછુ મેરી સાથ દુસરા સિપાઈથા ઓ સૈયદથા ઓ બોલાકે મેં રાનપુરકે રેનેવાલે પુ-લાવ ગોસ ખાનેવાલે ભરૂતો જકજોલકે ભરૂં જા તેરા કાલા કર, એટલે પેલું માથું અગ્નીથી બળી ખાખ થઇ ગયું અને પેલી સ્ત્રી એ હારને માટે જક કરવા લાગી એટલે તમામ સિપાઇઓ ચોતરફથી જોવા લાગ્યા એટલે સ્ત્રી બોલીકે આ સઘળું એકઠું કરી પેલી નદીને કીનારે તમારા માથા ઉપર ઉચકી લાવો એટલે તે રાખ ધોવાથી બધાં તેમાંનાં મોતી જડશે મીયાભાઇએ તેમ કર્યું સ્વાર થતાં હું ત્યાં કાગળની ચીઠીમાં સરવે બીના લખી રાજાની દેવડીમાં નાંખી આવ્યો એટલે રાજાના હજુરીએ તે ચીઠી રાજાને આપી રાજા ચીઠી વાંચેછેતો તેમાં લખેલું એવું હતું કે, માથું એમાં ધડની સાથે બાળ્યુંછે ને રાખ મીયાને માથે મુકી નદીમાં નાંખીછે અને હું આજ રાત્રે તારા મેહેલમાં ચોરી કરવા આવનારછું માટે હોંશિયાર રેહેજે એટલે રાજાએ પેલા સિપાઇઓને બોલાવી પુછ્યું તેથી સરવે બીના સાબીત થઈ રાજાએ ચોરને પકડવા શેહેરમાં બીડું ફેરવ્યું તે બીડું લાખી ગુણ-કાએ લીધું તે વાત મેં સાંભળી એટલે હું રાતની વખતે સોદાગરનો વેશ પેરી ઘણા ભભકાની સાથે ગુણકાની મેડીએ ગયો અને કહયું કે એક રાતના સવાલાખ રૂપિયા તુને મા-રો શોક આપશે માટે તું મારી સાથે શેહેરની બાહાર રાજાના

બાગમાં આવ. એટલે ગુણકા બોલીકે આજ રાત્રે મારે રાજાનો ચોર પકડવોછે માટે મારાથી બાગમાં આવી શકાશે નહીં એટલે મેં કહ્યુંજે એક કલાકની અંદર તમને આ જગ્યાએ પાછાં મુકીશ માટે ચાલો. તે ગુણકાએ પોતાના મનમાં વિચાર્યું કે આ માણસ મોટા ભભકાની સાથે આવેલોછે તો તેનો શેઠ તેનાથી ધનવાન વિશેષ હશે માટે દશ વાગ્યા પેહેલાં તે સોદાગરનું મનરંજન કરી સવા લાખ મોરો લઈ આવું એમ કહી પોતાની લુંડીને હુકમ કીધો એટલે તરત પોતાનો રથ જોડી ચાલ્યાં શેહેરની બાહાર જઈ પેલા સોદાગરને કહ્યું કે તારો શેઠ કયાંછે સોદાગર બોલ્યો કે આ તમારો રથ અને તમારી લુંડી બંને આ જગ્યો ઉપર ઉભાંછે એટલામાં આપણે પેલા બંગલામાં મારો શેઠ બેહેલા છે તેની મુલાકાત લઈ પાછાં સુખેથી ફરો. તે ગુણકા મારી સાથે બાગ તરફ ચાલી એટલામાં એક મહીયારી પોતાનું મહી વેચવાને શેહેરમાં જતી હતી તેને મેં પુછયું કે તારી આગળ દહીછે? એટલે તે બોલીકે મારી આગળ દહીં એવુંછે કે, કદી ભીંતમાં ચોટાડોતો ચોટી જાય તેની પાસેથી દહીં લઈ બનેજણ બાગ તરફ ચાલ્યાં એટલે એક વાવ્ય આવી કે તે ગુણકા બોલી મારે જરા આ ઠેકાણે નાવુંછે એમ કહી પોતાના અલંકાર વસ્ત્ર ઉતારી વાવ્યની અંદર ન્હાવા પેઠી એટલે મેં મારા મનમાં લાગ જોઇ તે ગુણકાને ઉંધે માંથે વાવ્યના મતવાલા સાથે લટકાવી પેલા દહીથી તેના બધા સરીરને લેપ કરી માથાના વાળ કાપી ચોટલો હાથમાં લઇ સઘળું વીત લઇ ચાલ્યો શેહેરમાં જઇ મારે ઘેર તે સર્વે મુકી રાજાના મેહેલ તરફ ચાલ્યો તે મેહેલમાં જઇ રાજાની રાણીનીડોકમાંથી હીરાનો હાર લઇ જંગલ તરફનો રસ્તો લીધો. જ્યારે સવાર થઈ ત્યારે મને તે જંગલમાં કંઇ ગડબડ જેવું સંભળાયું, હું તે અવાજ તરફ ગયો અને જોઊંછું તો સાત ચોરો પુષ્કળ માલમતા જરઝવેર હીરા માણેક આકુત વીગરે વેંચી લેવામાં રોકાએલા હતા તેઓ મને પુછવા લાગ્યા કે તું કોણછે અને આ ઠેકાણે કેમ આવ્યોછે મેં તેઓને સઘળી સાચી વાત કહી

દીધી, એટલે તે લોકોએ મને કહ્યું કે આ હીરાનો હાર પ-
ણ તું સઘળી માલમતા સાથે મેલ અને પછી આપણે સરવે
જણ સરખે ભાગે વેંચી લઇએ, આ બોલતાં વારમાં તો તે
જંગલમાં એકાએક જે કુબેર મહાદેવનો ભંડારી પોતાના
ગણોસાથ આવ્યો અને મોઢેથી બુમ પાડી કે સઘળું જંગ-
લ ધરતીકંપની માફક હાલવા લાગ્યું અને હજારો વરસના
પુરાતન ઝાડો જડ મુળમાંથી ઉખડી ગયાં અને મોટા મોટા
પરવતોની શીખરો તુટવા લાગી ઘણો ઉત્પાત જોઇ સઘળા
ચોરો નાશી ગયા અને હું ત્યાં એકલો ઉભો રહયો પછી તે
ભંડારી મારી પાસે આવ્યો અને પોકાર કરી મને પુછવા
લાગ્યો કે તું કોણછે તે ખરેખરૂં મને કેહે નહીતો આજ હે-
કાણે હું તને જીવથી મારી નાખીશ. મેં કહયુંકે હું જુગારીનો
ધંધો કરૂં છું જયારે મારા હાથમાં કંઈ પૈસા રેહેતા નથી ત્યારે
રાતમાં હું ચોરી કરૂં છુ. ગઇરાત્રે હું રાજાના મેહેલમાં ડાખલ
થયો અને તેની રાણીના ગળામાંથી હીરાનો હાર ચોરી ક-
રી લાવ્યો જયારે હું આ જંગલમાં આવ્યો ત્યારે મેં સાત
ચોરોને આ ધનના ઢગલા આગળ ઉભેલા જોયા તેઓને મેં
મારી બીના જાહેર કીધી ત્યારે તેઓએ મારી પાસે આ હી-
રાનો હાર માગ્યો એટલામાં તમારો ભયંકાર અવાજ સાંભ-
ળી તેઓ સઘળા નાશી ગયા ત્યારે તેણે જવાબ દીધો કે તેં
મને સઘળું સત કહયુંછે તેથી આ તારી ચોરીનો ગુનો હું
તને માફ કરૂં છું આ સઘળું ધન હું તને આપુછું પણ તું
હવેથી જુગાર રમતો ના, જો હવેથી ચોરી કરે નહી તો તુને
કશી કમી અથવા દુઃખ નથી, આ જગતમાં તારી ઉમર નવ-
હજાર વરસની થશે આ સાંભળી હું ખુશી થઇ સઘળું ધન
મારા ઘરમાં લાવ્યો અને એક મોટી ઈમારત બાંધી તેમાં ર-
હયો પણ મારા સેહેરના લોકોએ મને જંપીને બેસવા દીધો
નહીં તેઓ મને સેહેરના મુખીની પાસે લઈ ગયા તેણે મને
પુછયું કે એ માણસ તું ઘણો ગરીબ અવસ્થામાં હતો અ-
ને હમણાં આ સઘળું ધન કયાંથી ચોરી લાવ્યોછે મેં સઘળી
વાત ખરેખરી જેવી હતી તેવીજ કહી દીધી પછી તે મને

રાજા પાસે લઈ ગયા રાજાને પણ મેં સાચેસાચી વાતસીવાય બીજુ કાંઈપણ કહ્યું નહીં તે સાંભળી રાજાએ સઘળા દરબારીઓને કહ્યું કે મારી ઉમરમાં મેં પણ સાચો માણસ આને જોયો માટે આજ માણસ સાચોછે કારણકે કોઈ માણસ આવી રીતે પોતાની એબ ઉઘાડે નહીં રાજા મારી ઉપર ઘણોજ ખુશીથયો અને મને પુષ્કળ ખજાનો આપ્યો જેમાંનો હજી મારી આગળ ઘણોછે અને આજ ઘણાક વરસ થયાં હું ખરચુછું અને વીદ્યારથીઓને ખવરાવુંછું પણ તેનો પાર આવતો નથી જેથી મેં દરવાજાપર લખ્યુંછે જે સત્ય બોલનાર તે હમેશ સુખમાં રહેછે. હવેતું કોનો છોકરોછે તે મને જણાવ, માનસીંગે કહ્યું કે હું પગનપુરના રાજા સુરિંદ્રનો પાટવી કુંવરછું આ સાંભળતાંજ તે રૂસી ઉઠયો અને માનસીંગના હાથને બચી દઇ ઘણીજ આશીશ દેવા લાગ્યો અને બોલ્યો કે માનસીંગ સીવાય પરદુઃખભંજન બીજો કોણછે જે આવાં કામ કરવાને હિંમત ધરે પછી થોડા દાહાડા સુધી પોતાના આશ્રમમાં માનસીંગને પરોણા તરીકે રાખ્યો, અને ઘણી ખાતર બરદાશ કરી વીદાય કીધો કેટલેક દહાડે ચંપાનગરીએ આવી પોચ્યો ત્યારે ગુણસુંદરીના માણસોએ તેને ઓળખ્યો અને તેને પોતાની શેઠાણી આગળ લઈ ગયા. ગુણસુંદરીએ પડદો નાંખી પુછયું કે આ માનસીંગ આટલો મોડો કયાંથી આવ્યો અને મારા પ્રશ્નની શી ખબર લાવ્યો. માનસીંગે સઘળી વાત ગુણસુંદરીને કહી પછી તે બોલી કે તું સાચુંજ કહેછે, માનસીંગે કહ્યું કે તે માણસને એટલોતો પૈસોછે કે આ પૃથ્વીમાં બીજાકોઈની પાસે નથી તેનો કોઇ દીવસ પાર આવે તેમ નથી પછી ગુણસુંદરીએ માનસીંગને જમાડી ધરમશાળામાં રૂપસિંહરાહોડની પાસે મોકલ્યો, એટલે રૂપસિંહરાહોડ અને માનસીંગ બંને મળ્યા ને તેની આગળ સર્વે વાતનો ખુલાસોકીધો, માનસીંગ રાતનોરૂપસિંહ પાસે રહી સવારમાં ગુણસુંદરી પાસે પાંચમા પ્રશ્નને માટે આવ્યો, તે બોલી કે બળતા પર્વતની ખબર લાવ કે તે પર્વત શું કામ બળેછે પછી માનસીંગ તેની ખબર લેવા ગયો.

માનસીંગ પાંચમા પ્રશ્નની ખબર લાવ્યો તેની વાર્તા.

જ્યારે માનસીંગ ચંપાનગરીથી પાંચમા પ્રશ્નનો જવાબ લેવા નીકળ્યો ત્યારે પોતે જંગલ તરફનો રસ્તો લીધો અને ત્યાં એક પાણીના વેળાપાસે જઈ નાહી ધોઈ ઇશ્વરની પ્રાર્થના કરવા બેઠો એટલામાં જંગલમાં કોઈ માણસનો પોકાર પોતાને કાને પડ્યો એટલે માનસીંગ તે અવાજ તરફ ચાલ્યો. થોડેક દુર ગયો એટલે એક માણસને રોતો જોઈ કેહેવા લાગ્યો કે એ જુવાન તુ આ બીઆમણા જંગલમાં કોને માટે રડી પોતાનો જીવ ખુવેછે. એટલે તે રાજકુંવર બોલ્યો કે હું બુંદીકોટાનો હાડો રજેપુતછું મારૂ નામ અમરસીંગછે હું ચંબાવટીનગરીના રાજા ચંદ્રસેનની છોકરી દીપમણી ઉપર આશક થયોછું તેણીના બાપને પતનો રોગ થયોછે તેથી તેણીએ એવું પણ લીધુછે કે જે માણસ ગરૂડપંખીની ચરક અને ઇસ્માલ જોગીના બાગમાંથી સાચી કસ્તુરી લાવે તેની સાથે તેણીનું લગ્ન કરે એવું સાંભળી હું આ જંગલે જંગલ અને પાહાડે પાહાડ ફર્યો પણ મને તેનો રસ્તો મળ્યો નહીં આખર હું આ જંગલમાં હાય પોકારી મારા પ્રાણ તજવાનો હતો એટલામાં તમો મારીપાસે આવ્યા હવે હું મારો પ્રાણ શી રીતે બચાવું અને હું મારી આશુકને શી રીતે મળું એમ કહી જારબેજાર રડવા લાગ્યો એટલે માનસીંગ હિંમત આપી કેહેવા લાગ્યો કે તારૂં દુઃખ હું દુર કરીશ ત્યારે મારા મનની શાન્તી થશે. એમ કહી અમરસીંગને કહ્યું કે તુને રસ્તાની ખબરછે એટલે અમરસીંગ બોલ્યોકે મેં એક જોગીની પાસેથી સાંભળ્યુંછે જે ઇસ્માલ જોગી કામરૂદેશમાં કમાવંશી દેવીના મઢમાં રહેછે તેનો બાગ ત્યાંથી દોઢસો કોસ દુરછે તે ઠેકાણે તેની છોકરી દાંકી કેટલાએક જાદુગરો કેટલાએક સાપો, વીંછીઓ ગરોળિઓ અને કાડીખાનારાં જાનવરો ઇત્યાદી જાનવરોની ચોકી તેના આડીછે તે જગ્યોએ જે માણસ જાયછે તે હરગેજ જીવતો પાછો આવેછે. એવું સાંભળી માનસીંગ પોતાના મનસાથે કેહેવા લાગ્યો જે આ જગતને

દુ:ખ દેનારા તે દુષ્ટોનો નાશ કરવો જોઇએ એમ કહી તે માણસને હિંમત આપી કામરૂદેશનો રસ્તો માનસીંગે લીધો. થોડાએક દીવસમાં એક ઝાડ નીચે અફસોસ કરી બેઠો અને પોતાના મન સાથે કેહેવા લાગ્યો કે હજુ મને કામરૂદેશના રસ્તાની કાંઇબી ગમ પડી નહીં હવે મારે કઈ તરફ જવું એમ કહી ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો એટલે તે ઝાડ ઉપર ગરૂડપંખી પોતાની માદાને કેહેવા લાગ્યો કે, આ માનસીંગ પરદુ:ખભંજનછે પારકાને માટે પોતાના જીવની દરકાર છોડી કામરૂદેશમાં જાયછે ત્યારે તે માદા બોલી કે, કામરૂદેશ પુર્વદિશામાં ઉપસાગરની પાસેના બેટમાંછે તે કામરૂદેશમાંની સ્ત્રીઓ હરેક પુરૂષને પોતાના દેશમાં આવેલો જોઈ અત્યંત પ્રેમ દેખાડી પોતાના ઘરમાં લઈ જઇ તે પુરૂષને દિવસે બળદ કરી પોતાની ખેતીનું કામ કરાવેછે અને રાત્રે પોતાના યાર તરીકે ભોગવેછે એટલે નર બોલ્યો કે જો માનસીંગ આ વખત પુર્વદિશા તરફ જાય તો પોતાનું કામ પાર પાડી પાછો આવે, તે સાંભળી માનસીંગ ઝાડ નિચેથી ચડપથી પુર્વદિશામાં ચાલ્યો, ચાલતાં ચાલતાં કેટલેક દિવસે એક નદીના કિનારાપાસે આવ્યો અને જુવેછે તો એક જોગીને તપ કરતો જોયો અને માનસીંગ તેની સ્તુતિ કરી તેની પાસે બેઠો એટલે જોગી બોલ્યો અબે બેટા તું કીદરસે આતે હો કહાં તલક જાતેહો એટલે માનસીંગ બોલ્યો કે મારો ઈરાદો કામરૂદેશમાં જવાનો છે તે સાંભળી જોગી બોલ્યો ઓ બેટા તેરા દુસ્મને તેરેકું ભરમાકર તુજે મારનેકા ઇરાદા કર તેરેકું ફાંસમેં ડાલાહે માટે આ ખ્યાલ છોડી તુમ તુમારા દેશ તરફ જાઓ એટલે માનસીંગ બોલ્યો ઓ માહા પુરૂષ આ કામ મેં મારે માટે કીધું નથી પણ બીજાને વાસ્તે કીધુંછે. એટલે તે જોગી બોલ્યો કે તું માનસીંગ પરદુ:ખ ભાગનાર છે તેણે કહયું હું તેજ છું એટલે જોગી બોલ્યો કે તું મારૂં દુ:ખ ટાળશે તો તારૂં પરમેશ્વર કલ્યાણ કરશે. માનસીંગે કહયું ઓ માહારાજ તમારે એવું શું દુ:ખછે તે મને જલદી કહો હું તમારૂં કામ પાર પાડીશ. એટલે તે જોગીએ કહયું

કે હું ઇંદ્રની અપસરાઓમાંની પ્રભાવંતી ઉપર આશક થ-યોછું માટે મારી માશુકને તું મેળવી આપશે, એવી હું આ-શા રાખુંછું, એટલે માનસીંગ બોલ્યો કે તે શેહેર કયાંછે તે મને કહે એટલે જોગી બોલ્યો કે આ નદીને સામેપાર તે શેહેરમાં તે સ્ત્રીઓ રહેછે બીજુ કોઈ ત્યાં માણસ જઈ શકતું નથી કદી કોઈ પુરૂષ જાયછે તે પાછો આવતો નથી તે સાં-ભળી માનસીંગ હિંમત આપી ચાલ્યો તે નદીને સામેપાર ગયો ને જુવેછેતો સુસોભીત શેહેર તેની નજરે પડયું, તે શેહેરમાં દાખલ થઈ જુવેછેતો કોઈ માણસ તેની નજરે ન પડયું એટલે પોતાના મનસાથે કેહેવા લાગ્યો કે આ ગંજાવર શેહેર વસ્તી વિના કેવું બિહામણું લાગેછે એમ કહી મધ્ય ચોકમાં ગયો એટલે એક મેહેલ તેની નજરે પડયો, તે મેહેલ હીરાથી જડેલો હતો જ્યારે માનસીંગ નજદીક ગયો ત્યારે મેહેલના દિવાનખાનામાંથી ચાર ખુબ સુરત અપસરાઓ નિકળી માનસીંગનું રૂપ જોઇ મોહિત થઈ તેનો હાથ ઝાલી અંદર લીધો ને ઘણા નાચરંગથી ખુશી કરી પોતાના નિયમ પ્રમાણે એક એક દિવસ પોતાએ ભોગવવાનો ઠરાવ કીધો. તે અપ્સરાઓ દિવસે તેનીસાથે એસઆરામ કરે અને રાત્રે ઇંદ્રનીપાસે સ્વર્ગમાં નાચ કરવા જાય, એક દિવસ માનસીંગ પણ તેની સાથે તેના વૈમાનની નિચે છાની રીતે ભરાઈ ઈંદ્ર-ના દરબારમાં દાખલ થયો તે દિવસે સૌથી નાની પ્રભાવંતી-નો નાચ હતો. જ્યારે તે ઇંદ્રની સામી નાચ કરવા લાગી ત્યારે તેને ઇંદરે હાર આપ્યો એટલે પોતાના હાથમાં લઈ તે હાર પોતાને પછવાડે મુકવા ગઈ તેવોજ તે હાર માનસીંગે લીધો. તે અપસરા ફરીથી નાટારંગમાં મશગુલ થઈ એટલે ઇંદરે તેને ડમરૂં ઝાંઝર આપ્યું તે લઇ પછવાડે મુકવા જાય કે તરત માનસીંગે તે ઝાંઝર તેજ રીતે લીધું એટલે નાચ પુરો થયો કે તે અપસરાઓ પોતાના વૈમાનમાં બેસી ચાલી-ઓ એટલે માનસીંગ તે વૈમાનની નિચે છાની રીતે ભરાયો એટલે પોતાનું શેહેર આવ્યું, પછી ચારે એકઠીથઇ પોતાની રીતપ્રમાણે સૈસૌના દીવાનખાનામાં તરેહવાર ભભકો કીધો

કે આજે પ્રભાવંતીનો વારોછે. તે માનસીંગ પાસે બેહેલો હતો તેને કહ્યું કે તમો આજે પ્રભાવંતીના દીવાનખાનામાં એશઆરામ કરી તમો તમારૂં દીલ ખુસ કરો, તે માનસીંગ ત્યાંથી ઉઠીને પ્રભાવંતીના મેહેલમાં દાખલથયો એટલે તે અપછરા ઘણા હેતથી માનપુરવક સન્માન આપી ઘણી આજીજીથી પોતાના તખ્તપર બેસાડયો ને તે અપછરા તેની સામી નાચરંગમાં મસગુલથી તે માનસીંગને ખુસીકરી બોલી કે આજે આપણે બંને શોગઠાં બાજી માંડી હોડ એવી સરતથી કરીએ કે જે હારે તે પોતાના વચનથી બંધાઈ.એમકરી બાજી માંડી, તેમાં પ્રભાવંતીની જીતથશે એવું માનસીંગને માલમપડયું કે માનસીંગ બોલ્યો કે મને આજ રાત્રે એક સપ્નું આવ્યું તેમા તું ઇંદ્રની સભામાં નાચકરતી હતી ત્યારે ઇંદર તારા ઉપર ખુસીથઈ તુને એક હીરાનોહાર આપ્યો તે હાર તેં તારે પછવાડે મુકી ફરીથી ઇંદરને વધારે રીઝવવા માટે નાચરંગ કરવાલાગી એટલે ઇંદરે તુને ડમરૂઝાંઝર આપ્યું તે સાંભળતાંજ તે અપછરાનો ચેહેરો ઉતરીગયો કે પોતાના કાચાબાર પડયા અને માનસીંગની જીત થઇ. એટલે માનસીંગ બોલ્યો કે તારીપાસે વચન માગુંછું ત્યારે તે બોલીકે આજથી હું તારીજછું તું જેને આપવા ચાહાતોહશે તેની પાસેરેહેવાને હું કબુલછું તેનું વચન લઈ માનસીંગે તે અપછરાને પેલોહાર તથા ડમરૂ ઝાંઝર આપ્યાં તે જોઈ પ્રભાવંતી ઘણી આશ્ચર્ય પામી માનસીંગની બાહાદુરીનાં વખાણ કરવા લાગી એટલે રાત પડી કે પેલીઓ ઇંદરના દરબારમાં જવાની તૈયારી કીધી એટલે માનસીંગ બોલ્યો કે આજે માહારે આ જગ્યાથી જાવાનો ઇરાદો રાખુંછું માટે તારૂં વચન પાળવાને કબુલ હોયતો માહારી સાથે આવ. તે સાંભળી પ્રભાવંતી બોલી કે મારાથી એમ શી રીતે અવાય કેમ જે મહારી બેહેનો આપણને જવા દેશે નહીં માટે તેનો એક એવો ઉપાયછે કે તેનું જોર કાંઈબી રીતે ચાલશે નહીં, તે ઉપાય એછે જે આ સાવરણી આપણે સાથે લઈ જઇએ એટલે મારી બેહેનો આપણી પછવાડે સમળીઓ થઈ જયારે આવે ત્યારે આમાંની સળીઓ રસ્તામાં

વેરજો એટલે તે સળીઓ પોતાની ચાંચમાં લઈ મુકવા જશે એટલામાં આપણે નદીને સામેપાર જઈશું એટલે તેનું જોર કાંઈ ફાવશે નહિં એમ કહી કેટલુંએક જવાહીરનો ગાંસડો બાંધી પોતાના હાથમાં સાવરણી લઇ છુપી રીતે ચાલ્યાં, એટલે પેલીઓએ પોતાના મેહેલમાંથી જોયું તો પોતાની બેન માનસીંગની સાથે જતી દીઠી કે તરત તેની પછવાડે સમળીઓ થઈ દોડીઓ એટલે માનસીંગે પેલી સાવરણીની સળીયો રસ્તામાં વેરી નાંખી તે જોઈ પેલીઓ પોતાની ચાંચવતી વીણી પાછી પોતાના દીવાનખાનામાં મુકવા ગઇ, એટલે બંને જણ નદીની પેલીપાર પુગી ગયાં કે પેલી સમળીઓ થઈ પાછી આવી કે હનુમાને હાક મારી એટલે નિરાશ થઇ પાછી ગઈ એટલે માનસીંગ પ્રભાવંતીને લઈ પેલા જોગીને મળ્યો તે જોગી માનસીંગની હિંમતના વખાણ કરી કેહેવા લાગ્યો કે ધન્યછે તારી માતને જે તેની કુખે તારા જેવું રત્ન ઉત્પન્ન થયું એટલે માનસીંગે કહયું કે લ્યો ગુરૂજી આ તમારી પ્રભાવંતી જેને માટે તમો પોતાની દેહ ખાખ કરોછો તે માશુક તમને આપુંછું માટે ખુશી થઈ લ્યો એટલે જોગીએ તેને ઝરઝર કથા અને અંતરિક્ષ વિધા અને ઉડણ ખાટલી અને લાલીયો ઘોડો અને અક્ષય પાત્ર એ પાંચ વસ્તુઓ આપી કહયું, કે જા બચ્ચા તેરેકુ એ દુ:ખકી બખત બોત કામકીહે, એટલે માનસીંગ બોલ્યો કે આ વસ્તુ શા કામનીછે તે મને કહો. એટલે જોગી બોલ્યો કે ઝરઝર કથા માથે મુકીશ કે જાદુથી પથ્થરબનેલો જે માણસ હશે તે પાછો પોતાની સુધીમાં આવશે. આ અંતરિક્ષ વિધાનો મંત્ર ભણવાથી તુને તારો દુસ્મન જોશે નહીં અને આ ઉડણખાટલી છે તેના ઉપર બેસી તારી ઈચ્છા પ્રમાણે તારે જે જગોપર જવું હશે ત્યાં જઈ શકીશ અને લાલીઓ ઘોડોછે તે તને લડાઈની વખતમાં ઘણો કામનો છે, ને અખેપાતરમાં તારી ઈચ્છા પ્રમાણે જે ચીતવીશ તે પ્રમાણે પકવાનો તૈયાર થશે તે પાંચ વસ્તુઓ લઇ જોગીની પાસેથી

રજા લઈ ઉડણ ખાટલીમાં બેસી બોલ્યો કે ઉડે ઉડણ ખાટલી જ્યાં કામરૂદેશ. એટલે કામરૂદેશમાં પોચ્યો તે માનસીંગને જોઈ કામરૂદેશની સ્ત્રીઓ મોહીત થઇ એકબીજી સાથે કેહેવા લાગી કે આ પુરૂષ ખુબ સુરતછે માટે તેને આપણા ઘરમાં રાખવો એમ કહી પોતાના શેહેરમાં આવવાને કહયું એટલે માનસીંગ બોલ્યો કે તમે કોણછો મને આ દેશનું નામ કહો ત્યારે તે બોલીકે આ દેશનું નામ કામરૂદેશછે અને ઈસ્માલ જોગીના મઠ કરીને આ શેહેર ઓળખાય છે અને અમારે ઘેર જે પુરૂષ આવેછે તેને અમો અમારે ઘેર અમારા પુરૂષ તરીકે રાખીએ છીએ એટલે તે માનસીંગ બોલ્યો કે તમારે એવી શી રીતછે જે બીજા દેશના પુરૂષની સાથે તમે જારકર્મ કરી પોતાના પતિવ્રતા ધર્મથી ભ્રષ્ટ થાઓછો તે દુષ્ટ ધારાથી તમો વેગળાં રહી પોતાના ખરા અંતઃકરણથી જે તમારો પુરૂષ હોય તેની સેવા બજાવો, તે સ્ત્રીઓ તેના ઉપર ક્રોધ કરી પોતાના જાદુ ફેંકવા લાગી, એટલે માનસીંગ અંતરિક્ષ થઇ ઉડણ ખાટલીમાં બેસી બોલ્યો કે ઉડે ઉડણ ખાટલી જયાં ઈસ્માલ જોગીનો બાગ; એટલે તે જગ્યોની નજદીક પડયો અને જુવેછે તો મોટા મોટા અજગરો તેની સામા દોડી આવ્યા તે અજગરો એટલા તો મોટા હતા કે જેના મુખમાંથી એટલો તો આતસ નિકળતો હતો કે જેની જવાળા આકાશ સુધી ઉડતી હતી, તે જોઈ માનસીંગ ઘણો બ્હીનો અને રીંછની છોકરીનો આપેલો મોહારો પોતાના મોહોડામાં રાખી સાવધ થઈ ઉભો રહયો એટલે મોટા પરવતના શીખર જેવો એક અજગર આવી માનસીંગને ગળીગયો, માનસીંગ તેના પેટમાં ગયો એટલે તેને સમુદ્ર માલમ પડયો તે જોઇ પોતાના મનસાથે કેવા લાગ્યો કે હું આ જગ્યામાં સીરીતે રહી શકીશ એમ કહી લાલીયા ઘોકાને હુકમ કીધો કે આ અજગરનું પેટ ચીરી મને બાહાર કાઢ એટલે એક ઘોકાના સહસ્ત્ર ઘોકા થઈ અજગરના પેટની અંદર કુદવા મંડયા અટલે અજગર ઘોકાના મોટા મોટા ઘોઢાથી ઘણો અકળાયો અને ઘોડીક

વારમાં મરણ પામ્યો એટલે તેનું પેટ ચીરી માનસીંગ બાહાર નીકળી પોતાના વસ્ત્ર મુકવી ઉભો રહયો એટલામાં કેટલા એક અજગરો આવી અગનીના ભડકા કરવા લાગ્યા તે જોઈ માનસીંગે અંતરિક્ષ થઈ લાલીયાને હુકમ કીધો કે મ-તારાં અજગર સામાં લડવા લાગ્યાં અને સાત દીવસ સુધી એટલી તો લડાઈ ચાલીકે જેના ભારથી જંગલ ધુજવા લા-ગ્યું અને મોટા મોટા પાહાડના સીખરો તુટી પડયાં અને સાત દીવસના યુદ્ધમાં અજગરોનો નાશકરી ત્યાંથી આગળ ચાલ્યો એટલે મોટા પાડા જેવા વીંછીઓ મહા ઝેરી જેના ડંખથી પ્રાણ તત્કાળ જતારહે તેવા વીંછીઓ તેના સામા થયા એટલે લાલીઆને હુકમ કીધો કે તરત તેઓને મારી આગળ ચાલ્યો એટલે ગરોળીઆ એટલા મોટા હતા કે હાથીના જેવું તો બદન અને જેની જીભ એટલીતો મોટી હતી કે હાથીની સુંઢજ હોય તેવા ગરોળીઆ માનસીંગ સામે થયા એટલે માનસીંગે અંતરિક્ષ થઈ લાલીઆને હુકમ કીધો એટલે એક ધોકાના સહસ્ત્ર થઈ તેઓની સામા લડવા લાગ્યા એટલે તે ગરોળીઆ તે ધોકાને ગળવા લાગ્યા કેટલા એક ધોકા ગરોળીઆ ગળી ગયા તે ધોકા તેના પેટમાં દોડમ દોડા કરી તેનું પેટ ચીરી બાહાર નીકળ્યા એટલે તે બ-ધા ગરોળીઆ મરણ પામ્યા એટલે માનસીંગ બાગમાં ગયો તે બાગ એવોતો રમણીક કે ઇંદરનો બાગ તેની આગળ તુ-ચ્છ, તેજોઇ માનસીંગ ઘણું આશ્ચર્ય પામી તે બાગમાં ચરના-રા કસ્તુરીઆ મ્રગને પાડવા જાયછે તેથી તે મ્રગે બુમપાડી એટલે ઇસ્માલજોગીની છોકરી ઢાંકીને માલમ પડયું કે મારા બાગમાં એવો કોણપુરૂષ આવ્યો છેજે મ્રગને પકડી મહારી કસ્તુરી લે, એમ કહી પોતાનું જાદુ ફૂંકતી તેની તરફ આવી એટલે માનસીંગ અંતરિક્ષ થઇ એક બાજુપર ઉભો ને તેના ધોકા લાલીઆને હુકમ કીધો કે મતારાં તડોતડ લાગજો. એવો હુકમ સાંભળતાંજ તરત ઢાંકીના કુલા ઉપર લાગવા માંડયા એટલે બુમે બુમ પાડી પોકાર કરી તેના બાપને યા-દ કીધો એટલે ઇસ્માલ જોગી પોતાનું જાદુ ફૂંકતો ફૂંકતો

અધરથી ઉડી આવ્યો, જુવેછે તો પોતાની ચોકીમાંના અજગરો વીંછીઓ ગરોળીઓ વીગરે કોઈ માલમ પડયું નહી ને તે સરવેને મુવેલા જોઈ એટલો તો ક્રોધ ચડયો કે એવો કોણછે જે મારી ચોકીના તમામ પસુઓને મારી બાગમાં પ્રવેશ કરી મારી છોકરી ઢાંકીને દુઃખદેછે. એમ કહી પોતાનું જાદુ ફૂંકવા લાગ્યો એટલે આતસના ભડકા એટલા તો ઉડવા લાગ્યા કે જંગલે જંગલ સળગી ઉઠયાં એટલે માનસીંગે મેઘાસ્ત્ર બાણ મુકયું એટલે સરવે ઓલાઇ ગઈ તે જોઈ ઇસ્માલ જોગી વધારે ચીડાઇ પોતાનું જાદુ પરવત ઉપર ચલાવ્યું એટલે મોટા મોટા પરવતોનો વરસાદ વરસવા લાગ્યો તે પરવત એટલા તો ઉડાડયા કે ચોતરફ માનસીંગ ફરતો એક કોટ બંધાયો, એટલે ઇસ્માલ જોગીએ જાણ્યું કે એ બલા હવે દુર થઇ એમ કરી પોતાની છોકરી ઢાંકી પાસે આવી તેને કેવા લાગ્યોકે તે બલા કેવીહતી અને તુંને તેણે શું દુઃખદીધું કે તેં મને યાદકીધો. એટલે તે ઢાંકી બોલી કે કોઇ અંતરીક્ષથી ધોકાને હુકમ કરેછે તે ધોકા મારા હગરા ભાંગી હાય પોકરાવે છે, તેથી કંટાળી મેં તમને યાદ કીધા એટલે તે બલા તેં દુર કીધી. એટલે માનસીંગ ઉડણ ખાટલીમાં બેશી તેના સામો આવ્યો ને લાલીયા ધોકાને હુકમ કીધો કે તરત તે ધોકાઓ ઇસ્માલ જોગીના ટોળામાં તડોતડ ભડોભડ લાગવા લાગ્યા એટલે ઇસ્માલ જોગીએ તેની દેવીને યાદ કીધી કે તરત તે દેવી આવી ઉભી રહી, એટલે માનસીંગે ધોકાને હુકમ કરયો કે દેવીની છાતીમાં ફુટોફુડ લાગજો, એટલે તે ધોકાથી દેવીની છાતી ભાગીનાંખી એટલે બુમ પાડી કહયું કે એ માનસીંગ છે, એટલે માનસીંગ બોલ્યો કે હશે; એટલે તેને દેવી પ્રસન્ન થઈ બોલી કે ઓ માનસીંગ તેં આટલી રકજક શું કામ કરી તારે જે જોઇએ તે માગીલે, હું આપવાને તઈયાર છું, ત્યારે માનસીંગે કહયું કે મારે સાચી કસ્તુરીનું કામ છે માટે તે મને આપો એટલે દેવીએ તેને કસ્તુરી આપી વીદાય કીધો અને માનસીંગ. ઉડણ ખાટલીમાં બેશી બોલ્યો કે ઉડે ઉડણ ખાટલી કે

જ્યાં અમરસીંગ રહોડ. એટલે જંગલમાં અમરસીંગની પાસે જઇ પુગ્યો. એટલે અમરસીંગે તેને ધણાહેતથી માન દઈ પોતાની પાસે બેસાડી કહ્યું કે મારૂં કામ સીધ્ધ થયું, એટલે માનસીંગ બોલ્યો કે ઘણી મુસ્કેલીથી આ ચીજ તારે માટે લાવ્યો છું. એમ કહી સાચી કસ્તુરી તથા ગરૂડપંખીની ચરક તે બંને ચીજો અમરસીંગને આપી વીદાય થયો. અને જતાં જતાં પેલા બે રસ્તા આગળ આવી લાગ્યો અને જમણી તરફને રસ્તે જવાને બદલે ભુલથી ડાબી તરફ ચાલ્યો. ચાર દહાડા પછી તે એક મોટા જંગલમાં આવી પુગ્યો, જ્યાં જતાંજ સઘળાં ફાડી ખાનારાં જાનવરો હાથી, વાઘ, વરૂ, સિંહ ઈત્યાદીને પોતાની તરફ દોડતાં દીઠાં. માનસીંગ ઘણોજ ગભરાઈ એક ઝાડ ઉપર ચઢી ગયો, નજર કરીને બરોબર જુવે છે તો એક મોટી બીહામણી બલા દોડતી દીઠી. તેણે વિચાર્યું કે આ ભયંકર બલાની ધાસ્તીથીજ આવા દેહસતનાં ભરેલાં જાનવરો પણ નાશી જાયછે. પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આ માનસીંગ જ્યારેઆવાં ભયંકર અને ઘાતકી જાનવરો આ બલાને જોઇ નાશી જાય છે, ત્યારે તું કેમ બચશે, પછી તે પોતાનાં હાથમાં કટાર રાખીને બેઠો. હવે તે જાનવર પણ પોતાના મોમાંથી અગ્નિના ભડકા કાઢતું તે ઝાડ તળે આવી ઉભું ને એક બાજુએથી બીજી બાજુએ કુદવા લાગ્યું, એટલામાં માનસીંગ તેની નજરે પડયો કે તરતજ તેણે માનસીંગ તરફ કુદકો માર્યો, જો તે સાવધ નહી રહયો હોત તો તે જાનવર તેના ચુરેચુરા કરી નાંખત પણ તેણે ખબરદારીથી કટારે તેના બંને હાથ કાપી નાંખ્યા. આથી તે જાનવર એટલું તો ચીડાઈ ગયું કે માનસીંગ ઉપર ફરીથી તલપ મારી તેવુંજ કટારથી તે જાનવરનું પેટ તેણે ચીરી નાંખ્યું, તે જાનવર જમીનપર પડયું કે સઘળું જંગલ સળગ્યું. માનસીંગ જે ઝાડ ઉપર બેઠો હતો તે ઘણું સુકું હોવાથી તે પણ સળગી ગયું, માનસીંગે તરત કુદકો માર્યો અને પેલો મોરો પોતાના મોમાં મુ-

કુયો જ્યારે આગ નરમ પડી ત્યારે માનસીંગે પોતાના કટારથી તેના ચારે દાંત જે કટાર જેટલા મોટા હતા તેમજ તેના નખ પણ નજદીક પંદર ઇંચ જેટલા લાંબા હતા તે કાપીલઇ ત્યાંથી ચાલતો થયો. જ્યારે એક શેહેર આગળ આવ્યો ત્યારે જોયું તો તે ઘણુંજ આબાદી ભરેલું દીઠું. મોટી મોટી ઈમારતો તે સાથે વળી બાગ બગીચા પણ પુષ્કળ હતા, જ્યારે અંદર ગયો ત્યારે કોઈપણ માણસને તેણે દીઠું નહીં, બજારમાં સઘળી દુકાનો દરેક જોઈતી ચીજોથી ભરેલી હતી. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે કોઇ પણ બલા આ શેહેરને ખરાબ કરતી હશે જ્યારે માનસીંગ વધારે આગળ ચાલ્યો ત્યારે એક ભોંયરાની અંદર તે શેહેરના રાજાને પોતાના કુટુંબ સહીત દીઠો. તે રાજા ભોંયરાની બારીમાંથી માનસીંગને જોઇ તેને પોકારીને કેહેવા લાગ્યો કે એ મુસાફ્રર જલદી તું આ ભોંયરાની અંદર આવ, નહીંતો તારો પ્રાણ ખોઇ દેશે માનસીંગે તેને પુછયું કે તમો સઘળા કોની ધાસ્તીથી અંદર ભરાઈ રહ્યાછો તેણે કહયું કે એ જુવાન પેહેલાં તું અંદર આવ પછી મને જે પુછવાનું હોય તે પુછજે પણ માનસીંગ ઘણો આશ્ચર્ય થયો એટલે તે કેહેવા લાગ્યો કે, આ ઠેકાણે એક અતી ઘણી મોતી બલા આવેછે જે શેહેરના તમામ માણસોને નાશ કરેછે. તેનું શરીર મોટા પરવતના જેવું છે અને તરવાર જેવા તીણા ચાર દાંત તેના મોંમાંથી બહાર નીકળેલાછે અગરજો ફ્રકત તેના નખની અણી કોઇ માણસને લાગેતો તે માણસ પાણી પીવા ઉભો રેહે નહીં. તે પોતાના મોંમાંથી અગ્નીના ભડકે ભડકા કાઢેછે જે નીકળતાંજ તેની સામેની સઘળી ચીજો પથ્થર યા લોખંડ પણ બળીને ખાખ થઈ જાયછે. દોડવામાં તે બલાની બરોબર આ જગતમાં કોઈપણ જાનવર હશે નહીં, વીજળી કરતાં પણ સરસ ચાલનુંછે.માનસીંગે કહયું કે તમો સઘળા ધીરજધરો તે જાનવરને મેં માર્યુંછે અહીંથી થોડેક દુરના

જંગલમાં મેં તેને જોયું અને પરમેશ્વરની કૃપાથી તેને મારી નાંખ્યુંછે જો આ તેના દાંત અને નખ હું એક નવાઈ જેવી ચીજ તરીકે લાવ્યોછું, એમ કહી તે દેખાડયું તેઓ સઘળા હેઠે આવી માનસીંગને દંડવત કરી પગે લાગ્યા. તે રાજાએ માનસીંગ સાથ ઘણી માયાથી ભેટી કરી કહયું કે ઓ હિંમતવાન ખુબ સુરત જુવાન તું હવેથી માહારાજ શેહેરમાં રહે હું તને મારી છોકરી સાથે પરણાવવા ઇચ્છુંછું. તું અહીંઆં રહી હમેશાં તેની સાથ એસઆરામમાં મશગુલ રહે પણ માનસીંગે તે કબુલ કીધું નહીં અને ત્યાંથી જવાની પોતાની ખુશી દેખાડી પછી પેલા રાજાએ પોતાના સઘળા માણસોને બોલાવ્યા, અને માનસીંગ ત્યાં થોડા દીવસ મેમાન રહી પેલા પાહાડ તરફ જવા નીકળ્યો તે રાજાએ માનસીંગને સીધો રસ્તો દેખાડવા વાસ્તે પોતાના માણસોને તેની સાથ મોકલાવ્યા, માનસીંગ તેઓની મદદથી સીધે રસ્તે નિકળી ચાલ્યો. દશ દહાડાપછી એક મોટા શેહેરમાં જઈ પુગ્યો શેહેરના લોકો તેને પોતાના મુખીપાસ લઇ ગયા, મુખીએ ઇજત આબરૂ સાથ માનસીંગને પોતાની પાસે ખુરશી ઉપર બેસાડયો પછી પોતાના શેહેરમાં ગમન કરવાનું કારણ પુછ્યું કારણકે તે શેહેરમાં તે વખત સુધી કોઈ દહાડે પણ કોઈ પરદેશી માણસ મુસાફર તરીકે આવ્યો નહોતો. તેણે રૂપસીંહશોહાડ અને ગુણસુંદરીની આખી વારતા તેની આગળ વિગતવાર કહી દેખાડી પછી મુખીએ તેને કહયું કે ઓ સુરા પુરૂષ હકીકતથી તે બળતા પાહાડનું ધ્યાન ખરેખરૂં માલમ પડતું નથી જો તું આ શેહેરમાં થોડો વખત સુધી રહેતો તેની કેફીઅતથી થોડો ઘણો તું વાકેફ થશે પછી તેણે માનસીંગને તે પરવત દેખાડયો કે જે પરવત પોતાની ટોચ આકાશ સાથે લગાડી અગ્નીથી ભરેલો હતો પછી તે ત્યાં રહયો અને એક દીવસે કેટલાક માણસો સંગાથે બેસી વાત કરતો હતો એટલામાં તે પરવતમાંથી એટલા જોરથી ઝરા ઉડતા હતા કે તે જવાળાથી પાસેના ઝાડો તથા

પસુઓ બળીને ખાખ થઈ જતાં હતાં. સર્વે લોક એમ વાત કરતાં હતાં એટલામાં તે જ્વાળામુખી દેવીનું સ્વરૂપ લઈ એક હરીનંદ નામના માણસને સાદ કીધો એટલે તે બોલતો બંધ પડી ગયો અને હાય મારી કરતો ઉઠી બળતા પરવત તરફનો રસ્તો લીધો તેનાં સગાંવહાલાંને ખબર કીધી કે હરીનંદને બોલાવવામાં આવ્યોછે. તેનાં સગાં વહાલાંઓ સઘળાં તે પરવત તરફ દોડયાં અને જોયું તો તેનો ચેહેરો હીંગળા જેવો રાતો થઈ ગયોછે સઘળાઓ તેની આસપાસ ફરી વળ્યા પણ તેતો પરવતની તરફ ચાલતો થયો માનસીંગે પુછયું કે એ વહાલાઓ આ માણસને શું થયુંછે, કાંઇ દીવાનોતો નથી બની ગયો શા માટે કોઇ સાથ એક સવાલપણ બોલતો નથી. તે માણસોએ કહયું કે, એ વિષે અમને કાંઇ ખબર પડતી નથી, પેલો હરીનંદ જાયછે તેને જઇને પુછ. માનસીંગે દોડતાં દોડતાં હાથ ધરીને તેને ઉભો રાખ્યો ને પુછયું કે, તું કયાં જાયછે અને તને કોણ બોલાવેછે તેણે આ પ્રશ્નનો જવાબ કાંઇજ આપ્યો નહીં, માનસીંગે કહયું કે આ પ્યારા દોસ્તીની એ રીત નથી આટલા દીવસ સુધી તું મારી સોબતમાં ઘણોજ મગ્ન રહયો અને જ્યારે તારી અને મારી વચ્ચે મોહોબત વધી ત્યારે તું મને એકલો મેલી ચાલી જાયછે, કેહેકે તને આ પ્રમાણે કોણ ખેંચી લેછે પણ તેને કાંઇજ જવાબ આપ્યા વગર પોતાનો હાથ માનસીંગના હાથમાંથી છોડાવવા માટે એટલા જોરથી ખેંચ્યો કે તે છુટો પડી ગયો અને માનસીંગ જમીનપર પડયો, પણ તેતો બળતા પરવત તરફ ચાલ્યાજકીધો. માનસીંગ તરતજ ઉઠી લાગલોજ તેની પુંઠે પડયો જેવો તે પરવત ઉપર ચડવા જાયછે કે તરતજ કુદીને પોતાના બંને હાથ તેની કોટની આસપાસ એટલા તો જોરથી વીંટાળી લીધાકે, તેનાથી બીલકુલ છોડી શકાયું નહીં અને માનસીંગ અથડાતો કુટાતો તેની સાથે પોતાના મોઢામાં રીંછની છોકરીએ આપેલો મોહોરો રાખી તે પર-

વતને મથાળે પોહોચ્યો પણ પોતાના હાથ તેની કોટમાંથી છોડયા નહીં જ્યારે તેઓ મથાળેથી ચાલવા લાગ્યા ત્યારે તેઓને અગ્નીએ ચોતરફથી વીંટી લીધા એટલે મહાદેવીનું સ્વરૂપ તેના જોવામાં આવ્યું તે દેવીને સસ્ત્ર હાથ હતા તે જોઈ માનસીંગ ઘણું આશ્ચર્ય પામ્યો એટલે તે દેવી અલોપ થઈ ત્યારે તેઓને એક બારી દેખાઈ તેમાંથી તે જવાળા નીકળતી હતી. તે જવાન તેમજ માનસીંગ જ્યારે હેઠળ ઉભેલાં માણસોની નજરથી દુર થયા ત્યારે તેઓ પોતાના શેહેરમાં પાછાં આવી પુગ્યાં, હવે માનસીંગતો પેલી બારીમાંથી તે જુવાનની પુંઠે ગયો અને એકાએક ઘણા બોહોળા મેદાનમાં આવી પોહોચ્યો તે મેદાન જ્યાંસુધી નજર જાય ત્યાં સુધી અગ્નીથી ભરપુર દેખાયું તે હરીનંદ ત્યાં ગયો અને થોડીએક જગ્યા જે અગ્નીથી ખાલી હતી તે જગ્યા ઉપર ચીતો પાટ પડયો તેના હાથ પગ બંધાઈ ગયા અને તેનો ચેહેરો ફીકો પડી ગયો, તેનું તન જીવથી ખાલી થઇ ગયું માનસીંગે જાણ્યું કે હવે એ મરી ગયો તેથી તેને ઘણું રડવું આવ્યું એટલામાં અગ્નીએ તેને બાળી ખાખ કીધો અને તે ખાલી જમીનમાં એજ રીતે અગ્નીની જવાળો ઉડવા લાગી માનસીંગે જાણ્યું કે બળતા પરવતની ખબર એજ હશે પછી પેલા શેહેર તરફ જવા નીકળ્યો આખો દહાડો અગ્નીમાં ચાલ્યો પણ પેલી બારી કયાંછે અને શેહેર કયાંછે તે કાંઈ તેને માલમ પડયું નહીં એજ પ્રમાણે પંદર દહાડા અને રાત સુધી ભુખ્યો અને તરશ્યો અગ્નીમાં ફરયો અને થાકથી અધમુઆ જેવો થઈ ગયો, પોતાના મનમાં વીચારવા લાગ્યો કે હું અહીંયાં વગર મોતે મરૂંછું, એકાએક તેણે દરીઓ દીઠો જેના મોજા એટલા તો જોરથી દેતા હતા કે પાણીના છાંટા આકાશ સુધી ઉંચે ઉડતા હતા ને સમુદ્રનો છેડો તો કંઈ દેખાતોજ નહોતો. જયારે તેને કીનારે આવી પોંહોંચ્યો ત્યારે તે સમુદ્ર તરી પાર

ક્રેમ જવાશે તેનો વિચાર કરવા ઉભો કે પોતાની પાસે ઉડણખાટલી હતી તેમાં બેશી બોલ્યો કે ઉડજે ઉડણ ખાટલી; એટલામાં એક મોટી માછલી દરીઆમાંથી બહાર આવી માનસીંગને તેનો હાથ પકડી અંદર લઈ પોતાના મેહેલમાં બેસાડી જુવાન સ્ત્રીનું રૂપ ધરી તે કેવા લાગી કે તું મારી સાથ સંભોગ કર. માનસીંગે તેમ કરવા ના કહી, એટલે તે ક્રોધમાં આવી માનસીંગને એટલા જોરથી સમુદ્રમાં ફેંકયો કે તે તરતજ પાતાળમાં દાખલ થયો એટલે તેને શેષનાગની છોકરી જોઇને પોતાના મન સાથે કેહેવા લાગી કે, આ મૃત્યુ લોકનો રેહેવાસી કોઈ પુરૂષ આ જગ્યો ઉપર કેમ આવ્યો હશે. તેનું રૂપ જોઇ મોહીત થઇ બોલી કે એ માન પુરૂષ તું માહારી સાથે લગ્ન કરી સંસારનું સૂખ હાંસલ કરી અહીં રેહે, એટલે માનસીંગે તે કબુલ કીધું એટલે પોતાના નવકુળ નાગને પોતાના બાપ સાથે તેડી લાવી તેની સાથે ગાંધર્વ લગ્ન કરી પોતાના મેહેલમાં લઈ ચાલી. કેટલાએક દીવસ માનસીંગ તેની સાથે રહયો એટલામાં રૂપસીંહરાહોડ અને ગુણસુંદરીની વાત તેને યાદ આવી એટલે તરતજ માનસીંગ તેની સાથેથી ઉઠી દુર ઉભો રહયો અને ધરૂજવા લાગ્યો તે જોઈ નાગપુત્રી પોતાના મન સાથે કેહેવા લાગી જે મારી એબ એવીશું માનસીંગે જોઇ હશે કે સંસારના સુખ ભોગવવાની વખતે માહારાથી દુર રહયોછે હવે હું એને શી રીતે પુછું, માનસીંગે જેયું કે આ પ્યારી ઘણીજ ગમગીન ઉભીછે તેટલા માટે ખરેખરોજ ઇલાજ તેની આગળ કહી દેવો જોઇએ જેથી તેને દીલાસો આવે પછી તેને કહયું કે એ મારી જાન તું શા માટે ફીકરમાં ઉભી છે સીતા અને દ્રુપતીમાં શું એબ છે, કે તારામાં હોય. એ માહાસતી માહારી વહાલી કે ઈશ્વર આધીન મારા જેવા એક રાજકુંવરનું કામ મેં માથે લીધું છે. ચંપાનગરીની ગુણસુંદરી ઉપર ઉદેપુરનો રાજ કુમાર રૂપસીંહ રાહોડ

આશક થયોછે તે ગુણસુંદરી સાત પ્રશ્ન રાખેછે જે કોઇ તેના પ્રશ્નનો જવાબ આપે તેની સાથે પરણવાને તે ખુશીથએલીછે. રૂપસિંહરાઠોડમાં પ્રશ્નનો જવાબ આપવાની તાકાદ નથી તેનું કામ મેં માથે ઉઠાવ્યુંછે તેના પાંચ પ્રશ્નો મેં પુરા કીધા છે અને છઠા પ્રશ્નનો ખુલાસો હું તેની પાસે પુછવાને જાઉછું અને હું તને મારે શેહેર મોકલવા ઈચ્છુંછું, મારો બાપ ત્યાં તારાં ઘણાં જતન કરશે અને તને પોતાની છોકરી તરીકે રાખશે પછી એક કાગળ લખી નાગ પુત્રીને આપી કહ્યું કે એ કાગળ લઇ તું મહારા પીતાને સેહેર જજે તે શેહેરનું નામ પગનપુરછે નાગ પુત્રીએ કહ્યું કે હવે તું કહીશ તેમ હું કરવાને રાજીછું પછી માનસીંગે તેને ઘણો દીલાસો દીધોકે તું કાંઇ ચીંતા કરતી ના, જ્યારે હું સાત પ્રશ્ન પુરા કરીશ ત્યારે તરતજ તારી પાસે આવીશ. પછી નાગ પુત્રી પોતાની સઘળી દાસીઓ સહીત પગનપુર શેહેર ગઇ અને માનસીંગને પેલા સમુદ્રને પેલેતીર મુકવાને પોતાના નાગોને હુકમ કીધો એટલે વૈમાનમાં બેસાડી સમુદ્રનો કીનારો દેખાડયો, માનસીંગ કીનારે ઉતરી શેહેર તરફનો રસ્તો ઢુંડવા લાગ્યો કેટલાએક દાહાડા સુધી તેમજ ફરયો પણ તે જંગલમાં ઝાડનું ઠુંઠુ સરખું પણ માનસીંગની નજરે પડયું નહી આખરે એક મોટો પહાડ દેખાયો જેના પથ્થરમાંથી લોહીની નદી વેતી હતી, માનસીંગ આ જોઈ ઘણો ડરવા લાગ્યો અને તેનાથી વાકેફ થવાનો ઈરાદો કીધો પછી ઉપર ચડયો, જ્યારે છેક મથાળે આવ્યો ત્યારે એક મોટું મેદાન દેખાયું જેની જમીન તદન રાતી હતી પંખીઓ પણ સઘળાં રાતા પીંછાનાં ઉડતાં હતાં આ જોઈ માનસીંગ પોતાની ભુખ અને તરશ ભુલી ગયો અને કેટલાએક કોસ ચાલ્યો ત્યારે તમામ લોહીથી ભરેલો એક જબરજસ્ત સમુદ્ર તેણે જોયો જેના લોઢના અવાજ કાન બેહેરા કરી નાખતા હતા સમુદ્રની અંદર કેટલાંએક માથાં તરતાં હતાં અને કેટલીએક ચુડેલો તેમાનું રૂધીર પી પોતાની તૃપતી કરી કલોલ કરતી હતી તે જોઇ માનસીંગ ડરવા લાગ્યો એટલામાં તે ચુડેલો માનસીંગની સામી દોડીને કેહેવા લાગી કે આ જગ્યો ઉપર

તું કેમ આવ્યોછે એટલે માનસીંગ બોલ્યો કે તમો કોણછો અને આ જગ્યો ઉપર તમો શામાટે આવ્યાંછો ત્યારે તે ચુડેલો બોલી કે અમો અહીં જે માણસ આવેછે તેનું માંસ રૂધીર પી તેનું માથું સમુદ્રમાં તરતું મુકીએ છીએ એટલે માનસીંગે કહ્યું કે અરે દુષ્ટો અઘોર કર્મની કરનારીઓ માણસ જાતને શામાટે દુઃખ દેછે એટલે તે ચુડેલો ક્રોધકરી માનસીંગ સામી કેટલીએક દોડી માનસીંગને પકડવા આવી એટલે માનસીંગે લાલીઆ ધોકાને હુકમ કીધોકે લગાવે ધોકા તે ચુડેલોકી છાતી ઉપર એટલે એક ધોકાના સહસ્ત્ર ધોકા થઈ ચુડેલોની છાતી ભાગવા લાગ્યા તેથી પોકારકરી અગ્નીના ભડકાથી ધોકાને બાળવા લાગી એટલે માનસીંગે અંત્રીક્ષ થઈ મહાવીરને સંભાર્યો એટલે હનુંમાને આવી હાકમારી એટલે તે ચુડેલો અલોપ થઇ ગઈ અને મહાવીરે માનસીંગને કહ્યું કે તું કયાં જવાનો ઇરાદો રાખેછે ત્યારે માનસીંગે કહ્યું કે મારે સમુદ્રપાર જવુંછે ત્યારે હનુમાને કહ્યું કે ભાઇ આના જેવા હજુ તારે સાત સમુદ્ર ઓળંગી જવું પડશે, ત્યારે માનસીંગે કહ્યું કે તે સમુદ્ર કેવાછે અને તે સેના ભરેલાછે તે સાંભળી મહાવીરે કહ્યું કે આ પછી રૂપાનો સોનાનો અને લોખંડનો તથા દહીનો દુધનો અને મધનો એવીરીતે સાત સમુદ્ર ઓળંગી આગળ જવું પડશે, એમ કહી હનુમાન અલોપ થયા કે માનસીંગ ઉડણ ખાટલીપર બેસી બોલ્યો કે ઉડે ઉડણ ખાટલી જયાં રૂપાનો સમુદ્ર એટલામાં ત્યાંથી ઉડી રૂપાના સમુદ્રમાં માનસીંગ પડયો કે તેનું સરીર તદન રૂપાનું થઈ ગયું પોતાના પ્રાણ જવાની વખતે ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો એટલે આકાશ વાણી થઈ કે એ માનસીંગ તારી પાસે જે ઝરઝર કથાછે તે તારે માથે મુક એટલે તે બલા દુરથશે તે સાંભળી માનસીંગે તેમ કીધું કે પોતાનું સઘળું સરીર સુદ્ધીમાં આવ્યું પણ પોતાનો હાથ માથાની ઉપર રેહેવાથી ફકત તે હાથ રૂપાનો રહી ગયો એટલે માનસીંગ તે સમુદ્ર જોઇ ઘણો અશ્ચર્ય થઇ પોતાના મનસાથે કેહેવા લાગ્યો કે ઇશ્વરની રચના કેવી બિચીત્રછે, જે લોકોને ઘણી મુસ્કેલીથી એક રૂપીઓ પેદા કરી

પોતાનું ગુજરાન ચલાવવું મુસ્કેલ પડેછે તો આ જગ્યો ઉ-
પર પરમેશ્વરે આવો રૂપાનો ભંડાર ભરયોછે, આ સમુદ્ર જો-
ઇ માનસીંગની અચરતીનો પાર રહયો નહી એટલામાં એ-
ક જક્ષે આવી હાકમારી માનસીંગને કહયું કે તું આ જ-
ગ્યોપર કેમ આઠ્યોછે આ રૂપાનો સમુદ્ર તારે માટે નથી તે
દેવનોછે. તે સાંભળી માનસીંગે જવાબ દીધો કે આમાનું
રૂપુમારે જોઈતું નથી હું એક મુસાફરછું ને વખાનો મારયો
આ જગોએ આઠ્યોછું તે સાંભળી જક્ષ બોલ્યો કે તારો-
હાથ તેં રૂપાનો કેમ કીધોછે તે રૂપું તારૂં નથી કે તું આ
જગ્યોથી લઈને જઇ શકશે, એમ કહી પોકાર કીધોકે કેટલા
એક જક્ષો તે જગો ઉપર આવી માનસીંગના સામું બંડ
મચાવવા લાગ્યા એટલે માનસીંગે લાલીઆને હુકમ કીધોકે
તરત એક ધોકાના લક્ષ થઇ તે જક્ષોના સામા લડવા લાગ્યા
કેટલાએકનાં તોલાં ફોડયાં, કેટલાકના પગતોડયા, કેટલાકના
ઢગરા ભાગ્યા, કેટલાકનાં માથાં જુદાં કરી નાખ્યાં એટલે ખુ-
મરાણ કરી જક્ષો તે જગોથી નાસવા લાગ્યા એટલે
માનસીંગે પોતાના ધોકાને બોલાવી ઉડણખાટલીમાં બેશી
બોલ્યો કે ઊડે ઊડણ ખાટલી જયાં સોનાનો સમુદ્ર, એ
ટલે તે ખાટલી સોનાના સમુદ્રના મધ્ય ભાગમાં પડી
એટલે માનસીંગ સોનાનો બની ગયો કે તરત તેને જર-
જર કથા યાદ આવી એટલે પોતાના મસ્તક ઊપર મુકી કે
તરત સોનાનો મટી પોતાની સુદ્ધીમાં આઠ્યો કે તે સમુદ્રના
સુરજના કીરણો જેવા મોજા ઉંચે ઊલળાતા જોઇ પરમેશ્વર-
ની અગમ ગતીના વખાણ કરી કેવા લાગ્યો કે ઈશ્વરે આ
જગો ઊપર સોવરણનો ભંડાર ભરી કોનેમાટે રાખ્યો હશે.
એટલામાં એક રાક્ષસ મહા વીકરાળ આવી માનસાંગને
હાકમારી બોલ્યો કે ઓ અકલના દુસ્મન તું આ જગ્યો
પર કેમ આઠ્યોછે જલદી જવાબદે નહીતો તારા ચુરે ચુરા
કરી આ સમુદ્રમાં ફેંકી દઈશ તેનું રૂપ જોઈ માનસીંગ બો-
વા લાગ્યો તે રાક્ષસે પોતાની માયાથી પોતાનું સરૂપ સોળ
જોજન ઊંચુકરી માનસીંગ સામો દોડી આવ્યો એટલે માન-
સીંગે અંત્રિક્ષ થઈ લાલીઆને હુકમ કીધો કે લાલીઓ પેલા

રાક્ષસ સામો લડવા લાગ્યો તે ઘોકા એકના સહુસ્ત્ર થયા જા-
ણી રાક્ષસે અગનીનું આવાહુન કીધું કે તરત અગ્ની આ-
વી તે ઘોકા બળવા લાગ્યા એટલે માનસીંગે મેઘાસ્ત્ર બાણ
પોતાના ભાથામાંથી કાઢી સર સડાવી માર્યો કે મેઘની વ્રષ્ટી
એટલી થઇ કે તેથી તમામ અગ્ની ઓલાઈ ગઇ કે તરત લા-
લીઆને હુકમ કીધો કે રાક્ષસના પેટમાં જઈ એકના સેસ્ત્ર-
ઘોકા થઇ કુદવા લાગ્યા તેથી અકળાઇને રાક્ષસ મરણ પા-
મ્યો એટલે માનસીંગ પોતાની ઉડણ ખાટલી પર બેસી
બોલ્યો કે ઉડે ઉડણ ખાટલી જયાં લોખંડનો સમુદ્ર એટલે
તે ખાટલી ઉડી લોખંડના સમુદ્રની પેલીતીર પડી તેવોજ
તે સમુદ્રમાંથી એક મચ્છ બાહાર નીકળી માનસીંગનો હા-
થ ઝાલી અંદર લઈ ગયો અને તેને એક લોખંડની મજબુ-
ત પેટીમાં નાખી તાળું મારી પોતાની પાસે રાખી બેઠો
એટલે માનસીંગ ઉડણ ખાટલીમાં બેસી બોલ્યો કે ઉડે ઉડ-
ણ ખાટલી જયાં દહીંનો સમુદ્ર એટલે પેટી સુધાં ઉડીને
દહીંના સમુદ્રમાં જઈ પડી એટલે તે જગોપર એક રૂપી તપ
કરતો હતો તે રૂપીએ તે પેટી સમુદ્રમાં પડતાં જોઈ એટલે
સમાધી ચઢાવી જોયું તો તેની અંદર માનસીંગછે તેમ તેને
માલમ પડયું એટલે મંત્ર ભણી પાણીની અંજળી સમુદ્રમાં
નાખી કે તરત તે પેટી ફાટી ને માનસીંગે તેમાંથી બહાર ની-
કળી જોયું તો મહા રૂપીને તપ કરતા જોયા તેવોજ તેની
પાસે જઈ દંડવત કરી તેની પાશે બેઠો એટલે તે રૂપી બોલ્યો
કે ઓ માનસીંગ તું આ વીકટ રસ્તામાં કેમ આવ્યોછે. એ-
ટલે માનસીંગે ગુણસુંદરી ને રૂપસિંહરાઠોડની વારતા ત-
મામ રૂપી આગળ કહી તે સાંભળી રૂપીએ આશીર્વાદ દઈ
તેને વીદાય કીધો એટલે ઉડણ ખાટલીમાં બેસી દુધના દરી-
આમાં ગયો ને ત્યાં જુવેછે તો દુધથી ભરેલો સમુદ્ર જોઈ ઘ-
ણો આશ્ચર્ય થઈ કેહેવા લાગ્યો કે ઇશ્વરની કેવી રચનાછે કે
કોઈ જગોપર દુધથી ભરેલો સમુદ્ર અથવા દહીંથી ભરેલો
સમુદ્ર કોઈ જગ્યોએ સોનાનો રૂપાનો તેમજ મેવાથી કેટલી
એક વનસ્પતીઓથી અગર કેટલાંએક જંગલો તેમ કેટલાં

એક રણ કે જેમાં પાણી ઝાડ બીડ કાંઈબી મલે નહીં એવી ઈશ્વરની માયા અદભુત છે તેનો પાર કોઈ મનુષ યા દેવ પામી શકયું નથી, તેમ કહી ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો એટલે આકાશ વાણી થઈ કે ઓ માનસીંગ તું જલદી આ જગો ઉપરથી જા, તે સાંભળી માનસીંગ ઉડણ ખાટલીમાં બેસી બોલ્યો કે ઉડે ઉડણ ખાટલી જે મધના સમુદ્રની સામેતીર; એટલે સામેતીર જઈ પડયો તે સમુદ્ર જોઈ ઘણો આશ્ચર્ય થઈ પરમેશ્વરની પ્રાર્થના કરી ઉડણ ખાટલીમાં બેસી બોલ્યો ઉડજે ઉડણ ખાટલી જયાં ચંપાનગરી શેહેર એટલે ચંપાનગરીની ભાગોળે પડયો જયારે તે શેહેરમાં આવી પોહોંચ્યો ત્યારે ગુણસુંદરીના માણસોએ તેને ઓળખ્યો અને તેને તેણીના મેહેલમાં તેડી ગયા તેણીએ માનસીંગને પડદાની પછવાડે બેસાડી સઘળો હેવાલ પુછયો માનસીંગે સઘળી વાત વીગતવાર કહી સંભળાવી તે બોલી કે તે ખરૂં છે મેં પણ એમજ સાંભળ્યું છે તે સાંભળી ગુણસુંદરી ઘણીજ ખુશી થઈ અને માનસીંગને એક મોતીનો હાર ભેટ કરયો અને ખાવાનું મંગાવી તેની આગળ મુકયું પણ તે તેણે ખાધું નહીં અને ત્યાંથી રજા લઈ ધર્મશાળામાં રૂપસિંહરાહોડપાસે આવ્યો અને તેને ભેટીને સઘળી વાત કહી સંભળાવી તેણે પોતાનું માથું માનસીંગના પગપર મુકયું માનસીંગે કહયું કે ઓ પ્યારા તું એમ શું કામ કરેછે મેં મારૂ શરીર પરમેશ્વરને અર્થે ખુલ્લું મુકયું છે કે જેને તેની દરકાર હોય તે લે. પછી તે ત્રણ દહાડા ત્યાં રહી પાછો ગુણસુંદરી આગળ આવ્યો અને છઠ્ઠા પ્રશ્નની વાત પુછી તે બોલી કે ઓ માનસીંગ ઘણોએક થાકી તું આ વખતે ઘણો મોડો આવ્યોછે અને એટલો વેલો શા માટે જવા માગેછે તે બોલ્યો કે એમાં ઉતાવળ જેવું કાંઇજ નથી હવે તું મને જે કેહેવાનું હોય તે કેહે કેમકે મને તે પાર પાડયા વગર આરામ મલનાર નથી. તે બોલી કે મારી પાસે એક મણીછે તેના જેવો બીજો મણી સોધી લાવ કે જેથી એક જોટો થાય માનસીંગે કહયું કે એક વાર મને તે દેખાડ હું-

મારી નજરે જોઊં પછી તેણીએ તેને દેખાડયો તે મણી જો- ઇ માનસીંગે જાણ્યું કે એ મણી ગુણસુંદરી કાંઈ નમુંનાને માટે મને આપશે નહીં તેથી તેના જેટલોજ મોટો એક ન- મુના તરીકે બનાવવાને માટે તેણે ગુણસુંદરીને કહયું ગુણ- સુંદરીએ સોનીને બોલાવી તેના જેટલીજ મણી સોનાની કરાવી અને માનસીંગને આપી માનસીંગ તે લઈ ગુણસુંદ- રીની રજા લઈ રૂપસિંહ રાહોડની આગળ આવ્યો અને કહયું કે હવે હું મણી લેવા જાઉંછું પછી ત્યાંથી જુદો થઈ જંગલ તરફ સોધકરવા માટે ચાલ્યો.

માનસીંગ છઠ્ઠા પ્રશ્નની ખબર લાવ્યો તેની વાર્તા.

જ્યારે માનસીંગ રૂપસિંહ રાહોડથી જુદો પડયો ત્યારે એક જંગલ તરફ ચાલ્યો, અને વનમાં જઇ એક મોટા વ્રક્ષ તળે બેઠો અને પોતાનું માથું પોતાના હાથ ઉપર મુકી ફિકર કરવા લાગ્યો, કે આવી મણી કયાંથી મળશે. એટલામાં પરમેશ્વરની કૃપાથી મેનાપોપટનું એક જોડું તે ઝાડઉપર આવીને બેઠું, અને મેના બોલીકે મને આ જગ્યાની હવા માફક આવતી નથી, માટે આ ઠેકાણેથી હવે બીજા ઠેકાણે જવું જોઇએ. જોકે અહીઆં ફળ ફળાદી પુષ્કળછે, પણ જ્યાં સરીરને સુખાકારી નહી હોય ત્યાં એક ક્ષણ પણ રેવું વ્યાજબી નથી. દેહના સુખ જેવું બીજું કાંઈ સુખ નથી, પોપટે કહયું કે તારૂં કેવું તદન ખરૂંજછે તારા બોલવામાં લેશ પણ અસત્ય નથી, જો કે મારો ઈરાદો આ ઠેકાણે વધારે વાર રેવાનો હતો તોપણ જ્યારે તારી તદન તબીયત ઠીક રેતી નથી એટલે મારે પણ તારા મતને મળતો થવું જોઇએ, આપણે આવતી કાલે આપણા મુલક તરફ પાછાં વળીશું. મેનાએ ઉત્તર દીધોકે જો તું તારા કોલઉપર સાબુત રહેજે. પોપટ તેના ઉત્તરમાં બોલ્યો કે તું જાણતી નથી કે હું કોઈ દહાડો પણ જુઠું બોલ્યોછું. જો રાતના મારી જીંદગાની વફાદારી કરસે, તો અલબત આ-

પણે સવારમાં ઉઠી કુચ કરસું, એવામાં મેનાની નજર માનસીંગ ઉપરપડી તેને જોઈને તે બોલીકે આ કોણછે, જે પોતાનું માંથું પોતાના હાથપર મુકી વીચારમાં બેઠોછે. પોપટે કહયુંકે એ માણસ પગનપુર શેહેરનો કુંવરછે અને એનું નામ માનસીંગ છે પરમેશ્વરનો એ સાચો ભક્તછે પરોપકારનાં ઘણાંક કામો એણે કરયાં છે, કરે છે અને હવે પછી પણ કરશે, પારકાનાં દુખ ટાળવા માટે આજ સાત વરસ થયાં જંગલે જંગલ રખડેછે હમણાં પણ એ રૂપસીંહરાઠોડના કામ સારૂં જાય છે અને એક મણીનો જોટો લેવા માટે નિકળ્યોછે. રૂપસિંહરાઠોડ ગુણસુંદરી નામે એક છોકરી ઉપર આશક થયો છે અને તે ગુણસુંદરી ફક્ત સાત પ્રશ્ન રાખેછે તેમાંના પાંચ પ્રશ્નતો આ માણસે પુરા કીધા છે અને હમણાં છઠ્ઠા પ્રશ્નની સોધમાં જાયછે પરમેશ્વરની મેરબાનીથી એ પ્રશ્નપણ પુરો કરશે માટે જો તારી મરજી હોયતો હું તેને રસ્તાની સીધી નિશાની આપું. મેનાએ કહ્યું કે આ દુનિઆમાં એવું કયારે બનેકે જાનવરનો ઉપકાર માણસ ઉપર થાય પછી પોપટ બોલ્યો કે આ કળીયુગનો વખત એવોછે કે માણસ જાત કોઇનું ભલું કરતી નથીપણ પોતાની દોલતની મગરૂરીથી આપણા જેવા પ્રાણીઓને ઘણી ઇજા પોંચાડેછે. પોપટ કહેછે એ મેનાં એ મણીની સંભાળ આ પ્રમાણે છે કે મેરૂપર્વત ઉપર ઈંદ્રના દરબારમાં તેમની ઇંદ્રાણીના કાનની ઝાલમાં છે તે મણી લેવાનો એક ઉપાયછે કે જ્યારે માનસીંગ મેરૂપર્વતમાં જાય ત્યારે ઈંદ્રની અપ્સરા મિનકાની છોકરી સુરેખાછે તે છોકરી ઈંદ્રની સભામાં નાટારંગ કરી ઇંદ્રને ખુશી કરેછે ત્યારે ઇંદ્ર તેને ઈનામ લેવાનું કહેછે તે છોકરી તે લેવા ઇંદ્રનું વચન માગેછે ઇદ્ર તેને વચન આપી કેહેછે કે તારે ખુશીમાં આવે ત્યારે તે વસ્તુ તું માગજે એમ કહી તે છોકરી ઇંદ્રનું વચન લઈ પોતાને સ્થાનકે આવે છે. મિનકા પોતાના પતી સાથે બેસી પુછે છે કે, આ છો-

કરી યોગ્ય ઉમ્મરની થઈ માટે તેનાં લગ્ન કરવાં જોઇએ તે સાંભળી ચીત્રકેત ગાંધર્વ બોલ્યો કે મારા ત્રણ પ્રશ્નનો જવાબ જે પુરૂષ લાવશે તેની સાથ આ માહારી છોકરી પરણાવી આપીશ. તે પ્રશ્ન નિચે પ્રમાણે. પેહેલો પરી જાનવરનો એક જોટો લાવ પછી બીજે લાલ સાપનો મોરો લાવ, ત્રીજે પોતાને ઉકળતી તેલની કડામાં નાંખે અને પાછો તેમાંથી જીવતો બહાર નિકળે. તે ત્રણ પ્રશ્નનો જવાબ લાવી દેનાર પુરૂષની સાથે તે છોકરીનાં લગ્ન તેનો બાપ કરવાને ખુશીછે. કે આ મેનાં આ માનસીંગ મેરૂપર્વતની ઉપર જાયતો તે છોકરીના બાપના ત્રણ પ્રશ્ન પુરા કરી તે છોકરીની સાથે લગ્ન કરે તો તે છોકરી ઇંદ્રને રીઝાવીને ઇંદ્રાણીની ઝાલમાંનો મણી ઇંદરે તે છોકરીને આપેલા વચન મુજબ આપશે, એટલે તે મણી માનસીંગને તે છોકરી આપશે. માટે તે કામ ઘણું કઠીનછે કે રસ્તા ઘણા ખરાબછે તે રસ્તામાં કેટલાએક જીનો અને યવનોની ચોકીઓછે તેમાંથી બચી માનસીંગ સહિસલામત પોંચેતો પોતાની ઈચ્છા પુરી થાય એમ કહી મેના પોપટ ઉડી ગયાં. એટલે માનસીંગ ત્યાંથી ચાલ્યો રસ્તે જતાં એક કાળા સાપને એક બિલાડા સાથે લઢતાં દીઠો માનસીંગે બાંગ મારી કહ્યું કે, આ જાનવરો તમારી વચ્ચે એવી શી દુસ્મનતાઇછે કે, એમ લડોછો; સાપે કહ્યું કે એણે મારા બાપને મારી નાંખ્યોછે બિલાડાએ જવાબ દીધો કે મારો ખોરાક હતો ને મેં ખાધો અને હવે એનેપણ ખાઈશ. માનસીંગે કહ્યું કે જો તને માંસની દરકાર હોયતો મને કેહે હું તને તે આપું અને સાપને કહ્યું કે જો તારા બાપનો બદલો તું એની ઉપર લેતો હોયતો તે મારી ઉપર લે. આ સાંભળી બંને જણ લડતાં છુટાં પડયાં પછી બિલાડાએ કહ્યું કે, તેં મને માંસનું વચન આપ્યું છે, માટે તે હવે આપ. માનસીંગે કહ્યું કે મારા દીલમાંથી જે ગમતું માંસ ચાહે તે માગી લે. બિલાડાએ કહ્યું કે તારી પીંડી ઉપરથી મને કાપી આપ જેવો માનસીંગ ક-

ટાર કાઢીને પોતાની પીંડીપરથી માંસ કાપવા જાયછે તે-વોજ તે બિલાડાએ તેને અટકાવ્યો અને તેની હિંમત ઉપર આફ્રીન કીધી અને બંને જણ માણસની સુરતમાં બદલાઈ ગયાં. માનસીંગ બોલ્યો કે એ ધ્યારાએ આ શી બિના છે બિલાડાએ કહ્યું કે, અમે બેઉ જીનની જાતના છીએ મેં એના બાપને એટલા માટે મારી નાં-ખ્યો છે કે તેણે પોતાની છોકરી માહારી સાથે પરણાવી નહીં અને આએ તેનો ભાઇછે તેપણ માહારી સાથે એમજ હુજત કરેછે એનેપણ હું મારી નાંખીશ. માનસીંગે પેલા સાપને પોતાની બેનને નહીં પરણાવવાનું કારણ પુછ્યું ત્યારે તેણે કહ્યું કે જો એ એની બેનને માહારી સાથે પરણાવેતો હું મારી બેન એની સાથે પરણાવું, માનસીંએ બિલાડાને કહ્યું કે જ્યારે આ સાપ એમ કેહેછે ત્યારે તું શા માટે એમ કરતો નથી. બિલાડાએ કહ્યું કે મારો બાપ હયાતછે અને તે એમ કરવાને રાજી નથી, માનસીંગે કહ્યું કે મને તારા બાપ પાસે લઈ જાયતો હું તેને સમ-જાવું પછી માનસીંગ તે બંને સાથે ચાલ્યો. જ્યારે થોડેક દુર ગયા ત્યારે એક શેહેર માનસીંગને દેખાયું, બિલાડા-એ કહ્યું કે હવે હું માહારા મેહેલમાં જાઉંછું તું શેહેરમાં દાખલ થજે અને તુને જીનો પકડીને મારા બાપ પાસે લાવશે જ્યારે માનસીંગ શેહેરમાં દાખલ થયો ત્યારે કે-ટલાક જીનો આવી માનસીંગને પકડી પોતાના રાજાપાસે લઈ ગયા. જીનના રાજાએ તેને પુછ્યું કે અરે માણસ માહારા શેહેરમાં તું કેમ દાખલ થયો માનસીંગે કહ્યું કે, તારા ભલાને અર્થે હું અતરે આવ્યોછું અરે રાજા તારો છોકરો કોઈ દીવસ પણ હાનીએ પુગશે, એટલું કહી જે સઘળું માનસીંગે જોયું હતું તેનું વૃત્તાંત ખુલાસા-થી કીધું પછી બોલ્યો કે જ્યારે એ બંને જણ એકએ-કની બેનો ઉપર આશક થયા છે ત્યારે તુને લાજમછે કે તારી છોકરીનાં લગ્ન પેલા જીનની સાથે કર અને તેની બેન સાથે તું તારા છોકરાને પરણાવ. જીનનો રાજા આ

હુવાલ ઘણી ખુશીથી સાંભળી બોલ્યો કે એ માણસ તેં માહારી ઉપર મોટો ઉપકાર કીધો છે મારો આ એકજ છોકરોછે અને એના જીવની સલામતીને માટે જો કદાપી મારા જીવની ગરજ પડેતો તેપણ આપવાને હું ત્યારછું તારો આ ઉપકાર માહારી ઉપર આખી ઉમ્મર તલક રહેશે એ ઉપકારના બદલામાં તું મારી પાસેથી કાંઈપણ ચીજ માગી લે. માનસીંગે કહ્યું કે મેં ઉપકારના બદલામાં કોઇ પાસેથી કાંઈ ચીજ લીધી નથી અને લેવાનો પણ નથી કારણ કે કોઈની ઉપર ઉપકાર કરી તેની આપણે કાંઈ ચીજ માગીએ તો તે ઉપકાર કરેલો કેહવાતો નથી. પછી જીનના રાજાએ પોતાની નિશાની તરીકે તેને એક ઘોકો આપી કહ્યું કે, આ ઘોકો તને ઘણો ઉપયોગી થઇ પડશે, એમાં ઘણાએક ગુણ છે; જો સાપ કરડે અને એ ઘોકો પાસે હોયતો સાપનું ઝેર આપણને અસર કરી શકે નહીં જો એ ઘોકાને આપણી આગળ ઉભો કરી રાખીએતો ગમે એવી મોટી આગ હોયતો આપણી આગલ આવી શકે નહીં અગર જો કોઇ આપણને જાદુ કરે ત્યારે એ લાકડી આપણા માથાપર ફેરવીએ તો તે જાદુ પોતાનું કામ કરવામાં સફળ થાય નહીં પણ સામું તે જાદુ કરનારના સરીર ઉપર જઈ પડે. ઘણુંકરીને આપણને એક સમુદ્ર ઓળંગવો હોય અને આપણી પાસે વહાણ અથવા મછવો કાંઇ નહીં હોય ને એ ઘોકો દરિયામાં મુકીયે તો તરતજ મછવો બની જાયછે. બીજી ચીજ હું તને આ એક મોરો આપુંછું તેનો ગુણ એછે જે જો રાતો, કાળો, લીલો અથવા સફેત સાપ નજરે પડે અને જો કદાચ કરડેતો આ મોરો આપણા મોંમાં રાખવાથી કાંઈ નુકશાન આપણને થતું નથી. પછી માનસીંગે તે બે ચીજો લીધી અને મેરૂપર્વત તરફ કુચ કીધી, ચાલતાં ચાલતાં એક મોટા સમુદ્રની કીનારે આવી પોંહોંચ્યો જેના મોજા આશમાન સુધી ઉડતા હતા ને આ તરફ કોઇનો આવજાવ પણ નથી અને મછવા વગર દરિઆને પાર જવાસે નહીં તેથી

ઈશ્વરને યાદ કરવા લાગ્યો એટલામાં જીનના રાજાનો આપેલો ધોકો યાદ આવ્યો તેજ વખતે ઇશ્વરનું નામ લઈ તે ધોકો દરિઆમાં ફેંકયો તરતજ તે મછવાની સુરતે બની ગયો માનસીંગ તે મછવામાં સ્વાર થઈ ચાલવા માંડયો. સમુદ્રની અધવચમાં આવી પુગ્યો એટલે એક માછલી પાણીની સપાટી ઉપર આવી માનસીંગને મછવા સૂધાં અંદર ખેંચી ગઈ જ્યારે સાતસેં કોશ અંદર ગઈ ત્યારે જમીન આવી. માનસીંગ મછવામાંથી બહાર નિકળ્યો તે માછલી બોલીકે ઓ દયાળું માનસીંગ હું તને અહીંઆ કાંઇ કામને માટે લાવીછું મારૂં અહીંઆં એક મકાનછે તે ખખરા નામની એક માછલીએ મારી પાશેથી જોર જુલમથી ખુંચી લીધુંછે માટે મેહેરબાની કરી તે મને તું પાછું અપાવ. માનસીંગે જોયું કે આ પહાડ જેવી મોટી માછલી મને કાલાવાલા કરેછે ત્યારે એનો દુસ્મન કેટલો જોરાવર હશે. માનસીંગે કહયું કે શું તું તેનાથી કમજોર છે, તે માછલી બોલીકે તેને જોવાથી તારી ખાતરી થશે. અગર જો તે ચાહેતો મને પોતાના મોમાં પકડી સોપારીના બે કટકા કરી નાંખે, જયારે તે પોતાની ખોરાકીની સોધમાં ગઇછે ત્યારે હું તને અહીંઆ તેડી લાવીછું. માનસીંગે પોતાના દીલમાં કહયું કે ઓ ઇશ્વર હું મારા કામને માટે આવ્યો નથી પણ બીજાના કામને માટે મેં કમ્મર બાંધીછે માટે તું આ બલાથી મને છોડાવજે પછી જ્યારે તે ખખરા માછલી આવી ત્યારે માનસીંગે જોયુંતો એક મોટા પાહાડ જેટલી ઉંચીછે અને તેના બે હોઠ આસમાન સાથે વાતો કરી રહ્યાછે પછી તે આવીને એટલાતો મોટા જોરથી પોકારવા લાગીકે માનસીંગ તે જગ્યાએ ધ્રુજવા લાગ્યો પછી પેલો ધોકો હાથમાં લઇ ઉભો થઓ ખખરા પણ આ જોઈ પોતાની જગ્યાએ ચાલી માનસીંગે કહયું કે ઓ સેતાન કોઇને દુઃખ આપવું એ ઈશ્વરથી વિરૂધ છે ત્યારે ખખરાએ જવાબ આપ્યો કે ઓ માનસીંગ હું અને એ એકજ જાતનાં છીએ માણસને શુંછે કે અમારે

માટે કજીઓ કરે. માનસીંગ બોલ્યો કે સત્યવાતછે સર્વેને પેદા કરનાર ઈશ્વરતો એકજછે કે નહીં, કોઇને જમીનપર ઘર આપ્યુંછે તો કોઇનું મકાન પાણીમાં કીધુંછે આ બીચારી ગરીબ માછલીનું ઘર એને સ્વાધિન કર, પણ તે ખખરાએ ઘણા ગુસ્સાથી કહયુંકે તું કદાચ હમણાં એનું ઘર એને સ્વાધીન કરશે પણ અમે બંનેજણ પાણીમાંરેહેનાર છીએ તેથી હું એની સામે વેહેર રાખ્યાવિના રેહેવાની નથી. માનસીંગે એવું સાંભળતાંજ તેને ધમકાવી, એટલે તે ખખરાએ એવું ધાર્યુંકે હમણાં અકુડાવી નાંખુંછું, એટલામાં માનસીંગે જીનનો આપેલો ઘોકો ઉચકી તે ખખરાના મોં ઉપર એવોતો જોરથી માર્યો કે તેના બંને આગલા દાંત તુટી પડયા, આથી ખખરા નાશી ગઈ અને પેલી માછલી તેની પછવાડે લાગી. માનસીંગે તેને અટકાવી કહયું કે, અગર જો તું એની પછવાડે લાગશે તો હું તને જાનથી મારી નાખીશ. આ સમજી તે માછલી ઉભી રહી પછી પોતાના ઘરનો કબજો લઇ માનસીંગને રવાને કીધો. માનસીંગ મેરૂપર્વત તરફ પાછો ચાલ્યો ચાલતાં ચાલતાં રસ્તામાં તેણે સાત રંગનો વીંછી જોયો કે જે એક મોટા કાચબાની બરોબરનો હતો માનસીંગ આ દેખાવ જોઇ અચરત થયો કારણ કે તે હજારો જંગલ ફરયો હતો તોપણ આવો દેખાવ તેની નજરે પડયો નહોતો પોતાના મનમાં તેની પછવાડે જવાનો નિશ્ચય કીધો આખો દહાડો તેની પછવાડે ચાલ્યો સાંજની વખતે તે વીંછી એક મોટા પથ્થર તળે ભરાયો, માનસીંગ ત્યાંજ બેઠો તે જંગલની પાસે એક ગામડું હતું જે ઘણું ફળદ્રુપ હતું ત્યાંના લોકો માનસીંગને જોઈ તેને માટે ખાવાનું લાવ્યા માનસીંગે તે ખાધું અને એક ઝાડની નીચે સુતો એવામાં તે મેદાનમાં ઘણાએક ઘોડાઓ તથા બીજાં પસુઓ એકઠાં થયાં, જેઓની સાથે તેના રખેવાળ પણ આવ્યા અને રાતના ત્યાંજ આરામ કીધો જ્યારે થોડીએક રાત ગઇ ત્યારે તે વીંછી પથ્થર તળેથી નીકળી જે ઠેકાણે જાનવરો તથા

ઘોડા હતા ત્યાં ચાલ્યો જ્યારે તે તેઓની નજદીક આવ્યો ત્યારે દરેક જાનવરો ઉપર કુદીને તેઓને એવોતો ડંખ માર્યો કે સઘળાંઓ તરતજ જમીન ઉપર પડયાં આ પરમાણે સઘળા ઘોડા અને સઘળાં જાનવરોનો નાશકરીને ત્રણ ચાર રખવાળોને પણ ડંખ મારી બેજાન કરી પાછો-આવી પેલા પથ્થર તળે ભરાયો માનસીંગ આ બીના જોઇ અફસોસ કરવા લાગ્યો કે તે બલાએ સંખ્યાબંધ પ્રાણી-નો નાશ કીધો જેથી આખું જંગલ મુડદાથી ભરાઇ ગયું જ્યારે સવાર થયું ત્યારે તે ગામડાના લોકો ત્યાં આવ્યા અને માનસીંગને જીવતો જોઇ તેને પુછવા લાગ્યા કે એ જુવાન તું કેમ જીવતો રહ્યો છે માનસીંગે સઘળી વાત તેઓની આગળ કહી પછી તે વીંછીએ જંગલનો રસ્તો લીધો મા-નસીંગ પણ તેની પછવાડે ગયો આખો દાહાડો ચાલ્યો ત્યારે એક શેહેરની પાસે આવી પોહોચ્યો સાંજની વખત થઈ ત્યારે તે વીંછી જમીન ઉપર આળોટી એક કાળો સાપ થઈ એક દરમાં ભરાઈ ગયો જ્યારે એક પોહોર રાત ગઈ ત્યારે દરમાંથી બહાર આવી શેહેરમાં દાખલ થઇ રાજાના મેહેલની નજદીક આવી પોહોચ્યો થોડાક વખત પછી તે શેહેરના રાજાને તે સાપે ડંખ્યો અને ત્યાંથી તેના વજીરના ઘરનો રસ્તો લીધો વજીરના ઘરમાં જઇ વજીરના છોકરાને ડંખ્યો તે પણ મરી ગયો પછી પાછો જંગલમાં આવી પેલા દરમાં ભરાઈ ગયો જ્યારે સવાર થયું ત્યારે શેહેરમાં પોકા-ર ઊઠયો કે સેહેરનો રાજા તથા વજીરનો છોકરો એકાએક સાપના કરડવાથી મરણ પામ્યા છે દરમાંથી નીકળી સાપે આગળ ચાલવા માડયું અને જ્યારે દરીઆ આગળ આવ્યો ત્યારે એક વાઘ બની ગયો અને એક ઝાડી-માં ભરાઈ ગયો એટલામાં ત્યાં બાયડીઓનું ટોળું આવ્યું જેઓએ પોતાનાં વાસણો પાણી ભરી માથે મુકી ચાલવા માડયું એવામાં તે વાઘ ઝાડીમાંથી નીકળી આવી પેલા ટોળામાંથી ચઉદ વરસની એક સૌથી સરસ ચાંદના રૂપ જેવીને ઉચકી દુર નાશી ગયો અને તે બાયડીને ફાડીના-

ખી પછી એક ખુબસુરત સ્ત્રીના રૂપમાં બદલાઇ ગયો અને પેલી સ્ત્રીના દાગીના સઘળા પોતે પેહેરી લઈ એક ઝાડ હેઠળ બેસી રડવા માડયું એવામાં બે ભાઇઓ તે તરફ પોતાના ઘોડા ઊપર બેસી આવ્યા તેઓ વેપારને અર્થે નીકળ્યા હતા અને નજદીક સાત વરસે બેહદ ખજાનો એકઠો કરી પોતાના મા બાપ તથા બઈરી છોકરાંને મળવા માટે જતા હુતા જયારે પેલી સ્ત્રીએ પેલા બંને ભાઇઓને આવતા દીઠા ત્યારે વધારે મોટે સાદે રડવા માડયું આવા અઘોર અરણ્યમાં આવી ખુબ સુરત સ્ત્રીને રડતાં જોઈ તેઓ બંને તેની પાસેઆવી તેને પુછવા લાગ્યા કે ઓ જવાંન ખુબ સુરત નાર આ જંગલમાં તું શા માટે રડેછે અને તું આહીંઆં એકલી કેમ બેઠીછે તે બોલી કે હું એક દેહેકાણીની બાયડીછું તે મને પોતાને ઘેર લઇજવાને મારે ઘેર તેડવા આવ્યો હતો અમો આ જંગલમાં થઇને અમારે ઘેર જતાં હતાં એવામાં એક વાઘે આવી મારા ભરથારપર તલપ મારી તેને ફાડી ખાધો હવે હું એકલી પડીછું નથી હું મારા ઘરનો રસ્તો જાણતી કે નથી મારા ધણીનું ઘર જાણતી હવે મારો બાકીનો ભવ હું સી રીતે ગુજારીશ તેમાંથી એક જણે કહયું કે અગર જો તને કોઇ માણસ પોતાના ઘરમાં રાખેતો તેમ રેહેવાને ખુશીછે કે નહીં તે બાયડીએ જવાબ દીધો કે જયારે કોઇ મને રાખે ત્યારે હું તેને શા માટે કબુલ નહીં કરૂં પછી તે બોલ્યો કે તું મને તારા ભરથાર તરીકે કબુલ રાખ્ય તે બાયડીએ સઘળુ કબુલ કીધું અને તેઓ ત્રણ જણે ચાલવા માડયું થોડેક રસ્તે ગયાં એટલે તે બાયડી બોલી કે હું ઘણી ભુખીછું પાણીની તરસે મારો જીવ જાયછે તેથી જો થોડું પાણી લાવીને પાઓ તો મોટી મેહેરબાની થશે ત્યાર પછી એક ભાઇએ પોતાના ઘોડા ઊપરથી ઊતરી પાણીને માટે ચાલવા માડયું તે ગયો ત્યારે પોતાના નાના ભાઈને કહયું કે જયાંસુધી હું આવું ત્યાં સુધી આ મારી બાયડીની સંભાળ રાખજે અને આ જગોથી ઊઠતો નહીં મોટો ભાઈ થોડેક દુર ગયો એટલે

તે બાઈડીએ પેલા નાનાભાઇને કહ્યું કે હું તારી ઉપર ઘણીજ આશક થઇછું જ્યારે મેં તુને પેલાં જોયો ત્યારેજ મારૂં દીલ તારી તરફ લલચાયું, પણ મેં જાણ્યું કે તારો મોટો ભાઇ આ વાત કબુલ નહીં કરે તેથી તેની સાથે હું જુઠું બોલી મેં તેને કબુલ કીધોછે માટે તું મને તારા આસરા તળે લે, આ સાંભળી તે નાનો ભાઇ બોલ્યો કે તું માહારી માની બરોબરછે આવાં વચન બોલવાં તને ઘટતાં નથી જે વાત તું કેહેછે તે હરગેજ બનનાર નથી ત્યારે તે બાઇડીએ જવાબ દીધો કે ઠીકછે હું તેની સાથે પરણું પણ તું માહારી સાથે મોહાબત રાખજે ત્યારે તે નાનાભાઇએ તેણીને ઘણી સમજાવી પણ તે બોલીકે જ્યારે તું માહારી આટલી નાની અરજ કબુલ રાખતો નથી તો હું તારી ઉપર ખોટું તોહોમત મુકી તુને મારી નખાવીશ, જ્યારે તારો ભાઈ આવશે ત્યારે તેને કહીશકે એ માહારી લાજ લેવા તળપી રહ્યો હતો. આ સાંભળી તેણે જવાબ દીધો કે જો માહારો જાનપણ જશે તો બી હું આવું કામ કદીપણ કરનાર નથી એટલામાં પેલા મોટા ભાઇને દુરથી આવતો જોઇને તે સ્ત્રીએ પોતાનાં સઘળાં કપડાં ફાડી નાંખ્યાં અને સઘળાં ઘરેણાં ધુડમાં નાંખી દીધાં અને મોટે મોટે સાદે રડવા માંડ્યું જ્યારે મોટો ભાઈ પાસે આવ્યો ત્યારે તે બાઇડીને કલપાંત કરવાનું કારણ પુછયું તેણીએ જવાબ દીધો કે તારો નાનો ભાઈ મહારી ઉપર ખોટી નજરે જોતો હતો અને મને કહ્યું કે જો તું માહારી સાથે પરણે તો હું મારા મોટા ભાઇને મારી નાંખું અને પછી આપણે આ સઘળું ધન સાથે ભોગવીએ મારી લાજ લુટવાની તૈયારીમાં હતો એવામાં તું આવી પુગ્યો અને ઈશ્વરે માહારી સરમ રાખી, આ સાંભળી તે મોટા ભાઇને એટલોતો ગુસ્સો ચઢયો કે પોતાની તરવાર મીણમાંથી ખેંચી પોતાના નાનાભાઇના પેટમાં ભોંકી દીધી તરતજ નાના ભાઇએ પોતાનું ખંજર કમરમાંથી ખેંચી મોટા ભાઈનું પેટ ચીરી નાંખ્યું અને

બંને જણ લોહીમાં ગરકાવ થઈ જમીન ઉપર પડયા પછી તે સ્ત્રી એક ભેંસના આકારમાં બદલાઈ ગઈ. માનસીંગ અફ્સોસ કરવા લાગ્યો પણ બીજું આગળ તેના પોકાર ભેંસ શું કરેછે તે જોવા માટે તેની પછવાડે ગયો. એક ગામડા આગળ આવી પુગી અને ગામડાના લોકો તેને પકડવા માટે તેની પુઠે દોડયાં થોડાકને લાત મારી જીવ લીધો થોડાકને શીંગડાં ભોંકી હેરાન કીધા અને થોડાકને ચીરી નાંખ્યા પછી જંગલની તરફ્ ચાલવા માંડયું એટલામાં થોડેક દુર જઇ બુઢા આદમીની સુરતમાં તે ભેંસ બદલાઈ ગઈ. હવે માનસીંગથી વધારે વાર થોભી શકાયું નહીં તે તેની પછવાડે દોડતો દોડતો ગયો અને તે બુઢા આદમીને ઉભો રાખીને સઘળો હેવાલ પુછયો એ ચમત્કારી માણસ તુ મને કહેકે તેં હજારો પ્રાણીઓનો નાશ શા માટે કીધો તે બોલ્યો કે એ માનસીંગ આ પુછવાનું તારે શું કામછે તું તારે રસ્તે ચાલ્યો જા કોઈ દહાડે તુને કહીશ. માનસીંગે કહ્યું જયાંસુધી મને નહીં કેહેશે ત્યાં સુધી તારો પીછો છોડવાનો નથી તે બુઢા માણસે જવાબ દીધો કે મારૂં નામ જમ છે જ્યારે તેં પેહેલે દહાડે મને સાત રંગના વીંછીના આકારમાં જોયો ત્યારે ધર્મરાજાનો એવો હુકમ હતો કે પેલાં જાનવરોને તથા માણસોને વીંછીના રૂપમાં મારી નાંખો જ્યારે રાજાનું તથા વજીરના છોકરાનું મોત સાપના ડંકથી નિપજવાનું હતું, ત્યારે સાપને આકારે મેં તેઓને મારી નાંખ્યા. પેલી ખુબ સુરત બાઈડીનું મોત વાઘથી થવાનું હતું ત્યારે મેં તેને તે રૂપે મારી નાંખી પેલા બે ભાઈનું મોત કજીઆથી હતું તેથી તેઓ તે રીતે મરણ પામ્યા અને પેલા આદમીઓનું મોત ભેંસથી હતું તેથી મેં ભેંસનો આકાર લીધો જાણ, એ માનસીંગ કોઈ કોઇને મારી શકતું નથી પણ જેના નસીબમાં જેવી રીતે મરવાનું હોય છે તેવીજ રીતે અને તેજ મોતે તે મરે છે, ત્યારે માનસીંગ બોલ્યો કે તું મને કહેકે મારૂં મોત કેવી રીતે છે અને

ફરીથી તું માહારી સાથે મુલાકાત કયારે કરીશ તે જમે જવાબ દીધો કે જ્યારે તું ત્રણસેં વરસનો થઈશ ત્યારે તું માહાદેવ ઉપર તપ કરીશ, તેથી તને માહાદેવ તૃષ્માન થઇ પોતાના કૈલાસમાં તેડવાનું વચન આપશે, હજુ તારી ઉમ્મર ઘણી બાકીછે દુનિઆના લોકો માટે કંઈપણ કામ કરવામાં ગુંથાએલોજ રેહેજે આ સાંભળી માનસીંગે માથું નિચું નમાવી પરમેશ્વરની પ્રાર્થના કીધી પછી માથું ઊંચું કરીને જુવેછેતો પેલો જમ ગેબ થઇ ગયો. માનસીંગ પર્વત તરફ રવાને થયો એટલે દુરથી કાંઇ તલાવના જેવું નજર આવ્યું ત્યાં રાતનો વાસો રહી અને દિવસે પાછું ચાલવા માંડયું સુર્ય એટલોતો ગરમ હતો કે પાણીનો કુવો દુરથી દેખાયો ત્યાંજ પોતાના કદમ ધોયાં આગલ જઈને જુવેછેતો કુવો કાંઇ નજરે આવ્યો નહીં પણ એક સાપ ગુછળું વળીને બેઠો હતો જે દુરથી પાણીના જેવો જણાતો હતો ત્યાંથી તેણે વિચાર્યું કે હવે હું પાછો ફરૂં એટલામાં તે સાપ બોલ્યો કે ઓ પગનપુરના રાજા શા માટે તું પાછો જાયછે અને આ ઠેકાણે શું કામ આવ્યોછે માનસીંગ બોલ્યો કે ઓ માહાપુરૂષ હું પાણીની તલાસ કરૂંછું તે સાપે જવાબ દીધો કે ઓ પ્યારા આ ઠેકાણે દરેક ચીજ હાજરછે તું માહારી સાથે ચાલ માનસીંગે વિચાર કીધો કે એ સાપની સાથ હું જાઉંતો કદાચ એ મને દગાથી મારી નાંખશે ત્યારે પેલા સાપેજ તેને કહયું કે તું તારા મનમાં કસી ચિંતા ના કર માનસીંગે વિચાર્યું કે મારા તકદીરમાં જે લખ્યું હશે તે થશે માટે એકવાર હું જોઉંતો ખરો કે એ શું કરેછે પછી તે માનસીંગને પોતાની સાથે એક બગીચામાં લઇ ગયો તે બાગ એટલોતો સુસોભિત હતો કે માનસીંગે પોતાની આખી ઉંમરમાં કોઈપણ ઠેકાણે તેઓ જોયો હતો નહીં બુલબુલના અવાજ સાથે તરેહવાર રંગબેરંગી ફુલોનો ખુશબોઇ દીલને એટલોતો આનંદ પમાડતો હતો કે કંઈ બોલ્યાની વાત નહીં પછી માનસીંગ તે બાગની એક હોજ આગળ બેઠો

પછી તે હોજમાંથી રાક્ષસીઓએ ઝરઝવેર હીરા, મોતી, માણેક, આકુત અને જમરૂદ વિગેરેના ખુમચા માનસીંગ આગળ લાવી મુકયા અને કહ્યું કે આ નજીવી ભેટ તમારે માટે મોકલીછે જે તમો કબુલ કરો માનસીંગ બોલ્યો કે એ કોણે મોકલીછે તેઓએ કહ્યું કે જે સાપ તમને આ ઠેકાણે લઇ આવ્યોછે તેણે મોકલી છે થોડીકવારપછી પેલો હોજમાંથી એક ખુબ સુરત પુરૂષ થઈ બાહાર આવ્યો અને માનસીંગને પુછયું કે એ પ્યારા તું મને ઓળખે છે માનસીંગે કહ્યું કે મેં તને કદી દીઠો નથી ત્યારે તેણે કહ્યું કે હું તેજછું જેની સાથે તું આ બાગમાં આવ્યોછે પછી રાજ્યાસનપર માનસીંગને બેસાડી તેની સાથ હેત વિનોદની વાતો કરી તે પછી જમવાનું ત્યાર થયું એટલે જમ્યા પછી તે બોલ્યો કે એ જુવાન હું રાક્ષસની જાતનોછું અને મારૂં નામ ધુડકેતુછે એક દીવસ મારા મનમાં એવો ખ્યાલ આવ્યો કે હું મારૂં તમામ લશ્કર એકઠું કરી ગાલવના યજ્ઞનો ભંગ કરૂં અને તેઓના યગ્નના ભાગનો ધણી થઉં લશ્કર મેં એકઠું કીધું અને હું જવાની ત્યારી કરવા લાગ્યો કે, રાત્રે હું સુતો અને સવારમાં ઉઠયો ત્યારે સાપની સુરતે થઈ ગયો. જમીન ઉપર હું આળોટવા લાગ્યો અને પોકાર કરવા લાગ્યો જયારે ઘણોજ હાય મારવા લાગ્યો ત્યારે મને એક અવાજ સંભળાયો કે જે કોઈ પોતાના વચનથી ફરે તેના હાલ એવાજ થાય દરરાતના આ અવાજ હું સાંભળતો હતો જયારે મેં ઘણી સ્તુતી કીધી અને ઘણાં કાલાંવાલાં કરી પરમેશ્વર આગળ માફી માગી ત્યારે મને એક બીજો અવાજ સંભળાયો કે ધીરજધર હજુ તારો છુટકો કરનાર માણસ આ જગતમાં જન્મ ધરનારછે ફરીથી મેં ઈશ્વરની સ્તુતિ કરી કહ્યું કે હવે હું વિરૂધ કદી કરનાર નથી ત્યારે આકાશમાં એવી વાણી થઇ કે પગનપુરનો વિશ વરસનો એક કુંવર તારી પાસે આવસે તેની તું સેવા ચાકરી કરજે તે માણસને જોવાથી તું તારી. અસલી સૂરતે આવી જશે આજ સાઠ વરસ થયાં આ

જંગલમાં બેસી તારી વાટ જોઉંછું હવે તું આવ્યોછે તો માહારી ઉપર દયા કરી તું તે પરમેશ્વરના દરબારમાં માહારે માટે પ્રાર્થના કરેતો હું તારો ઉપકાર જીવતાં સુધી ભુલીશ નહીં માનસીંગે પુછ્યું કે તેં વચન શું આપ્યું તે બોલ્યો કે હનુમાનની ચોકીમાં એવો એકરાર થયો હતો કે કોઈપણ રાક્ષસ અથવા ભુતો યા જીનો માણસ જાતને કોઇપણ દહાડે કોઈ ઠેકાણે દુઃખ દેવું નહીં પછી માનસીંગે ઇશ્વરની સ્તુતિ કીધી, જે પરમેશ્વરના દરબારમાં માન્ય થઈ અને તે રાક્ષસની સુરતમાં તેજ વખતે બની ગયો પછી તે ધુડકેતુએ માનસીંગને ત્યાં આવવાનું કારણ પુછ્યું માનસીંગે કહ્યું કે હું મણી લેવા જાઉંછું પછી પેલી સોનાની મણી સાથે લાવ્યો હતો તે દેખાડીને ગુણસુંદરીની સઘળી વારતા કહી ત્યારે તે બોલ્યોકે તું ખરૂં કેહેછે એ મણી ઇંદ્રની ઇંદ્રાણીની ઝાલમાંછે તે મીનકા અપસરાની છોકરી સુરેખાને આપવા ઇંદરે વચન આપ્યુંછે અને તે સુરેખાનો બાપ ત્રણ પ્રશ્ન રાખેછે તેનો જવાબ જે માણસ લાવી દેશે તેની સાથે પોતાની છોકરી પરણાવી તે મણી તેને આપવા ચાહેછે. તેણે કહ્યું તું માણસ જાત ત્યાં શી રીતે જઈ પુગશે કારણ કે રસ્તો તમામ ખુનખાર જીનોથી ભરેલોછે માનસીંગ બોલ્યો કે પરમેશ્વરનું કામ પરમેશ્વરજ કરશે પછી તે રાક્ષસે કહ્યું કે હું તારી સંગાથે મારા રાક્ષસો મોકલુંછું જેઓ તને તે ઠેકાણે સહીસલામત પુગાડશે પછી તેના રાક્ષસોને બોલાવ્યા અને કહ્યું કે આ માનકુંવરના આશિર્વાદથી તમારો છુટકો થયોછે અને તમારા માથા ઉપરની સઉથી મોટી બલા દુર થઈ છે આ માણસને એક ઘણું મોટું કામ કરવાનુંછે જેમાં તમારી મદદ જોઇએ છીએ તેઓએ એકે અવાજે કહ્યું કે ઓ માહારાજા જો અમારો જીવ માગેતો તે પણ આપવાને અમો તઇયાર છીએ પછી તેણે સઘળી હકીકત કહી સંભળાવી ત્યારે તેઓ બોલ્યા કે, મેરૂપર્વતપર જવું ઘણું મુશકેલ કામછે કારણ કે ત્યાં ર-

સ્તામાં જીનોનું સ્થાનક છે માટે અગર જો તમો રાજા સાહેબ અમારી સાથ આવોતો અમો એ કામ માથે ઉઠાવીએ તેઓમાંથી સાતજણ હિંમત ધરી બાહાર આવ્યા અને કહ્યું કે અમો એને સહીસલામત લઈ જઇએ પણ જો અમને જીનોની સંગાથ લડવું પડેતો તમારી મદદ તરતજ જોઇશે રાજાએ તે કબુલ કીધું પછી માનસીંગને પોતાના રથ ઉપર બેસાડીને અંતરિક્ષ માર્ગે ચાલવા લાગ્યા ત્રણ દહાડા અને રાતસુધી તેઓએ ચાલ્યા કીધું અને પછી ભુલથી જ્યાં જીનો રેહેતા હતા ત્યાંજ હેઠળ ઉતર્યા બે રાક્ષસો માનસીંગની આગળ રહ્યા અને બાકીના પાંચ જણ ખોરાકી સોધવા ગયા હવે એવું બન્યું કે તે તરફ કેટલાએક જીનો શિકારને માટે જતા આવી લાગ્યા અને માનસીંગને રથ ઉપર બેહેલો જોઇને તેની આસપાસ ફરીવળ્યા અને જબરો સોર મચાવી મુકયો જ્યારે પેલા બે રાક્ષસોએ આટલાબધા જીનોને જોયા ત્યારે તેઓની સાથે લડયા વગર બીજો કાંઈ ઉપાય દીઠો નહીં પેલા બે જણાઓએ ઘણાએક જીનોને ઠાર કીધા, પણ આખરે પકડાઈ ગયા અને પેલા જીનો માનસીંગને રથ સુધાં પોતાના મકાનમાં લઈ ગયા પછી પેલા રાક્ષસોને પુછયું કે આ માણસને કયાંથી લાવ્યા છે અને કયાં લઈ જાઓછો તે બોલ્યો કે એ પગનપુરનો રેહેવાસીછે અને ધુડકેતુનો ઘણો વહાલો મીત્ર છે માટે જો તમે આ માણસને ઈજા કરશો તો તમને મોટી સજા કરવામાં આવશે જીન બોલ્યો કે ધુડકેતુ તો આજ કેટલું થયું ગુમ થયોછે તે હાલ કયાંથી આવ્યો તેઓએ અવલથી આખર સુધીની સઘળી વાત તેઓને કહી પછી પેલા પાપીષ્ટ જીનોએ તે ત્રણ જણને એક ભોંયરામાં કેદ કીધા હવે પેલા પાંચ જણાઓ જેઓ ખોરાકીની સોધને માટે ગયા હતા તેઓએ આવીને પેલા જીનને મુવેલા પડેલા દીઠા અને માનસીંગ તથા પોતાના સોબતીઓને નહીં જોયાથી મોટી ચીન્તામાં પડયા કે એ

ઓને કોણ લઇ ગયું હશે અને આ જીનો કઇ તરફના હશે તે કાંઇ જણાતું નથી માટે આ મુડદાઓને વગે કરવાને માટે કોઇ આવેતો તેને પુછીએ પેલા મુવેલા જીનોમાંનો એક જીન જરા જરા હાલતો જણાયો તેઓએ તેને પુછયું ત્યારે તેણે કહયું કે હું નજદીકના જીનોમાંનો છું અને તારા સોબતીઓને તથા પેલા માણસને તેઓ પોતાને મુકામે લઇ ગયા છે આ સાંભળતાંજ પેલા રાક્ષસો પોતાના રાજા ધુડકેતુ પાસે ગયા, અને સઘળો હેવાલ તેની આગળ જાહેર કીધો એટલે ધુડકેતુ પોતાનું લશ્કર તઇયાર કરી તે તરફ ગયો અને ત્રણ દહાડા અને રાત કુચ કીધા પછી જીનોના મુકામમાં જીનો શું કરેછે તેની ખબર લાવવા માટે એક જાસુદને મોકલ્યો તે ખબર લાવ્યો કે જીનનો રાજા પોતાના જીનો સાથે એક મેદાનમાં શીકાર કરેછે પછી રાજાએ પોતાના લશ્કરને માહાવીરના સોગન આપ્યા કે આ જીનોએ પોતાનું વચન તોડયુંછે માટે તેઓએ એઓ ઉપર જરાપણ રેમ કરવી નાહીં અને એકદમ તેઓની ઉપર ટુટી પડી તેઓને ધર્મરાજાને સ્વાધીન કરવા તેજ પ્રમાણે થયું તેઓ પેલા જીનોની ઉપર ટુટી પડયા થોડાક નાશી ગયા અને કેટલાક પોતાના સરદારની સાથે કેદ પડયા. રાજાએ સઘળા જીનોને કતલ કરવાનો હુકમ કીધો પછી પોતાની હજુરમાં બોલાવીને કહયું કે ઓ નાપાક જીન તું મને ભુલી ગયો હતો તું જાણતો નાહીં હતો કે હું હુજી જીવતોછું માહારા માણસોને હેરાન કરવાની તને શી ગરજ હતી હવે જલદીથી પેલા ત્રણજણને તું માહારી આગળ જીવતાને જીવતા લાવ. તેણે જવાબ દીધો કે હુંતો તેઓને ખાઇ ગયોછું પછી રાક્ષસના રાજાએ પોતાના નોકરોને હુકમ કીધો કે હમણાંને હમણાં એક મોટું બળતું સળગાવો અને તેની અંદર જીનના રાજાને અને એના આખા કુટુંબને બાળી નાંખો કારણકે એની સજા એજછે, જ્યારે જીનના રાજાએ જોયું કે હવે બચવાનો

કશો ઉપાય નથી ત્યારે અરજ કરવા લાગ્યો કે અગર જો તમો મને જીવતો મુકોતો તેઓને લાવી તમારી આગળ હાજર કરૂં રાક્ષસના રાજાએ હા કહી એટલે જીને માનસીંગને તથા બે રાક્ષસોને રાજાની પાસે હાજર કીધા. જયારે માનસીંગ આવ્યો ત્યારે ઘણી મોબતથી રાજાએ તેને પોતાની પાસ તખતપર બેસાડ્યો અને જમવાનું તેની આગળ હાજર કીધું ત્યારપછી બાકીના જીનોને મારી નાંખવાનો તેણે હુકમ કીધો જીનના રાજાએ પોતાના બચાવ માટે ઘણાં કાલાંવાલાં કર્યા ત્યારે રાક્ષસના રાજાએ કહ્યું કે તેં માહાવીરોના હુકમમાં કોઈપણ મનુષ્ય જાતને દુઃખ દેવા માટે સોગન ખાધા હતા તે સોગન તેં પાળ્યા નહીં તો હવે તને મુકવો વ્વાજબી નથી એટલું કહીને તેને પણ અગ્નીમાં બાળી મુકયો અને તે મુલક ઉપર પોતાના એક સરદારને નિમ્યો અને માનસીંગને પોતાની સાથે લઇ જવા ઈચ્છું માનસીંગે પોતાનો વિચાર આગળ જવાનો જણાયો ત્યારે પોતાના લશ્કરમાંથી ચાર જોધા રાક્ષસોને તેની સાથે મોકલ્યા તેઓ તેને રથમાં બેસાડી આકાશ મારગે રાતને દહાડો જંગલ કાપતાં આગળ ચાલ્યા જયારે થાકી જતા ત્યારે કોઇ સલામતી ભરેલી જગ્યોએ ઉતરતા અને પાછા આગળ ચાલવું શરૂ કરતા એક દહાડે તેઓ એક પરવત ઉપર ઉતર્યા તે પાહાડ ઉપર શીવ ગાંધર્વ મેરૂ પરવતનો રહેવાશી ઉદાશી હાલતમાં બેઠો હતો તે ગાંધર્વ ચીત્રકેતું ગાંધર્વની છોકરી ઉપર આશક પડયો હતો પણ પેલા ત્રણ પ્રશ્નનો ખુલાશો કરવાને તેનામાં શકિત હતી નહીં તેથી ત્યાંજ બેસી રાત અને દીવસ રડાકુટ કરતો હતો માનસીંગે તેને જોઈ તેની આગળ ગયો અને તેને આવી હાલતનું કારણ પુછયું તેણે પોતાનો સઘળો હેવાલ માનસીંગને કહયો પછી તેણે પુછયું કે તું આ જગ્યાએ શા માટે આવ્યો છે માનસીંગે કહયું હું મેરૂપરવતમાં ચીત્રકેતુ ગાંધર્વ પાસે તેની છોકરી શુરેખા છે તે છોકરીની પાસે મણી છે

તે લેવાને જાઉછું ત્યારે ગાંધર્વ બોલ્યો કે મોટા દેવતાઓ તથા ગાંધર્વોથી તેના ત્રણ પ્રશ્ન પુરા થઈ શક્યા નથી તો તું મનુષ્ય શી રીતે કરી શકશી ત્યારે તેણે કહ્યું કે તું કાંઈ ચીંતા ન રાખ પ્રભુ મોટો છે કામ પાર પાડશે જો તું મારી સાથ આવે તો એ છોકરીને હું કોઈપણ પ્રકારે તારી સાથ પરણાવું તે શીવ ગાંધર્વે માનસીંગના પગ ઉપર માથુ મુક્યું અને બોલ્યો કે ઓ પ્યારા મને જીવતદાન આપ્યું માટે જે ચાહે તે કર માનસીંગે કહ્યું કે તું મારી સાથે મેરૂપરવતમાં ચાલ એટલે તે ગાંધર્વે કહ્યું કે આપણે એક વીમાનમાં બેસી અંતરિક્ષ ચાલીએ કે માસ એકની અંદરમાં મેરૂપરવતમાં દાખલ થઈએ એમ કહી તે ગાંધર્વે પોતાના ભાઈને યાદ કીધો એટલે તેનો ભાઈ વીમાન લઈ હાજર થયો તે જોઈ માનસીંગ ઘણો આશ્ચર્ય થયો અને પોતાની સાથમાંના રાક્ષસોને રજા દઈ પોતાના દેશ તરફ મોકલ્યા તે વીમાનમાં પેલા શીવ ગાંધર્વની સાથે મેરૂપરવત તરફ ચાલ્યા માસ એક વીત્યા પછી મેરૂપરવતમાં દાખલ થયા અને જુવેછે તો તે પરવત સોનાનો તથા રતનથી ભરપુર હતો તે જોઇ માનસીંગ ઘણો આશ્ચર્ય થઇ પોતાના મન સાથે કેવા લાગ્યો કે સ્વર્ગનું સુખ તો અહીંજછે એમ કહી ઇશ્વરની માયાની તારીફ કરવા લાગ્યો એટલે તે ગાંધર્વ માનસીંગને પોતાના મહેલમાં તેડી પોતાના તખત ઉપર બેસાડી ઘણા માનથી તેની સાથે વાતચીત કરવા લાગ્યો પછી માનસીંગને અમરત ભોજન જમાડી પાનબીડા વીગેરે આપી રહયા પછી કહ્યું કે હવે તમે ચીત્રકેતું ગાંધર્વની છોકરી શુરેખા પાસે જાઓ ને તેણીના બાપ પાસે જે પ્રશ્ન છે તેનો ખુલાસો કરી આવો એટલે માનસીંગ તે ગાંધર્વની સાથે તે ચીત્રકેતું ગાંધર્વની સભામાં ગયો અને તેને જોઈ ચીત્રકેતું ગાંધર્વ બોલ્યો કે ઓ પ્યારા માણસ તું મૃત્યલોકથી અહીં શા માટે આવ્યો છે તે સાંભળી મા-

નસીંગ બોલ્યો કે હું એક બીજાના કામને માટે આ વ્યોછું કે ગુણસુંદરી ઉપર રૂપસિંહ રાહોડ આશક પડ્યોછે તે ગુણસુંદરી સાત પ્રશ્નો રાખેછે તેમાંના પાંચ પ્રશ્ન મેં પુરા કીધાછે અને છઠ્ઠા પ્રશ્નમાં તેઓએ એક મણીનો જોટો લાવવાને કહ્યું તે મણી તું નામદારની છોકરી પાસેછે માટે તે મણીનો જોટો આપ એટલે તે ગાંધર્વ બોલ્યો કે મારા બણ પ્રશ્ન પુરા કરે તો તે મણી તથા મારી છોકરી તે માણસની સાથે પરણાવવા કબુલ છું તે સાંભળી માનસીંગ બોલ્યો કે મારે તારી છોકરીને પરણવા સાથે કાંઇ કામ નથી મારે તો મણી લેવાની જરૂરછે માટે તારા પ્રશ્ન પુરા કરી આપું એટલે તે મણી તું મારે સ્વાધીન કર તે સાંભળી ચીત્રકેતું ગાંધર્વ બોલ્યો કે જો તું મારા ત્રણ પ્રશ્ન પુરા કરશે તો તે મણી તથા મારી છોકરી તું જેને દેવા ચાહેછે તેને આપવાને કબુલ છું એટલે માનસીંગે કહ્યું કે તમારા બણ પ્રશ્ન શું છે તે મને કહો એટલે ચીત્રકેતું ગાંધર્વ બોલ્યો કે પેહેલો તો પરીઆ જાનવરનો જોડો લાવ બીજું રાતા સાપનો મોરો લાવ ત્રીજું ઉકળતા તેલમાં પડે ને તેમાંથી જીવતો નીકળે એ ત્રણ પ્રશ્ન જે માણસ પુરા કરશે તે સાથે મારી છોકરી પરણાવી તે મણી તેને સ્વાધીન કરીશ. માનસીંગ પરીઆ જાનવરનો જોડો લેવા ચાલ્યો અને પોતાના મન સાથે વીચાર કરવા લાગ્યો કે તે જાનવર કેવું હશે અને કઈ જગ્યોપર મળશે એમ કહી ફીકર કરવા લાગ્યો એટલે એક ઝાડ ઉપર કોયલ બેહેલી હતી તેણે માનસીંગને જોયો એટલે પોતાના નર સાથે બોલી કે આ માનસીંગ ઘણા ઉદાર મનનોછે તે પરીઆ જાનવરનો જોડો લેવા જવાના ઈરાદા માટે નીકળ્યોછે એટલે નર બોલ્યો કે તે જાનવર હેડંબા વનમાં છે તે લાવવું ઘણું મુસ્કેલ છે કેમજે તેના આડી ઘણાએક રાક્ષસોની ચોકી છે તે રાક્ષસો સાથે તેને લડવું પડશે તે સાંભળી માનસીંગે હેડંબા વનનો રસ્તો લીધો રસ્તામાં ચાલતાં સાત દહાડે તે જંગલમાં

જઈ પોંચ્યો તે હેડંબા જંગલ એવુંતો વીકટ હતું કે તે જંગલમાં ચાલવાનો રસ્તો ભાગ્યેજ મળી શકતો માનસીંગ પોતાના મનસાથે વીચાર કરવા લાગ્યો કે એ ઈશ્વર મારે હવે શી રીતે જાવું એવો વીચાર કરે છે એટલામાં કેટલાએક રાક્ષસોએ આવીને માનસીંગને વીંટી લીધો એટલે માનસીંગ ગભરાઇને બોલ્યો કે એ ભાઈ આ જંગલનું નામ શું છે તે સાંભળી રાક્ષસો ધમકી આપી બોલ્યાકે તું કોણછે તારે જંગલના નામનું શું કામછે ત્યારે માનસીંગ બોલ્યોકે મારે પરીઆ જાનવરનો જોડો જોઇએ છીએ એટલે તે રાક્ષસોએ જવાબ દીધો કે તું કેહેછે તે જાનવરની માલીક અમારી રાણી હેડંબા છે તે રાણી પાસેના મેહેલમાં રહેછે તેની આગળ તું અમારી સાથે ચાલ. એટલે માનસીંગ તે રાક્ષસોની સાથ હેડંબા પાસે ગયો તેને જોઈને હેડંબા બોલીકે એ માનસીંગ તું એટલી મુસીબત લઇ આ વીક્રાળ જંગલમાં શામાટે આવ્યોછે એટલે માનસીંગ બોલ્યોકે મારે પરીઆ જાનવરનું જોડું જોઇએ છીએ તે મને મેરબાની કરી આપો એટલે હેડંબાએ રાક્ષસોને હુકમ કીધો કે તે જાનવરનું જોડું તેને આપો એટલે તે રાક્ષસોએ જંગલમાંથી લાવી માનસીંગને સ્વાધીન કીધું તે લઇ માનસીંગે મેરૂપરવત તરફનો રસ્તો લીધો કેટલેક દહાડે ત્યાં જઈ પુગ્યો અને તે ગાંધર્વ ચીત્રકેતુને તે પરીઆ જાનવરનું જોડું સોંપ્યું પછી બીજા પ્રશ્નનો જવાબ લાવવાને કહયું કે તું લાલ સાપનો મોરો લાવ, તે માનસીંગે ચીત્રકેતુ ગાંધર્વને કહયું કે તારો પેલો સ્વાલ બજાવી લાવ્યોછું તેમ બીજો પણ કરી લાવીશ એમ કહી લાલ સાપનો મોરો લેવા ચાલ્યો પણ ચીત્રકેતુંને કહયું કે તે લાલ સાપનો મોરો કઇ જગોએ મળશે તે તું મને કહે તે ગાંધર્વ બોલ્યો કે કોહીકાપના રાતા જંગલમાં એ મોરો તને મળશે, રજા લઇ માનસીંગ ચાલ્યો ચાલતાં ચાલતાં રાતા જંગલ તરફ રવાને થયો થોડા મહીના પછી જંગલ તથા પાહાડો તરફ આવી લાગ્યો ભુખ્યો તરશ્યો ચાલ્યો જાય છે એટલામાં એક કાળુ જંગલ તેની નજરે પડયું થોડેક દુર ગયો ત્યારે કાળા સાપોને આદમીનો વાસ આવ્યાથી તેઓએ તરતજ જમીન-

માંથી બાહાર નીકળી આવી માનસીંગને ચારે બાજુએથી
ઘેરી લીધો માનસીંગે જીનનો આપેલો ધોકો પોતાના માથા
ઉપર રાખ્યો જેથી પેલા સાપો તેની આગળ આવી શકયા
નહીં સવાર થયું એટલે તેઓ જમીનમાં પાછા જતા રહ્યા
એજ પ્રમાણે સફેત જંગલ અને લીલા જંગલ પસાર કીધાં
જ્યારે રાતા જંગલમાં આવ્યો ત્યારે ભુખ અને તરસે મા-
નસીંગ ઉપર હુમલો કીધો તે જંગલની ગરમી એટલી તો લા-
ગી કે ચારપાંચ ડગલાં ચાલ્યો નહીં એટલામાં ચાલવાની તા-
કાત જતી રહી તેથી બોલવા લાગ્યો કે ઓ પ્રભુ હું આગ-
ળ શી રીતે જઈ શકીશ ફરી પોતાના મનમાં વીચાર્યું કે મા-
નસીંગ તું પારકાનાં કામ માટે આવ્યોછે માટે તારૂં કામ પર-
મેશ્વર પાર પાડશે એવી રીતે પોતાના દીલને ધીરજ રાખી
ચાર મેલ ચાલ્યો નહીં એટલામાં તેને પગે શણગા ઉઠયા
અને તરસે કરી જમીન ઉપર પડયો માનસીંગને આખે
દીલે શણગા ઉઠયા એવામાં એક માહા પુરૂષે આવી તેનો
હાથ પકડી તેને ઉઠાડયો અને કહ્યું કે ઓ માનસીંગ આ
જગ્યોએ તારે હીંમત છોડવી ન જોઇએ ઉઠ રીંછની છોકરી-
એ જે મોરો તને આપ્યોછે તે તારા મોંમાં રાખ જેથી
રાતા સાપની ગરમી જતી રેહેશે અને તારી તરશ મટી
જશે માનસીંગે તરતજ તેમ કીધું તો બેશક તેને ઘણોજ
ફાયદો માલમ પડયો તે માહા પુરૂષના પગમાં પડયો અને
કહ્યું કે ઓ પરમાતમા મને કેહે કે આટલી બધી ગર-
મીનું શું કારણછે તે બોલ્યો કે રાતા સાપનું એ ઝેરછે
કારણ કે તે સાપો પોતાનો દમ જમીનની નિચેથી લેછે
જેથી જમીન ગરમ આગ જેવી થઈ જાય છે એ ગરમી
તેઓના મોંમાં જે મોહોરો છે તેને લીધેછે તે મોહોરાનો
ફાયદો એટલોછે કે જ્યારે કોઈ એ મોહોરો તે સાપ પા-
સેથી છીનવી લેછે ત્યારે તેનું ઝેર ઉતરી જાયછે તે સાઠ
વરસ પછી સાપના મોંમાંજ ફરીથી પેદા થાય છે જ્યારે
તે માહા પુરૂષનાં વચન સાંભળ્યાં ત્યારે ઘણો ખુશી થઈ
પેલો મોરો પોતાના મોંમાં રાખી આગળ ચાલ્યો બરો-
બર અધવચમાં આવી લાગ્યો એટલે રાતા સાપને માન-
સીંગનો સ્વાસ આવ્યો એટલે તે સાપે ઉપર આવવા
માંડયું ગરમી એટલીતો વધીકે કાંઈ કહી શકાય નહીં

અને જ્યારે તે સાપ જમીનમાંથી બાહાર આવ્યો ત્યારે તેના મોંમાંથી અગ્નીના ભડકા આકાશ સુધી જવા લાગ્યા માનસીંગ આ બીના જોઇ ઘણોજ હેરાન થયો આસપાસ દોડવા લાગ્યો એટલામાં તે સાપે આવી માનસીંગને ઘેરી લીધો. માનસીંગે જોયું કે પાહાડ જેટલો મોટો સાપ જમીનમાંથી નિકળ્યો એટલે તરતજ પેલો ધોકો પોતાના માથા ઉપર ધર્યો જેથી માનસીંગને તે સાપની ગરમી ઘણીજ થોડી માલમ પડી. તે સાપે પોતાનો દમ એવોતો જોરથી ખેંચ્યો કે અગ્નીના ભડકાથી માનસીં-ગનાં હાડ પણ બળતાં હોય એવું લાગ્યું. પરમે-શ્વરની મેહેરબાની આ વખતે માનસીંગ ઉપર ઘણી વધી, જેથી તે જીવતો રહ્યો જ્યારે સાપે જોયું કે તેનું કાંઈ વળતું નથી ત્યારે ઘણા જોસમાં આવી ગયો જેથી પેલો મોહોરો ઝટ દઇને તેના મોંમાંથી બાહાર નિકળી પડયો જ્યારે સવાર થયું ત્યારે તે સાપ પોતાના ભોંયરામાં જતો રહ્યો. માનસીંગે પેહેલાં પોતાના રૂમાલનો એક કડકો તે મોહોરા ઉપર નાંખ્યો એવી મતલબથી કે તે ગરમછે કે નહીં તે માલમ પડે તે રૂમાલ બળ્યો નાહીં એટલે માનસીંગે જાણ્યું કે તે મોહોરો ઠંડોછે પછી તે ઉચકી લઇ માનસીંગે ચાલવા માંડયું. હવે પેલા માહા પુરૂષે માનસીંગને એ મોહોરાનો ચમત્કાર જણાવ્યો હતો કે એથી દરિઆમાં ડુબી નાહીં જાય કોઈબી જાનવરનું ઝેર અસર નાહીં કરી શકે અગ્નીમાં બળી નાહીં શકે, આંધળા માણસની આંખ સારી થઈ શકે કોઇનેબી કાંઈ દરદ થાય નાહીં લડાઇમાં સર્વે ઉપર ફતેહ મેળવે અને પોતાના દુશમન આગળ ઘણોજ વહાલો થઈ પડે સર્વે જણ તેના તાબામાં રહે વળી તે માણસમાં ડહાપણ પણ વધારે આવે દુનિઆનું ધન તેની નજરે પડે એ વિગેરે ઘણાએક ગુણોનું વખાણ કરયું હતું. માનસીંગ તે લઇ ચાલ્યો થોડે દીવસે મેરૂપર્વતમાં જઇ પોહોંચ્યો તે મો-હોરો લઈ તે ગાંધર્વ પાસે ગયો અને તે મોહોરો તેને હવાલે કરયો પછી તે ગાંધર્વે તે મોહોરાને અજમાવી જોયો અને જ્યારે માલમ પડયું કે જે તેને જોઇતો હતો તેજછે ત્યારે બેહદ ખુશી થયો પછી પોતાનો લીજો

પ્રશ્ન બજાવી લાવવાનું કહ્યું કે ઉકળતા તેલની કડામાં તું પડ તેમાંથી તું જીવતો નીકળે તોમાહારી છોકરી તથા મણી તારે સ્વાધીન કરૂં પછી તે માનસીંગે હા કહી જયારે તે ગાંધર્વે એક મોટી કડામાં આઠ દહાડા સુધી તેલ ઉકાળ્યું ત્યારે તેણે માનસીંગને બોલાવી કહ્યુંકે તું હવે આ કડામાં પડ માનસીંગ રીંછનો આપેલો મોહોરો મોઢામાં રાખી તેમાં કુદકો મારી તેમાં પડયો જ્યારે તે અંદર પડયો ત્યારે તેલ તેને પાણીના જેવું ઠંડું લાગ્યું તે અંદર એમથી તેમ ફરવા લાગ્યો અને ચિત્રકેતું ગાંધર્વને કેહેવા લાગ્યો કે બોલ હવે તું શું કેહેછે હજી કેટલીવાર હું અંદર પડયો રહું જયારે ચીત્રકેતુ ગાંધર્વે જોયું કે તે માનસીંગ જીવતો રહયો છે ત્યારે તે બોલ્યો કે બસ હવે તું બાહાર નિકળ તેથી તે માનસીંગ બાહાર નિકળ્યો તે ગાંધર્વે પોતાના વચન પ્રમાણે પોતાની છોકરી તથા મણી માનસીંગને સ્વાધીન કીધાં એટલે તે માનસીંગે પેલા ગાંધર્વને વચન આપી પોતાની સાથે લાવ્યો હતો તેની સાથે તે છોકરીનાં લગ્ન કરી આપ્યાં પેલી મણી માનસીંગ લઈ ચંપાનગરી તરફ ચાલ્યો કેટલેક મહીને ત્યાં જઈ પોંહોંચ્યો અને ગુણસુંદરીના મેહેલ તરફ પેહેલાં ગયો ત્યાં જઈ તે મણી તેને સ્વાધીન કીધી. ગુણસુંદરીએ તેને માટે એક હીરાથી જડેલો મુગટ તૈયાર કરાવ્યો હતો તે તેને બક્ષિશ આપ્યો. ત્યાંથી ઉઠીને ધર્મશાળામાં રૂપસિંહ શેહેઠની આગળ ગયો અને તેની મુલાકાત કીધી પછી થોડા દીવસ ત્યાં રહી સાતમા પ્રશ્નની સોધને માટે ગુણસુંદરીના મેહેલ તરફ ચાલ્યો અને તેને પ્રશ્નને માટે ઘણીજ ઉતાવળ કીધી ત્યારે તે બોલીકે જાદુના ખેલવાળા જાનવરપાસેથી કોહીનુરનો હિરો લાવ. માનસીંગે પુછ્યું કે તે કયાંછે તે તું કાંઈ જાણેછે તેણીએ જવાબ દીધોકે તે અગ્નીખુણ તરફછે પણ હું જાણતી નથી કે કયા દેશના અગ્ની ખુણમાંછે માનસીંગ ત્યાંથી ચાલ્યો.

માનસીંગ સાતમા પ્રશ્નની ખબર લાવ્યો તેની વારતા.

જયારે તે માનસીંગ તે જગ્યેથી ચાલતો થયો એટલે પોતાનાં પગલાં જંગલ તરફ લીધાં અને થોડા

દીવસ પછી એક શેહેર તરફ જઈ પુગ્યો. તે શેહેરના લોકો એક ઠેકાણે એકઠાં થએલાં હતાં માનસીંગ તેની આગળ ગયો અને તેઓને એકઠા થવાનું કારણ પુછયું તેમાંથી એકે જવાબ દીધો કે અમારા શેહેરના શાહુકારનો છોકરો આ વાવ ઉપર આવી બેસતો હતો અને ઘણું થયું દીવાનાની હાલતે ફરતો હતો હાલ દશ દહાડા થયાં તે આ વાવમાં ગુમ થઓછે હવે વાવમાં તેની લાસની ઘણીએક શોધ કીધી પણ તે હાથમાં આવતી નથી. માલમ પડતું નથી કે વાવમાં કોઈ ભુત યા કોઈ મોટો મગર કે મચ્છ છે જે તેને ગળી ગયો હશે ધાસ્તીને લીધે કોઇ અંદર જવા માગતું નથી ત્યારે માનસીંગે જવાબ દીધો કે અલબત વાવમાં કાંઇપણ ભુત વિગેરે જોઇએ તે આ વાત ચીતમાં હતી એવામાં તેનાં માત પીતા તે ઠેકાણે રડારોળ કરતાં આવ્યાં અને એવીતો મોટી ચીસો પાડી કે ત્યાં ઉભેલા સઘળા લોકોનાં દીલ ચીરાઈ ગયાં તે ઠેકાણે જાણે આકાશનાં ઉડતાં પક્ષીઓપણ તેઓના દુઃખમાં ભાગ લેતાં હોય એમ રડતાં જણાયાં. માનસીંગનું દીલ આ દેખાવ જોઈ ફાટી ગયું તેઓની આગળ જઇ તેઓને દીલાસો દીધો કે હવે ધીરજ સંપાદન કરવા સીવાય બીજો કાંઇ ઉપાય નથી કીસમતમાં જે લખેલું હશે તે બન્યા વગર રેહેતું નથી ભાગ્યના લેખ કદી મટતા નથી તમારા નશીબમાં આ દુઃખ જોવાનું લખ્યું હશે માટે ધીરજથી તે વેઠવું જોઇએ આપનાર પણ પ્રભુ છે અને લેનારપણ તેજછે તેની પાસે આપણો કાંઈ ઈલાજ નથી માટે તમે ધીરજધરો આ શબ્દો સાંભળી તેઓ બોલ્યા કે ઓ જુવાન તું જે કેહેછે તે સઘળું વ્યાજબી છે જો તેની લાસપણ અમારા હાથમાં આવે અને તેના દેદાર સામું જોવાની અમને છેલ્લી મુલાકાત મળેતો અમે મોટા નસીબદાર થઇએ પણ ધાસ્તીને લીધે આ વાવમાં કોઇ ઉતરતું નથી માનસીંગે કહ્યુંકે સમતા રાખો હું આ વાવમાં જઇ તપાસ કરી તેની લાસ સોધી કાઢી લાવું તમો આ ઠેકાણે એક અઠવાડીઆ સુધી બેસી રેહેજો તે વખતમાં હું નાહીં આવુંતો તમારા શેહેરમાં જજો એટલું કહી માનસીંગ વાવમાં ઉતર્યો અને તળીએ

પોહોંચ્યો એટલે આંખ ઉઘાડીને જોયું તો નહીં પાણી કે નહીં વાવ પણ એક મોટું મેદાન દીઠું જ્યાં રોશની નજર આવી ત્યાં તેણે એક મોટો બાગ જોયો, જેનો દરવાજો ઉઘાડો દીઠો અંદર જોયું તો તમામ બાગ રંગ બેરંગી ફુલોના ખુશબોથી ભરાઈ ગયો છે આગળ ગયો એટલે એક સુંદર મેહેલ દીઠો અને ત્યાં નવકુળ નાગનો વાસ છે તેવું જોયું ત્યાં બે તખત મુકેલાં હતાં એક ઉપર એક નાગપદમણી બેઠેલી હતી અને બીજા ઉપર એક ખુબ સુરત જુવાન બેઠેલો હતો જેવો માનસીંગ ત્યાં જઇ ઉભો કે તેઓએ પોતાની દાસીને કહ્યું કે એ જુવાન ક્યાંથી આવ્યો છે ત્યારે તે પદમણીએ પેલા જુવાનને પુછ્યું કે તારી જાતનો કોઇ બીજો માણસ આ ઠેકાણે આવ્યોછે માટે જો તું કહેતો હું એને બોલાવું અને ખાતર બરદાસ કરૂં તે શાહુકારે જવાબ દીધો કે જો તું એમ કરશે તો હું ઘણોજ આણંદ પામીશ. એ નાગકુંવરીએ પોતાની દાસીને હુકમ કીધો એટલે માનસીંગને બોલાવી એક સુંદર તખત મંગાવી તે ઉપર બેસાડ્યો પછી તેઓ ત્રણે જણાઓ સુંદર ભોજન જમ્યાં જ્યારે જમવાનું કામ પુરૂં થયું ત્યારે પેલા શાહુકારે માનસીંગને પુછ્યું કે ભાઈ તારૂં નામ શું છે તું અહીંઆં શા માટે આવ્યોછે અને તું ક્યાંનો રહેવાસી છે તેણે કહ્યું કે હું પગનપુરનો છું ચંપાનગરીથી આવ્યોછું અને જાદુના ખેલવાળા જાનવરની પાસેથી કોહીનુરનો હીરો લેવા જાઉંછું જ્યારે આ શેહેરમાં આવ્યો ત્યારે એક વાવ ઉપર કેટલાક માણસોનું ટોળું મેં જોયું ત્યાં કોઈ શાહુકારનાં માતપીતા એટલું તો કલ્પાંત કરતાં હતાં કે તેઓનું રડવું સાંભળી જંગલી જાનવરોનાં જીગરપણ ચાક થઇ જાય તેઓની દીલગીરી સાંભળી હું વાવમાં ઉતરી પડ્યો અને આ ઠેકાણે આવી પુગ્યો પણ હું જાણતો નથી કે તે છોકરો ક્યાં છે ત્યારે પેલા શાહુકારે જવાબ દીધો કે તે છોકરો હું છું એક દીવસ હું તે વાવને કાંઠે બેઠો હતો ત્યારે આ પદમણી મારી નજરે પડી તેને જોતાંજ હું દીવાનો થઇ ગયો. અને આ વાવમાં પડયો પછી આ બાગમાં આવ્યો એટલે

આ નાગ પદમણી મારી ઉપર મોહીત થઈ હવે આ મારી દીલજાનથી હું ઘણોજ ખુશી છું માનસીંગે કહ્યું કે તારા માતપીતા પોતાના બેહોશપણામાં રડેછે અને તું અહીંઆં સુખ ભોગવે એ ઠીક નહીં ત્યારે તે શાહુકાર બોલ્યો કે જો આ પદમણી મને અહીંથી જવાની રજા આપે તો હું જઇને તેઓને દીલાસો દઉં, જાવાનું હવે મારા હાથમાં નથી ત્યારે માનસીંગે તે પદમણીને અરજ કરી કે એના માતપીતા ઘણાંજ રડેછે માટે તું એને રજા આપ કે તારી પાસેથી જાય અને એના માબાપને ધીરજ આપે ત્યારે તે પદમણીએ જવાબ દીધો કે એ પોતાની ખુશીથી મારા ઉપર આશક થઈ આ ઠેકાણે આવ્યો છે મેં એને બોલાવ્યો નથી એને આહુ ત્યાં જવાને એ છુટો છે ત્યારે માનસીંગે પેલા શાહુકારને કહ્યું કે હવે તને રજા તો મળી માટે મારી સાથે તારા માબાપની પાસ ચાલ તે શાહુકારે જવાબ દીધો કે એમ કાંઈ રજા મળેલી કહેવાય નહીં જો એ મને વચન આપે કે આહીંયાં અડવાડીઆમાં ચાર દહાડા મારી સંગાતમાં રહે અને મને એક ખરાજ સ્વામી તરીકે માને તો હું તમારી સાથે આવું માનસીંગે કેટલોક વખત સુધી વીચાર કીધા પછી તે પદમણી તરફ ફરીને બોલ્યો- કે એ માહેરબાન તું એ કહેછે તે કબુલ રાખ અને એને તારા પતી તરીકે ગણ કારણ કે તારી ઉપર એ આશક થઈ ગયોછે પદમણીએ જવાબ દીધો કે મારા નાગ લોકમાં કોઈએ કદીપણ એવું કામ કીધું નથી ત્યારે મારાથી શી રીતે થાય માનસીંગે કહ્યું કે હું ઘણાએક નાગલોક ફર્યો છું ઘણાએક દરીયામાં સફર કીધીછે પાતાળ માહા પાતાળ રસાતળ તળાતર વીતળ અને તમારી જાતથી હું પુરેપુરો વાકેફ થયો છું, જેવી નીતી તમારામાં છે તેવીજ નીતી મૃત્યુ લોકના માણસમાં નથી. તે પદમણી બોલી કે આ શાહુકાર મને પોતાના જીવથી ચાહતો નથી ત્યારે તે જુવાને કહ્યું કે એ બોલવું તને વ્યાજબી નથી જો હું તારો સાચો આશક નહીં હતો તો મારા માતપીતાને રડતાં મુકી તેનાથી જુદો થઇ આ ઠેકાણે શું કામ આવત. માનસીંગે પેલી પદમણીને ક

હ્યું કે આ શાહુકારને તું રજા આપ એટલે હું મારી સાથે લઈ જાઉં અને પોતાના માતપીતાની મુલાકાત કરી તારી તરફ પાછો આવશે પછી પેલી પદમણીએ પોતાની દાસીને હુકમ કીધો કે તમો આ બંનેને પેલી વાવને મથાળે પુગાડી આવો તેઓએ તેમ કીધું માનસીંગ તથા પેલો શાહુકાર વાવને મથાળે આવી પોંહોંચ્યાં પેલાં ઉભેલાં માતપીતા તેઓને જોઈ ખુશી થયાં અને માનસીંગનો ઘણો ઉપકાર માનવા લાગ્યાં એટલે માનસીંગે તેમની પાસેથી રજા લઈ અને કેટલાક દીવસ સુધી ચાલ્યા કીધું કેટલેક દીવસે એક શેહેરમાં આવ્યો ત્યાં નગારાંનો અવાજ સાંભળ્યો ત્યાં સઘળાં લોકો ઉજાણીમાં એકઠાં થયાં હતાં અને શેહેરની બાહાર તંબુ નાંખ્યા હતા મોટા મોટા સરૂપ ચઢાવી કેટલાક લોકો રસોઈ કરતા હતા માનસીંગે તે લોકોને પુછ્યું કે ઓ ભાઇઓ આ શેહેરમાં આટલી મોટી ધામધુમનું કારણ શું છે ત્યારે તેઓ બોલ્યા કે ઓ મુસાફર આ શેહેરમાં દરવરસે જંગલમાંથી એક મોટા પાહાડ જેવો સાપ આવેછે તે માણસની સુરતનો થઇ જાયછે આ શેહેરનાં સઘળાં માણસોનાં છોકરાંઓ ને રાજાનાં તેમજ બ્રાહ્મણનાં તેમજ વાણીઆનાં તેમજ દરેક લોકનાં છોકરાંને પોશાગ પેહેરાવી દરેક તંબુમાં બેસાડેછે અને પેલો સાપ માણસને રૂપે દરેક તંબુમાં જાયછે પછી તેને જે પસંદ પડેછે તે છોકરાને ઉપાડી જંગલ તરફ ઉડી જાયછે એટલે તે છોકરાનાં માબાપો ઘણો અફસોસ કરી પોતાના ઘેર જાયછે આજરોજ તે સાપ આવનાર છે જેથી તેને માટે આટલી ધામધુમ આજે અમો કરીએ છીએ. માનસીંગે વીચાર કીધો કે એ કામ તારકેતું રાક્ષસ સિવાય બીજા કોઈ રાક્ષસનું હોય નહીં પછી તે લોકોને કહ્યું કે તમો આટલો પ્રેમ રાખી આ જગ્યોએ આવી તરેહવાર પકવાન ખાઓછો તે વ્યાજબી નથી ત્યારે તેઓ બોલ્યા કે એમ કર્યા સિવાય બીજો ઉપાય નથી, કારણ કે અમારામાં કોઇ એવો બળીઓ નથી કે આ દુઃખમાંથી અમને છોડાવે, પછી માનસીંગે તેઓને કહ્યું કે આજ રાતરે તે રાક્ષસને હું મારી નાંખીશ પણ તમો સઘળા હિંમત રાખજો કારણ કે એ રાક્ષ-

સ ઘણો માયાવીછે અને પેલાંતે પોતે તરેહવાર રૂપમાં બદ-
લાઇ જવાની માયા રચેછે. આ સાંભળી માનસીંગને ઘણી
આબરૂ ઇજતથી તેઓ પોતાના રાજા પાસે લઈ ગયા અને
સઘળી વીગતવાર વાત કહી. રાજાએ માનસીંગને સોનાના
સીંગાસન ઉપર પોતાની પાસે બેસાડયો અને પુછયું કે એ
રાક્ષસ તારાથી જીતાશે? માનસીંગે જવાબ દીધો કે પરમેશ્વ-
રની મેહેરબાનીથી હું તેને મારીશ પણ હું કહુ તે તમો ક-
રજો પછી પેલા માણસોને બોલાવ્યા અને કહયું કે જ્યારે
સાપને વેસે રાક્ષસ આવે અને કોઈના છોકરાને ઉપાડે ત્યારે
તમો તેને કહેજો કે અમારા શેહેરમાં એક રજપુત ઠાકરડા-
નો છોકરો આજ લાંબી મુદતથી બાહેર મુસાફરીએ ગયો
હતો તે હમણાં પાછો આવ્યો છે તે કહેછે કે મારી રજા વી-
ના કોઈબી છોકરો તે રાક્ષસને જોવા દેવો નહી જો મારી ર-
જા શીવાય જોવા દેશો તો હું તમોને મારી નાખીશ અને
તમારો સઘળો મુલક ઉજાડ કરીશ તે એટલો જોરાવર છે કે
એક પલકમાં સઘળા મુલકને ફુનાહ કરસે. આ સાંભળી તે
રાક્ષસ ઘણો ગુસ્સે થશે પછી મારી સાથ લડવા આવશે એ
ટલે દહાડો અસ્ત થયો અને સાપને વેષે રાક્ષસને આવવા-
નો વખત થયો એટલે લોકોએ જઇ માનસીંગને ખબર આ-
પી કે પેલો રાક્ષસ સાપને વેસે આવેછે માનસીંગ રાજા સાથે
તે તરફ ગયો તેણે જોયું તો તે સાપ પોતાનું માથું આકાશ
સુધી ઉંચું કરી આવેછે અને લંબાઈ તો સાડા સાતસેં મેલ
હતી કોઈ કુદરતી માયાથી બનેલો કે તે સાપની સામે ઉભો
રહી શકે એવો માહા બળીઓ કોઈ પૃથ્વીમાં નથી કે તે-
ની સામો રહી શકે તેનો ભાર આટલાજ ઉપરથી ખ્યાલમાં
આવશે કે મોટામોટા પથરાઓ જે તે સાપને તળીએ આ-
વતા તે તરતજ ચુરણ થઈજતા. હવે માનસીંગ આ દેખાવ
જોઇ પ્રભુની તરતજ અકળકળાનું વર્ણન કરવા લાગ્યો એ-
ટલામાં તે સાપ ત્યાં આવી લાગ્યો અને પોતાનો દમ એવા
તો જોરથી ખેંચ્યો કે સઘળાં માણસો જે જગ્યાએ ઉભાં હુ-
તાં ત્યાંજ સ્થંભ થઇ રહયાં પેલો સાપ જમીનઉપર આળો-
ટવા લાગ્યો અને માહા અદભુત રાક્ષસ બની ગયો સઘળા
માણસો તેને નમ્યા અને રાજાએ પોતાના સુંદર તંબુમાં
તેને લાવી તખત ઉપર બેસાડયો, અડધો કલાક પછી તે ત્યાં-

થી ઉઠયો અને બોલ્યો કે હવે મને તમો સઘળા છોકરાઓ દેખાડો પછી તે તંબુમાંથી બાહાર આવી સઘળા શાહુકારોના અને ગરીબોના છોકરાઓને તે સામે જોયા પણ કોઈનો છોકરો તેને પસંદ આવ્યો નહીં પાછો તે રાજાના તંબુમાં આવ્યો અને રાજાના છોકરાને બોલાવ્યો, માણસો રાજાના છોકરાને સણગારી લાવ્યા એટલે પેલો રાક્ષસ તેને જોઈ ઘણોજ ખુશી થઈ ગયો અને બોલ્યો કે આ છોકરો મને પસંદ છે માટે મને તે આપો. માનસીંગ તેજ તંબુની એક તરફ ઉભો રહી સઘળું સાંભળતો હતો પછી રાજાએ પેલા રાક્ષસને કહ્યું કે મારા શેહેરના એક રજપુત ઠાકોરનો છોકરો બાહાર મુસાફરીએ ગયો હતો તે કેટલેક વરસે આહીં પાછો આવ્યોછે તેના હુકમથી ઉલટું અમો કરી શકતા નથી કારણ કે જો તેની આગના વીના કાંઈપણ કામ અમો કરીએતો એક પળમાં તે અમારો તમામ મુલક ઉજડ અને હેરાન કરી નાંખે અને લોહીની નદીઓ ચલાવે જો તું કેહેતો હું તેને બોલાવું પછી જેમ કહે તેમ કરીએ પેલા રાક્ષસે પોતાનું માથું જમીન તરફ કીધું અને જવાબ દીધો કે હમણાં તે ક્યાંથી નિકળી આવ્યો. જોઉ તેને બોલાવો તો ખરા પછી રાજાએ માનસીંગને બોલાવ્યો તે આવી રાક્ષસની પાસે ઉભો રહ્યો ત્યારે તે રાક્ષસ તેને કહેવા લાગ્યો કે એ જુવાન મેં તને આ શેહેરમાં આજજ જોયો હમણાં તું ક્યાંથી આવ્યો અને આ લોકોને આવીસમજણ આપી શા માટે એ લોકોનો મુલક ખરાબ કરવા માગે છે ત્યારે માનસીંગે કહ્યું કે આ રાક્ષસ જ્યાંસુધી આ શેહેરમાં હું નહીં હતો ત્યાંસુધી એ લોકોએ તારા કહેવા પ્રમાણે કીધું અને હવે શેહેરનો વારસ હુંછું અને આ શેહેરમાં સઘળો કારભાર હું કરૂંછું અમારા મુલકમાં જે રીત ચાલતી આવીછે તે રીત પ્રમાણે તું ચાલેતો તને હમારો છોકરો આપીએ ત્યારે પેલો રાક્ષસ બોલ્યો કે એ માણસ તારી જે રીતછે તે પરમાણે ચાલવાને હું ત્યારછું માનસીંગે કહ્યું કે મારા બાપદાદા પાસેથી મને એક મોહોરો મળ્યો છે જે કોઈ અમારા છોકરાને લેવા તાકે છે તેને એ મોહોરાનું પાણી અમે પાઈએ છીએ માટે તારે તે મોહોરાનું પાણી પીવું જોઇશે પેલે રાક્ષસે હા કહેવાથી માનસીંગે રીંછની

છોકરીએ આપેલા મોહોરાને પાણીમાં ઘસી તે પાણી પેલા રાક્ષસને પાયું તેણે તે પાણી પીધું એટલે રાક્ષસની માયા હતી તે સઘળી ભુલી ગયો પછી માનસીંગે કહ્યું કે બીજી રીત એછે કે જે કોઈ અમારા છોકરાને લઈ જાયછે તેને અમો લોખંડની પેટીમાં બંધ કરીએ છીએ અને તેમાંથી તે પોતાની મેળે બાહાર આવેછે ત્યારે તેને તે છોકરો આપીએ છીએ માટે તારેપણ તે પેટીમાં ઉતરવું જોઇશે અને જો તું બાહાર આવી નહીં શકશેતો અમો તારી પાસેથી સીંહુલદ્વીપમાંથી લાલ અને અલમાસ પેદા થાયછે તે બબે હજાર ગુન્હેગારી તરીકે લઈશું અને પછી તે છોકરો તારે સ્વાધીન કરશું પેલો રાક્ષસ પોતાની રાક્ષસી માયાના જોર ઉપર એટલોતો મગરૂર હતો કે માનસીંગે પેલી પેટી મંગાવવા માટે કહ્યું એટલે તે રાક્ષસ બોલ્યો કે તું જે કહેછે તે મારે કબુલછે પેલી પેટી મંગાવ અને તારી ઇચ્છા હું એક પળમાં પુરી કરીશ માનસીંગે તરતજ એક મજબુત લોહાની પેટી મગાવી અને પેલા રાક્ષસને કહ્યું કે હવે તું આમાં ઉતર તે તરતજ તે પેટીમાં બેઠો એટલે માનસીંગે તેનું ઢાંકણું મજબુત બંધ કરી હનુમાનના જંજીરા બોલવા લાગ્યો કે માહાવીર શાહે થઈ બોલ્યો કે આ માનસીંગ એ વજરની પેટી કોઈથી ભાગી ભાગશે નહીં તોડી તુટશે નહીં માટે તે પેટીને સમુદ્રની વચોવચ નાંખી આવ એટલે તે રાક્ષસ તે સમુદ્રમાં તે પેટીની અંદર રેહેશે એટલે માનસીંગે તેમ કીધું પછી માનસીંગે લોકોને કહ્યું કે એ જુલમાત રાક્ષસ હવે તમારીપર જુલમ ગુજારવા કદીપણ આવશે નહીં રાજા તથા સઘળા માણસો માનસીંગને પગે પડયા અને પુષ્કળ ઝરઝવેર લાવી માનસીંગની આગળ મુકયું ત્યારે તેણે કહ્યું કે આ પ્યારાઓ મને ધન માલની કશી દરકાર નથી હું જે કાંઈ કરૂંછું તે પરમેશ્વર વાસ્તે કરૂંછું કારણકે તેણેજ તમને અને મને ઉત્પન્ન કીધાછે જો આપણે એકબીજાને કામે નહીં આવીએતો આ જગતમાં આપણું જીવ્યું શા ખપનું ? ત્યારે તેઓ ઘણાં કાલાવાલા કરી બોલ્યાકે જે તું કહે તે ધરમાદા ખાતે વાપરીએ એટલે માનસીંગ બોલ્યોકે હરેક ગરીબ, લુલુ, પાંગળુ આંધળું અનાથ બીનવારસી એવા માણસોને માટે તમારા

શહેરમાં એક દવાખાનું બંધાવી તેમાં તે અનાથને દવાદારૂ વિગેરે કરી તેઓનું ભરણ પોષણ કરવું તેના જેવું પુન્ય દાન આ જગતમાં બીજું એકબી નથી એમ કહી રજા લઈ જંગલ તરફ ચાલવા માંડયું અને ઘણું કષ્ટ વેઠતો તે જાદુના ખેલથી બનેલા જાનવરના દરવાજા આગળ આવી પોંચ્યો અને દરવાજાપર વાંચ્યું કે આ જાદુના ખેલથી બનેલા જાનવર પાસે જે કોઇ જશે તે જીવતો પાછો આવશે નહીં માનસીંગે આ લેખ વાંચ્યો તોપણ બહાર એક બારી હતી તેમાંથી અંદર ગયો અને ચાર પાંચ મૈલ આગળ ચાલીને વિચાર કીધો કે પાછો ફરૂં પણ ફરીને જુવેછેતો નહીં તે બારી કે નહીં પેલાં ઝાડો પણ એક મોટું જંગલ દીઠું આ જોઇને તે ઘણો બીવા લાગ્યો અને પોતાના મનમાં કેહેવા લાગ્યો કે માનસીંગ હવે તારૂં મૃત્યુ ખચીત આવ્યું થોડેક દુર ગયો એટલે એક આદમીની સુરત તેની તરફ આવતી જણાઇ તેણે પોતાની બગલમાંથી કાચ આપી માનસીંગને સલામ કીધી અને બોલ્યો કે હું પારેખછું માનસીંગે પુછયું કે તારૂં મકાન કયાંછે એટલે પેલી સુરતે જવાબ દીધો કે મારૂં મકાન પેલા ભોંયરામાંછે પછી તેઓ થોડે આગળ ચાલ્યા ત્યાં માનસીંગને ઘણોજ મોટો કુંડ દેખાયો તેમાં તેઓ બંને જણ દાખલ થયા તે પારેખ તેને એક કુંડની આગળ લઇ ગયો અને કહયું કે ઓ માનસીંગ તું આ કુંડમાં ઉતર હું તારે માટે પાણી લાવુંછું માનસીંગ તેમાં ઉતરયો તે સુરતે માનસીંગને ટાઢા પાણીની એક ડોલ આપી અને કહયું કે એ તારા માંથા ઉપરથી રેડ માનસીંગે તેમ કીધું જેમ માંથા ઉપર રેડતાંજ તડાક કરીને અવાજ થયો અને તમામ જાનવરોએ આવી તેને ઘેરી લીધો અને કલાક એક અંધારૂં રહયું માનસીંગ આ જોઈ ઘણોજ આશ્ચર્ય થયો એટલામાંતો પાણી ઉપર ચડવા માંડયું ચડતાં ચડતાં માંથા સુધી આવ્યું ત્યારે માનસીંગ તેમાં તરવા લાગ્યો તેણે જોયું કે સઘળા માણસો મરી જાયછે તે આ જાદુના ખેલમથીછે એમ કહી ત્યાં એકસાંકળ હતી તે પકડી લીધી. પકડતાં વારજ એક મોટો કદાવર માણસ ઉત્પન્ન થયો અને તેણે માનસીંગને એવાતો જોરથી ફેંકયો

કે જે જગ્યોપર પથ્થરથી બનેલાં માણસો ઉભેલાં હતાં તેની સાથે માનસીંગ પણ ઉભો અને થોડીવારમાં તેના પગ પથ્થરના બનેલા જોયા એટલે માનસીંગ પોકાર કરવા લાગ્યો એટલામાં પેલો માણસ આવી પુગ્યો અને માનસીંગને એવાતો જોરથી લપડાક મારી કે તરતજ ગળાસુધી પથ્થરનો બનીગયો અને પેલો માણસ ગુમ થઈગયો એટલે માનસીંગ ઈશ્વરની સ્તુતી કરવા લાગ્યો એટલે આકાશવાણી થઇ કે એ માનસીંગ તું તારામાથાપર ઝરઝરકથા મુંક નહીંતો તારો અમુલ્ય જીવ ખોઈ બેસીશ, તે સાંભળી પેલી ઝરઝરકથા પોતાના માથાઉપર મુકી કે તરતજ પોતાની અસલ સ્થિતીમાં આવ્યો, એટલે પેલાં માણસો પથ્થરથી બનેલાં હતાં તેના ઉપર તેજ ઝરઝરકથા મુકી કે તરતજ પોતાની અસલ સુરતમાં આવી માનસીંગને પગે પડી તે બોલ્યા કે એ માહા પુરૂષ તેં અમો સઘળાને જીવતદાન દીધું એટલામાં પેલો વીચીત્ર રૂપ ધારણ કરી આવ્યો, અને પેલા માણસો સાથ માનસીંગ ઉભેલો હતો તેને પકડી ગરદન ઝાલી એવાતો જોરથી ફગાવ્યો કે પાછો તે કુંડમાં પડયો અને માનસીંગ આંખ ઉઘાડીને જુવે તો નહીં તે કુંડ નહીં તે માણસો, અને નહીં તે પેલો આદમી પણ એક દેરાજેવું તેની નજરે જોવામાંઆવ્યું તે દેરાઉપર એક ઘુડપંખી બેઠું હતું, તે ઘુડ પોકાર કરી બોલ્યો કે એ જુવાન તું અહીં કેમ આવ્યોછે, શા માટે કમોતે મરવામાગેછે. આ અવાજ સાંભળતાં માનસીંગનીનજર એક મોટા દેરા ઉપર પડી એટલે પેલા ઘુડ ઉપર એક તીર માર્યો, તે ઘુડ ચુકાવી તરત દેરાઉપરથી નીચેઆવી બેઠું અને બોલ્યું કે એ જુવાન આ જગ્યાએથી નીકળ. આ બોલતાંજ માનસીંગ તીર અને કમાન સુધાં ઘણો દુર જઇ પડયો અને તેના બંને પગપર મોટા સાપ વીંટાઇ ગયા, માનસીંગે જોયું કે હવે મોત નજદીક છે કે મારો છુટકો થાય. એમ વિચારી જેમતેમ કરી પાછો ઘુડની નજદીકઆવ્યો અને એક બીજોતીર ઘુડને માર્યો, તે ઘુડે ચુકવી દીધો અને છેક પેટ સુધી સાપો વીંટાઇ ગયા, અને પાછો તેની આગળઆવ્યો એટલે ઘુડ ફરીથી ઉપર મુજબ બોલ્યોકે તે ફરી તેનાથી સો મૈલ દુર જઈ પડયો. હવે માનસીંગ ઉડણ ખાટલીમાં બેશી બોલ્યોકે ઉડે ઉડણ ખાટલી જ્યાં ઘુડપંખી એટલે પાછો તેની આગળ પડયો, અને પોતાના ભાથામાંથી તીર કાઢી પરમેશ્વરની પ્રાર્થનાકરી એવા

તો જોરથી માર્યોકે તે ઘુડ તરતજ મરણ પામ્યો. મરણ પામતી વખતે ઘણો મોટો અવાજ થયો અને સઘળું જંગલ ધ્રુજવા લાગ્યું અને અંધકાર થઇ ગયો જ્યારે પાછુ અજવાળુ થયું ત્યારે માનસીંગે જોયુ તો નહીં તે દેરૂં નહીં તે ઘુડપક્ષી કે નહીં તે કુંડ પણ તીર અને કમાન પડેલાં દીઠાં અને પેલો હીરો જે સુરજના કરતાં પણ બે ઘણા તેજથી પ્રકાશતો હતો તે કોહીનુર હીરો તેણે ઉપાડી લીધો અને માનસીંગ ત્યાંથી ચાલ્યો ચાલતાં ચાલતાં થોડેક મહીને ચંપાનગરી આવ્યો અને ગુણ સુંદરીના મેહેલમાં આવી તેણીને કોહીનુર હીરો આપી કહ્યું કે એ ગુણસુંદરી હવે તારાં સાત પ્રશ્ન પુરાં કીધાં ત્યારે તે બોલી કે હવે હું તારે તાબે છું તુ જેની સાથે મારૂ લગ્ન કરે તેની સાથે જવાને હું ખુશી છું માનસીંગે રૂપસીંહ શેઠડને બોલાવી કહ્યું કે તમે તમારે શેહેર જઇ તમારા સગાંવહાલાંને તેડી જાન લઇ વહેલા આવો એટલે તમારાં લગ્ન ગુણસુંદરીની સાથે કરીએ આ સાંભળી રૂપસીંહ ઉદેપુર ગયો અને પોતાના શેહેરના લોકોએ રૂપસીંહને જોયો એટલે તેમને અતી આનંદાશ્ચર્ય થયો અને દરબારીઓને ખબર કીધી એટલે સામૈયુ કરી રૂપસીંહને શેહેરમાં લઇ ગયા રૂપસીંહ પોતાના દરબારમાં જઇ પોતાના માતપીતાને નમસ્કાર કરી બોલ્યો કે હવે મારી માગેલી મુરાદ પુરી થશે માટે જાન લેઇ આપણે ચંપાનગરી જઇએ, આ સાંભળી તેના બાપે હુકમ કર્યો કે જાનની તઇયારી કરો કેટલાક હાથી, ઘોડા, રથ, પાલખી, શીઘરમો વિગેરે લઇ ઘણા દબદબાથી ચંપાનગરી તરફ સીધાવ્યા ચંપાનગરી પહોંચ્યા એટલે ઘણા માનની સાથે સામૈયુ કરી જાનને ઉતારો આપ્યો અને મોટા મોટા જોશીઓને તેડાવી લગ્ન ક્રીયા કરાવી માનસીંગે કન્યાદાન દીધું અને માનસીંગ બોલ્યો કે પરમેશ્વર તમારૂ જોડુ અમર રાખે એવો મારો આશિર્વાદ છે એમ કહી માનસીંગ ગુણસુંદરી તથા રૂપસીંહ શેઠડની રજા લઇ પોતાના શેહેર પગનપુર ગયો અને પોતાના માતપીતા તથા ચંદ્રપ્રભા તથા નાગ પુત્રીને મળ્યો અને તેના પિતાએ પોતાની ગાદી તેને સોંપી અને માનસીંગે પોતાનાં માતપિતાની સેવા ચાકરી કરી તથા ઈશ્વર ભક્તિ કરી પોતાની પ્રજાને સુખી કરી, અને પોતાની જીંદગી એસ આરામમાં ગુજારી. સમાપ્ત.

जाहेर खबर.

આ

પુસ્તક

અમદાવાદમાં

સાહાપુર વસ્તા ઘેલજીની

પોળમાંથી ત્રવાડી. માધવજી

પ્રેમજી તથા બજારમાં બાલેટન-

ની હવેલી નીચે બુકસેલર

જગજીવનદાસ દલપત-

રામની દુકાનેથી

મળશે.